શ્રી સુખમની

[પંચમ શીખગુરુ શ્રીઅર્જુનદેવ કૃત]

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ૦

અમદાવાદ – ૬

"સુખમનીમાં ગુરુ અર્જુને પોતાનો અંતરાત્મા ઠાલવ્યો છે. ગુરુ અર્જુનને મેં ચાર રૂપે ચિતવ્યા છે: વ્યવસ્થાપક તરીકે, કવિ તરીકે, એક સમન્વયના દ્રષ્ટા તરીકે તથા ધર્મના શહીદ તરીકે. અને એમના એ રૂપની ભવ્ય મહત્તા જોઈ હું મંત્રમુગ્ધ થયો છું... ..

"આ સંત પુરુષમાં કવિનો આત્મા હતો. તેમનાં પદો પરમ વિશ્વાત્માને–માનવ સૃષ્ટિના પરમ ઐક્યને કવિહૃદયે અર્પેલી અંજલીરૂપ છે...

"ગુરુ કહે છે કે, 'સુખમની' સંતોના હૃદયમાં રહેલું છે. અને ગુરુના હૃદયમાં 'સુખમની' હતું. તેમનું હૃદય પરમાત્માના સાન્નિધ્યથી નીપજતી શાંતિથી પરિપૂર્ણ હતું. સુખમની શબ્દનો અર્થ 'મનની શાંતિ અથવા પ્રસન્નતા' થાય છે. તેથી તેને હું 'શાંતિ-પ્રસન્નતાની ગાથા' કહું છું........

"અનેક વાર મને લાગ્યું છે કે, ભગવદ્‌ગીતા અને 'સુખમની' એ બે એવાં પુસ્તકો છે કે, જેમને દરેક હિંદી નવયુવાને અવશ્ય જાણવાં જોઈએ. વ્યાપક રાષ્ટ્રભાવનાં પાઠ્ય પુસ્તકો તરીકે એ બહુ સારું વાચન નીવડે......"

—અધ્યાપક ટી. એલ. વાસવાણી

શ્રીજપજી

મૂળ સંપા૦ શ્રી. મગનભાઈ દેસાઈ

પ્રથમ શીખગુરુ શ્રીનાનકદેવ રચિત આ પ્રાસાદિક વાણી મૂળ, શબ્દાર્થ, ગુજરાતી ગદ્ય અનુવાદ, અને વિવરણ સાથે તૈયાર કરવામાં આવેલ છે. શરૂઆતમાં શીખ લોકોના ઇતિહાસની ભૂમિકાના સંદર્ભમાં ગુરુ નાનકદેવનું જીવનચરિત પણ આપવામાં આવ્યું છે.

કિં૦ ૪ રૂપિયા

પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ૦
અમદાવાદ – ૬

ગુરુ અર્જુનદેવ, પાંચમા શીખગુરુ

(મૅકૉલીફના ગ્રંથ પરથી)

શ્રી મગનભાઈ દેસાઈ સન્માન ટ્રસ્ટ ગ્રંથમાળા – ૧૩

શ્રીસુખમની

[પંચમ શીખગુરુ શ્રીઅર્જુનદેવ કૃત]

મૂળ સંપાદક

સદ્‌૦ મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

सुखमनी सुख अंमृत प्रभु नाम ।
भगत जनाकै मनि बिस्राम ।।

—સુખમની ૧-૨

પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ૦
અમદાવાદ – ૧

પ્રકાશક
પુ૦ છો૦ પટેલ
વ્યવસ્થાપક, પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ૦
અમદાવાદ – ૬

મુદ્રક
સ્વામી શ્રી. ત્રિભુવનદાસજી શાસ્ત્રી
શ્રી રામાનંદ પ્રિંટિંગ પ્રેસ
અમદાવાદ – ૨૨

© શ્રી મગનભાઈ દેસાઈ સન્માન ટ્રસ્ટ
પ્રથમ આવૃત્તિ, પ્રત ૧૦૦૦

મુખ્ય વિક્રેતા
વર્લ્ડ ક્લાસિક મ્યૂઝિયમ
હિમાવન, અમદાવાદ – ૭

કિં૦ પાંચ રૂપિયા ઑક્ટોબર, ૧૯૭૦

પ્રકાશકીય નિવેદન

સદ્‌ગત શ્રી. મગનભાઈ દેસાઈએ શીખધર્મનાં રોજિંદા પાઠ-પઠનનાં બે મુખ્ય પુસ્તકો 'જપજી' અને 'સુખમની' પણ ગુજરાતી ભાષામાં સંપાદિત કરી આપ્યાં છે. 'જપજી'ને ગુજરાતીમાં ઉતારવાનું કામ તેમણે રાષ્ટ્રપિતા ગાંધીજીની પ્રેરણાથી કર્યું હતું. ૧-૧૨-'૩૭ની તારીખ નાખીને લખેલા નિવેદનમાં તેમણે જણાવ્યું છે કે, "ગયે વર્ષે માર્ચ મહિનામાં, દુદલી, ગાંધીસેવાસંઘની બેઠક વેળાએ પૂ૦ ગાંધીજીએ કહ્યું, 'હું હાલમાં जपजी વાંચું છું. તે નાનકડી વાણી મને ગમી ને ગુજરાની વાચકને તે આપવા જેવી ગણાય.' એનાથી પ્રેરાઈ, એ કામ મેં શરૂ કર્યું અને તે પૂરું કરી આજ તેઓશ્રીને ચરણે ધરતાં મને અપાર આનંદ થાય છે"

'સુખમની'નું સંપાદન સ્વ–પ્રેરણાથી કરીને શ્રી. મગનભાઈએ ગાંધીજીને ઈ. સ. ૧૯૩૬માં પહોંચાડેલું. ગાંધીજીએ તે અંગે સેગાંવ–વર્ધાથી લખેલો પત્ર (૧૧-૧૧-'૩૬), બહુ પછી, એટલે કે છેક ૧૯૬૩માં ફરી પાછો શ્રી. મગનભાઈના હાથમાં આવતાં, તેમણે ૧૬-૧૧-૧૯૬૩ના 'સત્યાગ્રહ'ના અંકમાં તેને પ્રસિદ્ધ કર્યો. તેમાંથી કેટલોક પ્રસ્તુત ભાગ અહીં ઉતારવો ઠીક થશે: "સુયોગે જીવણજીએ, હું નીકળ્યો ત્યારે જ, મારા હાથમાં તમારું 'સુખમની,' કાકાનું 'જીવનનો આનંદ' મૂક્યાં. 'સુખમની'એ મને ખેંચ્યો તે ખેંચ્યો જ. તમારે શીખ ઇતિહાસ લખી નાંખવો જોઈએ. તેને સારુ તમારે ઘણું સાહિત્ય વાંચવું પડે તેમ છે;...સારો ઇતિહાસ લખવો નાનકડું કામ નથી. પણ 'સુખમની'નો તમારો (શીખ ઇતિહાસનો) અભ્યાસ મને બહુ ગમ્યો છે. તમને એમાં રસ છે એમ જોઉં છું, એટલે કદાચ આ કામ તમે કરી શકો...બાપુના આશીર્વાદ."

'જપજી' તથા 'સુખમની પુસ્તકોની નકલો ઘણાં વર્ષોથી ઉપલબ્ધ રહી ન હતી. પરંતુ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનું લંબાતું ગયું, તે દરમિયાન શ્રી. મગનભાઈ એવા નિર્ણય ઉપર આવ્યા કે, હવે માત્ર પદ્ય અનુવાદ બહાર પાડવાને બદલે મૂળ પાઠ સાથે ગદ્ય અનુવાદ જ બહાર પાડવો, એ વધુ ઉપયોગી થશે. તે તૈયાર કરવાનું કામ તેમણે શ્રી. ગોપાળદાસ પટેલને સોંપ્યું. તે બધો ઇતિહાસ 'બે બોલમાં' શ્રી. ગોપાળદાસ પટેલે નોંધ્યો છે. એ પ્રમાણે તૈયાર થયેલ 'સુખમની'નું નવું સંસ્કરણ આ સાથે પ્રકાશિત કરવામાં આવે છે. આશા છે કે, ગુજરાતી તથા ગુજરાતમાં સ્થિર થયેલા સિંધી–પંજાબી વાચક વર્ગને તે ઉપયોગી નીવડશે.

બે બોલ

સદ્ગત શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈએ ગુજરાતને ચરણે મહામૂલા ધર્મ-સાહિત્યની જે વિવિધ ભેટ ધરી છે, તેમાં શીખધર્મની જાણીતી અને માનીતી કૃતિઓ, 'જપજી' અને 'સુખમની' એ બેનું સંપાદન ખાસ ઉલ્લેખનીય છે. ૧૧-૧૦-'૩૬ ના રોજ 'સુખમની'ની પહેલી આવૃત્તિની 'પ્રસ્તાવના'માં તેઓશ્રી જણાવે છે –

"ચાતુર્વેદ સનાતન હિંદુ ધર્મના ચાર મુખ્ય પ્રવાહ: બ્રાહ્મણ જૈન, બૌદ્ધ, અને (તેરમા સૈકા બાદ ખાસ પ્રગટેલો) સંત-ધર્મ. સંતધર્મનો એક સ્રોત શીખ ધર્મ. તેમાં 'શ્રી સુખમની' નામે એક ગ્રંથ છે. એ મેં એક મારા પૂજ્ય વડીલ પાસે રહેતી 'પંજ-ગ્રંથી' નામની શીખ પુસ્તિકામાં કેટલાંય વર્ષો પર જોયેલો. પણ તેનો પરિચય કરવાનું મન તો, દશ-બાર વર્ષ ઉપર સાધુ વાસવાણીનો એક લેખ વાંચવામાં આવ્યો, તેણે કરાવ્યું. એમણે એમાં કહ્યું હતું, 'અનેક વાર મને એમ લાગ્યું છે કે, ભગવદ્ગીતા અને સુખમની એ બે એવાં પુસ્તકો છે કે જેમને દરેક હિંદી નવયુવાને અવશ્ય ભણવાં જોઈએ. વ્યાપક રાષ્ટ્રભાવનાં પાઠ્યપુસ્તકો તરીકે એ બહુ સારું વાચન નીવડે.' એટલે ગીતાની શ્રેષ્ઠતાની જોડમાં બેસી શકે એવો આ ગ્રંથ જોવો જોઈએ, એમ મન લલચાયું...

"અને તે વાંચતાં મારા ઉપર તેના નિર્વ્યાજ ભક્તિરસની જે ભારે અસર પડી, તેનો પ્રેર્યો હું, મારા આનંદની ખાતર, તેનો ગુજરાતી (પદ્ય) અનુવાદ કરવા આકર્ષાયો, ને તે વેળા ચોથા ભાગ જેટલું કામ થયું. બાકીનું કામ ત્યાર પછી હમણાં ચારેક વર્ષ પર પાછું હાથ પર લીધું, ને મને થયું કે પૂરો અનુવાદ કરી ગુજરાતી

વાચકને અપાય તો સારું. એમ, આ કામ ગયાં દશ વર્ષમાં ટુકડે ટુકડે તયાર થયું છે. છેવટે આજ વાચક આગળ મૂકી શકું છું તેથી આનંદ છે.”

ત્યાર પછી તા. ૧૫-૧૧-'૪૯ના રોજ તેની બીજી આવૃત્તિ વખતે તે જણાવે છે –

“શીખ ગુરુઓની વાણી જે પ્રદેશમાં મુખ્ય રેલાઈ, તે આજે છિન્નભિન્ન પડયો છે. તેની વસ્તી નાસભાગ કરીને, એક હતી તેની બે થઈ છે. એકતાની સંદેશ-ભૂમિમાં આ બીના બની એમ ઇતિહાસ-પુરુષની બલિહારી જ છે.

“સિંધના હિંદુઓમાં પણ ગુરુઓનો સંદેશો પહોંચ્યો હતો. રામ કૃષ્ણ પેઠે જ તેઓ બાબા નાનકને પણ શ્રદ્ધાભક્તિથી માને છે. સિંધી સ્ત્રી-પુરુષો આજ સુધી 'જપજી' તથા 'સુખમની'નો પાઠ ભક્તિ-ભાવથી કરે છે. હિજરત કરીને આવેલા એક સિંધી ભાઈ કહે છે, 'ગીતા અમે ઓછી જાણીએ છીએ; આ બે શીખ ભક્તિ-કાવ્યોનો અમારે ત્યાં વધારે પાઠ થાય છે.' આમાં કદાચને તેની સાદી સમજાય એવી ભાષાનું પણ એક કારણ હશે.

“આ (સિંધ) પ્રદેશનાં ભાઈબહેનો હિજરત કરી આપણે ત્યાં પણ આવ્યાં છે. એમની સાથે અનુસંધાન કરવાની દૃષ્ટિએ આ કાવ્ય આપણે માટે નવું મહત્ત્વ પામે છે. બીજી બાજુથી જોતાં સિંધી ભાઈઓને ગુજરાતી શીખવામાં પણ આ અનુવાદ સારી મદદ કરી શકે.”

અને આ જ વિચારસરણીથી આગળ વધતાં જ્યારે તેમના સંપાદન કરેલા 'જપજી' ગ્રંથની બીજી આવૃત્તિ તૈયાર કરવાની થઈ, ત્યારે તેઓશ્રીએ એક હિંમતભર્યું પગલું આગળ ભર્યું અને અનુ-વાદની ઉપર મૂળ પાઠ દેવનાગરી લિપિમાં આપવો એમ નક્કી કર્યું,– જેથી સૌ કોઈને મૂળ વાણીનો પ્રસાદ ચાખવાનો લાભ પણ

મળે. મૂળ વાણી પંજાબી ચાલુ હિંદીને ઘણે અંશે મળતી આવતી હોઈ, હિંદી જાણનાર ગુજરાતી–સિંધી ભાઈબહેન થોડી મદદથી જરૂર તેનો આસ્વાદ માણી શકે. મૂળ પાઠ આપવાનું તેમનું પગલું 'હિંમતભર્યું' એ અર્થમાં કહેવાય કે, તેમણે મૂળ પાઠ આપવાનું નક્કી કર્યું એટલે પછી તેની સાથે ગુજરાતી અનુવાદ પદ્યમાં આપવાને બદલે ગદ્યમાં જ આપવાનું ઠરાવ્યું. આમ વર્ષોની મહેનતથી પોતે રચેલ પદ્ય અનુવાદને નામશેષ કરી નાખવો, એ ખરે જ તેના સર્જક માટે હિંમતભર્યું કાર્ય કહી શકાય. ગદ્ય અનુવાદ મૂળના શબ્દોને સીધો અનુસરી શકતો હોવાથી મૂળ પાઠ સમજવામાં વધુ ઉપયોગી થાય એ ઉઘાડું છે.

શ્રી ગુરુ ગ્રંથ-સાહેબમાંથી મૂળ પાઠ ઉતારવાનું તથા પદ્ય અનુવાદને અનુલક્ષી ગદ્ય અનુવાદ તૈયાર કરવાનું કામ તેઓશ્રીએ મને સોંપ્યું. તેમના સંગથી હું પણ વર્ષોથી ગુરુ ગ્રંથસાહેબનો રોજ પાઠ કરતો આવ્યો હતો, એ તેઓ જાણતા હતા.

તેમના માર્ગદર્શન પ્રમાણે નવેસર તૈયાર થયેલ 'જપજી'નું નવું સંસ્કરણ પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે, અને હવે 'સુખમની' પણ એ જ રીતે નવા કલેવરે બહાર પડે છે. 'જપજી'ના ગદ્ય અનુવાદ તથા મૂળ પાઠના ઉતારાની હસ્તપ્રત તો ૩૧-૧૦-'૬૬ થી તેમની પાસે જોવા માટે મૂકેલી હતી; 'સુખમની'ની હસ્તપ્રત તેમની ગેરમોજૂદગીમાં જ તૈયાર થયેલી છે. પરંતુ એ તૈયાર કરવામાં હું 'જપજી'માં અનુસરેલ પદ્ધતિને જ અનુસર્યો હોઈ, તેઓશ્રીની ઇચ્છાથી બહુ આડો-અવળો ગયો હોઉં એવો સંભવ નથી.

અષ્ટપદીના દરેક પદની નીચે પહેલાં મેં અઘરા અથવા જુદા ઉચ્ચારવાળા શબ્દોના અર્થ આપ્યા છે, અને પછી ગદ્ય અનુવાદ આપ્યો છે. એ અનુવાદ તૈયાર કરતી વખતે મેં પૂ. શ્રી. મગનભાઈ એ પોતાના હાથમાં આવેલાં સર્વ સાધનોનો ઉપયોગ કરી તૈયાર કરેલા

પદ્ય અનુવાદની મદદ લીધા ઉપરાન્ત, 'ગુરુ નાનક પંચ–શતાબ્દી' વખતે નવાં પ્રકાશિત થયેલાં પ્રમાણભૂત સાધનોનો ઉપયોગ પણ કર્યો છે. મૂળના કેટલાક શબ્દોનો ભાવાર્થ સમજાતો હોવા છતાં, કોશનો નિશ્ચિત અર્થ આપી શકાય તેમ ન હોવાથી, મેં 'ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ' વાળા શ્રી. મોહીન્દર સિંઘની મદદ માગી. તેમણે તેમના ભાવુક અને જાણકાર પિતાશ્રીની મદદ એ બાબતમાં મેળવી આપીને મને તેમ જ ગુજરાતી વાચક-વર્ગને આભારી કર્યો છે.

મૂળ પદ્ય અનુવાદમાં આવતી નોંધો ઉપરાંત જે નવી નોંધો મેં ઉમેરી છે, તેમને જુદી પાડવા તેમને અંતે '—સંપા૦' એવી સંજ્ઞા મૂકેલી છે. દરેક અષ્ટપદીનાં પદોને વિષયની સમજૂતીવાર રજૂ કરતી તેમની સળંગ નોંધ પદ્ય અનુવાદમાં જુદા ખંડ તરીકે મૂકેલી હતી, તેને બદલે તે તે પદને અંતે કે શરૂઆતમાં તેમાંનો પ્રસ્તુત ભાગ આ વખતે ગોઠવી લીધો છે. તેથી 'સુખમની' ગ્રંથ પણ, 'જપજી'ના તેમના પદ્ય સંપાદનની પેઠે, સળંગ, દરેક પદમાં આવતા વિષયના સૂચન અને ટિપ્પણવાળો બની રહે છે. એ વિવ. રણમાં વધુ વિગત પૂરવા જે ભાગ મેં નવો ઉમેર્યો છે, તે આવા [ ] કૌંસમાં મૂક્યો છે.

તે ઉપરાંતના 'ગ્રંથ પરિચય' અને 'ગુરુ અર્જુનદેવ' એ બે પ્રાસ્તાવિક ખંડોને કંઈક સંક્ષેપમાં શરૂઆતમાં જ રહેવા દીધા છે.

'પુરવણી' વિભાગને બદલે બે પરિશિષ્ટો રાખ્યાં છે. પહેલું પરિશિષ્ટ 'શીખ ઉદ્બોધનની વિશિષ્ટતા' છે, જે મૂળના 'શીખભક્તિ' ખંડમાંથી જુદું તારવેલું છે; અને બીજું પરિશિષ્ટ અધ્યાપક ટી. એલ. વાસવાણીના પુસ્તકમાંથી અનુવાદિત કરેલું 'સુખમનીની શ્રેષ્ઠતા' એ મથાળે જેમનું તેમ ઉતાર્યું છે.

આમ શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈની સંપાદિત આ અગત્યની કૃતિને તેમની મરજી અનુસાર નવા સંસ્કરણ રૂપે પ્રકાશિત

કરવામાં આવે છે. મૂળ આવૃત્તિમાં આવો ધરમૂળ ફેરફાર કરાવી નાખવામાં તેમનો હેતુ મૂળની પ્રાસાદિક વાણીને લોકગમ્ય થવા દેવાનો જ હતો; અને તે વસ્તુ જ લક્ષમાં રાખી આ સંપાદન તૈયાર કરવામાં આવ્યું છે. તેમના હુકમનું પાલન કરવા જતાં મારી વૈયક્તિક ઊણપોને કારણે જે કંઈ ક્ષતિ આવી ગયેલી માલૂમ પડે, તે માટે હું જ જવાબદાર છું અને ગણાઉં. બાકી, 'સુખમની' જેવા સુખના મણિને ગુજરાતી વાચકોને સુલભ કરી આપવાનો મૂળ સંકલ્પ તેઓ-શ્રીનો જ છે અને તેનું સર્વ શ્રેય પણ. એ મણિના સ્પર્શથી અનેક ગુજરાતી ભાવુક સ્ત્રી–પુરુષોએ અંતરનું સુખ પ્રાપ્ત કર્યું છે, એનો હું સાક્ષી છું. અને આ નવા સ્વરૂપે વળી વિશેષ બહોળા સમુદાયને તે ઉપયોગી થઈ પડશે એની મને ખાતરી છે. શ્રી. મગનભાઈ જેવા સત્પુરુષો સમાજ વચ્ચે જન્મે એનો લાભ જ એ છે કે, તેઓ પોતાના સહબંધુઓ અને ભવિષ્યની પેઢીઓ માટે હિતકર એવી અનેક કેડીઓ, પોતાની આર્ષ દૃષ્ટિથી જોઈ લઈ, લોકસુલભ કરતા જાય છે.

પુસ્તક છપાવા લાગ્યા પછી અનુવાદમાં કે શબ્દાર્થમાં જે કંઈ સુધારા-વધારા કરવા યોગ્ય લાગ્યા, તે 'પૂર્તિ' મથાળા હેઠળ પુસ્તકને અંતે આપ્યા છે. અષ્ટપદીની, તેના પદની અને શ્લોકની સંખ્યા શરૂઆતમાં મૂકીને એની ગોઠવણી કરી છે. તેથી સુજ્ઞ વાચક જલદીથી અને સહેલાઈથી તે સ્થળો શોધી શકશે.

બીજી આવૃત્તિ થાય તે વેળા, સંપાદકે એ બધું ધ્યાનમાં રાખી, મૂળમાં અને ફૂટનોટોમાં એ સુધારાવધારા કરી લેવા કે દર્શાવવા ઠીક થશે.

પુસ્તકનું લાંબું શુદ્ધિપત્ર કદાચ ચોંકાવનારું લાગશે. પણ મૂળ નાગરી લખાણના કેટલાક શબ્દો બરાબર ન ઊઠ્યા હોય અથવા શબ્દ ઉપરની માત્રાઓ છાપતી વેળા જ ઊડી ગઈ હોય, ત્યારે મૂળનો

પાઠ કરવા ઇચ્છનારને શંકા ન રહે તે માટે તે બધું નોંધ્યું છે 'પૂર્તિ' વિભાગનાં જે સ્થળોએ વાચકનું ખસૂસ ધ્યાન ખેંચવા જેવું લાગ્યું, તે સ્થળો પણ શુદ્ધિપત્રમાં ઉમેરી લીધાં છે.

અંતે શ્રી રામાનન્દ પ્રિં. પ્રેસવાળા સ્વામી શ્રી. ત્રિભુવનદાસજી શાસ્ત્રી અને તેમના કાર્યકરોનો હાર્દિક આભાર માનું છું. તેમણે આ કામમાં પોતાના પ્રેસની સર્વ તાકાત અને સામગ્રી ઉત્સાહ પૂર્વક તથા ભાવનાપૂર્વક રેડી છે. તે જ પ્રમાણે શ્રી. બાલગોવિંદ કુબેરદાસની કંપનીવાળા શ્રી. જિતેન્દ્ર પરીખનો પણ આભાર માનવો ઘટે. તેમના તેમ જ કંપનીના બીજા કાર્યકરોના સેવાભાવી સહકાર વિના આ પુસ્તક આ સમયે છપાવીને બહાર પાડવું મુશ્કેલ બન્યું હોત.

ગોપાળદાસ જીવાભાઈ પટેલ

નોંધ : મૂળ ગુરુમુખી લિપિમાં જોડિયા 'ઋ' ની જોડણી જોડિયા 'રિ' જેવી કરી હોય છે. કેટલીક નાગરી આવૃત્તિઓમાં તેને જોડિયા 'ઋ' તરીકે જ ઉતારી હોવાથી, આ પુસ્તકમાં પણ તેમ કર્યું છે. જેમકે, 'અંમ્રિત'ને બદલે અંમૃત; 'દ્રિસટી'ને બદલે દૃસટી ઇ૦.

੧ ਓ

ગુરુપ્રસાદ રચના કરી,

પામ્યો સુખમની-સાર;

પ્રીતે અર્પું ગ્રંથ આ

શ્રી ગુરુ તારણહાર.

અનુક્રમણિકા

પ્રકાશકીય નિવેદન	....	....	૫
બે બોલ	ગોપાળદાસ જીવાભાઈ પટેલ		૭
ઉપોદ્ઘાત	...	....	૧–૪૦
૧. ગ્રંથ પરિચય ૩;			
૨. ગુરુ અર્જુનદેવ ૯.			
સુખમની	...	...	૪૧
અષ્ટપદી – ૧	...	...	૪૩
અષ્ટપદી – ૨	...	...	૫૭
અષ્ટપદી – ૩	...	...	૬૯
અષ્ટપદી – ૪		...	૮૧
અષ્ટપદી – ૫	...	...	૯૪
અષ્ટપદી – ૬	...	...	૧૦૬
અષ્ટપદી – ૭	..	...	૧૧૮
અષ્ટપદી – ૮	...	...	૧૨૯
અષ્ટપદી – ૯	...	...	૧૩૯
અષ્ટપદી – ૧૦	...	...	૧૫૨
અષ્ટપદી – ૧૧	...		૧૬૫
અષ્ટપદી – ૧૨	...	...	૧૭૮
અષ્ટપદી – ૧૩	...	...	૧૮૯
અષ્ટપદી – ૧૪	...	.	૨૦૦
અષ્ટપદી – ૧૫	...	...	૨૧૩
અષ્ટપદી – ૧૬		...	૨૨૫
અષ્ટપદી – ૧૭	...	...	૨૩૮
અષ્ટપદી – ૧૮	...	...	૨૫૦

અષ્ટપદી – ૧૯ ... ... ૨૬૨
અષ્ટપદી – ૨૦ ... ... ૨૭૪
અષ્ટપદી – ૨૧ ... ... ૨૮૬
અષ્ટપદી – ૨૨ ... ... ૨૯૯
અષ્ટપદી – ૨૩ ... ... ૩૧૨
અષ્ટપદી – ૨૪ ... ... ૩૨૩

પરિશિષ્ટ

૧. શીખ ઉદ્‌બોધનની વિશિષ્ટતા ૩૩૬
૨. સુખમનીની શ્રેષ્ઠતા ...[સાધુ વાસવાણી] ૩૪૦

પૂર્તિ ૩૪૯

ઉપોદ્‌ઘાત

૧

ગ્રંથપરિચય

'સુખમની સુખ અમૃત પ્રભુનામ;
ભક્તજનોનો મનવિશ્રામ.' (૧. ૧)

૧

શીખ ધર્મગ્રંથ[1] 'ગુરુ ગ્રંથસાહેબ' અથવા 'દરબારસાહેબ'માં પ્રથમ પંક્તિના અને શીખોને પ્રિયતમ એવા બે નાનકડા વિભાગ છે: એક, આદ્યગુરુ શ્રીનાનકદેવની અનુપમ વાણી 'શ્રીજપજી'; અને બીજો, પંચમ ગુરુ શ્રીઅર્જુનદેવરચિત 'શ્રીસુખમની'. આ બે ગ્રંથોમાં 'શ્રીજપજી' માત્ર ૩૯ શ્લોકની નાનકડી વાણી છે. પરંતુ શીખ-સંપ્રદાયીઓ તેને પોતાના ધર્મગ્રંથના મૂળમંત્રરૂપ અને સારભૂત સમજે છે.

'શ્રીસુખમની' એના કરતાં કદમાં મોટો ગ્રંથ છે. પરંતુ બેઉના વસ્તુની દૃષ્ટિએ કહી શકાય કે, 'શ્રીજપજી'નું જ વસ્તુ 'શ્રીસુખમની'માં

---

૧. દસમા ગુરુ ગોવિંદસિંહે ગુરુપરંપરાનો શારીરિક સ્થૂલ ક્રમ બંધ કર્યો એ ઇતિહાસવિદિત છે. બદલામાં એમણે બધા ગુરુઓના એકત્રિત આત્મારૂપ ગ્રંથને ગુરુસ્થાને સ્થાપ્યો. તેથી ગ્રંથ 'ગુરુગ્રંથ' કહેવાય છે. 'સાહેબ' શબ્દ 'સ્વામી' 'સાંઈ' એ અર્થમાં શીખ લોકો તેમનાં પૂજ્ય નામો તથા તીર્થોને લગાડે છે. જેમ કે, ગુરુ નાનકસાહેબ, નાનકાના સાહેબ વગેરે. ભક્ત–કવિ કબીરનાં ભજનોમાં 'સાહેબ' શબ્દ જે અર્થમાં વપરાય છે, એ અર્થમાં આ પ્રયોગ છે. ગુરુનો દરબાર એટલે ગુરુધામ, અથવા શીખો કહે છે તેમ, 'ગુરુદ્વારા.' લક્ષણાથી 'દરબારસાહેબ' એટલે ગુરુદ્વારા અને તેમાં બિરાજેલા ગુરુગ્રંથ એમ બેઉ અર્થ સમજાય છે.

મલાવી મલાવીને વિસ્તાર્યું છે—બેઉમાં એક જ વસ્તુ, એક જ ભાવથી અને એક જ ભક્તિ તથા દર્શનના પરિણામરૂપે, રજૂ કર્યું છે.

આમ બેઉના કલેવરમાં કદનો ફેર હોવા ઉપરાંત ઘાટનો પણ ફેર છે. ગુરુગ્રંથમાં 'શ્રીજપજી' એક સ્વતંત્ર અધ્યાયરૂપે આદિમાં આપવામાં આવે છે. તે ગુરુગ્રંથની રાગબદ્ધ પ્રકરણરચનામાં નથી; કેમ કે એ રાગબદ્ધ રચના નથી.

ત્યારે 'શ્રીસુખમની' રાગબદ્ધ કાવ્ય છે અને એનો રાગ ગૌડી છે. એટલે ગુરુગ્રંથના 'રાગુ ગઉડી' નામના અધ્યાય આઠમામાં એને સ્થાન આપેલું છે. કુલ ૨૪ 'અષ્ટપદી' એમાં છે. દરેક અષ્ટપદીના આદિમાં એક શ્લોક હોય છે, જેમાં તે અષ્ટપદીના ભાવનો પ્રમુખ સૂર ગાયેલો હોય છે. અષ્ટપદી નામ સૂચવે છે એમ, તેમાં (દસ દસ કડીનાં) આઠ પદ હોય છે. એટલે એક અષ્ટપદીમાં એક શ્લોક ઉપરાંત આઠ દશક એટલે કુલ ૮૦ કડી હોય છે. દરેક દશક કે પદને અંતે ગુરુ નાનકનું નામ આવે છે. સામાન્ય રીતે એનો અર્થ 'ગુરુ નાનક કહે છે' એવો સમજવામાં આવે છે. કોઈ કોઈ પદમાં, ગુરુ નાનક પોતે પોતાને જ સંબોધીને કહેતા હોય કે વીનવતા હોય, એવો ભાવ પણ હોય છે.

ઘણા ભક્તોનાં ભજનોને અંતે તે તે ભક્તનું નામ આવે છે. 'શ્રીસુખમની'ના રચનાર પાંચમા ગુરુ અર્જુનદેવ છે. ગુરુ નાનક પછીના શીખ ગુરુઓ પોતે અને શીખો એમ દૃઢપણે માનતા (અને આજે પણ શીખો માને છે) કે, દશ ગુરુઓ શરીરે ભિન્ન હોવા છતાં આત્માએ કરીને એ જ આદ્ય ગુરુના સ્વરૂપભૂત હતા; અને જે ધર્મકાર્ય તેમણે આદર્યું તે જ પછીના ગુરુઓએ આગળ વધારવાનું કામ કર્યું છે: ધર્મરહસ્યનું જ્ઞાન તો બધાનું એક જ હતું. અને એ બધાની તથા તે કાળના જાણીતા અન્ય ભગવદ્ભક્તોની વાણીના સંગ્રહરૂપ

શ્રીગ્રંથસાહેબ એ આ એકરૂપ ગુરુઓનું મૂર્ત સ્વરૂપ જ છે. આવી જીવંત ને પ્રત્યક્ષ માન્યતા હોવાથી, પછીના ગુરુઓએ પોતાની વાણીને ગુરુ નાનકના નામે જ રજૂ કરી છે અને એમ કરીને ઉપરની પોતાની માન્યતાને મૂર્તિમંત કરી છે.

૨

આમ નાનક નામ પોતાનાં કાવ્યોમાં ગૂંથવામાં નમ્રતા અને પોતાની શૂન્યવત્તા તો સૂચવાય. પણ ઇતિહાસની દૃષ્ટિએ તેમાં ભય રહે: જેમ કેટલાક ભક્તોનાં નામનો દુરુપયોગ કરી, પાછળના કેટલાક લોકોએ પોતાની રચનાઓમાં તેમનાં નામ જોડી, મોટો ક્ષેપક-પ્રશ્ન ઊભો કર્યો છે, તેમ અહીં પણ બનત. પરંતુ ગુરુગ્રંથના સમર્થ સંપાદકે આ બાબતમાં વિરલ સત્યપરાયણતા બતાવી છે: તેમણે આ ભૂલ ન થાય એવી ચોકસાઈ કરી છે.

ગુરુગ્રંથની ગોઠવણ રાગાનુસારી છે એ તો ઉપર આપણે જોઈ આવ્યા. એટલે, જે જે વાણી ગ્રંથમાં લેવામાં આવી છે, તેના રાગ પ્રમાણે વિભાગ પાડી અધ્યાય પાડી દેવામાં આવ્યા છે. આમ ૩૧ રાગના ૩૧ અધ્યાય પાડેલા છે અને એ રાગોની યાદી એક સૂચીરૂપે, ગ્રંથને અંતે 'રાગમાળા' નામના સ્વતંત્ર અધ્યાયમાં આપી છે. રાગમાં ન આવી શકે એવી જે વાણી છે — જેવી કે શ્લોક, સવૈયા, વગેરે,— તેના નોખા અધ્યાય પાડ્યા છે. એવા અધ્યાય ગ્રંથના આદિમાં ચાર છે; અને પછી ૩૧ રાગબદ્ધ અધ્યાય છે, પછી બીજા ૧૨ અધ્યાય છે. આમ કુલ ૪૭ અધ્યાયમાં ગ્રંથ ગોઠવાઈ રહે છે. 'શ્રીજપજી' આદિવચન તરીકે આ ગણનાથી સ્વતંત્ર રહે છે.

આવી રચનામાં કયા ગુરુની કઈ વાણી એ જણાય તે સારુ એવી ગોઠવણી કરી છે કે, રાગાનુસારી અધ્યાયોમાં 'મહોલ્લા' કહીને વિભાગ પાડવામાં આવે છે. પહેલો મહોલ્લો એટલે પહેલા

ગુરુની વાણી, બીજો મહોલ્લો એટલે બીજાની. આ ગોઠવણથી દરેક ગુરુની વાણી, એક રાગના અધ્યાયમાં છતાં, અલગ અલગ જોઈ શકાય છે. અનેક ગુરુઓ શરીરે ભલે જુદા જુદા મહોલ્લા હોય, પણ બધા મળીને એક જ આખો જ્ઞાનસાગર બને છે, એ ભાવ આમ કરીને તેના સંપાદકે બતાવ્યો છે.

આ ગોઠવણ પ્રમાણે, કોઈ અધ્યાયમાં જ્યારે નવા ગુરુની વાણી શરૂ થાય ત્યારે તેના મહોલ્લાનો ક્રમાંક જણાવાય છે. અને દરેક વાણીના આદિમાં તેનો રાગ પણ કહેવાનો નિયમ રાખેલો છે. જેમ કે, 'શ્રીસુખમની'નો આદિ આ પ્રમાણે છે :

"गौडी, सुखमनी, महोल्ला ५"

૩

'શ્રીસુખમની' ગુરુ અર્જુનદેવે ક્યારે લખ્યું એની તારીખ નોંધાયેલી મળતી નથી. પણ ક્યાં આગળ લખ્યું તે પરથી તેને વિષે ચોક્કસ અનુમાન બાંધી શકાય એમ છે. ગુરુગ્રંથનું સંપાદન કરવાને એક રમણીય સરોવરને કિનારે મંડપ જમાવી એ અને એમનો લહિયો ભાઈ ગુરદાસ રહેતા હતા. (શીખ સંપ્રદાયનું સાહિત્ય તૈયાર કરવામાં તથા ગુરુઓની જીવની લખીને સંઘરવામાં આ ભાઈ ગુરદાસનો મોટો હાથ હતો.) તે વખતે તે જ પવિત્ર ઐતિહાસિક સ્થાનમાં ગુરુ અર્જુને આ સુખમનીની વાણી લખાવી અને પોતા તરફથી એ ગ્રંથમાં અર્ધ્યરૂપે ઉમેરી. ગ્રંથસાહેબનું સંપાદન ઈ. સ. ૧૬૦૪માં પૂરું થયું એ ચોક્કસ નોંધાયેલી તારીખ છે. એ પરથી આપણે જાડી ગણતરી કરી શકીએ કે, સુખમની ગ્રંથ ઈ. સ. ૧૬૦૦ની આસપાસ અને ૧૬૦૪ પહેલાં લખાયો હોવો જોઈએ.

તેની ભાષા તે કાળની પ્રચલિત પંજાબી હિંદી છે. ઉચ્ચારણભેદ તથા કાંઈક તળપદા શબ્દો બાદ કરીએ તો જૂના હિંદીથી એ બહુ

ભિન્ન ન લાગે. એની સરળતા સાથે ગુરુઓનાં કથનની સહૃદયતા મળીને એમાં એક અદ્વિતીય સચોટતા આવે છે, જે વાચકના મન પર અસર કર્યા વિના ન રહે.

બુદ્ધ, મહાવીર, અને બીજા ધર્મપરિવર્તકોની જેમ, શીખ ગુરુઓએ પોતાનો બોધ લોકોની ભાષામાં જ આપવાનો આગ્રહ રાખેલો. ગીર્વાણ ભાષામાં જ ધર્મગ્રંથ હોય એ જે રૂઢિગત માન્યતા હતી, તે તેમણે તોડી હતી. આગળ જઈને એમણે તો લિપિ પણ નવી જ આપી, એ વિશેષ કહેવાય. તેને ગુરુમુખી કહે છે ને આજે ઉર્દૂ સાથે એ પંજાબમાં પ્રચલિત છે.

૪

'શ્રીજપજી' અને 'શ્રીસુખમની'નો શીખોમાં ખૂબ આદરમાનથી પાઠ થાય છે. આજ પણ શ્રદ્ધાળુ શીખો આ બે ગ્રંથો તો મોઢે કરે છે અને રોજ તેમનો મુખપાઠ કરીને જ પોતાનો પ્રાતર્વિધિ પૂરો કરે છે. આ ઉપરાંત, હમેશ સવારે પ્રભાતિયાની માફક ગાવામાં આવતી 'આસા દી વાર', આનંદ કે ઉત્સવને પ્રસંગે ગવાતો 'આનંદ' પાઠ, આરતી વગેરે મોઢે હોય છે. છતાં એ બધામાં 'શ્રીજપજી' પ્રથમ સ્થાને અને 'શ્રીસુખમની' તેને પડખે હોય છે.

શીખ ધર્મની અનેક શૌર્ય- અને શ્રદ્ધા- દીપક કથાઓમાંની એક પરથી આ બે ગ્રંથોનું કેવું અગ્રસ્થાન છે તે સમજાશે. ભાઈ મણિસિંગ કરીને એક શ્રદ્ધાળુ શીખ હતો. ગ્રંથસાહેબનો તે પાઠી[૧] હતો. ઈ. સ. ૧૭૩૮માં, તે વખતના મુસલમાન સૂબાની રજા લઈ, એણે દિવાળીને ટાંકણે શીખોનો એક મેળો ભર્યો હતો. સૂબાએ આ ભરવા દેવામાં એ શરત કરી હતી કે, મેળામાં આવનાર પર હૈડિયાવેરો લેવાશે ને તે એણે ઉઘરાવી આપવો જોઈશે. અને તેના પાલનની ચોકસાઈ

૧. પાઠી = પાઠ કરનાર; પરંપરાનુગત રાગપદ્ધતિથી ગાનાર લોક ખાસ હોય છે તેમને શીખો પાઠી કહે છે.

ખાતર મુસલમાન લશ્કર મોકલવામાં આવ્યું હતું. લશ્કર વગેરે જોઈ મેળામાં આવનાર શીખો વેરાઈ ગયા ને મણિસિંગ વેરો ભરી ન શક્યો. તેથી કાજીએ શિક્ષા ફરમાવી કે, એણે મુસ્લિમ બનવું, નહિ તો દેહાંતદંડ ભોગવવો. મણિસિંગને માટે કાંઈ વિચારવાનું તો હતું જ નહિ : તેણે દેહાંત સ્વીકાર્યો. જ્યારે તેનો વધ થતો હતો ત્યારે અંતઘડી સુધી તેના મુખમાંથી આ બે ગ્રંથોનો પાઠ નીકળતો હતો — તે ગાતાં ગાતાં તેણે પ્રસન્ન ચિત્તે પોતાનું બલિદાન આપ્યું.

શીખલોકના બલિદાન-ઇતિહાસમાં તેના શહીદોને આ ગ્રંથોએ જે ધીરજ અને શ્રદ્ધાબળ આપ્યાં છે એ જોતાં, જગતના વીર્યવાન ધાર્મિક સાહિત્યમાં આવા ગ્રંથો ઓછા જોવા મળે. એમ કહેવું વધારે પડતું નથી કે, આ ગ્રંથોએ એક અવ્યવસ્થિત લોકસમૂહને એવું ધર્મતેજ આપ્યું કે જેને બળે તેઓ એક સંગઠિત પ્રજા બન્યા અને એક વાર તો દુનિયાનું એક અપ્રતિમ શિસ્તવાન સૈન્ય ઊભું થયું.

२

ગુરુ અર્જુનદેવ

फूटो आंडा भरमका मनहि भइओ परगासु ।
काटी बेरी पगहते गुरु कीनी बंदी खलासु ॥

*   *   *

सचु थानु सचु बैठका सचु सुआणु बणाईआ ।
सचु पूंजी सच बखरो नानक घरि पाइआ[१] ॥
[मारु म० ५]

૧

શીખધર્મના સંસ્થાપક બાબા નાનક (૧૪૬૯–૧૫૩૯) હિંદમાં મોગલસામ્રાજ્યની સ્થાપનાના દ્રષ્ટા હતા. બાબરના સમકાલીન હોઈ તેને મળવાનો અને તેની સાથે કાંઈક અથડામણમાં આવવાનો પણ પ્રસંગ તેમને મળ્યો હતો. મોગલ સમ્રાટો સાથેનો ગુરુઓનો આવો સંબંધ પ્રથમ ગુરુથી થયો તે ઠેઠ દસમા ગુરુ સુધી ચાલ્યો; અને તેની સાથે મોગલ સમ્રાટોની ઉજ્જવળ કીર્તિનો અંત આવ્યો અને સ્થૂળ ગુરુપરંપરાનો પણ અંત આવ્યો, પણ શીખ ઇતિહાસની જાહોજલાલી શરૂ થઈ. એ આખી જાહોજલાલીના મૂળમાં આ દશ

---

૧. "ભ્રમરૂપી ઈંડું ફૂટી ગયું ને મનમાં પ્રકાશ થયો છે. ગુરુએ પગની બેડી કાપી નાખીને બંદીને મુક્ત કર્યો છે. ...સત્ય મારું સ્થાન છે, સત્ય મારી બેઠક છે, અને સત્યને મેં મારો સ્વામી બનાવ્યો છે. સત્ય મારી પૂંજી છે ને સત્ય મારો માલ છે. નાનક કહે છે, એમ કરી હું ઘર બેઠાં ઈશ્વરને પામ્યો છું."

શીખ ગુરુઓનું રાષ્ટ્રનિર્માણનું સંગીન કાર્ય હતું. પ્રો૦ તેજાસિંગ કહે છે, "જ્યારે ગુરુ નાનક અવતર્યા ત્યારે તેમનું રાષ્ટ્ર અધોગતિમાં ડૂબી ગયું હતું. . . . . લોકે પોતાની શારીરિક તેમ જ નૈતિક સંપત્તિનું દેવાળું કાઢ્યું હતું. નહોતો વેપાર, નહોતી ભાષા કે નહોતો પ્રાણદાયી પોતાનો ધર્મ. તેઓ સ્વમાન અને સૌ પ્રત્યે સમભાવ બિલકુલ ખોઈ બેઠા હતા."[૧]

સમાજની આવી છિન્નભિન્ન દશાનો ચિતાર શીખ ઇતિહાસકાર ભાઈ ગુરદાસે નીચે પ્રમાણે[૨] આપ્યો છે :

"માણસો ક્ષુદ્ર વાસનાઓ ને માયાના મોહમાં પડી ઉન્માર્ગે ચાલતા હતા. સદાચાર એમને ગમતો નહોતો. પોતપોતાના અહંભાવમાં કોઈ કોઈની પત કરતું નહોતું. ઊંચા કહેવાતા લોક કે નીચા, બધા જ અધર્માચરણમાં સરખા હતા. રાજાઓમાં ન્યાય નહોતો ને તેમના કારભારીઓ કસાઈની માફક પ્રજાનાં ગળાં પર છરી મૂકતા.

"માનતા બધા કે અમે જ્ઞાની છીએ; પણ જ્ઞાન કે અજ્ઞાન શું એનું કોઈને ભાન નહોતું. સ્વચ્છંદ એમનો આચાર હતો. જાદુ અને ચમત્કાર, જંતરમંતર ને ભૂતપ્રેત એ એમના શ્રદ્ધાના વિષયો, તથા કલેશ, ક્રોધ ને ઈર્ષા એ એમના જીવનનો ધંધો બન્યા હતા. એક ઈશ્વર જઈને અનેક, ને એની કાષ્ઠ–પાષાણની સારીનરસી મૂર્તિઓ થયાં હતાં. કોઈ સૂર્યચંદ્રને તો કોઈ પૃથ્વી, પવન, આકાશ કે વાયુને, તો કોઈ યમને અથવા શ્મશાન–કબરસ્તાનનેય પૂજતા !

---

૧. પ્રો૦ તેજાસિંગકૃત Growth of Responsibility in Sikhism, પા. ૧–૨.

૨. મૅકોલીફકૃત Sikh Religion Vol. I,—પાન ૧૯૧ થી ૧૯૪ પરથ.

"(ઊંચનીચભાવને લીધે) તિરસ્કારથી નાતો પડી જઈ તેમને ધાર્મિક પ્રતિષ્ઠા અપાતી. વેદ, પુરાણ ને શાસ્ત્રોને નામે સામસામે બ્રાહ્મણો કજિયા કરતા. ષટ્દર્શનના વેત્તાઓય લડતા. અને એમ કરીને એ બધા ધરાઈને વહેમ ને દંભ જ પોષતા હતા.

"હિંદુઓમાં જ ચાર નાતો હતી એમ નહિ, મુસલમાનોને પણ ચાર નાતો હતી. અને હિંદુઓ ગંગા કાશીને પૂજતા તો મુસ્લિમો મક્કા કાબાને. આમ બેઉ ધર્મોમાં અજ્ઞાન ચડી વાગ્યું હતું. . . . અને (બીજા બધા કરતાં) સત્યને જ તે ભૂલતા હતા."

"ધાર્મિક માણસોએ લોકની અંદર રહી તેમને દોરવા જોઈએ, તેને બદલે તેઓ પર્વતના એકાંતમાં જતા હતા. અને તેથી જગતમાં કોઈ સદ્બોધ આપનાર રહેતું નહિ. સંન્યાસીઓ શરીરે ભભૂત તો રાતદહાડો લગાવતા, પણ તેમની પાસે કાંઈ જ્ઞાન નહોતું. અને એમ ગુરુ વિનાની દુનિયા નધણિયાતી નાશ પામી રહી હતી. રાજાઓ બધે જુલમી હતા; અને એમ જે વાડ રક્ષણ માટે હોય તે જ ભક્ષવા લાગી હતી. ટ્રસ્ટીઓ તેમના ટ્રસ્ટના પૈસા ખાય; શિષ્યની સેવા ગુરુ કરે; ન્યાયાધીશો લાંચિયા હતા ને અન્યાય ચૂકવતા; સ્ત્રીઓ ધન જોઈને પતિપ્રેમ કરતી; અને આમ બધે પાપ પ્રસર્યું હતુ."

ગુરુ નાનકે પોતે પણ તે સમયનો ચિતાર પોતાનાં કેટલાંક ભજનોમાં આપ્યો છે, તેમાંથી આ એક છે:

लबु पापु दुइ राजा महता
    कूड़ु होआ सिकदारु ।
कामु नेबु सदि पुछीऐ
    बहि बहि करे विचारु ॥
अंधी रयति गिआन विहूणी
    भाहि भरे मुरदारु ।

गिआनि नचहि वाजे वावहि
रूप करहि सीगारु ॥
ऊचे कूकहि वादा गावहि
जोधाका विचारु ।
मूरख पंडित हिकमति हुजति
संजै करहि पिआरु ॥
धरमि धरम करहि
गावावहि मंगहि मोखदुआरु ।
जती सदावहि जुगति न जाणहि
छडि बहहि घरबारु ॥
सभु को पूरा आपै होवै
घटि न कोई आखै ॥
पति परवाणा पिछै पाइऐ ता
नानक तोलिआ जापै ॥

"પાપ રાજા ને લોભ મહેતો છે; જૂઠ ઉધરાતદાર છે, અને કામ સલાહકાર છે. તે બધા મળીને તોડ કરે છે.

"આંધળી બિચારી રૈયતને જ્ઞાન નથી. મુડદાની માફક તે આ રાજતંત્રને કુર્નિશ બજાવે છે. પુરોહિતો નાચે છે, વાજિંત્ર વગાડે છે ને રૂપશણગાર કર્યા કરે છે. બૂમો પાડીને તેઓ વીરોનાં ગુણગાન કરે છે. મૂર્ખ પંડિતો વાદવિવાદ કરીને ધનસંચયને જ વહાલો કરે છે.

"ધર્મી લોક ધર્મકાર્યો કરે છે, પણ તેની કાંઈ કિંમત નથી, કેમ કે તેઓ તેમાંથી મોક્ષ કમાવા જાય છે.

"યતિ કહેવાતા લોકો ઘરબાર તો છોડે છે, પણ તેમને રસ્તાની ગમ નથી. દરેક પોતપોતાને પૂરણ માને છે ને કોઈ પોતાની ઊણપ જોતો નથી! નાનક કહે છે, પણ જો સાચા કાટલાથી તોળો તો જણાય કે માણસ કેટલો ઊણો છે."

આ પ્રમાણે પ્રજાની સ્થિતિ છે, ને અધૂરામાં પૂરું કરવા દેશ પર બાબર ચડી આવે છે. તેણે જે નાશ કર્યો ને લોકની કતલો કરી, તે જોઈને નાનકદેવનું હૃદય કેટલું બધું કકળી ઊઠયું હશે, તેનો ખ્યાલ નીચેના ભજનથી કાંઈક આવી શકે :

खुरासान खसमाना कीआ
हिंदुसतान डराइआ ।
आपै दोसु न देइ करता
जमु करि मुगलु चडाइआ ॥
एति मार पई करलाणे तैं की दरदु न आईआ
करता तुं सभनाका सोई ।
जे सकता सकते कउ मारे
ता मनि रोस न होइ ।
सकता सीहु मारे पै वगै खसमै सा पुरसाही
रतन विगाडी विगोए कुत्तीं
मुइआ सार न काही

"હે પ્રભુ, તમે ખુરાસાનને વહાલું કર્યું ને હિંદને ડરાવવા ધાર્યું. તેમાં આપને તો કશો દોષ લાગતો નથી : મોગલરૂપે યમે જ આવીને અમારો નાશ કર્યો. પણ, પ્રભુ, એટલું એટલું દુઃખ, એટલી એટલી દર્દની ચીસ સાંભળી તમને કાંઈ ન થયું ? હે કર્તા, તમે સૌના સરખા છો. સશક્ત સશક્તને મારે તેમાં મનમાં રોષ નથી થતો. પણ, ભૂખ્યો સિંહ ગાયોના વૃંદ પર તૂટી પડે, ત્યારે તો ગોપાળે એની મરદાનગી બતાવવી જોઈએ."

આ અને આવાં દુઃખદરદથી ભરેલાં ભજનો ગુરુની વાણીમાં કેટલાંય છે, જેમાં તે લોકની ઢંગઢાળા વિનાની સ્થિતિનો અફસોસ કરે છે; ને પોતાનો અટળ વિશ્વાસ જાહેર કરે છે કે, સાચા ઈશ્વર-શરણથી એ બધું સુધરી જશે.

આવી સ્થિતિ જોઈને ગુરુ નાનકે પોતાની ભક્તિને લોકગુરુના બીબામાં ઢાળી અને એ અંધકારયુગમાં દીવો પ્રગટાવ્યો. સાચો ધર્મ એ રાષ્ટ્રનિર્માણ કરનાર મહાન પ્રજાકીય બળ છે અને એનું ફળ સાર્વજનિક લોકસંગ્રહ છે, એ આમ કરીને ગુરુ નાનકે બતાવ્યું. અને પોતે ગયા પછી આ રાષ્ટ્રનિર્માણનું કામ કરવા પોતાના પછી બીજા ગુરુને તે નીમતા ગયા. આ ગુરુઓની પ્રથા એ મુસલમાની ખલીફના જેવી પ્રથા હતી. શીખોના સંઘને સુરક્ષિત ને સત્ય માર્ગે આગળ વધારવાનું કામ આ શીખ-નાયકનું રહેતું. એ રીતે આ શીખ ગુરુઓ ગુરુ નહિ, પણ (જેમ પ્રજાનો સાચો નેતા તેનો પ્રથમ સેવક છે તેમ) પ્રથમ શીખ જ હતા. તેમને 'પાદશાહ' પણ કહેવામાં આવે છે, એમ એ ભાવ છે કે, તેઓ પ્રજાના ધર્મરાજ્યના રક્ષક છે.

૨

પોતાનો અંતકાળ નજીક આવતો જોઈ ગુરુ નાનકે પોતાના શીખસંઘનું રક્ષણ અને ધર્મસંવર્ધન, પોતાના પુત્રોને છોડી દઈ, પટ્ટશિષ્ય લાહિનાને સોંપ્યું. ગુરુપદે સ્થાપતાં તેમણે તેનું નામ અંગદ પાડ્યું, અને બીજા ગુરુ અંગદે (૧૫૦૪–૧૫૫૨) પોતાનું કાર્ય ઈ. સ. ૧૫૩૯ થી શરૂ કર્યું. શીખ ઇતિહાસમાં લાહિના એમની આજ્ઞાંકિતતા માટે ખાસ પ્રસિદ્ધ છે. અને એ એમના ગુણે જ એ ગુરુપદ પામ્યા હતા. તેમના ગુરુપણા દરમ્યાન પોતાના શીખોને પણ તેમણે શિસ્તના મૂળરૂપ આ આજ્ઞાંકિતતાનો ગુણ મુખ્યત્વે શીખવ્યો. આ ઉપરાંત, ગુરુ નાનકની વાણીનો સંગ્રહ કરી. તેને પોતે નવી યોજેલી એવી ગુરુમુખી લિપિમાં પ્રસિદ્ધ કર્યો. પ્રો૦ તેજાસિંગ કહે છે કે, 'પંજાબી સાહિત્ય શીખધર્મના ઉદયકાળથી શરૂ થયું. તે પૂર્વે એ ભાષામાં લખાયેલા ગ્રંથો મળતા નથી.' શીખ લોક એ તેમની આસપાસ વસતા હિંદુ મુસલમાનોથી માન્ય-

તાઓ વગેરેમાં ભિન્ન છે, એ જાતનું ભાન આપવાનું પણ તેમણે શરૂ કર્યું.

તેમનો અંતકાળ આવ્યો ત્યારે તેમણે ગુરુપદ પોતાના પટ્ટશિષ્ય અમરદાસને સોંપ્યું અને પોતે ૧૫૫૨માં વિદેહ થયા.

ગુરુ અમરદાસ (ઈ. સ. ૧૪૭૯–૧૫૭૪) જ્યારે ગાદીપતિ થયા ત્યારે ૭૩ વર્ષના હતા. પણ ગુરુ અંગદના જુવાન પુત્રોને પણ શરમાવે એવા સેવાપરાયણ ને તત્પર તે હતા ને તેણે કરીને જ તે લાયક ઠર્યા હતા.

ગુરુ અંગદે એમને એક વાર ઠપકો આપેલો એ પ્રસંગ મહત્ત્વનો હોવાથી અહીં જોવો જોઈશે. ટપ્પા કરીને કોઈ સાધુએ ગુરુને ઈજા કરી હશે, તેથી કેટલાક લોકે આ સાધુને શિક્ષા કરી. અમરદાસે આ બીનાની પસંદગી બતાવી. તે પરથી ગુરુ અંગદે એને સખત શબ્દોમાં ઠપકો આપ્યો : "મારી સાથે રહી તું કાંઈ પામ્યો નથી. મારા સંગનું ફળ તો શાંતિ, સબૂરી ને ક્ષમા હોય. અઘરી વસ્તુઓ તું સહી નથી શકતો. ટોળાંને રાજી કરવા જ તેં જે કર્યું છે તે કર્યું."

ઠપકાને પરિણામે અમરદાસ નમ્ર બનીને માફી માગવા લાગ્યા ને હવે પછી ગુરુ કહે તેમ વર્તવા તેમણે તત્પરતા બતાવી. તે પરથી ગુરુએ જે ઉપદેશ આપ્યો, તે, સત્યાગ્રહમાં અહિંસા હોવી જ જોઈએ, એને મળતો આપણને લાગશે : 'ધરિત્રી જેવી ધીરજ અને સુખદુઃખમાં પણ પર્વત જેવી અડગતા તારામાં હોવી જોઈએ. હૃદયમાં તારે ક્ષમાવૃત્તિ ધરવી જોઈએ. અને સામો ગમે તેવું કરે તોય તારે તેનું ભલું જ કરવું જોઈએ. કનક અને કથીર તારે મન સરખાં હોય ને નમ્રતા તારો ધર્મ હોય, કેમ કે હંમેશ નમ્ર જ ઉન્નતિને પામે છે.[૧]'

સબૂરી કે ક્ષમાના આ ઉપદેશને કારણે શીખોનાં બલિદાન શુદ્ધ બન્યાં ને તેનો પ્રતાપ આખી પ્રજા ઉપર પડ્યો. શીખપ્રજાના ઘડતરમાં

૧. મૅકોલીફના The Sikh Religion, Vol. 2, 38—9.

આવાં સત્યાગ્રહી બલિદાને કેટલો બધો ભાગ ભજવ્યો હશે, તેનો આંક, જેટલો મુકાય એટલો ઓછો છે. એટલું સ્પષ્ટ છે કે, જે અંધકાર આદિગુરુના સમયમાં હતો એમ આપણે શરૂઆતમાં જોયું, તે આ શુદ્ધ બલિદાનોને કારણે જોતજોતામાં દૂર થયો.

જેમ જેમ શીખોનું જોર વધતું ચાલ્યું, તેમ તેમ આદિ હિંદુ તથા મુસ્લિમોનો વિરોધ સક્રિય થવા લાગ્યો; અને ત્યારે, ઘડાતી પ્રજાનું બાળપણ આ સત્યાગ્રહે જ સુરક્ષિત રાખ્યું કહેવાય. ગુરુ અમરદાસને મળેલો પાઠ એમણે પોતાના શીખોને ઠીક રીતે શીખવ્યો. મુસલમાની કનડગતથી હેરાન હેરાન થઈ ગયેલા શીખોને પણ એ આમ જ કહેતા કે, "ધીરજથી સહન કરો ને શત્રુનું પણ હૃદય પીગળે એવી પ્રાર્થના કરજો."

બધાં જ માણસ — સ્ત્રી પુરુષ, બ્રાહ્મણ અબ્રાહ્મણ વગેરે — સરખાં છે, એ ભાવ આ ગુરુએ ખાસ કેળવ્યો. સતીના ચાલનો તથા પડદાનો વિરોધ આ ગુરુએ કર્યો તે આપણે આગલા પ્રકરણમાં જોઈ આવ્યા છીએ.

પોતાનો અંતકાળ પાસે આવતાં ગુરુ અમરદાસે ભાઈ જેઠા કરીને પોતાના શિષ્યનું રામદાસ નામ પાડી તેને ગાદી આપી. આ ભાઈ જેઠા (૧૫૩૪–૧૫૮૧) ગુરુનો જમાઈ થતો હતો. ગુરુએ પોતાની બીજી પુત્રી બીબી ભાનીનું લગ્ન એની સાથે કર્યું હતું, અને લગ્ન પછી આ બેઉ જણ ગુરુઘેર જ રહેતાં ને ત્યાં બનતી સેવા કરતાં. તેને માટે — સસરાને ઘેર કામ કરવા માટે — ભાઈ જેઠાના કુટુંબીઓ બહુ વિરોધ કરતા. તે એક જ વાત કહેતો, "મારે મન એ સસરા નથી, પણ ગુરુ છે. એટલે મને એમાં હીણપદ નથી દેખાતું." આ જેઠા અને ભાની એ ગુરુ અર્જુનનાં માતાપિતા થાય. અર્જુન તેમનો ત્રીજો દીકરો હતા; પહેલાનું નામ પૃથ્વીદાસ, અને બીજાનું મહાદેવ.

ગુરુએ પોતાની ગાદી જમાઈને આપી એમાં એ સગાઈથી પ્રેરાયા હતા એમ નહીં, પણ એની લાયકાત જ જોઈને કરતા હતા એ ઉઘાડું છે. ગુરુ નાનકના સમયથી એ ધારો પાડવામાં આવ્યો હતો કે, ગુરુપદ લાયક શીખને જ અપાય — એમાં યૌન સંબંધનો પ્રશ્ન ન હોય. પરંતુ દિવસે દિવસે ગુરુઓની પ્રતિષ્ઠા જામતી ગઈ અને આ પદના પાર્થિવ લાભ તથા માનમરતબાથી યૌન સંબંધીઓમાં ઈર્ષ્યા ઊપજવા લાગી. પહેલા ગુરુથી જ, ઓછાવત્તા પ્રમાણમાં એ જોવામાં આવે છે. ગુરુ નાનકના બે પુત્રોમાંના એકને આ સંબંધી કાંઈક લાગ્યું હતું ખરું. પરતું તે સમાહિત બની પોતાના સ્વતંત્ર માર્ગે વળેલો ને ગુરુઓને કંઈ દખલગીરી નહિ નડેલી. બીજા ગુરુ અંગદના પુત્ર દત્તુએ પોતાને ગુરુપદ ન મળ્યું તેથી નવી ગાદી સ્થાપવાની ધૃષ્ટતા કરેલી. ગુરુ અમરદાસે તેની સાથેનો કજિયો ટાળવા ગોવિંદવાલ[1] છોડ્યું, કોઈ અજ્ઞાત સ્થળે એકાંતવાસ લીધો, ને ત્યાં ભક્તિપરાયણ થઈ અજ્ઞાત રહેવા લાગ્યા. પરંતુ શીખોએ એમને જ સાચા ગુરુ માનેલા, એટલે ખોળી કાઢ્યા ને અપનાવ્યા; દત્તુનો બળવો એમ શમી ગયો. ચોથા ગુરુ રામદાસને ગાદી મળી, ત્યારે પણ એમના સાળા મોહને વિરોધ કર્યો; પણ એથી આગળ એ કંઈ કરી શક્યો નહીં. ગુરુ રામદાસે પોતાના સસરા – ગુરુને કહ્યું કે, “ગાદી મોહનને આપો. હું નમ્ર શીખ જ છું ને એવો રહેવાનું પસંદ કરું છું.” પણ ગુરુએ, ગાદીનો હક લાયકનો જ છે, એ ગુરુ નાનકના ઘરનો ધારો છે, એમ જણાવી, તેને જ ગાદી આપી. પરંતુ સાથે કહ્યું કે, મોહનના વિરોધને કારણે ગોવિંદવાલ રહેવા કરતાં તું નવું ગામ વસાવી ત્યાં રહેવા જા. આ નવું વસાવેલું ગામ તે રામદાસપુર કહેવાયું. તેની પાસે ગુરુ રામદાસે સંતોષસર ને અમૃતસર એ બે

૧. આ ગામમાં ગુરુ અંગદ મોટે ભાગે રહેતા, એટલે એ ગુરુધામ હતું. તેથી અમરદાસ પણ ત્યાં જ રહેતા.

સરોવરો પણ ખોદાવવાનાં શરૂ કર્યાં. પોતે તે કામ પૂરું ન કરી શક્યા; અને પોતાના પુત્રને વારસામાં સોંપીને ગયા. પાછળથી આ ગામ જ અમૃતસર, શીખોનું મોટું ધામ બન્યું.

ગુરુ અમરદાસની બીજી પુત્રી બીબી ભાની, અર્જુનદેવની માતા, બહુ જ નમ્ર અને પિતાભકત હતી. નાનપણથી જ તે ભક્તિ અને એકાંતની શોખી હતી. બાલોપયુક્ત ખેલરમતને બદલે કે વસ્ત્રાભૂષણને બદલે તે ભજનો ગાવાની ને સાદાઈની વધારે શોખી હતી. વૃદ્ધ પિતાની સેવા એનો ખાસ વ્યાસંગ હતો. તેના પતિની જેમ તે તેમને પિતા નહીં પણ ગુરુ નાનકના અવતાર સમાન પૂજ્ય ગુરુ જ લેખતી. અને તેમના પટ્ટશિષ્ય જેઠાને પતિ કરતાં એક સત્સંગી સાધુપુરુષ તરીકે વધારે માનતી.

એક વખત રાતના જ્યારે ગુરુ ધ્યાનમાં બેઠા હતા, ત્યારે બીબી ભાનીએ જોયું કે ખાટલાનો એક પાયો ભાગેલો છે. તરત બીબીએ ત્યાં પોતાનો હાથ રાખ્યો ને એમ પિતા ધ્યાનમાંથી ઊઠે ત્યાં સુધી બેસી રહી. પુત્રીની આ સેવાતત્પરતા જોઈ પિતા ખુશ થયા ને તેને વર માગવા કહ્યું. બીબીએ માગ્યું, “ ગુરુપદ મારા કુટુંબમાં રહે એમ કરો.” ગુરુએ કહ્યું, “તારા બાળકની જગમાં ખ્યાતિ થશે. મહાન ઉદ્ધારક તારી કૂખે જન્મ લેશે. પણ ગુરુના નિર્મળ પ્રવાહને તેં બગાડયો છે, એટલે પરિણામમાં ખૂબ તકલીફ અને વિઘ્નો આવશે.” બીબી ભાનીની આ મનીષા તેના પુત્ર અર્જુનના જીવનમાં ફળી; પણ ગુરુની આગાહી પણ સાચી પડી કે, ગુરુઓની પરંપરામાં મોટો ઝઘડો પડયો ને ગુરુ અર્જુનને જાન દેવો પડયો.

૩

ગુરુ અર્જુનનો જન્મ ગુરુ અમરદાસને ઘેર (ઈ. સ. ૧૫૬૩) સં. ૧૬૨૦ના વૈશાખ વદ ત્રીજને રોજ થયો. ગુરુ અમરદાસનો એ લાડકો દૌહિત્ર હતો. દાદા જોડેના તેના ખેલના પ્રસંગો ભાવિક શીખોમાં

અનેક કહેવાય છે. એક પ્રસંગે નાનો અર્જુન દાદા ઊંઘતા હતા ત્યાં રમતો રમતો જઈ ચડયો. રખેને તે તેમને ઊંઘતા ઉઠાડે તેથી બીબી ભાની તેને લેવા ગઈ. તેવામાં તો તેણે ગુરુને ઉઠાડી દીધા હતા. પુત્રીને લેવા આવતી જોઈ તેમણે કહ્યું, "ભલે મારી પાસે આવે. યહ મેરા દોહિતા પનીકા બોહિતા હોવેગા. (આ મારો દૌહિત્ર ભવસાગર તરવાને માટે હોડીરૂપ થનાર છે.)" નાનપણથી જ બધાની એના પર માયા હતી અને એ પણ પૂરો બત્રીસલક્ષણો જણાઈ આવતો હતો. પિતાની સેવામાં ન હોય ત્યારે ભજનકીર્તનમાં તે પોતાનો વખત કાઢતો. ધનદોલતની એને નાનપણથી જ પરવા નહોતી. ત્રણે ભાઈઓમાં એ નિર્લોભી ને વિશેષમાં વિશેષ આજ્ઞાંકિત હતો. એક વાર રામદાસે મોટા પુત્ર પૃથ્વીચંદને કોઈ સગાના લગ્ન પર લાહોર જવા કહ્યું. પૃથ્વીચંદ ગુરુના રસોડાની વ્યવસ્થા કરતો. એમાંથી એ કાંઈક ખાનગી મળતર પણ કાતરી લેતો હતો. આ લાભ જતો કરવો એને કેમ રુચે? અને વળી હવે વૃદ્ધ પિતા ખર્યું પાન, એટલે ગુરુપદ ઝડપવા માટે પણ પાસે જ રહેવું જોઈએ ને! એટલે એણે પિતાની સેવા અને રસોડાની દેખરેખનાં બહાનાં કાઢી જવાની ના પાડી. ગુરુએ બીજા પુત્ર મહાદેવને કહ્યું. આ પુત્ર વૈરાગી સ્વભાવનો હતો. તેણે કહ્યું, "લગ્ન જોવામાં મારું ચિત્ત નથી. મને મોકલ્યેથી શું કામ સરશે?" છેવટે ગુરુએ અર્જુનને કહ્યું, "તું જઈશ? ત્યાં જા અને લગ્ન પૂરું કરી ત્યાં જ રહેજે, ને શીખોને ઉપદેશ આપજે; હું લખું તે વિના અહીં ન આવતો." પિતૃભક્ત અર્જુન તરત તૈયાર થયો ને લાહોર ઊપડયો. જતી વખતે માતાએ આશીર્વાદ આપ્યો, જે તેમણે પાછળથી નીચેના ભજનરૂપે ગ્રંથસાહેબમાં સંઘર્યો છે:

जिसु सिमरत सभि किलविख नासहि
पितरी होई उधारो ।
सो हरि हरि तुम सदहि जापहु
जाका अंत न पारो ॥

पूता माताकी आसीस ।
निमख न बिसरउ तुम कउ हरि हरि
सदा भजहु जगदीस ॥
सतगुरु तुम कउ होई दईआला
संत संगि तेरी प्रीति ।
कापड़ु पति परमेसरु राखी
भोजनु कीरतनु नीति ॥
अंमृतु पीवहु सदा चीर जीवहु
हरि सिमरत अनद अनंता ।
रंग तमासा पूरन आसा
कबहि न बिआपे चिंता ॥
भवरु तुमारा इहु मन होवउ
हरि चरणा होउ कउला ।
नानकदासु उन संगि लपटाइओ
जिउ बुंदहि चातृकु मउला ॥

માતાપિતાનો પ્યારો પુત્ર આમ વેગળો થયો તેથી પૃથ્વીચંદ રાજી થયો.

કેટલાય વખત સુધી લાહોરમાં રહ્યા પછી અર્જુનને માતાપિતાનાં દર્શનની ઇચ્છા થઈ. પણ પિતાનો સંદેશો આવે ત્યારેને? છેવટે તેણે પિતાને સંદેશો લખી મોકલ્યો કે હું આવું? વચ્ચે જ એપિયાને રોકી દઈ પૃથ્વીચંદે એ દબાવી રાખ્યો. કેટલાય વખત સુધી ઉત્તર ન આવ્યો એટલે અર્જુને બીજો મોકલ્યો. તે પણ પૃથ્વીચંદે દબાવી લીધો, ને એપિયાને બારોબાર રવાના કર્યો. હવે કાસદને ગુરુને હાથોહાથ પત્ર આપવાનું કહી તેણે ત્રીજો પત્ર મોકલ્યો પૃથ્વીચંદના પહેરાને ચુકાવી આ કાસદે ગુરુને પત્ર નં० ૩ એમ લખેલ

સંદેશો પહોંચાડયો. તે પરથી આગલા પત્રોની તપાસ થઈ. પૃથ્વીચંદ ઝંખવાણો પડયો ને અર્જુનને માતાપિતા પાસે આવવા રજા મળી. આવીને ખૂબ આનંદથી બેઉને તેણે પ્રણામ કર્યાં. ગુરુનો અંતકાળ તો આવ્યો જ હતો. એટલે એમણે અર્જુનને ગાદી આપી. પૃથ્વીચંદે તેનો બનતો વિરોધ કર્યો; પોતે મોટો હોવા છતાં ટાળવા માટે પિતાને કડવાં વેણ પણ સંભળાવ્યાં. ગુરુએ તેને સાંત્વન આપવા કહ્યું તે વૃથા ગયું, ને પૃથ્વીચંદ તો ગાળો દેતો જ રહ્યો. બીબી ભાની બોલી, "ગુરુ અમરદાસનાં વેણ સાચાં પડયાં : ગુરુઓના નિર્મળ પ્રવાહમાં વિઘ્ન પડયું જ." ગાદીનો ઝઘડો એક બાજુ કરી બધા એક વાર તો ગુરુના દેહત્યાગનો સમય નજીક જોઈ તેમની સાથે ગોવિંદવાલ ગયા. થોડાક દિવસ બાદ ગુરુએ દેહ છોડયો. થોડોક કાળ વીત્યા પછી ગુરુપત્ની પણ વિદેહ થયાં. અને અર્જુને ઈ. સ. ૧૫૮૧માં શીખોની આગેવાનીનું કામ શરૂ કર્યું.

૪

ભાઈઓ સાથેના ઝઘડાથી એનું મંગળાચરણ કરવું પડયું. જૂના રિવાજ મુજબ અર્જુનના મામાએ (ગુરુ અમરદાસના પુત્રે) પોતાના બનેવી ગુજરી ગયા પછી અર્જુનને તેમના વારસ તરીકે પાઘડી બંધાવી. પૃથ્વીચંદે તરત વાંધો પાડયો કે, હું પાટવી હોવાથી પાઘડીનો હક મને છે. નિર્લોભી અર્જુને તરત પાઘડી પૃથ્વીચંદને આપી ને પોતે અમૃતસર ઊપડી ગયા. પણ એટલેથી પત્યું નહીં. પૃથ્વીચંદે વિચાર કર્યો કે, મુગલ બાદશાહને વારસાહકની બાબત ફરિયાદ કરવી; અને એની તજવીજમાં એ મુસલમાન સૂબા વગેરે અમલદારોની લાગવગ શોધવામાં પડયો. તરત તો એણે એટલું કર્યું કે અમૃતસરના ચોધરીઓને (ગામના મુલકી અમલદારોને) ફરિયાદ કરી કે, અર્જુન અમારા બાપનો બધો વારસો દબાવી બેઠો છે ને એમ એ મોટા ભાઈઓને કશા સાધન વિનાના રઝળતા કર્યા છે. તે પરથી ચોધરીઓએ આ બાબત ગુરુ અર્જુનને કહી. ગુરુએ આ તકરારનો

નિવેડો પોતે જ આણી દીધો. કેટલાંક ઘર તથા શીખોના લાગા તેમણે પૃથ્વીચંદના નામ પર કરી આપ્યાં; અને મહાદેવને પણ એ જ પ્રમાણે કેટલીક આવક કરી આપી; અને પોતાને માટે શીખો જે કાંઈ ભેટ ધરે એ જ રાખ્યું. પણ એ ઉદારતા તથા નમ્રતાની ભાઈઓ પર કશી જ અસર ન થઈ. પૃથ્વીચંદની સ્ત્રીએ 'ઘર ફૂટયે ઘર જાય'ના આ દુ:ખદ પ્રકરણની આગ ઓલવાવા જ ન દીધી.

જ્યારે ત્યારે તે પૃથ્વીચંદને ટોકતી જ રહેતી કે, તમે પાટવી હોવા છતાં ગુરુગાદી તો તમને નહિ જ ને ? ક્ષુદ્ર મનનો પૃથ્વીચંદ આ મહેણાં ન સાંખી શકતો અને પોતાના ભાઈ અર્જુનની ગુરુની લાયકાત જોતાં છતાં, તેને પદભ્રષ્ટ કરવા જ મથતો.

ગુરુ અર્જુને તો પોતાના ગુરુકાર્ય તરફ જ ધ્યાન દેવા માંડયું. એ કાર્ય તો ગુરુ નાનક તરફથી તેમને મળેલું; તે કર્યે જ છૂટકો. એટલે પૃથ્વીચંદનો વિરોધ શમાવવા મથી, તેની ઉપેક્ષા કરી, તે નિજી કાર્યમાં પડયા.

૫

પિતા-ગુરુ રામદાસે શરૂ કરેલા અમૃતસરના ખોદકામનો ઉલ્લેખ આગળ આપણે જોઈ આવ્યા. ગુરુ અર્જુને ઘરનો ઝઘડો પતાવીને પહેલું એ કામ હાથ પર લીધું. આ કામની આસપાસ કેટલીય ધાર્મિક ભાવનાઓ અને ચમત્કારશ્રદ્ધા વણાઈ હતી. એટલે આ કામની પૂર્ણતા, એક રીતે જોતાં, શીખધર્મને સંગઠિત કર્યાની નિશાનીરૂપ હતી. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ને શ્રદ્ધાળુ શીખોને એ કામમાં જોડવામાં આવ્યા હતા. ભાઈ બુધા ગુરુ નાનકનો સમકાલીન એમને હાથે દીક્ષા પામેલો શીખ હતો. એ આ કામમાં મુખ્ય હતો. અને ગુરુ રામદાસ જાતે એ કામની દેખરેખ રાખતા. સરોવરની પાસે એક સીસમના ઝાડ નીચે બાંધેલા એક ઝૂંપડામાં તે રહેતા ને શીખોને તથા અન્ય સત્સંગી વગેરેને ઉપદેશ આપતા. ગુરુ ત્યાં રહેતા તેથી

દેશાવરથી અનેક દર્શનાર્થીઓ ત્યાં આવતા. શીખો તથા સાધુઓ પણ આવતા. ગુરુ હોય ત્યાં રસોડું તો હોય જ. ન્યાતજાતના ભેદભાવ વિના બધા ત્યાંથી રસોઈ મેળવી શકતા. આમ અમૃતસરનું ખોદકામ, પ્રાચીન આર્યોના યજ્ઞસત્રની પેઠે, એક સત્રપર્વની રીતે ચાલતું હતું. ગુરુ અર્જુને એ જ પરંપરામાં એ કામ આગળ ચલાવ્યું. એ જ સીસમવૃક્ષ નીચે રોજ એ બેસતા ને બે સરોવરનું ખોદકામ તથા રામદાસપુરની આગળ આબાદીની વૃદ્ધિનું કામ એ જોતા. સંતોષસરનું કામ ઝટ પૂરું થયું. પણ અમૃતસરની પાછળ વધારે જહેમત લેવાની હતી. તેનું મોટા ભાગનું ખોદકામ તો ગુરુ રામદાસના સમયમાં જ પૂરું થયું હતું. અર્જુનદેવને તેની ચોતરફ ઓવારા બંધાવવાના હતા ને પાકું તળિયું કરાવવાનું હતું. ઉપરાંત એમણે એક નવી યોજના વિચારી કે, એ સરોવરની મધ્યમાં એક મંદિર બંધાવવું. શીખોને આ યોજના ગમી ને તેમણે કહ્યું કે, મંદિર—જે 'હરમંદિર' અથવા દરબાર સાહેબ કહેવાય છે—આસપાસનાં મકાનો કરતાં ઊંચું બાંધીએ જેથી તે પ્રતિષ્ઠિત દેખાય. ગુરુએ કહ્યું, "ના, એમ નહિ. જે નમ્ર છે તે તેની નમ્રતાથી જ પ્રતિષ્ઠા પામે છે. ફળ આવ્યેથી ઝાડ નીચે લચે છે. એટલે આપણે મંદિર એવું બાંધવું કે ગમે ત્યાં થઈને તેમાં જતાં આઠ–દશ પગથિયાં ઊતરીને જ જવાય. હરમંદિર ભલે બધાં મકાનોમાં નીચું હોય." આ મંદિર તે આજનું પ્રખ્યાત શીખ સુવર્ણમંદિર.

સરોવર ને મંદિરનું કામ પૂરું થયું. તે વખતે ગુરુએ ધન્યતાદર્શક જે ઉદ્ગારો કાઢ્યા, એમાંથી આ એક છે :

संताके कारजि आपि खलोईआ ।
हरि कंमु करावणि आईआ राम ॥

धरति सुहावी तालु सुहावा ।
बिचि अंमृत जलु छाईआ राम ॥

अंमृत जलु छाईआ पूरन साजु कराईआ
सगल मनोरथ पूरे ।
जैजैकार भईआ जग अंतरि
लाथे सगल विसूरे ।

पूरन पुरुख अचूत अविनाशी
जसु वेद पुराणी गाईआ ।

अपना बिरद रखिआ परमेसरि
नानक नाम धिआईआ ॥

(સંતોનું કામ કરવા ખુદ આપ આવ્યા. આ સુંદર ભૂમિને સુંદર સરોવરમાં અમૃતજલ રેડયું. અમૃતજલ રેડયું ને કામ પૂર્ણ કરી અમારા સૌ મનોરથ પૂર્યા. તેથી બધે જયજયકાર થઈ રહ્યો છે ને સૌ ચિંતાઓ ટળી છે. વેદપુરાણ જેનું ગુણગાન કરે છે એવા એ પૂર્ણપુરુષ અવિનાશી પ્રભુએ પોતાનું બિરદ રાખ્યું. ગુરુ નાનક એ પ્રભુના નામનું ધ્યાન ધરે છે.)

અને હરમંદિર પૂરું થયું ત્યારે ગુરુએ પોતાની પ્રસન્નતાના ઉદ્‌ગારો કાઢ્યા તેમાંથી આ ટૂંક છે :

हरि जपे हरिमंदरु साजिआ
सन्त भगत गुण गावहि राम ।
सिमरि सिमरि सुआमी प्रभु अपना
सगले पाप तजावहि राम ॥...

जन नानक प्रभु भए दइआला
सरब कला बणिआई ॥

(હરિનું નામ જપતાં જપતાં આ હરિમંદિર સર્જ્યું છે. હે સંતો ને ભક્તો, તેના ગુણ ગાઓ. એ આપણા સ્વામીનું સ્મરણ કર્યે સૌ પાપો જશે. . . . નાનકના પ્રભુની દયાથી સૌ રૂડાં વાનાં થયાં છે.)

૬

આમ શીખોની શ્રદ્ધાભક્તિના પ્રતીકરૂપ મંદિર ને સરોવર પૂરાં થયાં. હવે તેમાં દેવની પ્રતિષ્ઠા કરવાની રહી. કયા દેવને તેમાં પધરાવવા? શીખલોક મુસલમાનોની જેમ મૂર્તિભંજક તો નહોતા, છતાં ત્યારે હિંદુઓની જેમ મૂર્તિપૂજક પણ ક્યાં હતા? એક 'સતનામ નિર્ભય નિર્વૈર અકાલ પ્રભુ' અને તેનો માર્ગ દેખાડનાર ગુરુ — એ એમની એકમાત્ર વ્યાપક ને સીધી માન્યતા હતી. એને અનુરૂપ એમણે હરિમંદિરની પ્રતિમા શોધી. ગુરુઓની વાણી એ જ સાચો ગુરુ છે એમ સમજી ગુરુ અર્જુને પૂર્વના ગુરુઓની વાણીનો સંગ્રહ કરી તેના ગ્રંથને દેવસ્થાનમાં મૂકવા ધાર્યું. અને ગુરુનાં દ્વાર હરેકને માટે ખુલ્લાં હોય છે એ સૂચવવા હરિમંદિરને ચાર બાજુ ચાર દરવાજા મુકાવ્યા ને તે બધો વખત ખુલ્લા રહે એમ વ્યવસ્થા કરી. આમ ગુરુ ગ્રંથસાહેબનું સંપાદન ને તેમને ઇષ્ટદેવ બનાવી શીખોના ધર્મસંગ્રહનું એક મોટું કામ ગુરુ અર્જુને પૂરું કર્યું.

બીજી બાજુથી જોતાં પણ, તરતમાં ગ્રંથસાહેબની રચના કરવાની જરૂર ઊભી થઈ હતી. ઝેરીલો પૃથ્વીચંદ ગુરુને પદભ્રષ્ટ કરવા ને પોતે ગુરુ બનવા અનેક રસ્તા લેતો હતો. તેમાં તેણે એમ પણ કરવા માંડ્યું કે તે પૂર્વ ગુરુઓને નામે ભજનો બનાવવા લાગ્યો. આમ જો ચલાવવા દેવાય, તો લાંબે કાળે ગુરુઓની શુદ્ધ વાણી નાશ પામે ને સાથે તેમનો સાચો ઉપદેશ પણ ન સમજાય. એટલે પણ અર્જુનદેવને થયું કે, શીખોના સન્માર્ગદર્શનને ખાતર પણ ગુરુઓની સાચી વાણીનો સત્તાવાર સંગ્રહ તો હોવો જ જોઈએ. એ રીતે પણ, ગુરુઓની નિર્મળ વાણીને ભેગી કરી સત્તાવાર સંઘરવાની જરૂર હતી. એ કામ કરવામાં ગુરુ અર્જુનદેવે જે ભાવના, પ્રીતિ તથા વિવેક વાપર્યાં છે, તે આદરણીય છે.

પ્રથમ ચાર ગુરુઓની વાણી તેમના વારસો પાસે છૂટી પડી હતી, તે મેળવવાનું અઘરું કામ ગુરુએ પહેલું હાથ પર લીધું. ત્રીજા

ગુરુના દીકરા મોહન પાસે મોટા ભાગનો ને મુખ્ય સંગ્રહ પડેલો હતો. પણ, આપણે ઉપર જોઈ આવ્યા કે, મોહનને પોતાને ચોથી પાદશાહી ન મળી એનું દુ:ખ હતું. એટલે જ્યારે અર્જુનદેવે પોતાના માનીતા શીખ ગુરદાસને તેની પાસેથી સંગ્રહ માગવા મોકલ્યો ત્યારે એણે એને ઘરમાં જ ન પેસવા દીધો, અને ગુરુદાસને વાત જ કર્યા વિના પાછા આવવું પડ્યું. એટલે ગુરુએ શીખવર્ય ભાઈ બુધાને મોકલ્યા. પહેલાંની જેમ જ આ વેળા પણ મોહને ઓરડાનાં બારણાં ઉઘાડ્યાં જ નહિ ને નિરાશ થઈ ભાઈ બુધાને પાછું આવવું પડ્યું. એટલે ગુરુ જાતે ઊપડ્યા. આજીજી કર્યાના પરિણામે હઠીલા મોહને મળવા જેટલી તત્પરતા બતાવી, પણ કહ્યું કે, "મારા કુટુંબની ગાદી પચાવી પડ્યો; ને હવે અમારો ધર્મ-વાણી ને સાહિત્યનો વારસોય ઝૂંટવવા આવ્યો?" છતાં ગુરુએ તો પોતાની આજીજી ને આગ્રહ ધપાવ્યે જ રાખ્યાં. પરિણામે મોહન પીગળ્યો, અને પ્રથમ ત્રણ ગુરુઓની વાણીનો મહત્ત્વનો સંગ્રહ ગુરુને મળ્યો.

આટલેથી જ ગુરુનું સંગ્રહસંપાદન પૂરું નહોતું થતું. એમને તો ગુરુઓનો અશરીરી એવો જે શબ્દ તે સંઘરવો હતો : વ્યક્તિનો નહીં પણ સત્ય શબ્દનો જ્યાં જ્યાંથી આવરો હોય ત્યાંથી મેળવીને એ મૂર્તિમંત કરવો હતો. અને એ શબ્દ દેશની તથા પરદેશની બધી ભાષાઓમાં ઊતરે અને 'પાણી પર તેલ જેમ પ્રસરે છે એમ જગતભરમાં પ્રસરે' એવી એમની ઇચ્છા હતી; અને એમ એમણે એમના શીખોને આજ્ઞા પણ આપી હતી. એથી એમણે જયદેવથી માંડીને એમના સમકાલીન સુધીના બધા ઈશ્વરભક્તોને — હિંદુ મુસલમાન, સ્ત્રી પુરુષ ગમે તે — તેમની વાણી મોકલવા નોતર્યા. જે સતનામ અને ધર્મપ્રવર્તન ગુરુ નાનકે ઉપદેશ્યાં હતાં, એને અનુકૂળ ને પોષક એવી જેટલી ભક્તવાણી લખેલી કે મૌખિક એમને મળી, તે બધી એમણે સાભાર સ્વીકારી. જેટલી જેટલી વાણી મળી તે તપાસી

તેમાંથી ગ્રાહ્ય ભાગ વીણી કાઢ્યા. આ રીતે સાચે જ ગુરુગ્રંથ 'સંતોનું સંમેલન' છે. એમાં આપણે જયદેવ, નામદેવ, ત્રિલોચન, રામાનંદ, રામાનુજ, સદનો, ધનો, પીપો, કબીર, રવિદાસ તથા મુસલમાન ફકીર ફરીદ ને ભીખનનાં વીણી કાઢેલાં ભજનો સંગૃહીત જોઈએ છીએ. નભાજી, ચિદ્દ્ઘન, મહીપતિ, ગણેશ દત્તાત્રેય, ડાહ્યાભાઈ ઘેલાભાઈ પંડિત વગેરેએ પ્રાંતીય ભાષાઓમાં મધ્યકાલીન સંતો વિષે લખેલા ગ્રંથો પણ ગુરુએ તપાસાવી લીધા હતા.[૧] મીરાંબાઈનાં ભજન પણ ગુરુએ જોયાં હતાં. તેની કૃષ્ણભક્તિની મૂર્તિપૂજાને કારણે તેમને ગ્રંથમાં સ્થાન નથી અપાયું. આ રીતના સંપાદનથી ગ્રંથમાં ભાષાવૈવિધ્ય પણ ભારે એકઠું થયું છે. ગુરુઓની પંજાબી ઉપરાંત 'ફારસી, મધ્યયુગીન પ્રાકૃત, હિંદી, મરાઠી, જૂની પંજાબી, મુલતાની અને બીજી અનેક દેશી ભાષાઓના ભજનો એમાં છે. કેટલાંક ભજનોમાં સંસ્કૃત તથા અરબી શબ્દોનો પણ ઠીક ઠીક પ્રમાણમાં ઉપયોગ થયેલો છે.'

આ રીતે બધી સામગ્રી જોઈ કાઢ્યા પછી ગુરુએ ભાઈ ગુરુદાસને તે બધી લખાવી દીધી અને એ મહાન ધર્મસ્થાપનના કાર્યની સં૦ ૧૬૬૧ના ભાદરવા સુદ ૧ ને રોજ પૂર્ણાહુતિ કરી. ગ્રંથને અંતે ઉપસંહાર તરીકે 'મુંદાવણી' લખીને તેમણે ગ્રંથસમાપ્તિ કરી. આ મુંદાવણીમાં ટૂંકમાં ગુરુએ પોતાની સંપાદનદૃષ્ટિ અને ફલશ્રુતિ પણ કહ્યાં છે :

थाल विचि तिनि वसतु पइओ सतु सन्तोखु विचारो ।
अंमृत नामु ठाकुरका पइओ जिसका सभसु अधारो ।
जे को खावै जे को भुंचै तिसका होई उधारो ।

૧. આ હકીકતોમેં મુખ્યત્વે મૅકોલીફકૃત ગ્રંથોમાંથી તારવેલી છે. નામોની યાદીમાં એક ગુજરાતી નામ પણ છે. તે ડાહ્યાભાઈ પંડિત તે કોણ, ક્યાંના, એમની કૃતિઓ કઈ, વગેરે પર કોઈ વિદ્વાન ઇતિહાસકાર પ્રકાશ પાડશે

एह वसतु तजी नह जाई नित नित रखु उरि धारो ।
तम संसारु चरन लगि तरीऐ सभु नानक ब्रह्मपसारो ॥

[આ થાળમાં ત્રણ વાનીઓ પીરસી છે : સત્ય, સંતોષ અને વિચાર. અને સર્વના આધારરૂપ એવું ઈશ્વરનું જે અમૃતનામ છે તે પણ છે. જે કોઈ એને ખાશે ને તેમાં રાચશે તેનો ઉદ્ધાર થશે. આ વસ્તુ કદી ન તજતા : રોજ ઉરમાં રાખીને રહેજો. અંધારસાગરમાં પ્રભુચરણે પડ્યે તરાશે. નાનક કહે છે, વિશ્વ બધું પ્રભુનો પસારો છે.]

અને આ અંતિમ વાક્ય કહીને પોતા તરફથી ગુરુ ધન્યતા બતાવે છે : "હે પ્રભુ, તેં મારે માટે શુ શું કર્યું છે એ હું ક્યાં જાણું છું ! છતાં તેં મને તારી સેવામાં લીધો. હું ગુણહીન છતાં તેં મારી પર કૃપા કરી : મને સદ્ગુરુ મળ્યા. જો તારું નામ મને મળે તો હું જીવીશ, અને મારાં તનમન તારી સેવામાં તાજાં ને તત્પર રહેશે."

૭

ગુરુ અર્જુન નિજકાર્યમાં રત રહેતા હતા અને શીખોની સેવામાં જ મગ્ન હતા. પરંતુ તેમનાં ભાઈ-ભાભીનું ઝેર તો કેમે શમતું નહોતું. એક દહાડો તેમની ભાભી તેના પતિ પૃથ્વીદાસને કહે, "જો તમે તમારા પિતાની યોગ્ય સેવા કરી કૃપાપાત્ર બન્યા હોત, તો કેવું સારું થાત ! તો હું ગુરુપત્ની બનત. આ તો નાનો દીકરો ગુરુ થયો, રાજાંમહારાજા તેને નમન કરે છે ને ધનના ઢગ તેને ત્યાં વળે છે. આપણે ત્યાં શું છે ?"

પૃથ્વીદાસ કહે, " અરે, તું તો કેવી સદ્ભાગી છે ! તારો પુત્ર ઓછું મોટું ધન છે ! અર્જુનને ક્યાં કોઈ વારસ છે ? એટલે તારો દીકરો ગુરુ થશે, અને ધન તો આજ છે ને કાલે નથી." ગુરુ ઘેર પુત્ર નહોતો એટલે આમ પૃથ્વીદાસ માનતો. પણ તેવામાં ગુરુને ત્યાં પુત્ર જન્મ્યો, એટલે આ માન્યતા જૂઠી પડી. હવે ? લોભી

દંપતીએ કપટથી ગુરુપુત્રને મરાવી નંખાવવાની અધમતા આદરી : ઝેર, સર્પદંશ વગેરે ઇલાજો લાંચરુશવત આપીને કરાવ્યા. પણ "જેને રામ રાખે તેને કોણ ચાખે ?"

એક યા બીજી રીતે કપટ છતું થઈ જાય ,ગુરુપુત્ર — હરગોવિંદ એનું નામ પાડ્યું હતું — બળિયાથી માંદો પડ્યો ત્યારે દુષ્ટ દંપતીએ ઇચ્છા કરી કે એ મરી જાય તો સારું ! તેમાંથીય પુત્ર બચ્યો, અને મોટો થયે તેને યોગ્ય કેળવણી મળે એવી ગોઠવણ થઈ. આમ એની બાજી નિષ્ફળ જવાથી ને પોતાનું કપટ પકડાઈ જવાથી, દગાખોર દંપતીનો રોષ વળી વધ્યો. કુલાંગાર પૃથ્વીદાસે હવે ગુરુ સામે રાજદરબારમાં ખટપટ શરૂ કરી. ત્રીજા ભાઈ મહાદેવે એને ઘણું સમજાવી વારવા પ્રયત્ન કર્યો, પણ તે વૃથા ગયો. તેના મિત્ર સૂબા સુલાહીખાનની મદદથી તેણે અકબર આગળ ગુરુ સામે ફરિયાદ કરી. પણ અકબરે તે ન ગણકારી ને એક વાર તો એને પાછા પડવું પડ્યું. પરંતુ બીજી તરફથી ગુરુ પર એક એવું વાદળ ઘેરાઈ આવ્યું કે તેમાં એમને કુરબાન થયે જ છૂટકો થયો. પૃથ્વીદાસે એનો લાભ પણ ઉઠાવવા પ્રયત્ન કર્યો; પણ એનો લાભ એને તો ન જ મળ્યો. પરંતુ અણધાર્યું એ ફળ આવ્યું કે, કુલના ઝઘડાને રાજદ્વારી રૂપ આપી અજાણમાં એણે શીખ પ્રજાને રાજદરબાર જોડે અથડામણમાં આણી અને એને માટે આગળનું રાજદ્વારી ભવિષ્ય શરૂ કરાવ્યું. સ્વાર્થ આંધળો હોય છે એ આનું નામ.

૮

ગુરુ પર નવી આફત આ પ્રમાણે ઊભી થઈ; ચંદુશાહ કરીને અકબરનો નાણાંમંત્રી કે દીવાન હતો. તે કુલવાન, ધનવાન તથા વિદ્યાવાન અને દીવાન હોવાથી ખાસ તો સત્તાવાન હતો, એટલે એના ગર્વનો પાર નહોતો. સદાકુંવર નામની એને એક દીકરી હતી. એના વેવિશાળ માટે યોગ્ય વર શોધતાં છેવટની

પસંદગી એના પુરોહિતે ગુરુપુત્ર હરગોવિંદની કરી. ચંદુને આ હલકી સગાઈ લાગી. 'ગુરુ, ભિખારી, ભેટો પર જીવનાર અને ધર્મભ્રષ્ટ, ગમે તેની જોડે ખાયપીએ, એની જોડે મારા જેવાનો સંબંધ!' આમ એની લાગણી હતી. પરંતુ યોગ્ય વરની તંગી અને હરગોવિંદની પૂરી લાયકાત તથા ગુરુપદનો વારસો જોઈ ચંદુની પત્નીએ વેવિશાળ કરવાનું નક્કી કરાવ્યું અને માગું કરવાનો કાગળ ચંદુ પાસે લખાવ્યો.

ચંદુનાં મદાંધ વચનો અને ગુરુનાં તેણે કરેલાં અધિક્ષેપ તથા નિંદાની દિલ્હીના શીખોને જાણ થઈ હતી. એમને થયું કે, ગુરુ-નિંદકની પુત્રી ગુરુ સ્વીકારે એ અપમાન છે. એટલે એમણે દોડતો કાસદ મોકલી ગુરુને કહાવ્યું કે માગું ન સ્વીકારવું. શીખોની ઇચ્છાને માન આપી ચાલવાનો ગુરુઘરનો ધારો છે, એમ કહી, ગુરુએ માગું પાછું ઠેલ્યું અને ચંદુના માણસોની હાજરીમાં બીજું વેવિશાળ સ્વીકાર્યું.

સત્તા-અંધ ચંદુથી આ અપમાન સાંખ્યું જાય એમ નહોતું. હવે તેણે મનમાં ગાંઠ વાળી કે, ગુરુ પાસે માગું સ્વીકારાવું, નહિ તો એના પર વેર વાળું. આમ પૃથ્વીચંદ ઉપરાંત ગુરુને નવો વેરી જાગ્યો. ચંદુએ વિવેકની ભાષા વાપરી પોતાનો આ નિશ્ચય ગુરુને જણાવ્યો પણ ખરો : "માની લો તો લાભ છે. રાજદરબારમાં તમારું માન વધશે. પુત્રને ભારે પરણ્ણ મળશે. અને મારા જેવો સગો પામી પૃથ્વીચંદને સહેજે કાબૂમાં રાખી શકશો. નહિ માનો, તો પછી હું જોઈ લઈશ."

ઈશ્વરમાં શ્રદ્ધાળુ ગુરુને આ લાલચ કે ધમકીથી શી અસર થાય? એમણે તો સત્યની રાહે ઉત્તર વાળ્યો કે, "ધનનો મદ બૂરો છે. બધાં અહિત એમાંથી જન્મે છે. કહેજો કે તમારી સાથે સંબંધ નહિ બાંધી શકાય. શીખોની ઇચ્છાને માન આપી ગુરુ ચાલે એ

ગુરુઓનો ધારો છે. અને ધારો કે ચંદુનું માનું તોય શો લાભ ? એ તો મને ધનસત્તાથી લલચાવવા ઇચ્છે છે. એમ કોણ આત્મા વેચે ભલા ? અને એમની ધમકીઓની તો મને શી અસર થવાની હતી? સર્વશક્તિમાન ઇશ્વર સૌનો બેલી છે.” આમ ઉત્તર આપ્યા પછી ગુરુએ લગ્નોત્સવની તૈયારી કરી. પૃથ્વીચંદને નોતર્યો, પણ તે ન આવ્યો; એણે ભાઈ સામે નવા શત્રુનો સાથ જોયો ને હવે તે અજમાવવા તરફ વળ્યો.

ગુરુની સામે હતા એવા શાસ્ત્રીઓ તથા કાજીઓને એણે હવે પકડયા. તેમને નવા ધર્મ અને નવા ગ્રંથ સામે ફરિયાદ કરવા ઉશ્કેર્યા કે એમાં હિંદુઓના અવતાર અને મુસલમાનોના પીરફકીર પેગંબરોની હાંસી છે આ ફરિયાદને ચંદુશાહે સમર્થન આપ્યું. આ અરસામાં અકબર પંજાબ તરફ ફરવા આવેલો. ત્યાં આ પ્રકરણ ચંદુએ જાતે બાદશાહ આગળ રજૂ કર્યું. તે પરથી હુકમ થયો કે ગુરુ અને ગ્રંથને પોતાની સામે ખડા કરવા. ગુરુએ ગ્રંથ લઈને ભાઈ બુધા અને ગુરદાસને મોકલ્યા. અકબરે છૂટાછવાયા કેટલાક ભાગ ગ્રંથમાંથી સાંભળ્યા; એનાથી એની ઉપર ઊલટી જ અસર થઈ; એટલે ચંદુ અને શાસ્ત્રીકાજીઓએ કેટલાક ભાગો પોતે કાઢીને તેને વંચાવ્યા. અકબરને તેય ગમ્યા, અને તપાસને અંતે ફેંસલો આપ્યો કે, ‘આ ગ્રંથમાં મેં જેટલું જોયું તે પરથી જણાય છે કે આમાં ઇશ્વરપ્રેમ અને ભક્તિ છે ને કોઈ બીજાની નિંદા કે સ્તુતિ નથી. આ ગ્રંથ આદરણીય છે.’ અને પછી પચાસ મહોરની તથા ગુરુ અને આવેલા બે શીખને ઉચિત ભેટ આપી તેમને વિદાય કર્યા, ને ગુરુને પ્રણામ કહાવી જણાવ્યું કે પોતે દર્શને આવવા ઇચ્છે છે ! આમ ચંદુનો પહેલો પાસો તો અવળો પડ્યો. પંજાબથી પાછા ફરતાં અકબર ગુરુને દર્શને ગયો. હરમંદિર વગેરે જોઈ તથા સંગીતમય ભજનો સાંભળી તે ખૂબ પ્રસન્ન થયો અને ગુરુ પાસેથી

ઉપદેશામૃત[1] સાંભળ્યું; 'ગુરુકા લંગર'માં ભેટ ધરવા રજા માગી. તે વર્ષ ઠીક નથી એમ ગુરુના કહેવા પરથી, અને ગુરુના સત્સંગની યાદગીરીમાં, અકબરે પંજાબનું તે વર્ષનું મહેસૂલ માફ કર્યું. આમ અકબરના સમયમાં ગુરુનો રાજ સાથે સંબંધ સારો નીવડ્યો, અને ચંદુ તથા પૃથ્વીચંદના હાથ હેઠા પડ્યા.

અકબર પછી જહાંગીર ગાદીએ આવ્યો. તેની કારકિર્દી દરમિયાન ગુરુને હાથે એક એવું કામ થયું જેથી તેમના શત્રુના હાથ પાછા સબળ થયા. જહાંગીરને પોતાના પુત્ર ખુશરુ સાથે અણબનાવ હતો એટલે એ ખુશરુને પકડવા ચાહતો હતો. અફઘાનિસ્તાન તરફ ભાગતો ખુશરુ વચ્ચે ગુરુનો આશ્રય ખોળતો આવ્યો. શરણાગત-વત્સલ ગુરુએ તેને ગરીબ દુઃખી જાણી કાંઈક મદદ કરી. અકબર જોડે એ પણ એમને મળેલો, એથી કાંઈક ઓળખાણ પણ ખરી; અને એને રાહત આપવાથી અકબર જોડેની સારાસારીનો પણ બદલો વળશે, એમ કૃતજ્ઞ ગુરુએ માન્યું. આવી જાતનો વિચાર કરીને

---

૧. અકબરે પ્રાર્થના કરી કે મને શાંતિ ને સુખ મળે એવો ઉપદેશ કહો. ત્યારે ગુરુએ એક ભજન ગાયું, જે નાનકપ્રણીત ધર્મનું વ્યાપક સાર્વભૌમત્વ ટૂંકમાં કહી દે છે :

कोई बोले राम राम, कोई खुदाई ।
कोई सेवे गुसइआ, कोई अलाई ।
कारण करण करीम, किरपाधारी रहीम ॥
कोई नावे तीरथि, कोई हज जाई ।
कोई करे पूजा, कोई सिरु निवाई ॥
कोई पढ़ै बेद कोई कतेब ।
कोई ओढे नील, कोई सुपेद ॥
कोई कहे तुरकु, कोई कहे हिन्दु ।
कोई बाछे भिसतु, कोई सुरगिंदु ॥
कहु नानक जिनि हुकमु पछाता ।
प्रभसाहिबका तिनि भेदु जाता ॥

ગુરુએ એને કાંઈક મદદ કરી. પણ જેલમ નદી ઓળંગતાં ખુશરુ પકડાઈ ગયો ને કેદમાં નંખાયો.

રાજાના શત્રુને આ મદદ કરી એ રાજદ્રોહ થયો, એમ કહીને ગુરુ સામે ભારે ફરિયાદ જહાંગીર આગળ થઈ. તે પૂર્વે પણ અનેક જાતની જાળ ચંદુએ પૃથ્વીચંદને મદદમાં લઈને ગોઠવી હતી. પૃથ્વીચંદનો વારસો ગુરુ દબાવી બેઠો છે, એ ફરિયાદ ચંદુએ પ્રથમ કરી. બધી વાતનો ઝટ ફેંસલો થાય એ હિસાબે ચંદુએ બાદશાહને પંજાબમાં શિકાર સારો હોય છે એમ કહી ત્યાં ફરવા લીધા. અને ત્યાં વાતવાતમાં એમ પણ ભરવ્યું કે, "ગુરુ અર્જુનના આશ્રયથી ચોર લોક અહીં બહુ ફાટ્યા છે અને સરકારી માલ લઈ જાય છે. ગુરુ તો જાણે સ્વતંત્ર સત્તા જ જમાવી બેઠો છે. વળી એના ભાઈનો વારસાહક પણ ડુબાડી બેઠો છે." બાદશાહે તે પરથી પૃથ્વીચંદને બોલાવ્યો. પણ તે આવતાં રસ્તામાં મરી ગયો. તેને બદલે તેનો દીકરો ગયો. અને એણે ચંદુ પાસે ગુરુ સામેની ફરિયાદમાં એ ઉમેરાવ્યું કે, ગુરુએ ખુશરુને મદદ કરેલી અને એ રાજગાદી પર આવે એમ તે ચાહે છે. કાજીઓ અને શાસ્ત્રીઓએ એમની જૂની ફરિયાદની સફળતાનો પણ લાગ જોયો ને તેમણે પણ આ ફરિયાદપક્ષમાં પોતાનો સૂર પૂર્યો. પણ રાજદ્રોહની આ છેલ્લી વાતથી ફરિયાદપક્ષ પૂરો અસરકારક થયો અને ગુરુબલિદાનની અંતઘડી નજીક આવી:

ગુરુને લાહોર હાજર થવા તેડું આવ્યું.

૯

અર્જુનદેવે જોયું કે આ વેળાનો શત્રુદાવ સફળ છે. એટલે ઘેરથી નીકળતા પહેલાં તેમણે મોત-ભેટની જ તૈયારીઓ કરી લીધી. પુત્રને ગુરુપદ આપ્યું, સ્ત્રીને બોલાવી આશ્વાસન આપ્યું કે, 'મોતથી ડરવું નહિ. મારી પાછળ રડાકૂટ ન કરવી અને સતી પણ ન થવું,

પણ ઈશ્વરભજનમાં શ્રદ્ધા રાખી રહેવું.' પછી પોતાના પાંચ શીખોને સાથે લઈ તે લાહોર પહોંચ્યા.

પ્રથમ તો બાદશાહ ગુરુને માન આપીને ચાલવા તૈયાર હતો. પણ ખુશરુને કરેલી મદદ યાદ કરાવી ચંદુએ એને ઉશ્કેરી રાખ્યો હતો. ગુરુ આવતાં તેણે કહ્યું, "તમે સંત પુરુષ ને ગુરુ કહેવાઓ, છતાં ખુશરુને મદદ કરી?"

ગુરુ કહે, "મારે મન મનુષ્યમાત્ર સરખા છે. શત્રુમિત્ર, હિંદુમુસલમાન, ગરીબતવંગર એવા કશા ભેદ કે રાગદ્વેષ મને નથી. તેથી જ હું ખુશરુને મદદ કરવાને પ્રેરાયો, નહિ કે તે બાદશાહનો શત્રુ હતો માટે. તે દુઃખી દશામાં હતો; વળી તમારા પિતા અકબરનો મારા પર પ્રેમ પણ હતો. એ ધ્યાનમાં લઈ હું મદદ ન કરું, તો જગત મને કૃતઘ્ન, ક્રૂર અને તમારાથી ડરેલો કહે. જગદ્ગુરુ નાનકના શીખને માટે એમ કહેવાય એ કેવું અઘટિત?"

આવા સાફ સાફ ઉત્તરથી જહાંગીરનું રંજન થાય એમ નહોતું. તેણે ગુરુનો બે લાખ રૂપિયા દંડ કર્યો, અને હુકમ કર્યો કે ગ્રંથમાંથી હિંદુ મુસલમાન ધર્મ વિરુદ્ધનાં ભજનો તેમણે કાઢી નાંખવાં. એટલે ગુરુએ કહ્યું, "જુઓ, મારી પાસે જે ધન છે તેનો ઉપયોગ એક જ હોય; અને તે અતિથિ, ગરીબગરબાં અને નોધારાં માટે છે. તમારે ધન જ જોઈએ તો મારી પાસે હોય તે લઈ લો, પણ દંડ તરીકે માગો તો મારી પાસે આપવાની એક કોડી પણ નથી. દંડ તો ચોરડાકુ પાસેથી હોય, મારા જેવા સાધુસંન્યાસી પાસેથી ન શોભે. અને ગ્રંથ-સાહેબમાંથી ભજનો કાઢવા બાબત તો, એક અક્ષર પણ નહીં નીકળી શકે. એક અજરઅમર 'સત્નામ કર્તાપુરુષ' પ્રભુને હું ભજનારો છું. એણે ગુરુઓને જે જ્ઞાન સુઝાડ્યું એનો એ સંગ્રહ છે. એમાંનું કશું જ કોઈ ધર્મને ઉતારી પાડનાર કે નિંદક નથી. સત્ય-ધર્મનો પ્રચાર અને અસત્યનો નાશ એ જ મારું જીવનલક્ષ્ય છે. અને એ

અનુસરતાં આ માટીનું પૂતળું ઘસી કે ખોઈ નાખવું પડે, તોય મારું અહોભાગ્ય માનું."

બાદશાહે આ પછી કાંઈ ન કહ્યું; ને તે ચાલ્યો ગયો. કાજીઓએ ફરમાવ્યું કે જો દંડ ન ભરે તો તેને કેદમાં નાંખો. તે પરથી લાહોરનો શીખસમુદાય દંડની તૈયારી કરવા લાગ્યો. તેમને ગુરુએ કહાવ્યું, "દંડ ભરે તે ધર્મભ્રષ્ટ છે. ધર્મને નામે આવેલી આવી અગ્નિપરીક્ષામાંથી બચાવવામાં ગુરુનો દ્રોહ છે. અને દંડ તે ગુરુ ધર્માત્માઓને ઘટે? એ તો ચોરડાકુની શોભા." આ સંદેશાથી શીખો શમી ગયા અને ગુરુએ શબ્દશઃ પોતાની અગ્નિપરીક્ષામાં પ્રવેશ કર્યો.

ગુરુનો કબજો ચંદુએ લીધો અને તેમને ધીમે ધીમે ચડતી જતી સજાઓ કરવા માંડી. ધર્મઝનૂની કાજી અને કર્મઠ બ્રાહ્મણોએ પણ આ સતામણીમાં સારો ભાગ લીધો. ગુરુએ ગ્રંથસાહેબમાં સુધારાની ના પાડી, એટલે તેમણે એમને બેડીઓ પહેરાવી, ઊની રેતી એમના પર નાંખી, ગરમ પેણીઓ ઉપર તેમને બેસાડ્યા, અને ઉપરથી ઊકળતાં પાણી રેડ્યાં. છતાં ગુરુએ તો એક જ વાત કરી, "આ બધું પણ ઈશ્વરેચ્છાનુસાર છે, એટલે એમાં મને દુઃખ નહિ પણ સુખ છે." અને આ અગ્નિપ્રવેશ વેળાએ જ એમણે આ જીવનકથાની શરૂઆતમાં મૂકેલી ધન્ય-કડીઓ ઉદ્ગારી :

फूटो आंडा भरमका मनहि भइओ परगासु ।
काटी बेरी पगहते गुरु कीनी बंदी खलासु ॥

વચ્ચે વચ્ચે ચંદુ પણ આવીને ધમકી આપી જતો : 'મારી પુત્રીને તારો પુત્ર પરણાવ, નહિ તો હજી કંઈ કંઈ વિતાડીશ.' ગુરુ એક જ વાત કહેતા, "ઈશ્વરના બંદાને ડર શાનો! सगल सामग्री डरहि बियापी, बिनु डर करणैहारा !"

ગુરુનું દુઃખ સાંભળી કેટલાય સંતસાધુ અને ફકીરો એમને મળવા આવતા. લાહોરના ફકીર મિયાં મીર તેમને મળવા આવ્યા

ત્યારે જોયું તો ગુરુનું આખું શરીર દાઝીને ફોલ્લા ફોલ્લા થઈ ગયું છે. મિયાંએ ગુરુને વિનંતી કરી, "મને રજા આપો તો હું આ દુ:ખમાંથી મુક્તિ માટે અને આ ઘાતકી મારાઓને ઘટતી સજા કરવા બાદશાહને વીનવું." ગુરુએ મિયાંને ઊંચે આકાશ તરફ નજર કરવા કહ્યું. તે જુએ છે, તો તેને અનેક દેવદૂતો, આ ઘાતકીઓનો સંહાર કરવા દેવાની ગુરુ આગળ રજા માગતા દેખાયા! મિયાં સમજ્યા; ને ગુરુને પૂછે, "આવી તમારી વિભૂતિ છતાં શું કામ આ બધું સહો છો?" ગુરુએ કહ્યું, "સત્‌નામના શીખવનારાઓને આ બોધ છે કે, દુ:ખમાં ધીરજ ન ખોવી કે ખુદાને દોષ ન દેવો. શ્રદ્ધાની સાચી કસોટી જ દુ:ખ છે. વળી જેની પાસે સિદ્ધિશક્તિ છે, એ જો એને જોરે પોતાનો ધર્મ રાખે, તો જેમને એ નથી એઓ બિચારા ધર્મ છોડીને જ ઊભે એમ ના? એમ ઘડો બેસાડનાર તો ધર્મનો શત્રુ ઠરે અને ખુદાને અકારો લાગે. અને જો હું કાંઈ ચમત્કાર કરું તો તેથી આ નશ્વર શરીર જ બચે કે બીજું કાંઈ? ઈશ્વરનું ધાર્યું થાય છે એમાં બદલવાનો ગર્વ કરનાર હું કોણ વળી?" આ ઉત્તરથી ગુરુની ધૈર્યશક્તિ ને અડગતાથી ચકિત થઈ મિયાં એમનાં વખાણ કરતા વિદાય થયા. ગુરુને શિક્ષાઓ ચાલુ જ રહી.

ચંદુની પુત્રવધૂ એક શીખકન્યા હતી. ગુરુના ત્રાસજનક દુ:ખની કહાણીથી એ પોતાને ને પોતાની અસહ્ય દશાને ફિટકારવા લાગી: "અરે, હું તે કેવી કમભાગી કે ગુરુના પાપી શત્રુની જ પુત્રવધૂ! ગુરુ ભૂખેતરસે તાપ અને અગ્નિથી મરે ને હું કાંઈ ન કરી શકું?" એક દહાડો રાતે ગુરુના પહેરાવાળાને લાંચ આપી તે ગુરુને શરબત વગેરે આપવા ગઈ. શીખકન્યા જાણી ગુરુએ એને આશીર્વાદ આપ્યા, પણ ચંદુના ઘરની ચીજ ન સ્વીકારી. ત્યારે દુ:ખી બિચારી સ્ત્રીએ એટલું જ માગ્યું કે, 'પરલોકમાં મનેય સાથે જ લેજો.'

એક દહાડો ગુરુએ પોતાના પાંચ શીખો જોડે જઈ રાવી નદીમાં સ્નાન કરવા રજા માગી. કોઈ જોડે તે બોલેચાલે કે માર્ગ

પર થોભે નહિ એવો જાપ્તો રાખી, સિપાઈના પહેરામાં તેમને જવા દીધા. ફોલ્લા ઊઠેલા પગે ધીમે ધીમે ને પોતાના શીખોને અવલંબીને ચાલતા ગુરુને જોઈ વસ્તીના લોક દુઃખ કરવા લાગ્યા. બધો વખત ગુરુ તો એકાગ્ર ચિત્તે ધ્યાનમગ્ન જતા હતા. નદીએ પહોંચી જપજીનો પાઠ કરતાં કરતાં એમણે સ્નાન કર્યું. બાદ શીખોને અંતિમ સંદેશો આપ્યો : "મારું જીવન કૃતકૃત્ય થયું. જઈ ને મારા પુત્ર હરગોવિંદને પૂર્ણ સાંત્વન આપજો ને કહેજો કે શોક ન કરે, પણ પ્રભુનાં ગુણગાન કરે. બધાં કુટુંબીને શોક ન કરવા દે. ગુરુગાદી પર શસ્ત્રસજ્જ બેસે ને લશ્કર રાખે. ભાઈ બુધાની આમન્યામાં રહે, અને એક શસ્ત્ર સિવાય બધી બાબતોમાં પૂર્વગુરુઓને પંથે ચાલે. મારું શબ બાળતા નહિ. પણ આ નદીમાં વહેતું મૂકજો."[1]

પછી શાંતિમાં ગુરુએ સં૦ ૧૬૬૩ના જેઠ સુદ ચોથને રોજ (ઈ. સ. ૧૬૦૬, જૂન) દેહ છોડ્યો. ચંદુની પુત્રવધૂએ આ સમાચાર સાંભળ્યા કે તેનો પણ જીવ ઊડી ગયો. એ શ્રદ્ધાધન બાઈનું શબ કેટલોય વખત એના ઓરડામાં જ પડ્યું રહ્યું; કેમકે કોઈને ખબરે ન પડી કે તે ગુજરી ગઈ! ગુરુના વેરીની પુત્રવધૂ બન્યાના પાપથી એ આ રીતે જ મુક્ત થઈ શકી.

આમ ટૂંકમાં, હિંદના એક સમર્થ સત્યાગ્રહી વીરની જીવનકથા છે. પચીસ વર્ષના ગુરુપદમાં આ મહાન સંસ્થાપકે શીખધર્મને સુદૃઢ અને સ્વરૂપબદ્ધ કર્યો; પંજાબમાં એક વિશાળ પ્રજાશક્તિને જન્મ આપ્યો; અને, મોટામાં મોટું તો એ કે, એમ કરતાં પોતે આહુત થયા. જહાંગીરે એના 'તોઝાક'માં લખેલા નીચેના શબ્દો પ્રો૦ તેજાસિંગે, પોતાના 'Growth of Responsibility in Sikhism'માં ગુરુના શુદ્ધ બલિદાનના પુરાવામાં ટાંક્યા છે:

૧. શીખ ઇતિહાસકાર મૅકોલીફના પુસ્તકના આધારે આ સંદેશો છે.

"એના ઉપદેશ અને આચારથી કેટલા બધા ભોળા હિંદુઓ, અરે મૂર્ખ મુસલમાનો પણ, આકર્ષાયા હતા. મહાન ધાર્મિક જગદ્‌ગુરુ તરીકે એની નામના ફેલાતી હતી. લોક તેને ગુરુ કહેતા, અને બધી દિશાઓમાંથી લોકનાં ટોળેટોળાં આવતાં અને એના પ્રત્યે ભારે ભક્તિ દર્શાવતાં. આ ધીકતો ધંધો ત્રણચાર પેઢીથી ચાલતો હતો. ઘણાં વર્ષથી મને મનમાં થયાં કરતું હતું કે, યા તો મારે આ ધતિંગનો અંત આણવો જોઈએ, અથવા તો એને મુસલમાન બનાવવો જોઈએ."

બલિદાનના શુદ્ધ પ્રભાવ આગળ આ બાદશાહની શક્તિ પણ એના ઉદ્દેશમાં અફળ થઈ: ન 'ધતિંગ'નો અંત આવ્યો કે ન ગુરુને વટલાવી શકાયા. ઊલટું, આ શક્તિએ પંજાબમાં શીખધર્મશક્તિ ઉપરાંત શીખસંઘશક્તિ અને લશ્કરી બળને ઉત્પન્ન કર્યાં.

જહાંગીર બાદશાહ જોડે ગુરુ હરગોવિંદને ઠીક સારાસારી રહી. એમના સમયમાં પણ ચંદુ શાહે તેમની સામે કાનભંભેરણી ચાલુ રાખેલી. પણ તે બધી બાદશાહ આગળ ઉઘાડી પડી ગઈ ને ચંદુ ગુરુને સોંપાયો. પછી વેરતરસ્યા શીખો તથા ગુરુપ્રેમીઓએ એના એવા તો બેહાલ કર્યા છે! કૂતરાને મોતે એ બિચારો મર્યો. ગુરુ અર્જુનનું વેર વળ્યું એવો મૂઢ સંતોષ સામાન્ય જનતાએ લીધો હશે.

ક્ષમા જ જો ગુરુઘરની ઢાલ રહી હોત તો? મને લાગે છે કે, તો હિંદનો અને ખાસ કરીને તો શીખધર્મનો આજે જુદો જ ઇતિહાસ હોત. જે સત્ય શાંત સાધનો વડે ગુરુ અર્જુને તેની આખી શિકલ ફેરવી નાંખી, એ સાધનોની અસર પંજાબની હદ ઓળંગીને આખા દેશમાં વ્યાપી હોત. પરંતુ શીખોની ધીરજ ધીમે ધીમે ખૂટતી ગઈ. બીજી બાજુથી મુગલ બાદશાહોની ધર્માંધતા પણ એવી જ ધૈર્યહર હતી ને તે પ્રતિપાદશાહ વધતી રહી. અકબરની ઉદાર

નીતિ ઔરંગઝેબે છેક જ ઊંધી વાળી, અને એક શાંતિપ્રિય ધર્મસંઘને મોટા યોદ્ધાસંઘ બનાવ્યો. પાછળના એ ઇતિહાસમાં અર્જુનદેવનો સીધો ફાળો નથી. પરંતુ એના પાયામાં રહેલી જે ધર્મશક્તિ ને શુદ્ધ બલિદાન, એમાં એમનો ફાળો અજોડ છે: ભારે ઉદાર, સત્યનિષ્ઠ અને ધર્મતેજથી ઝળહળતો છે.

પાંચમા શીખગુરુ અર્જુનદેવ, એમની શક્તિ અને પહોંચ અને જીવનસાફલ્ય જોતાં, જરૂર હિંદના વિરલ મહાપુરુષોમાંના એક હતા, એમ સૌ કોઈને લાગશે.

સુખમની

गौडी सुखमनी

महला ५

१ ॐकार सति गुर. प्रसादि

असटपदी १

सलोकु

आदि गुरए नमह,
जुगादि गुरए नमह ।
सतिगुरए नमह,
श्रीगुरदेवए नमह ॥१॥

રાગ ગૌડી, સુખમની

મહલા ૫

અષ્ટપદી ૧

એક, ૐકાર, સત્ (પરમાત્મા, આદિ-) ગુરુ, તેમના કૃપાપ્રસાદથી.

શ્લોક

આદિ-ગુરુને નમસ્કાર !
યુગના આદિમાં જે હતા તે,
સત્ સ્વરૂપને–
દેવોના દેવને ! [૧]

[ગ્રંથસાહેબના બધા ખંડોની શરૂઆતમાં જપજીની શરૂ-આતમાં મૂકવામાં આવેલ મંગળ-વચનના મનપસંદ ભાગો મૂકવામાં આવે છે. આખું મંગળ-વચન આ પ્રમાણે છે—

१ ॐकार सति नामु करता पुरखु निरभउ निरवैरु अकाल मूरति अजूनी सैभं गुर प्रसादि ॥

'સુખમની'ના પ્રારંભમાં એમાંથી १ ॐकार सति गुर प्रसादि એટલો ભાગ લીધો છે.

શ્લોકનો ઉચ્ચાર સંસ્કૃત જેવો છે; પણ તેની ભાષા 'હિંદવી' કે 'ગાથા' છે.

શ્લોકમાં ચાર વખત નમસ્કાર કર્યા છે; એટલે પોતાની આગળ થઈ ગયેલા ચાર ગુરુઓને — ગુરુ નાનક, ગુરુ અંગદ, ગુરુ અમર-દાસ, અને ગુરુ રામદાસને — નમસ્કાર કરેલા છે, એમ સૂચિત થાય. ગુરુ રામદાસ પંચમગુરુ અર્જુનના પિતા પણ થતા હતા. તે પહેલાંના ગુરુઓ વંશપરંપરાથી નહિ, પણ શિષ્યપરંપરાની રીતે આવ્યા હતા.

શ્લોકમાં 'આદિગુરુ', 'જુગાદિગુરુ', 'સદ્ગુરુ' અને 'શ્રીગુરુ-દેવ' એમ ચારને સંબોધન છે, પણ તે ચાર રીતે એક પરમાત્માને જ સંબોધન છે, એમ માનવું જોઈએ. યોગસૂત્રમાં જણાવ્યા પ્રમાણે પરમાત્મા 'गुरूणां गुरुः' હોઈને આદિગુરુ છે જ. યુગના આદિમાં પણ તે જ હતા, કારણ કે તે 'અયોનિ – સ્વયંભૂ' છે. વળી તે આદિમાં સત્ હતા, અત્યારે પણ સત્ છે, અને ભવિષ્યમાં પણ સત્ હશે – એટલે તે सत्–सति–સ્વરૂપ જ છે. 'શ્રીગુરુદેવ' એ ચોથું સંબોધન 'દેવોના પણ ગુરુ, એટલે કે, દેવોના પણ દેવ' એ અર્થમાં પછી લેવાય છે.

મહલા શબ્દ, 'ઈશ્વરનો સંદેશ અંતરમાં ઝીલીને જગતમાં પ્રકટ કરનાર' એવા અર્થના અરબી શબ્દ 'महलतुं' (બ૦ વ૦) ઉપરથી આવેલો છે. 'મહલા ૫' એટલે પરંપરામાં પાંચમા શીખ ગુરુ અર્જુન, –તેમની આ રચના છે, એમ સમજવું.]

પ્રથમ જ, આખા ગ્રંથના અને ગુરુ નાનક પ્રણીત સાધનાના રહસ્યસ્વરૂપ એવા પ્રભુસ્મરણ કે નામસ્મરણનો મહિમા ગાય છે : પ્રભુસ્મરણથી કલેશો ટળે, દુઃખ જાય; રામનામ, એકાક્ષર (ॐ) એ શાસ્ત્રવિહિત મંત્ર છે—

१–१

सिमरउ सिमरि सिमरि सुखु पावउ ।
कलि कलेस तन माहि मिटावउ ॥१॥
सिमरउ जासु बिसुंभर एकै ।
नामु जपत अगनत अनेकै ॥२॥
वेद पुरान सिंमृति सुधाख्यर ।
कीने राम नाम इक आख्यर ॥३॥
किनका एक जिसु जीअ बसावै ।
ताकी महिमा गनी न आवै ॥४॥
कांखी एकै दरस तुहारो ।
नानक उन संगि मोहि उधारो ॥५॥

શબ્દાર્થ

[बिसुंभर = વિશ્વંભર પ્રભુ. सुधाख्यर = સુધાક્ષર – અમૃતરૂપ મંત્ર એવો ॐ. आख्यर = અક્ષર. किनका = કણ, અંશ. कांखी = કાંક્ષે.]

૧–૧

(પ્રભુનું) સ્મરણ કરો; સ્મરણ કરીકરીને સુખ પામો, તથા તનમાંથી કળિયુગના કલેશ વામો. (૧)

એક વિશ્વંભર(પરમાત્મા)ને જ સ્મરો, જેમનું નામ અગણિત – અનેક (પ્રાણીઓ) જપે છે. (૨)

વેદ, પુરાણ, સ્મૃતિ – સૌએ (મંથન કરીને) પરમાત્મા (રામ)ના નામમય, અમૃતરૂપી અક્ષરવાળા એકાક્ષર મંત્ર – ૐને જ તારવી આપ્યો છે. (૩)

(એ નામનો) એક કણ પણ જે જીવમાં (પરમાત્મા કૃપા કરીને) બક્ષે, તેનો મહિમા ગણ્યો ગણાય નહિ (તેવો બની રહે). (૪)

જેઓને કેવળ તમારા દર્શનની આકાંક્ષા છે, એવા(સંતો)-ની સાથે, મને પણ ઉદ્ધારી લો, એમ નાનક કહે છે. (૫)

[અષ્ટપદી એટલે આઠ ભજનોનો ખંડ. 'સુખમની'માં એવી ૨૪ અષ્ટપદીઓ છે.

૧ : કળિયુગના કલેશ એટલે કામ–ક્રોધ, રાગ–દ્વેષ, લોભ–મોહ વગેરે.

૩ : વેદ, પુરાણ, સ્મૃતિ વગેરે સૌ પણ છેવટે એકાક્ષર ૐ રૂપી પરમાત્માના નામની જ પેદાશ છે – એવો અર્થ પણ લેવાય.]

૧–૨

सुखमनी सुख अंमृत प्रभु नाम ।
भगत जनाकै मनि बिस्राम ॥ रहाउ ॥

प्रभकै सिमरनि गरभि न बसै ।
प्रभकै सिमरनि दूखु जमु नसै ॥१॥
प्रभकै सिमरनि कालु परहरै ।
प्रभक सिमरनु दुसमनु टरै ॥२॥
प्रभ सिमरत कछु बिघनु न लागै ।
प्रभकै सिमरनि अनदिनु जागै ॥३॥
प्रभकै सिमरनि भउ न बिआपै ।
प्रभकै सिमरनि दुखु न संतापै ॥४॥
प्रभका सिमरनु साधकै संगि ।
सरब निधान नानक हरि रंगि ॥५॥

શબ્દાર્થ

[रहाउ = થોભો – ધ્રુવચરણ જેવું સ્થળ. निधान = નિધિ–ભંડાર.]

૧–૨

આ 'સુખમની'માં સુખદાયી અમૃત એવું પ્રભુનું નામ છે. અને તે ભક્તજનોના મનમાં વસે છે. [રહાઉ]

પ્રભુના સ્મરણથી (ફરી) ગર્ભવાસ થાય નહિ; પ્રભુના સ્મરણથી જમનું દુઃખ નાશ પામે. (૧)

પ્રભુના સ્મરણથી કાળ(ભય) જાય; પ્રભુના સ્મરણથી દુશ્મનો ટળે. (૨)

પ્રભુના સ્મરણથી કાંઈ વિઘ્ન ન લાગે; પ્રભુના સ્મરણથી (ભક્ત) નિશદિન જાગ્રત રહે. (૩)

પ્રભુના સ્મરણથી (કોઈ) ભય ન વ્યાપે; પ્રભુના સ્મરણથી દુઃખ ન સંતાપે. (૪)

પ્રભુનું સ્મરણ સાધુસંગે પ્રાપ્ત થાય; અને (એક વાર) હરિનો રંગ લાગે, એટલે બધા નિધિ પ્રાપ્ત થયા (જાણો)! (૫)

રહાઉ: 'સુખમની' શબ્દનો અર્થ 'મનનું સુખ' એમ થાય; તેમ જ 'સુખનો મણિ' એમ અર્થ પણ ઘટાવાય છે. સુખ એટલે ચિત્તની પ્રસન્નતા, ચિત્તનો પ્રસાદ કે આનંદ છે. સુખ તે માત્ર ઐન્દ્રિય નહિ, પણ માનવ જીવાત્માનું સર્વાંગીણ સુખ — સર્વોત્તમ આનંદ, એમ સમજવું.

१—३

प्रभकै सिमरनि रिद्धि सिद्धि नउ निद्धि ।
प्रभकै सिमरनि गिआनु धिआनु ततु बुद्धि ॥१॥
प्रभकै सिमरनि जप तप पूजा ।
प्रभकै सिमरनि बिनसै दूजा ॥२॥
प्रभकै सिमरनि तीरथ इसनानी ।
प्रभकै सिमरनि दरगह मानी ॥३॥
प्रभकै सिमरनि होइ सु भला ।
प्रभकै सिमरनि सुफल फला ॥४॥
से सिमरहि जिन आपि सिमराए ।
नानक ताकै लागउ पाए ॥८॥

શબ્દાર્થ

[नउ निद्धि = કુબેરના નવ ભંડાર. ततु बुद्धि = તત્ત્વજ્ઞાન. दूजा = દ્વૈત – માયા. दरगह = પરમાત્માનું ધામ; તેનો દરવાજો.]

૧–૩

પ્રભુના સ્મરણથી રિદ્ધિ–સિદ્ધિ અને નવે નિધિ પ્રાપ્ત થાય; –જ્ઞાન, ધ્યાન અને તત્ત્વબુદ્ધિ પણ. (૧)

પ્રભુનું સ્મરણ (સાચાં) જપ, તપ, પૂજા છે; પ્રભુના સ્મરણથી દ્વૈતભાવ ટળી જાય. (૨)

પ્રભુનું સ્મરણ (અનેક) તીર્થ-સ્નાન (સમાન) છે; પ્રભુ સમર્યે ઈશ્વરના ધામમાં સંમાન મળે. (૩)

પ્રભુને સમર્યે 'જે થાય, તે સારું જ થાય છે' (એવી ભાવના થાય);પ્રભુના સ્મરણથી (જીવન) સફળ થઈ જાય. (૪)

(પણ) પ્રભુ પોતે જેને સ્મરાવે, તે માણસ જ (તેને) સ્મરી શકે; હે નાનક, એવા (બડભાગી) જનને ચરણે પડ! (૫)

પ્રભુસ્મરણની શક્તિ અન્ય અનેક સાધનાપ્રકારો કરતાં શ્રેષ્ઠ છે, એમ આ ત્રીજા ભજનમાં કહે છે.

१–४

प्रभका सिमरनु सभते ऊचा ।
प्रभकै सिमरनि उधरे मूचा ॥१॥
प्रभकै सिमरनि तृसना बुझै ।
प्रभकै सिमरनि सभु किछु सुझै ॥२॥
प्रभकै सिमरनि नाहि जम त्रासा ।
प्रभकै सिमरनि पूरन आसा ॥३॥
प्रभकै सिमरनि मनकी मलु जाइ ।
अमृत नामु रिद माहि समाइ ॥४॥

प्रभजी बसहि साधकी रसना ।
नानक जनका दासनि दसना ॥५॥

શબ્દાર્થ

[मूचा = (સમૂચું) તમામ. रसना = જીભ. दासनि दसना = દાસાનુદાસ.]

૧–૪

પ્રભુનું સ્મરણ સૌથી ઉત્તમ (સાધન) છે; તેનાથી તમામ (પ્રાણી) ઉદ્ધાર પામે. (૧)

પ્રભુના સ્મરણથી તૃષ્ણાઓ શાંત થાય છે; તેનાથી બધું (જ્ઞાન) સૂઝે. (૨)

પ્રભુના સ્મરણથી જમનો ત્રાસ રહેતો નથી; તે વડે (સૌ) આશાઓ પૂરી થાય. (૩)

પ્રભુના સ્મરણથી મનનો મળ કપાઈને (પ્રભુનું) અમૃત-નામ હ્રુદયમાં સમાય છે. (૪)

પ્રભુજી સંત પુરુષની જીભમાં વસે છે; નાનક એવા સંતનો દાસાનુદાસ છે. (૫)

૧–૫

प्रभकउ सिमरहि से धनवंते ।
प्रभकउ सिमरहि से पतिवंते ॥१॥
प्रभकउ सिमरहि से जन परवान ।
प्रभकउ सिमरहि से पुरख प्रधान ॥२॥
प्रभकउ सिमरहि से बेमुहताजे ।
प्रभकउ सिमरहि सि सरबके राजे ॥३॥

प्रभकउ सिमरहि से सुखवासी ।
प्रभकउ सिमरहि सदा अबिनासी ॥४॥
सिमरनते लागे जिन आप दइआला ।
नानक जनकी मंगै रवाला ॥५॥

શબ્દાર્થ

[पतिवंत = પત – આબરૂવાળો. परवान = માપવાના ગજરૂપ; પ્રમાણભૂત. बेमुहताजे = ગરીબ – લાચાર નહીં એવો. रवाला = પદરજ.]

૧–૫

પ્રભુને સ્મરે તે (જ) સાચો ધની છે; અને તે જ (સાચો) યશસ્વી (પણ) છે. (૧)

પ્રભુને સ્મરે તે માણસ (સૌને) નમૂનારૂપ છે; તે માણસ (સૌમાં) શ્રેષ્ઠ – મુખ્ય છે. (૨)

પ્રભુને સ્મરનારો કોઈનો ગરજુ રહેતો નથી;— તે સૌનો રાજવી બને છે. (૩)

પ્રભુને સ્મરનારો સુખમાં વસે છે; (જન્મ-મરણમાંથી મુક્ત થઈ) એ સદા અવિનાશી બને છે. (૪)

જેના ઉપર (પરમાત્મા) પોતે દયાળુ થાય છે, તે (માણસ) જ સ્મરણમાં લાગે છે; નાનક તેવા જનની પદરજ યાચે છે. (૫)

પ્રભુસ્મરણરૂપી શ્રેષ્ઠ સાધના એક જ પૂર્વલક્ષણ માગે છે: અપાર નમ્રતા. ગુરુ કહે છે કે, સાધુસંગમાંથી, પ્રભુની કૃપાથી આ ઉત્તમ સાધના માણસ મેળવી શકે છે.

१–६

प्रभकउ सिमरहि से परउपकारी ।
प्रभकउ सिमरहि तिन सद बलिहारी ॥१॥
प्रभकउ सिमरहि से मुख सुहावे ।
प्रभकउ सिमरहि तिन सूखि बिहावै ॥२॥
प्रभकउ सिमरहि तिन आतमु जीता ।
प्रभकउ सिमरहि तिन निरमल रीता ॥३॥
प्रभकउ सिमरहि तिन अनद घनेरे ।
प्रभकउ सिमरहि बसहि हरि नेरे ॥४॥
संत कृपाते अनदिनु जागि ।
नानक सिमरनु पूरे भागि ॥५॥

શબ્દાર્થ

[बलिहारी = વારી જાઉં; અર્પણ થાઉં. सुहावे = શોભે; સોહાય. बिहावै = વ્યતીત કરે. नेरे = નજીક; સમીપ.]

૧–૬

પ્રભુને સ્મરનારો (સાચો) પરોપકારી છે;—તેને સદા ઓવારી જાઉં ! (૧)

પ્રભુને સ્મરનારનું મુખ સોહાય છે; તે સુખમાં (દિવસો) વિતાવે છે. (૨)

પ્રભુને સ્મરનાર પોતાની જાત ઉપર જય મેળવે છે; તેની રીત નિર્મળ હોય છે. (૩)

પ્રભુને સ્મરે તેને ઘણેરો આનંદ (પ્રાપ્ત થાય) છે; (કારણ) તે હરિની સમીપ વસે છે. (૪)

સંતની કૃપાથી (મન) નિશદિન જાગ્રત થાય; હે નાનક, પ્રભુનું સ્મરણ પૂરો ભાગ્યશાળી જ પામે. (૫)

૫ : जागि એટલે જાગૃતિ – અપ્રમાદમાં રહે. અથવા આજ્ઞાર્થ : 'તું જાગ'.

१–७

प्रभकै सिमरनि कारजं पूरे ।
प्रभकै सिमरनि कबहु न झूरे ॥१॥
प्रभकै सिमरनि हरि गुन बानी ।
प्रभकै सिमरनि सहजि समानी ॥२॥
प्रभकै सिमरनि निहचल आसनु ।
प्रभकै सिमरनि कमल बिगासनु ॥३॥
प्रभकै सिमरनि अनहद झुनकार ।
सुखु प्रभ सिमरनका अन्तु न पार ॥४॥
सिमरहि से जन जिन कउ प्रभ मइआ ।
नानक तिन जन सरनी पइआ ॥५॥

શબ્દાર્થ

[सहजि = સહજ સમાધિમાં. कमल = હૃદયરૂપી કમળ (જે બંધન અવસ્થામાં બિડાયેલું કે નીચું ઝૂકેલું રહે છે; પણ પ્રભુ–સાક્ષાત્કારની અવસ્થા વેળા ખીલે છે, અથવા 'ઊલટ' થાય છે.) अनहद झुनकार = (પ્રભુ–સાક્ષાત્કારની અવસ્થા દરમ્યાન સંભળાતો) અનાહત–નાદ. (કશા વાજિંત્રથી વગાડાયા વિના સંભળાતો હોવાથી 'અનાહત' કહેવાય છે.) मइया = પ્રેમ–કૃપા.]

૧–૭

પ્રભુસ્મરણથી કાર્ય પૂરાં થાય છે; પ્રભુસ્મરણ કરનારો કદી ઝૂરતો નથી. (૧)

પ્રભુના સ્મરણથી વાણી હરિગુણ ગાતી થઈ જાય છે; અને તે માણસ સહજ–સમાધિમાં સમાઈ જાય છે. (૨)

પ્રભુસ્મરણથી નિશ્ચલ આસન[1] પ્રાપ્ત થાય છે; અને હૃદયકમળ વિકસે છે. (૩)

પ્રભુના સ્મરણથી અનાહત-નાદ સંભળાતો થાય છે; પ્રભુસ્મરણના સુખનો અંત કે પાર નથી. (૪)

જેના ઉપર પ્રભુની કૃપા હોય તે જ તેનું સ્મરણ કરી શકે; નાનક તેવા જનને શરણે જાય છે. (૫)

૧–૮

हरि सिमरनु करि भगत प्रगटाए ।
हरि सिमरनि लगि बेद उपाए ॥१॥
हरि सिमरनि भए सिद्ध जती दाते ।
हरि सिमरनि नीच चहु कुंट जाते ॥२॥
हरि सिमरनि धारी सभ धरना ।
सिमरि सिमरि हरि कारन करना ॥३॥
हरि सिमरनि कीओ सगल अकारा ।
हरि सिमरनि महि आपि निरंकारा ॥४॥

---

૧. યોગસાધનામાં પ્રથમ સ્થિર આસને લાંબો વખત બેસવાનું સિદ્ધ કરવાનું હોય છે, જે બહુ કઠણ હોય છે. પરંતુ પ્રભુસ્મરણમાં લીન રહેનારને એ વસ્તુ સહેજે સિદ્ધ થઈ જાય છે, એવો ભાવ છે. —**સંપા૦**

करि किरपा जिसु आपि बुझाईआ ।
नानक गुरमुखि हरि सिमरनु तिनि पाइआ ॥५॥

શબ્દાર્થ

[उपाए = ઉપજાવ્યા; રચ્યા. जती = યતિ; સંયમી; તપસ્વી. चहु कुंट = ચારે ખૂણે. जाते = જાણીતો થાય છે. कारन करना = ' કરન-કારન ' સૌ કારણોનું કારણ; મૂળ તત્ત્વ. अकारा = સૃષ્ટિ.]

૧–૮

હરિના સ્મરણ વડે જ ભક્તો પંકાયા છે; અને વેદો (પણ) રચાયા છે. (૧)

હરિના સ્મરણથી જ સિદ્ધો, યતિઓ, અને દાતાઓ બન્યા છે; હરિસ્મરણથી નીચ પણ ચારે દિશામાં પ્રતિષ્ઠા પામ્યા છે. (૨)

હરિસ્મરણને આધારે જ સકળ ધરતીનું ધારણ થાય છે; સૌ કારણોના કારણ એવા હરિને જ સ્મરો ! (૩)

હરિના સ્મરણ માટે જ સઘળી સૃષ્ટિ રચી છે; હરિના સ્મરણમાં નિરાકાર (પરમાત્મા) પોતે બિરાજે છે. (૪)

કૃપા કરીને પરમાત્મા પોતે જેને સમજાવે છે, તે જ ગુરુને મુખે હરિનું સ્મરણ પામે છે. (૫)

[૨ : नीच એટલે નીચે ઊભેલો, પંગુ; તે પણ પર્વતને ચારે છેડે ફરી વળે છે – એવો અર્થ સૂચિત થાય છે.]

[૩ : હરિસ્મરણના બળે જ શેષનાગે આખી ધરતી માથા ઉપર ધારણ કરી રાખી છે; એવો અર્થ પદ્યાનુવાદમાં લીધેલો છે.]

આગળ ૧૬મી અષ્ટપદીના ૫મા ભજનમાં આવશે જ કે,

नामके धारे सगले जंत, नामके धारे खण्ड ब्रह्मंड ।
नामके धारे सिम्रति बेद पुरान, नामके धारे सुनन गिआन धिआन ॥

[૪ : પદ્યાનુવાદ વખતે આ કડીનો અર્થ ઉપર પ્રમાણે કર્યો છે. પરંતુ "હરિના નામ વડે જ સઘળી સૃષ્ટિ રચાઈ છે", એવો અર્થ પણ થઈ શકે છે.

હરિના સ્મરણમાં નિરંકાર પોતે રહેલા છે, અર્થાત્ હરિનું નામ એ હરિ પોતે છે એવો ગુરુઓનો સિદ્ધાંત અનેક સ્થળે પદોમાં વ્યક્ત થયેલો છે.]

असटपदी २

सलोकु

दीन दरद दुःख भंजना
घटि घटि नाथ अनाथ ।
सरणि तुम्हारी आइओ
नानकके प्रभ साथ ॥२॥

અષ્ટપદી ૨

શ્લોક

દીનનાં દુઃખ–દર્દ હરનાર, અનાથના નાથ, તમે ઘટ-ઘટમાં (વ્યાપેલા) છો; તમારે શરણે આવ્યો છું; હે પ્રભુ, નાનકની સાથે (સદાસર્વદા) રહો ! (૨)

(આ) બીજી અષ્ટપદીમાં પ્રભુસ્મરણનો ઉત્તમ ઉપાય જે નામજપ તેનો મહિમા છે. ગીતાકાર કહે છે, यज्ञानां जपयज्ञोऽस्मि — તેની યોગ્યતા આ જપમહિમા વાંચ્યાથી જણાય છે. નામનું જે ગૌરવ ને માહાત્મ્ય આ અષ્ટપદીમાં ગાયું છે, તે વાંચતાં પ્રખ્યાત ભજનની આ લીટી વાચકને યાદ આવ્યા વિના નહિ રહે : नामको आधार तेरो नामको आधार । પણ આ નામજપ એ સામાન્ય રીતે જોવામાં આવતી શુષ્ક માળા કે એવી ઔપચારિકતા નથી. ગુરુ કહે છે :

નામ મહિમા સંતહૃદયે વસે,
સંતપ્રતાપ પાપો સૌ નસે......
નાનક ગુરુમુખ પામે કોય. [૨ : ૮]

—નિર્મળ, સદ્‌ગુણી, ગુરુમુખ બનેલા કોઈ વિરલ લોક જ આ નામ સાચું સમજે છે ને સાચું રટે છે. તેમને માટે આખી ફલશ્રુતિ સાચી જ ઠરે.

૨–૧

जह मात पिता सुत मीत न भाई ।
मन ऊहा नामु तेरै संगि सहाई ॥१॥
जह महा भइआन दूत जम दलै ।
तह केवल नामु संगि तेरै चलै ॥२॥
जह मुसकलु होवै अति भारी ।
हरिको नामु खिन माहि उधारी ॥३॥
अनिक पुनहचरन करत नही तरै ।
हरिको नामु कोटि पाप परहरै ॥४॥
गुरुमुखि नामु जपहु मन मेरे ।
नानक पावहु सूख घनेरे ॥५॥

શબ્દાર્થ

[मीत = મિત્ર. ऊहा = ત્યાં. सहाई = સોબતી; સાથી. भइआन = ભયંકર વેરાન. दलै = પીડે; પીસી નાખે. पुनहचरन = પુણ્યાચરણ. गुरुमुखि = ગુરુ મારફતે – ગુરુનું શરણ સ્વીકારીને. घनेरे = ઘણેરાં; ઘણાં.]

૨ – ૧

જ્યાં (પરલોકમાં) માતા, પિતા, પુત્ર, મિત્ર (સાથે) હોતાં નથી, ત્યાં હે મન, (હરિનું) નામ જ તારી સાથે સોબતી બનવાનું છે. (૧)

જ્યાં મહાભયાનક સ્થળે (નરકમાં) જમના દૂત[1] દળી નાખતા હોય છે, ત્યાં કેવળ નામ તારી સાથે જાય છે. (૨)

જ્યાં અતિ ભારે મુશ્કેલી ઘેરી વળે છે, ત્યાં હરિનું નામ ક્ષણમાં ઉદ્ધારી લે છે. (૩)

અનેક પુણ્યાચરણો કરવાથી પણ ન તરી શકાય એવાં કરોડો પાપ હરિનું નામ ધોઈ કાઢે છે. (૪)

માટે હે મારા મન, ગુરુનું શરણું સ્વીકારી, નામ જપવા માંડ, અને ઘણેરાં સુખ પામ ! (૫)

૫ : નામસ્મરણ કરવાનો માર્ગ ગુરુકૃપા પામવી એ છે — સાધુસંગ છે. આમ પ્રભુ એટલે તેનું નામ, અને તેનું નામ એટલે ગુરુપ્રસાદ કે સત્સંગ, એમ કહી સાધનાનો માર્ગ સરળ કરી આપવામાં આવ્યો છે.

૨—૨

सगल सृसटिको राजा दुखीआ ।
हरिका नामु जपत होइ सुखीआ ॥१॥
लाख करोरी बंधुन परै ।
हरिका नामु जपत निसतरै ॥२॥
अनिक माइआ रंग तिख न बुझावै ।
हरिका नामु जपत आघावै ॥३॥
जिह मारग इहु जात इकेला ।
तह हरिनामु संगि होत सुहेला ॥४॥

---

૧. શીખ ગુરુઓ સ્વર્ગ, નરક, યમત્રાસ, ધર્મરાજ, દોઝખ, જહન્નમ વગેરે પ્રચલિત શબ્દો વાપરે છે, પણ તે તેમના સામાન્ય અર્થમાં જ. સ્વર્ગ–નરક વગેરે કોઈ સ્થળો ખરેખર છે, એમ તેઓ માનતા નહિ.—સંપા૦

ऐसा नामु मन सदा धिआईऐ ।
नानक गुरमुखि परम गति पाईऐ ॥५॥

શબ્દાર્થ

[निसतरे = નિસ્તાર થાય – ઉદ્ધાર થાય. माइआ = માયા. तिख = તૃષ્ણા. आघावै = તૃપ્ત કરે; સંતોષ આપે. सुहेला = સુખદાયક.]

૨–૨

સકળ સૃષ્ટિનો રાજા (હોય) પણ તે દુઃખી જ હોય છે; હરિનું નામ જપનારો જ સુખિયો રહે. (૧)

(ધનસંપત્તિનાં) લાખ અને કરોડ બંધન જ બની રહે; પણ હરિનું નામ જપતાં જ નિસ્તાર પમાય. (૨)

માયાના અનેક રંગો તૃષ્ણા બુઝાવતા નથી; (પણ) હરિનું નામ જપતાં જ તૃપ્તિ થાય છે. (૩)

જે માર્ગે એકલા (જ) પળવાનું છે, ત્યાં હરિનું સુખદાયક નામ સાથે થાય છે. (૪)

એવા (હરિના) નામનું, હે મન, સદા ધ્યાન ધર. હે નાનક, ગુરુનું શરણ સ્વીકારવાથી તું પરમ ગતિ પામીશ. (૫)

[૨ : આ કડી રાજાને પણ લાગુ પડે, કે સામાન્ય માણસને પણ. बंधुन = બંધન; એ શબ્દને बंधु न એમ જુદા વાંચવાથી એવો અર્થ પણ મળે છે કે, લાખ અને કરોડ મેળવ્યાથીય મન બંધાતું નથી – તૃપ્ત થતું નથી.]

૪ : 'જે માર્ગે એકલા પળવાનું છે', એ ચરણનો અર્થ મરણ પછી અને સાધનામાં પણ, એમ બંને રીતે ઘટાવાય.

२–३

छूटत नही कोटि लख बाही ।
नामु जपत तह पारि पराही ॥१॥
अनिक बिघन जह आइ संघारै ।
हरिका नामु ततकाल उधारै ॥२॥
अनिक जोनि जनमै मरि जाम ।
नामु जपत पावै बिश्राम ॥३॥
हउ मैला मलु कबहु न धोवै ।
हरिका नामु कोटि पाप खोवै ॥४॥
ऐसा नामु जपहु मन रंगि ।
नानक पाईऐ साधकै संगि ॥५॥

શબ્દાર્થ

[बाही = બાહુ; ભુજાઓ (માણસો). संघारै = સંહારે. हउ = હૃદય, મન. रंगि = રંગ લાવીને – પ્રેમથી.]

૨ – ૩

જ્યાં કરોડો અને લાખો ભુજા(ના બળ) વડે તું નહિ છૂટી શકે, ત્યાં (હરિનું) નામ જપતાં પાર પડી શકીશ. (૧)

અનેક વિઘ્નો જ્યારે આવીને તારાજ કરી નાખે, ત્યારે હરિનું નામ તત્કાળ ઉદ્ધારી લે છે. (૨)

અનેક યોનિઓમાં (વારંવાર) જન્મ્યા કરે અને મર્યા કરે, પણ નામ જપતાં (કાયમની) વિશ્રાંતિ પામી શકે. (૩)

મેલું હૃદય પોતાનો મળ કદી ન ધુએ, પણ હરિનું નામ કરોડો પાપ ધોઈ આપે. (૪)

એવું (હરિનું) નામ, હે મન, પ્રેમથી જપ! હે નાનક, સાધુના સંગથી (એ નામ) પામી શકાય. (૫)

२—४

जिह मारगके गने जाहि न कोसा ।
हरिका नामु ऊहा संगि तोसा ॥१॥
जिह पैडे महा अंध गुबारा ।
हरिका नामु संगि उजीआरा ॥२॥
जहा पंथि तेरा को न सिञानू ।
हरिका नामु तह नालि पछानू ॥३॥
जह महा भइआन तपति बहु घाम ।
तह हरिके नामकी तुम ऊपरि छाम ॥४॥
जहा तृखा मन तुझु आकरखे ।
तह नानक हरि हरि अंमृत बरखे ॥५॥

शબ્દાર્થ

[तोसा = ભાથું; મુસાફરી દરમ્યાન ખાવાનું. पैडे = મુસાફરીમાં; મજલમાં; કેડીમાં. सिञानू = ઓળખીતો. नालि = સાથે. पछानू=પિછાણુ; ઓળખાણુ. तपति = તાપ. छाम = છાયા. आकरखे = ખેંચે–ફાડે–ચીરે. बरखे = વર્ષે.]

૨—૪

જે (પરલોકના) માર્ગના કોસ ગણ્યા ગણાય નહિ એટલા છે, ત્યાં હરિનું નામ તારી સાથેનું ભાથું છે. (૧)

જે રસ્તામાં મહા અંધારું ઘોર છે, ત્યાં હરિનું નામ તારી સાથે અજવાળું છે. (૨)

જે પંથે તારો કોઈ ઓળખીતો નથી, ત્યાં હરિનું નામ તારી સાથે પિછાણુ છે. (૩)

જ્યાં મહાભયંકર વેરાનમાં પુષ્કળ તાપ અને ઘામ છે, ત્યાં હરિના નામની તારી ઉપર છાયા છે. (૪)

જ્યાં તરસ તારા મનને સંતાપે છે, ત્યાં હે નાનક, 'હરિ, હરિ' (નામરૂપી) અમૃતનો વરસાદ છે. (૫)

૨–૫

भगत जनाकी बरतनि नामु ।
संत जनाकै मनि बिस्रामु ॥१॥

हरिका नामु दासकी ओट ।
हरिकै नामि उधरे जन कोटि ॥२॥

हरि जसु करत संत दिनु राति ।
हरि हरि अउखधु साध कमाति ॥३॥

हरि जनकै हरि नामु निधानु ।
पारब्रहमि जन कीनो दान ॥४॥

मन तन रंगि रते रंग एकै ।
नानक जनकै बिरति बिबेकै ॥५॥

શબ્દાર્થ

[बरतनि = ખરચવાની રકમ ; ખર્ચી; ગુજરાનનું સાધન. ओट = ઓથ; શરણું. जसु करत = યશ - ગુણ ગાય છે. अउखधु = ઔષધ. रंग एकै = એક - પરમાત્માના રંગમાં. बिरति = વિરક્તિ - વૈરાગ્ય. बिबेकै = વિવેક; સારાસારબુદ્ધિ -ને કારણે.]

२-५

ભક્તજનોની ખરચી કે ગુજરાનનું સાધન (હરિનું) નામ જ છે,—જે (નામ) સંત જનોનાં મનમાં વસે છે. (૧)

હરિનું નામ ભક્તજનનું (એકમાત્ર) શરણું છે; હરિના નામથી કરોડો માણસો ઉદ્ધાર પામે છે. (૨)

સંતપુરુષો હરિના યશ-ગુણ દિનરાત ગાયા કરે છે; તેઓ (પોતાનાં બધાં દુઃખો માટે) 'હરિ હરિ' (નામ રૂપી) ઔષધ જ સંપાડે છે. (૩)

હરિના જનને હરિનું નામ જ (કુબેરના) ભંડાર રૂપ છે; —જે ભંડાર પરબ્રહ્મ-પરમાત્માએ જ (પોતાનાં ભક્તજનોને)[1] બક્ષ્યો છે. (૪)

હરિના જનોનાં તન અને મન વિવેક-વૈરાગ્યથી યુક્ત થઈ, એક- પરમાત્માના રંગમાં જ રત રહે છે. (૫)

२—६

हरिका नामु जन कउ मुकति जुगति ।
हरिकै नामि जन कउ तृपति भुगति ॥१॥
हरिका नामु जनका रूप रंगु ।
हरि नामु जपत कब परै न भंगु ॥२॥
हरिका नामु जनकी वडिआई ।
हरिकै नामु जन सोभा पाई ॥३॥
हरिका नामु जन कउ भोगु जोग ।
हरि नामु जपत कछु नाहि बिओगु ॥४॥

૧. મૂળ : जन છે; તેનો અર્થ સામાન્ય માણસ પણ લેવાય; અથવા ચાલુ સંદર્ભમાં 'હરિનો જન' — 'હરિનો ભક્ત'—એવો પણ. —સંપા૦

जनु राता हरि नामकी सेवा ।
नानक पूजै हरि हरि देवा ॥५॥

શબ્દાર્થ

[वडिआई = મહત્તા; કીર્તિ; ખ્યાતિ. राता = રક્ત – અનુરક્ત; લવલીન.]

૨-૬

હરિનું નામ હરિના જનને મોક્ષનો ઉપાય છે;–તેનાથી તૃપ્તિ અને ભુક્તિ બંને સધાય છે.[૧] (૧)

હરિનું નામ હરિના જનને રૂપ અને રંગ (બેઉ) છે. હરિનું નામ જપવામાં તે (બીજા કશાને ભરોંસે) કદી ભંગ પડવા દેતા નથી.[૨] (૨)

હરિનું નામ હરિના જનની મોટાઈ છે;–તેનાથી તે શોભા પામે છે. (૩)

હરિનું નામ હરિના જનને ભોગ અને યોગ (બંને) છે.;[૩] હરિનું નામ જપતાં તેને કાંઈ[૪] વિયોગ નડતો નથી. (૪)

---

૧. ભોગપદાર્થોથી ભુક્તિ તો સધાય છે; પણ તૃપ્તિ સધાતી નથી. ભોગથી તો ઊલટી તૃષ્ણા વધતી જાય છે. ત્યારે હરિના નામથી જે ભુક્તિ સધાય છે, તે અખંડ તૃપ્તિ આપનાર બને છે.— **સંપા૦**

૨. હરિનું નામ જપ્યે કશામાં ભંગ પડતો નથી — તેનું કાંઈ કથળતું નથી — એવો અર્થ મૂળ પદ્યાનુવાદમાં લીધેલો છે.

ત્રીજો અર્થ એવો પણ લેવાય કે, બીજાં રૂપરંગ તો અવસ્થા બદલાયે ખંડિત પણ થાય; પરંતુ નામ જપ્યે મળતાં રૂપરંગ કદી ખંડિત થતાં નથી. —**સંપા૦**

૩. એને પછી બીજો ભોગ કે બીજો યોગ સાધવાની જરૂર રહેતી નથી, એવો અર્થ પણ થાય; અથવા ભોગ અને યોગનાં સાધનો મેળવી આપનાર બને છે, એવો અર્થ પણ લેવાય. —**સંપા૦**

૪. મૂળ कछु. 'કશાનો' એવો અર્થ પણ લેવાય; અથવા હરિના નામથી પ્રાપ્ત થયેલ ભોગનો તેમ જ યોગનો વિયોગ થતો નથી. —**સંપા૦**

૫

(હરિનો) સંત હરિનામની સેવામાં જ રત રહે છે;
નાનક પણ 'હરિ' 'હરિ' દેવને જ પૂજે છે. (૫)

૫ : એવો અર્થ પણ કરાય છે કે, સૌ દેવો તેવા ભક્તને સાક્ષાત્ હરિ ગણીને પૂજે છે; અથવા નાનક તેવા ભક્તજનને સાક્ષાત્ હરિ ગણીને પૂજે છે.

२–७

हरि हरि जनकै मालु खजीना ।
हरि धनु जन कउ आपि प्रभि दीना ॥१॥
हरि हरि जनकै ओट सताणी ।
हरि प्रतापि जन अवर न जाणी ॥२॥
ओति पोति जन हरि रसि राते ।
सुन्न समाधि नाम रस माते ॥३॥
आठ पहर जनु हरि हरि जपै ।
हरिका भगतु प्रगट नही छपै ॥४॥
हरिकी भगति मुक्ति बहु करे ।
नानक जन संगि केते तरे ॥५॥

શબ્દાર્થ

[ओट = ઓથ. सताणी = બળવાન; ૬૯. ओति पोति = (તાણા-વાણા પેઠે) ઓતપ્રોત. सुन्न = શૂન્ય – નિર્વિકલ્પ. माते = મત્ત.]

૨–૭

હરિના જનને હરિ જ માલ–ખજાનારૂપ છે; એ હરિ-ધન ભક્તને પ્રભુએ પોતે બક્ષ્યું છે. (૧)

હરિના જનને હરિ જ દૃઢ ઓથ રૂપ છે; હરિના પ્રતાપે ભક્ત બીજી કોઈ (ઓથ) જાણતો નથી. (૨)

હરિના જન હરિ-રસમાં ઓતપ્રોત થઈને (તેનાથી) રંગાયેલા બની રહે છે; નામ-રસમાં મત્ત થઈ શૂન્ય સમાધિમાં જ તેઓ ગરક થઈ જાય છે. (૩)

હરિના જન આઠે પહોર 'હરિ' 'હરિ, જપે છે; હરિનો ભક્ત (લોકમાં) વિખ્યાત થાય છે — છૂપો રહેતો નથી. (૪)

હરિની ભક્તિ અનેકોનો ઉદ્ધાર કરે છે; નાનક કહે છે કે, હરિના જનની સાથે કેટલાય તરી જાય છે. (૫)

૨–૮

पारजातु इहु हरिको नाम ।
कामधेन हरि हरि गुण गाम ॥१॥
सभते ऊतम हरिकी कथा
नाम सुनत दरद दुःख लथा ॥२॥
नामकी महिमा संत रिद वसै ।
संत प्रतापि दुरतु सभु नसै ॥३॥
संतका संगु वडभागी पाईऐ ।
संतकी सेवा नामु धिआईऐ ॥४॥
नाम तुल्लि कछु अवरु न होइ ।
नानक गुरमुखि नामु पावै जनु कोइ ॥५॥

શબ્દાર્થ

[पारजातु = ઇચ્છેલું આપનાર વૃક્ષ – કલ્પવૃક્ષ. गुण गाम = ગુણ-ગ્રામ = ગુણસમૂહ. लथा = જાય; ટળે. दुरतु = દુરિત – પાપ. तुल्लि = તુલ્ય.]

૨–૮

આ હરિનું નામ (ઇચ્છેલું આપનાર) કલ્પવૃક્ષ[1] છે; હરિનો ગુણસમૂહ (ગાવો) કામધેનુ[2] સમાન જ જાણો. (૧)

હરિની કથાવાર્તા સૌથી ઉત્તમ છે; હરિનું નામ સાંભળતાં દુઃખ અને દરદ ટળે છે. (૨)

નામનો મહિમા સંતોના હૃદયમાં વસે છે; તેમના પ્રતાપે બધાં પાપ દૂર થઈ જાય છે. (૩)

મોટું ભાગ્ય હોય તો સંતનો સંગ મળે; સંતની સેવા વડે (માણસ) નામનું ધ્યાન ધરી શકે છે. (૪)

નામ સમાન બીજી કોઈ વસ્તુ જ નથી; હે નાનક, ગુરુનો સંગ પામનાર કોઈ (બડભાગી) માણસને જ તે મળે. (૫)

[૪–૫ નામ અને પરમાત્માને એકરૂપ ગણીને જ શીખ-ગુરુઓ નામનો મહિમા ગાય છે એ ભૂલવું ન જોઈએ. નામ-જપ એ કેવળ મોઢાથી થતો જડ જપ નથી – પણ યોગસૂત્રમાં કહ્યું છે તેમ तज्जपः तदर्थभावनम् – અર્થાત્ (ૐકારનો) જપ એટલે તેના અર્થની – પરમાત્માની ભાવના એટલે કે ધ્યાન. એટલે જ અહીં 'નામનું ધ્યાન' એવો શબ્દ વાપર્યો છે. નામનો જપ તો કોઈ પણ માણસ બતાવી શકે; પણ તે નામના અર્થની ભાવના તો ગુરુપ્રતાપે – સંતપ્રતાપે જ પ્રાપ્ત થાય, એમ છેવટે કહ્યું છે.]

---

૧. મૂળ : पारजातु = પારિજાતક વૃક્ષ. સમુદ્રમંથનમાંથી પ્રાપ્ત થયેલ રત્નરૂપ વૃક્ષ. સામાન્ય અર્થ સ્વર્ગ-વૃક્ષ જ થાય. પણ અહીં કલ્પવૃક્ષ તરીકે એ શબ્દ વાપર્યો છે એ ઉઘાડું છે. —**સંપા૦**

૨. ઇચ્છેલું દોહી આપનાર ગાય. —**સંપા૦**

असटपदी ३

सलोकु

बहु सासत्र बहु सिमृती
पेखे सरब ढढोलि ।
पूजसि नाही हरि हरे
नानक नाम अमोल ॥३॥

શબ્દાર્થ

[पूजसि = સમાન થવું, તોલે આવવું.]

અષ્ટપદી ૩

શ્લોક

અનેક શાસ્ત્રો અને અનેક સ્મૃતિઓ — બધાં ઉથલાવી જોયાં; પણ હરિહર-પરમાત્માના નામની તોલે કોઈ ન આવ્યાં; હે નાનક, નામ (ખરેખર) અમોલ છે [૩]

આ ત્રીજી અષ્ટપદીમાં એ જ નામસ્મરણ – મહિમા આગળ ચાલે છે : કર્મ, ધર્મ, તપ, તીર્થ, યોગાદિ અનેક માર્ગો છે; પણ એ બધા 'નહિ તુલ્ય રામનામ વિચાર', એ ભાવ અહીં બતાવ્યો છે. આ અને આવા પ્રકારની બીજી અષ્ટપદીઓમાંથી સમાજશાસ્ત્રી તે જમાનાના લોકની ધર્મસાધનાના પ્રકારો વિષે જ્ઞાન મેળવી શકે. એવા અનેક આડંબરયુક્ત અને સત્ત્વહીન રૂઢિગત પ્રકારો જોઈને જ ગુરુ નાનક જેવા સત્યશીલ આત્માને અકળામણ થઈ હશે, અને એમાંથી જ પાછા સત્ય માર્ગની શોધ કરવા તે પ્રેરાયા હશે.

ગુરુ અનેક સાધનાઓનો દોષ બતાવે છે : हउमै मैलु न जावै– અહંમમ નથી છૂટતા. એને માટે તો નામસ્મરણ દ્વારા પ્રપત્તિ જ જોઈએ. (साधसंगि इह हउमै छोरै.)

નામસ્મરણની સાથે – લગભગ એના અનિવાર્ય સાથી જેવાં – સત્સંગ અને ગુરુમુખતા તો હોય જ. એ વસ્તુનો થોડોઘણો ઇશારો વાચક આદિ અષ્ટપદીથી જોશે. ભક્તિના પાયારૂપ એવી નમ્રતા, નિરહંકારિતા શીખવવા આ સાદું અને સર્વને સુલભ એવું સાધન છે.

જ્યાં જોઈશું ત્યાં જણાશે કે ભક્તોનો ધર્મ સામાન્ય લોકસમૂહ માટે જ હોય છે. એમનું ધર્મસાધન સાદું, સરળ છતાં સચોટ અને સૌને સમજાય એવું રામનામ હોય છે. એમની સાધના, "સ્ત્રીઓ, વૈશ્ય, તથા શૂદ્ર અને પાપયોનિ હોય એવા પણ" જેને લઈને તરે એવી હોય છે. આ અષ્ટપદીમાં આ ભાવ થોડીક સુંદર કડીઓમાં મૂકી દીધો છે. જુઓ, निरधन कउ धनु तेरो नाउ, निथावे कउ नाउ तेरा थाउ (૩ : ૭) વગેરે.

જેમ બાળકને મન માતા સત્ય છે; એટલે ગમે ત્યાં, ગમે ત્યારે, તેની મા પાસે હોય કે ન હોય – કેમ કે તેને તો તે સદા હાજરાહજૂર છે – બાળક સંકટ સમયે 'ઓ મા' એમ જ બોલશે અને એ એની તારણહાર બૂમ એનો જપ જ બની જાય છે. અને કોણ કહી શકે એ ઠાલી આર્તનાદ જ છે? શું તેનાથી બાળકના જીવને શાંતિ, ધૈર્ય અને સહાયતા નથી મળી રહેતાં?

ભક્તની સ્થિતિ જ્ઞાનપૂર્વક પણ આવી જ હોય છે. એને મન નામ એ એના વાચ્ય પ્રભુનું પ્રત્યક્ષીકરણ સાધવાનું સાધન છે. નામથી એ નામધારી, પરમ અનામી પ્રભુને યાદ કરે છે. એથી જ ગુરુ નાનકના મૂળ મંત્રમાં જ્ઞાન થયા પછી પ્રથમ ઉચ્ચારેલી વાણીમાં, આ પ્રથમ બોલ છે :

'१ ੴकार सति नामु'

३–१

जाप ताप गिआन सभि धिआन ।
खट सासत्र सिमृति बखिआन ॥१॥
जोग अभिआस करम ध्रम किरिआ ।
सगल तिआगि बन मध्ये फिरिआ ॥२॥
अनिक प्रकार कीए बहु जतना ।
पुन्न दान होमे बहु रतना ॥३॥
सरीरु कटाइ होमै करि राती ।
वरत नेम करै बहु भाती ॥४॥
नहि तुलि राम नाम बीचार ।
नानक गुरमुखि नामु जपीऐ इक बार ॥५॥

શબ્દાર્થ

[ताप = તપ. खट सासत्र = છ દર્શનશાસ્ત્ર (સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા). सिमृति = (ગીતા વગેરે) સ્મૃતિગ્રંથો. बखिआन = વ્યાખ્યાન – વિવરણ – અભ્યાસ. अभिआस = સાધના. ध्रम = ધર્મ. जतना = યત્ન. राती = નાના ટુકડા. भाती = પ્રકાર. तुलि = તુલ્ય, સમાન.]

૩–૧

સર્વપ્રકારનાં જપ, તપ, જ્ઞાન, અને ધ્યાન; છ દર્શન-શાસ્ત્રો અને સ્મૃતિઓનો અભ્યાસ;—[1] (૧)

---

[1] વેદ–ઉપનિષદ વગેરે શ્રુતિગ્રંથો કહેવાય; ગીતા, પુરાણ વગેરે સ્મૃતિ-ગ્રંથો કહેવાય. મનુસ્મૃતિ વગેરે આચારધર્મનાં પુસ્તકો પણ સ્મૃતિ કહેવાય છે. —સંપા૦

યોગસાધના, કર્મ, ધર્મ, ક્રિયા; બધું તજીને વનમાં ભટકવું;— (૨)

એવા અનેક પ્રકારના યત્ન-પ્રયત્ન કરે; પુણ્ય-દાન(કરે); (ઘી, તલ, મધ વગેરે) બહુ રત્નો વડે હોમ કરે;— (૩)

(અરે) પોતાનું શરીર કપાવીને નાના ટુકડા કરીને હોમે; અનેક પ્રકારનાં વ્રત-નિયમ કરે;— (૪)

પણ એ (બધાં) રામનામના ચિંતવન સમાન નથી; માટે હે નાનક, ગુરુના સંગમાં – રામનું તેમના ઉપદેશ પ્રમાણે નામ એક વાર પણ જપી લે. (૫)

३–२

नउखंड पृथमी फिरै चिरु जीवै ।
महा उदासु तपीसरु थीवै ॥१॥
अगनि माहि होमत परान ।
कनिक अस्व हैवर भूमि दान ॥२॥
निउली करम करै बहु आसन ।
जैन मारग संजम अति साधन ॥३॥
निमख निमख करि सरीरु कटावै ।
तउ भी हउमै मलु न जावै ॥४॥
हरिके नाम समसरि कछु नाहि ।
नानक गुरमुखि नामु जपत गति पाहि ॥५॥

શબ્દાર્થ

[नउखंड = નવ ખંડ.[1] निउली करम = (પેટના નળ હલાવવાની) એક યોગ-ક્રિયા–નોળી. संजम = ઉપવાસ વગેરે તપ; દેહકષ્ટ. (निमख

---

૧. પૃથ્વીના નવ ખંડ : ભારત, ઇલાવૃત, કિંપુરુષ, ભદ્ર, કેતુમાલ, હરિ, હિરણ્મય, રમ્યક; કુરુ.

निखम करि = થોડું થોડું કરીને. हउमै = અહં – 'હું છું' એવો (પરમાત્માથી) જુદાઈનો ભાવ.]

૩–૨

પૃથ્વીના નવે ખંડ ફરી વળે (તીર્થયાત્રા કર્યા કરે), તથા (એટલું) લાંબું જીવે; મહા વૈરાગી (ઉદાસ) તપેશરી થાય; (૧)

અગ્નિમાં પ્રાણ હોમે; (કે) સોનું, ઘોડા, હાથી, ભૂમિનું દાન કરે; (૨)

અનેક (યોગ) આસનો કરે, નોળીકર્મ (વગેરે યોગ–ક્રિયાઓ) કરે; (કે પછી) જૈનોના માર્ગનાં અતિ દેહકષ્ટનાં સાધન કરે; (૩)

(અરે, દરેક ક્ષણે) થોડું થોડું કરી શરીર કપાવે[1]–; (એ બધું કરે) તોપણ 'અહં' રૂપી મેલ જાય નહિ. (૪)

હે નાનક, હરિના નામ સમાન કશું જ (સાધન) નથી; ગુરુના બતાવ્યા મુજબ નામ જપતાં જ (પરમ) ગતિ પામે. (૫)

३–३

मन कामना तीरथ देह छुटै ।
गरबु गुमानु न मन ते हुटै ॥१॥
सोच करै दिनसु अरु राति ।
मन की मैलु न तन ते जाति ॥२॥
इसु देही कउ बहु साधना करै ।
मन ते कबहू न बिखिआ टरै ॥३।

---

૧. કાશીએ જઈ કરવત મુકાવે. —સં૦

जलि धोवै बहु देह अनीति ।
सुद्ध कहा होइ काची भीति ॥४॥
मन हरिके नामकी महिमा ऊच ।
नानक नामि उधरे पतित बहु मूच ॥५॥

શબ્દાર્થ

[हुटै = હટે. सोच करै = શૌચ કરે – શુદ્ધિ કરે – નવરાવે. देही = દેહ; શરીર. बिखिआ = વિષયવાસના. मूच = સપૂચું – પૂરેપૂરું.]

૩–૩

મનમાં કામનાઓ ભરેલી હોય અને દેહ તીર્થસ્થાનમાં છૂટે; (તેથી) ગર્વ અને ગુમાન મનમાંથી કેવી રીતે હટે ? (૧)

બહારથી દિવસરાત શૌચ-શુદ્ધિ કર્યા કરે; પણ તેથી મનનો મેલ શરીરમાંથી કેવી રીતે દૂર થાય ? (૨)

દેહથી ગમે તેટલી (કઠોર) સાધનાઓ કરે; પણ મનમાંથી વિષયો કેવી રીતે ટળે ? (૩)

અનિત્ય દેહને જળથી ગમે તેટલો ધુએ પણ કાદવની કાચી ભીંત ક્યાંથી સાફ થાય ? (૪)

હે મન, હરિના નામનો મહિમા બહુ ઊંચો છે; હે નાનક, ગમે તેવો પતિત હોય તોપણ નામ વડે ઊધરી જાય. (૫)

३–४

बहुतु सिआणप जमका भउ बिआपै ।
अनिक जतन करि त्रिसन ना ध्रापै ॥१॥
भेख अनेक अगनि नही बुझै ।
कोटि उपाव दरगह नही सिझै ॥२॥

छूटसि नाही ऊभ पइआल ।
मोहि बिआपहि माइआ जाल ॥३॥
अवर करतूति सगली जमु डानै ।
गोविंद भजन बिनु तिलु नही मानै ॥४॥
हरिका नामु जपत दुखु जाइ ।
नानक बोलै सहजि सुभाइ ॥५॥

શબ્દાર્થ

[सिआणप = શાણપ; ચાલાકી; ચતુરાઈ. बिआपै = વ્યાપી રહે–ટળે નહિ. त्रिसन = તૃષ્ણા. ध्रापै = ધરાય; તૃપ્ત થાય. सिझै = સિદ્ધ થાય; પામે. ऊभ पइआल = આકાશમાં કે પાતાળમાં. डानै = દંડે. सहजि सुभाइ = સહજ ભાવે (કશો સંકોચ કર્યા વિના).]

૩–૪

ગમે તેવી ચાલાકીઓ કરીશ, તોપણ જમનો (મૃત્યુનો) ભય ટળવાનો નથી; ગમે તેટલી કોશિશ કરીશ, પણ તૃષ્ણા તૃપ્ત થવાની નથી. (૧)

ગમે તેટલા વેશ બદલીશ, પણ તેથી કામાગ્નિ બુઝાવાનો નથી; કરોડો ઉપાય કરીશ, પણ પ્રભુનું ધામ પામવાનો નથી. (૨)

આકાશમાં ગયે કે પાતાળમાં પહોંચ્યે માયાની જાળમાંથી છૂટવાનો નથી;–મોહની માયાજાળ તને ઘેરી વળવાની જ છે. (૩)

બીજાં ગમે તે કર્મ કરે, પણ બધાંની સજા જમ દેવાનો જ;– એક ગોવિંદના ભજન વિના (બીજા કશા ઉપાયને) તે જરાય ગાંઠતો નથી. (૪)

નાનક વિના સંકોચ કહી દે છે કે, હરિનું નામ જપતાં જ બધાં દુઃખમાંથી છુટાય. (૫)

३–५

चार पदारथ जे को मागै ।
साध जनाकी सेवा लागै ॥१॥
जे को आपुना दुःखु मिटावै ।
हरि हरि नामु रिदै सद गावै ॥२॥
जे को अपुनी सोभा लोरै ।
साधसंगि इह हउमै छोरै ॥३॥
जे को जनम मरण ते डरै ।
साध जनाकी सरनी परै ॥४॥
जिसु जन कउ प्रभ दरस पिआसा ।
नानक ताकै बलि बलि जासा ॥५॥

શબ્દાર્થ

[चार पदारथ = ધર્મ, અર્થ, કામ, મોક્ષ – એ ચાર પુરુષાર્થ. लोरै = ઇચ્છે; ચાહે. हउमै = હુંપણું; અહંતા. छोरै = છોડે – તજે. बलि बलि जासा = ઓવારી જાય છે; પોતાની જાત સમર્પે છે.]

૩–૫

ચારે પુરુષાર્થ જેને સાધવા છે, તે સાધુજનની સેવામાં લાગી જાય! (૧)

જેને પોતાનું દુઃખ મિટાવવું છે, તે હૃદયમાં સદા 'હરિ' 'હરિ' નામ ગાવા માંડે! (૨)

જે પોતાની શોભા ચાહતો હોય, તે સંતસાધુની સંગતમાં પોતાની અહંતા તજી દે ! (૩)

જે જન્મ અને મરણથી ડરતો હોય, તે સાધુજનને શરણે પડે ! (૪)

જેને પ્રભુદર્શનની પ્યાસ છે, તેવાની ઉપર નાનક પોતાની જાત ઓવારી નાખે છે. (૫)

३-६

सगल पुरख महि पुरखु प्रधानु ।
साध संगि जाका मिटै अभिमानु ॥१॥
आपस कउ जो जाणै नीचा ।
सोऊ गनीऐ सभ ते ऊचा ॥२॥
जाका मनु होइ सगलकी रीना ।
हरि हरि नामु तिनि घटि चीन्हा ॥३॥
मन अपुने ते बुरा मिटाना ।
पेखै सगल स्रसटि साजना ॥४॥
सूख दूख जन सम द्रसटेता ।
नानक पाप पुन्न नही लेपा ॥५॥

શબ્દાર્થ

[रीना = રેણુ; ધૂળ. चीन्हा = ચીન્યું,–ઓળખ્યું,–જાણ્યું. साजना = સ્વજન द्रसटेता = નજર કરે – જુએ.]

૩–૬

સાધુની સંગતમાં જેનું અભિમાન ટળે છે, તે પુરુષ બધા પુરુષોમાં શ્રેષ્ઠ છે. (૧)

જે પોતાને (સૌ કરતાં) નીચો જાણે છે, તેને જ સૌથી ઊંચો જાણવો. (૨)

જેનું મન સૌની ચરણરજ થઈને રહે છે, તેણે પોતાના ઘટમાં હરિનું નામ[૧] ઓળખ્યું જાણો ! (૩)

પોતાના મનમાંથી બૂરાઈ કાઢી નાખી હોવાથી આખી સૃષ્ટિ તેને સ્વજન-મિત્ર રૂપ દેખાય છે. (૪)

હે નાનક, જે હરિનો જન સુખ અને દુઃખને સરખાં જુએ છે, તેને પાપ અને પુણ્યનો લેપ લાગતો નથી. (૫)

૩-૭

निरधन कउ धनु तेरो नाउ ।
निथावे कउ नाउ तेरा थाउ ॥१॥
निमाने कउ प्रभु तेरो मानु ।
सगल घटा कउ देवहु दानु ॥२॥
करन करावनहार सुआमी ।
सगल घटाके अंतरजामी ॥३॥
अपनी गति मिति जानहु आपे ।
आपन संगि आपि प्रभ राते ॥४॥
तुमरी उसतति तुमते होइ
नानक अवरु न जानसि कोइ ॥५॥

૧ શીખ ગુરુઓ હરિ અને હરિનું નામ એક જ ગણે છે. તેથી જ नामके धारे सगले जंत, नामके धारे खंड ब्रहमंड (અષ્ટ૦ ૧૬ - ૫) એમ કહી શકે છે. હુકમ, શબ્દ, નામ અને પરમાત્મા - એ તેમને મન સમાનાર્થ શબ્દો જ છે. —સંપા૦

શબ્દાર્થ

[निथावा = સ્થાન – આશરો – ઘર વિનાનું. थाउ = સ્થાન, આશરો. निमाना = માનરહિત. घटा = ઘટ – શરીર (દેહી–પ્રાણી). गति मिति = ગતિ – મતિ; પહોંચ; શક્તિની હદ. राते = રક્ત – મગન - સ્થિત.]

૩–૭

હે પ્રભુ, નિર્ધનને તારું નામ ધનરૂપ છે; આશરા વિનાનાને તારું નામ આશરા રૂપ છે. (૧)

માન–સંમાન રહિતને, હે પ્રભુ, તારું નામ જ માન-રૂપ છે; – સૌ જીવોને એ દાન તેં આપી રાખ્યું છે. (૨)

હે સ્વામી, તમે જ બધાં પ્રાણીઓના અંતર્યામી છે; તથા કરતા–કારવતા છો. (૩)

તમારી ગતિ–મતિ, હે પ્રભુ, તમે પોતે જ જાણી શકો; તમે પોતે પોતામાં જ મગન થઈને માણો છો. (૪)

તમારી સ્તુતિ પણ તમારાથી જ થઈ શકે; હે નાનક, બીજું કોઈ વળી એ શી રીતે જાણે ? (૫)

૩–૮

सरब धरम महि स्रेसट धरमु ।
हरिको नामु जपि निरमल करमु ॥१॥
सगल क्रिआ महि ऊतम किरिआ ।
साध संगि दुरमति मलु हिरिआ ॥२॥
सगल उदम महि उदमु भला ।
हरिका नामु जपहु जीअ सदा ॥३॥

सगल बानी महि अंमृत बानी ।
हरिको जसु सुनि रसन बखानी ॥४॥
सगल थान ते ओहु ऊत्तम थानु ।
नानक जिह घटि बसै हरिनामु ॥५॥

શબ્દાર્થ

[जीअ = જીવમાં – મનમાં. जसु = યશ; સ્તુતિ. रसन = રસના – જીભ (વડે).]

૩–૮

હરિનું નામ જપવું અને નિર્મળ કર્મ કરવાં[1] એ સૌ ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ છે. (૧)

સંતના સંગમાં દુર્મતિ રૂપી મેલ તજવો, એ સૌ ક્રિયાઓમાં ઉત્તમ ક્રિયા છે. (૨)

મનમાં સદા હરિનું નામ જપવું, એ સઘળા ઉદ્યમોમાં શ્રેષ્ઠ ઉદ્યમ છે. (૩)

હરિના યશ (ગુરુ મુખે) સાંભળીને જીભે ગાવા, એ સૌ વાણીઓમાં અમૃતરૂપ વાણી છે. (૪)

હે નાનક, જે ઘટમાં હરિનું નામ વસે છે, તે સ્થાન સૌ સ્થાનોમાં ઉત્તમ છે. (૫)

---

૧ "હરિનું નામ જપવારૂપ નિર્મળ કર્મ કરવું, એ સૌ ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ છે" એવો અર્થ પણ કરાય છે.

असटपदी ४

सलोकु

निरगुनीआर इआनिआ
सो प्रभु सदा समालि ।
जिनि कीआ तिसु चीति रखु
नानक निबही नालि ॥४॥

શબ્દાર્થ

[निरगुनीआर = નિર્ગુણ – ગુણરહિત. इआनिआ = અબોધ; મૂરખ. निबही = નભે છે – ટકી રહે છે. नालि = સાથે.]

શ્લોક

હે ગુણરહિત, અબોધ જીવ ! જે પ્રભુએ તને પેદા કર્યો છે, તેને સદા સંભાળ — તેને જ ચિત્તમાં ધારણ કર; હે નાનક, તે જ વસ્તુ (અંતે) સાથે રહેવાની છે. [૪]

પ્રથમ ત્રણ અષ્ટપદીમાં સત્ નામનો આમ મહિમા ગાયા પછી, ગુરુ અર્જુનદેવ જીવને ઉદ્બોધનની ત્રણ અષ્ટપદી ગાય છે. બધા ભક્તોએ આવાં ઉદ્બોધન ગાયાં છે. મર્મવેધિતા, સચોટ હૃદયંગમતા, જીવને અજ્ઞાન-નિદ્રામાંથી જાગ્રત થવા ઝાટકણી અને વિનવણી, આર્ત-ત્રાણ માટે પોકાર – ઉદ્બોધન માત્રનાં આ લક્ષણ જોવામાં આવશે. વચમાં વચમાં આપણા અખા કવિની ચમક પણ દેખાઈ આવતી વાચક જોશે.

૬

४ – १

रमईआके गुन चेति परानी ।
कवन मूलते कवन द्दसटानी ॥१॥
जिनि तूं साजि सवारि सीगारिआ ।
गरभ अगनि महि जिनहि उबारिआ ॥२॥
बार बिवसथा तुझहि पिआरै दूध ।
भरि जोबन भोजन सुख सूध ॥३॥
बिरधि भइआ ऊपरि साक सैन ।
मुखि अपिआउ बैठ कउ दैन ॥४॥
इहु निरगुनु गुनु कछू न बूझै ।
बखसि लेहु तउ नानक सीझै ॥५॥

શબ્દાર્થ

[रमईआ = બધે વ્યાપેલા – રામ. चेति = ચિંતવ – વિચાર કર. द्दसटानी = દેખાય છે. साजि सवारि = સજી સમારીને. सीगारिआ = શણગાર્યો. उबारिआ = ઉગારી લીધો. बार बिवसथा = બાલ્ય અવસ્થા. सूध = શુદ્ધ – નિર્મળ. साक = ભોજન. सैन = શયન – આશ્રયસ્થાન. अपिआउ = આત્મીય – સંબંધી. बखसि लेहु = માફ કરો; ક્ષમા કરો. सीझै = સિદ્ધ થાય – પાર પડે.]

૪ – ૧

હે પ્રાણી ! રામ–રમૈયાના ગુણ તો વિચાર ! –(તું જે ગંદા પદાર્થોનો બનેલો છે તે) તારું મૂળ શું છે, અને અત્યારે કેવો દેખાય છે ! (૧)

જેણે તને સજી–સમારી શણગાર્યો છે, તથા ગર્ભવાસના અગ્નિમાં જેણે તને ઉગારી લીધો છે; (૨)

બાલ્ય અવસ્થામાં તને ભાવતું દૂધ, તથા યૌવન અવસ્થામાં ભોજન અને (મન ગમતાં) નિર્ભેળ સુખ (પૂરાં પાડ્યાં છે); (૩)

–અને વૃદ્ધ થયો ત્યારે તારે જોઈતાં ભોજન અને છાદન બેઠાબેઠ તને તારાં સગાંસંબંધી મોંમાં મૂકી આપે છે ! (૪)

પણ આ નગુણો, તમારો (પરમાત્માનો) કશો ગુણ સમજતો નથી; હે નાનક, તમે જ તેને ક્ષમા કરો, ત્યારે તેનો ઉદ્ધાર થાય. (૫)

४ – २

जिह प्रसादि धर ऊपरि सुखि बसहि ।
सुत भ्रात मीत बनिता संगि हसहि ॥१॥
जिह प्रसादि पीवहि सीतल जला ।
सुखदाई पवनु पावकु अमुला ॥२॥
जिह प्रसादि भोगहि सभि रसा ।
सगल समग्री संगि साथि बसा ॥३॥
दीने हसत पाव करन नेत्र रसना ।
तिसहि तिआगि अवरि संगि रचना ॥४॥
ऐसे दोख मूड़ अंध बिआपे ।
नानक काढि लेहु प्रभ आपे ॥५॥

શબ્દાર્થ

[पावकु = અગ્નિ. हसत = હસ્ત; હાથ. पाव = પગ. रसना = જીભ. रचना = રાચવું. दोख = દોષ.]

૪ – ૨

જેની કૃપાથી ધરતી ઉપર સુખે વસે છે, અને પુત્ર, ભ્રાતા, મિત્ર, પત્ની સાથે કલ્લોલ કરે છે;– (૧)

જેની કૃપાથી શીતળ જળ પીએ છે અને સુખદાયક પવન તથા અમૂલ્ય એવો અગ્નિ તને મળ્યો છે;– (૨)

જેની કૃપાથી બધા રસો તું ભોગવે છે અને બધા પ્રકારની ભોગ-સામગ્રી સાથે રહે છે;– (૩)

જેમણે તને હાથ, પગ, કાન, આંખ અને જીભ (પણ) આપ્યાં છે;– તેમને ત્યાગીને તું બીજા સાથે જ રચીપચી રહ્યો છે ! (૪)

આવા (તો) કેટલાય દોષ આ મૂઢ અંધમાં વ્યાપેલા છે; નાનક કહે છે, હે પ્રભુ, તમે પોતે જ તેને એમાંથી કાઢી લો. (૫)

૪ – ૩

आदि अंति जो राखनहारु ।
तिस सिउ प्रीति न करै गवारु ॥१॥
जाकी सेवा नवनिधि पावै ।
तासिउ मूड़ा मनु नही लावै ॥२॥
जो ठाकुरु सद सदा हजूरे ।
ताकउ अंधा जानत दूरे ॥३॥
जाकी टहल पावै दरगह मानु ।
तिसहि बिसारै मुगधु अजानु ॥४॥

सदा सदा इहु भूलनहारु ।
नानक राखनहारु अपारु ॥५॥

શબ્દાર્થ

[ठाकुरु = ઠાકોરજી – પરમાત્મા. तासिउ = તેમની સાથે. हजूर = હાજર. टहल = સેવા – ચાકરી. अजानु = અજાણ; મૂર્ખ.]

૪ – ૩

આદિથી અંત લગી જે તારો રક્ષણકર્તા છે, તેની સાથે તું ગમાર માણસ પ્રીતિ (જ) કરતો નથી; (૧)

જેમની સેવાથી તું નવે નિધિ પ્રાપ્ત કરી શકે, તેમને, હે મૂઢ, તું મનમાં જ લાવતો નથી; (૨)

જે પરમાત્મા સદા હાજરાહજૂર છે, તેમને, હે અંધા તું દૂર જાણે છે; (૩)

જેમની સેવા-પૂજાથી તું ઈશ્વરના દરબારમાં સંમાન પામે, તેમને, હે મૂઢ અને અજાણ માણસ, તું વિસારી મૂકે છે;– (૪)

આમ (આ જીવ) સદા સર્વદા ભૂલતો જ રહેવાનો છે; નાનક કહે છે, હે પ્રભુ, આપ જ અપાર રક્ષણહાર છો. (૫)

[૫ : 'અપાર રક્ષણહાર' એટલે ગમે તેટલા દોષો જીવના થાય તો પણ કદી ન ખૂટનારા.]

૪ – ૪

रतनु तिआगि कउडी संगि रचै ।
साचु छोडि झूठ संगि मचै ॥१॥
जो छडना सु असथिरु करि मानै ।
जो होवनु सो दूरि परानै ॥२॥

छोडि जाइ तिसका स्रमु करै ।
संगि सहाई तिसु परहरै ॥३॥
चंदन लेपु उतारै धोइ ।
गरधभ प्रीति भसम संगि होइ ॥४॥
अंध कूप महि पतित बिकराल ।
नानक काढि लेहु प्रभ दइआल ॥५॥

શબ્દાર્થ

[छडना = છોડી જનારું - અસ્થિર - ચંચળ. असथिर = સ્થિર (જોડાક્ષર શરૂઆતમાં આવે ત્યારે આગળ સ્વર ઉમેરાય છે.) होवनु = અવશ્ય થનારું. परानै = અળગું કરે.]

૪ - ૪

રતન ત્યાગીને કોડીમાં રાચે છે; સત્ય છોડીને જૂઠમાં મચે છે; (૧)

જે છોડી જનાર છે, તેને સ્થિર માને છે; અને જે અવશ્ય જ થનારું છે, તેને દૂર ઠેલે છે; (૨)

જે ચાલ્યું જવાનું છે તેને માટે પરિશ્રમ કરે છે, અને જે હંમેશાં સાથે રહી સહાય કરનાર છે, તેને તજી દે છે; (૩)

ચંદનના લેપને ધોઈને ઉતારી કાઢે છે, અને ગધેડાની પેઠે રાખની સાથે પ્રીત રાખે છે; -(૪)

એવા વિકરાળ અંધારા કૂવામાં આ પ્રાણી પડ્યો છે; નાનક કહે છે, હે દયાળુ પ્રભુ, તમે જ તેને તેમાંથી કાઢી લો. (૫)

૪ - ૫

करतूति पसूकी मानस जाति ।
लोकपचारा करै दिनु राति ॥१॥

बाहरि भेख अंतरि मलु माइआ ।
छपसि नाहि कछु करै छपाइआ ॥२॥
बाहरि गिआन धिआन इसनान ।
अंतरि बिआपै लोभु सुआनु ॥३॥
अंतरि अगनि बाहरि तनु सुआह ।
गलि पाथर कैसे तरै अथाह ॥४॥
जाके अंतरि बसै प्रभु आपि ।
नानक ते जन सहजि समाति ॥५॥

શબ્દાર્થ

[लोकपचारा = દેખાડ. सुआनु = શ્વાન – કૂતરો. सुआह = ભસ્મ. अथाह = સાગર. सहजि = સ્વાભાવિક સ્થિતિમાં – આત્મસ્વરૂપમાં.]

૪ – ૫

માણસજાત થઈને પશુનાં કરતૂતો કરે છે, અને બહાર હંમેશાં (સારા હોવાનો) દેખાડ કરતો ફરે છે; (૧)

બહારથી તો (સંન્યાસીનો) ભેખ ધારણ કર્યો છે, પણ અંતરમાં મળ–માયા વ્યાપેલાં છે; – જે છુપાવ્યાં કેમે કર્યાં છુપાઈ શકતાં નથી; (૨)

બહારથી જ્ઞાન–ધ્યાન–સ્નાન (વગેરે ક્રિયાઓ) કર્યા કરે છે, પણ અંતરમાં કૂતરા જેવો લોભ વ્યાપેલો છે; (૩)

અંતરમાં કામાગ્નિ પ્રજ્વળે છે. અને બહાર શરીર ઉપર રાખ લગાવી છે;– એમ ગળામાં પથરો રાખીને મહાસાગર શી રીતે તરવાનો હતો? (૪)

નાનક કહે છે કે, જેના અંતરમાં પ્રભુ પોતે વસે છે, તે માણસ જ આત્મસ્વરૂપમાં સમાઈ રહે છે. (૫)

४ – ६

सुनि अंधा कैसे मारगु पावै ।
कर गहि लेहु ओड़ि निबहावै ॥१॥
कहा बुझारति बूझै डोरा ।
निसि कहीऐ तउ समझै भोरा ॥२॥
कहा बिसन पद गावै गुंग ।
जतन करै तउ भी सुरभंग ॥३॥
कह पिंगुल परबत पर भवन ।
नही होत ऊहा उसु गवन ॥४॥
करतार करुणामै दीनु बेनती करै ।
नानक तुमरी किरपा तरै ॥५॥

શબ્દાર્થ

[ओड़ि = આડ; રુકાવટ. निबहावै = પાર કરાવે. डोरा = બહેરો. बुझारति = સમસ્યા; કોયડો. निसि = નિશા; રાત્રિ. भोरा = ભોર; પ્રાતઃ-કાળ. बिसनपद = ભગવાનનાં પદ – ગીત. गुंग = ગુંગો – મૂગો. पिंगुल = પંગુ; અપંગ. करुणामै = કરુણામય.]

४ – ६

આંધળો (માત્ર) સાંભળીને રસ્તો કેવી રીતે પકડે ?–કોઈ હાથ પકડીને આડચ ન ઓળંગાવી લે તો ! (૧)

બહેરો સમસ્યામાં કહેલી વાત શી રીતે સમજે ?–રાત કહીએ ત્યાં ભોર જ સમજે તો ! (૨)

ગુંગો વળી ભગવાનનાં પદ શી રીતે ગાય ?–ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ અવાજ જ ન ચાલે. (૩)

પાંગળો માણસ પર્વત ઉપર ભ્રમણ ક્યાંથી કરે ? –ત્યાં તેનું જવાનું જ ન થાય ! (૪)

હે કરતાર, હે કરુણામય, દીન નાનક વિનંતી કરે છે: તમારી કૃપા હોય તો જ (જીવ) તરી શકે ! (૫)

४ — ७

संग सहाई सु आवै न चीति ।
जो बैराई तासिउ प्रीति ॥१॥
बलूआके गृह भीतरि बसै ।
अनद केल माइआ रंगि रसै ॥२॥
दृड़ु करि मानै मनहि परतीति ।
कालु न आवै मूड़े चीति ॥३॥
बैर बिरोध काम क्रोध मोह ।
जूठ बिकार महा लोभ ध्रोह ॥४॥
इआहू जुगति बिहाने कई जनम ।
नानक राखि लेहु आपन करि करम ॥५॥

શબ્દાર્થ

[बैराई = વેરવી; પરાયું. बलूआ = વાળુ – રેતી. केल = ક્રીડા. परतीति = પ્રતીતિ - વિશ્વાસ – ખાતરી. इआहू जुगति = આ રીતે – આ પ્રકારે. बिहाने = વિતાવ્યા. राखि लेहु = બચાવી લો. करम = કૃપા.]

૪ - ૭

જે તારી સાથે રહેનાર સોબતી છે, તેને તો યાદ પણ કરતો નથી; અને જે પરાયો વેરવી[1] છે, તેની સાથે પ્રીતિ કરી બેઠો છે ! (૧)

---

૧. માયા રૂપી વેરીને.

રેતીના બનાવેલા ઘરમાં[1] વસે છે અને માયાના રંગોનો રસ આનંદ-કેલિ સાથે લે છે; (૨)

એમને મનથી દૃઢ-સાચા માને છે, પણ કાળ-મૃત્યુને તો હે મૂઢ માણસ, તું ચિત્તમાં પણ લાવતો નથી! (૩)

વેર, વિરોધ, કામ, ક્રોધ, મોહ, જૂઠ, વિકાર, મહા લોભ, દ્રોહ — (૪)

એમ કરતાં કરતાં કેટલાય જન્મ ગયા; નાનક કહે છે કે, હવે તો હે પ્રભુ, આપ જ કૃપા કરીને બચાવી લો! (૫)

૪-૮

तू ठाकुरु तुम पहि अरदासि ।
जीउ पिंडु सभु तेरी रासि ॥१॥
तुम मात पिता हम बारिक तेरे ।
तुमरी कृपा महि सूख घनेरे ॥२॥
कोइ न जानै तुमरा अंतु ।
ऊचे ते ऊचा भगवंत ॥३॥
सगल समग्री तुमरे सूत्रि धारी ।
तुमते होइ सु आगिआकारी ॥४॥
तुमरी गति मिति तुमही जानी ।
नानक दास सदा कुरबानी ॥५॥

શબ્દાર્થ

[ठाकुरु=ઠાકોર – સ્વામી – માલિક. तुम पहि = તમારી પાસે. अरदासि = પ્રાર્થના – વિનંતી. रासि = લગામમા – કાબૂમાં (૨) બક્ષિસ;

---

૧. રેતીના ઘર જેવા ક્ષણભંગુર દેહમાં.

ભેટ. गति मिति = શક્તિની હદ – પહોંચ (૨) જ્ઞાન – સમજ. कुरबानी = કુરબાન જાય છે – ઓવારી જાય છે.]

૪ – ૮

તમે સૌના ઠાકુર – સ્વામી છો; તમારી પાસે અરજ રજૂ કરું છું — (૧)

અમારા જીવ અને પિંડ તમારા જ હાથમાં છે.[૧] તમે અમારાં મા–બાપ છો, અને અમે તમારાં છોરુ છીએ; તમારી કૃપામાં જ ઘણેરાં સુખ છે. (૨)

કોઈ તમારો અંત જાણી શકતું નથી; તમે ભગવંત ઊંચાથી પણ ઊંચાં છો ! (૩)

દુનિયાની બધી સામગ્રી – બધા પદાર્થના સૂત્રધાર તમે છો; જે કાંઈ તમારાથી નીપજ્યું છે, એ બધું તમારી આજ્ઞામાં છે. (૪)

તમારી ગત-પહોંચ તમે જ જાણો છો; દાસ નાનક તો સદા તમારી ઉપર જાત ઓવારી નાખવાનું જ જાણે. (૫)

ઉદ્બોધનની આ અષ્ટપદીમાં બેએક જે વિશેષતાઓ છે, તે તરફ ખાસ ધ્યાન ખેંચાય છે. શીખભક્તિનું વૈશિષ્ટ્ય સમજવામાં એ ઉપયોગી વસ્તુ થશે. ચોથી અષ્ટપદીના શ્લોકમાં જીવને ‘નિરગુણિયા, ઇયાનિયા’ કહીને શરૂઆત કરી છે. તે શા માટે તેવો છે તે એ અષ્ટપદીનાં પદોમાં ભિન્ન ભિન્ન દલીલો રજૂ કરતાં તાતાં તીર ફેંકીને કહ્યું છે, જેમાંનાં થોડાંક આપણે ઉપર જોઈ આવ્યા. જેટલા જોરથી આમ જીવની ઝાટકણી કાઢી છે, તેટલા જ જોરથી અને વિશ્વાસ તથા પ્રેમપ્રતીતિથી જીવને તરણોપાય પણ બતાવે છે :

---

૧. અમારા જીવ અને દેહ તમારી જ બક્ષિસ છે – એવો અર્થ પણ લેવાય છે. –સંપા૦

"ऐसे दोख मूड़ अंध बिआपे, ननाक काढि लेहु प्रभ आपे ।"
"अंध कूप महि पतित बिकराल, नानक काढि लेहु प्रभ दइआल ।"
"सदा सदा इहु भूलनहारु, नानक राखनहारु अपारु ।"

આમ દોષદર્શન કરાવતાં, તેની પ્રતીતિની જ પ્રતિક્રિયારૂપે સાચી પ્રાર્થના, સાચો ભક્તિભાવ હૃદયમાં ઊપજ્યા વિના ન જ રહે.[૧] એ ભક્તિભાવના ઉમળકારૂપે આ અષ્ટપદીને અંતે આપણને પ્રાર્થનાનો એક ઉત્તમ નમૂનો મળે છે : 'तू ठाकुरु तुम पहि अरदासि'

આ પ્રાર્થનામાં રહેલી અનન્ય પ્રપત્તિ એ શીખભક્તિનો સાચો સૂર છે. એ એક પ્રપત્તિયોગ જ છે, ઈશ્વરપ્રાણિધાનની સાધના છે, એમ કહીએ તોય ખોટું નથી.

આ સાધનાના મૂળમાં, ત્યાગ નહિ પણ પ્રભુપ્રીત્યર્થે સમર્પણ; જગનિંદા કેળવીને ઉપજાવેલી ઘૃણા નહિ, પણ પ્રભુએ કરેલા અપાર ઉપકારોની કૃતજ્ઞતા; દુન્યવી જીવન એક આવી પડેલી આપત્તિ છે એવો ઉદાસભાવ નહિ, પણ એ દ્વારા આપણને આપણા કરતાર પ્રત્યે કૃતજ્ઞતાપૂર્વક ભક્તિ કરવાની અમૂલ્ય તક મળી છે એવો ઉલ્લાસ; જગત મિથ્યા છે માટે એનો સર્વાંશે ત્યાગ નહિ, પણ એનું મિથ્યાત્વ સમજી એ અનિત્ય દ્રવ્યો દ્વારા નિત્યને જોઈ લેવાનો સુયોગ સાધવો ને એ નિત્યની જ પ્રીતિ અનુભવી અનિત્યને ભૂલવું;— આ ભાવો આ સાધનાના મૂળમાં દેખાય છે. બલિષ્ઠને છાજે એવી આ જીવન-ફિલસૂફી, એ અનુસાર જીવવા માટે એક બાજુથી જોઈતું અનન્ય પ્રભુશરણ અને બીજી બાજુથી એટલું જ અનન્ય જીવનબળ – એ અહીંયાં બીજા ભક્તોનાં ઉદ્બોધનો કરતાં વિશેષ જોવા મળે છે. 'દાસબોધ'માં જેમ સ્ત્રીનિંદા, ધનનિંદા જોવા મળે છે, એમ અહીં આપણને નથી મળતું. ભક્તના

૧. જુઓ ગીતા અ૦ ૯ ના ૧ થી ૧૪ શ્લોકમાં નિરૂપેલું ભક્તિબીજનું સ્વરૂપ.

સાચા દૃષ્ટિબિંદુથી જોઈએ તો આ નિંદાખ્યાન આત્મલક્ષી જ હોય છે; ભક્ત પોતાના ચિત્તને જ ઉદ્દેશીને એ કહે છે. સ્ત્રી, ધન આદિ મૂળરૂપે, નિરપેક્ષ રીતે જ એવાં છે એમ ભક્ત નથી કહેતો. પોતાની સાપેક્ષતાએ જ એ એમની કડવી નિંદા કરે છે. (તેમના જીવનમાં તે જોવા નથી મળતી એ એનો પુરાવો છે.) છતાં એની કટુતા ઘણી વાર આજે આપણને ચીતરી ચડાવે છે. ગુરુ અર્જુનના ઉદ્બોધનમાં એ દોષ નહિ દેખાય.

આ સંસારને અનેકાનેક ઉપમાઓ અપાય છે. ભવાટવી, ભવસાગર, ભવજળ, માયા, ઇંદ્રજાળ અનેક નામો ભક્તોએ તેને આપ્યાં છે. આ ગ્રંથમાં ગુરુ તેને 'વખર'—વેપારનું ધામ કહે છે: जिसु वखर कउ लैनि तू आइआ...तजि अभिमानु लेहु मन मोलि, राम नामु हिरदै महि तोलि। लादि खेप संतह संगि चालु, अवर तिआगि बिखिआ जंजाल...इहु वापारु विरला वापारै (१५ : ५)

આ સત વેપાર માંડવાનો સંદેશો ગુરુઓ આપતા હતા. વિરક્ત થઈને નહિ પણ વેપાર માંડીને, જીવનસંગ્રામમાં બરાબર મોરચા માંડીને, જે સાધવાનું છે તે સધાશે, એમ એમનો પ્રધાન ઉપદેશ હતો. ઉપનિષદકાર કહે છે, नायमात्मा बलहीनेन लभ्यः। એનો સાચો અર્થ પ્રભુમય જીવનના ઉલ્લાસથી છલકતી આ શીખભક્તિમાં આપણને કાંઈક જોવા મળે છે.

असटपदी ५

सलोकु

देनहारु प्रभ छोडिकै
लागहि आन सुआइ ।
नानक कहू न सीझई
बिनु नावै पति जाइ ॥५॥

શબ્દાર્થ

[आन = અન્ય – બીજું. सुआइ = સ્વાદ, રસ. कहू = ક્યાંય– કશુંય. सीझई = સિદ્ધ – સફળ થવું, રંધાવું. पति = પત – આબરૂ.]

અષ્ટપદી ૫

શ્લોક

દાતા પ્રભુને છોડીને બીજા રસોમાં રાચે છે, પણ કશુંય રંધાવાનું નથીઃ નામસ્મરણ વિના તું બેહાલ જ થવાનો છે. [૫]

પોતાના ઉદ્બોધનનું બીજ શ્લોકમાં કહી દઈ, પ્રથમ ત્રણ પદમાં એ જ વસ્તુનો વિસ્તાર કરે છે —

५ – १

दस बसतू ले पाछै पावै ।
एक बसतु कारनि बिखोटि गवावै ॥१॥
एक भी न देइ दस भी हिरि लेइ ।
तउ मूड़ा कहु कहा करेइ ॥२॥

जिसु ठाकुर सिउ नाही चारा ।
ताकउ कीजै सद नमसकारा ॥३॥
जाकै मनि लागा प्रभु मीठा ।
सरब सूख ताहू मनि वूठा ॥४॥
जिसु जन अपना हुकमु मनाइआ ।
सरब थोक नानक तिांन पाइआ ॥५॥

શબ્દાર્થ

[पाछै पावै = પાછળ મૂકે; ભૂલી જાય. बिखोटि = વિશ્વાસ. चारा = ચારો; જોર. वूठा = વરસે – ઊભરાય.]

૫ – ૧

દશ વસ્તુઓ મળી હોય તે ભૂલી જાય છે, અને એક વસ્તુ (ન મળી તે) માટે વિશ્વાસ ગુમાવે છે; (૧)

પણ પરમાત્મા જો એક વસ્તુ પણ ન આપે અને (પહેલાં આપેલી) દશ પણ પાછી લઈ લે, તો તું મૂઢ શું કરવાનો છે ?(૨)

જે પરમાત્મા આગળ કશું જોર ચાલી શકતું નથી, તેમની આગળ નમતો જ રહે. (૩)

(કારણ) જેને મન પ્રભુ મીઠા લાગે છે, તેના મનમાં સર્વ સુખ વરસે છે. (૪)

જે માણસ પાસે (પરમાત્મા કૃપા કરીને) પોતાનો હુકમ મનાવે છે, તે માણસ, હે નાનક, સર્વ નિધિ પામ્યો જાણો. (૫)

[૩ : આ કડીનો ભાવાર્થ આમ સમજવાનો છે : ' જે પરમાત્માના કહ્યાથી – કૃપાથી – જ બધું થાય છે, તેમને જ શરણે જા.']

[૫ : આ કડીના શબ્દોને જપજીમાં આવતા હુકમ અને મંને શબ્દો ધ્યાનમાં રાખીને સમજીએ, અર્થાત્ હુકમ શબ્દને પરમાત્માવાચક જ ગણીએ[1] તથા મંને એટલે માનવું–પાળવું–સાક્ષાત્કાર કરવો એવો અર્થ લઈએ[2],— તો એવો અર્થ થાય કે, ' જે માણસ પોતાના પરમાત્માને મનમાં વસાવે છે (તેમનો સાક્ષાત્કાર કરે છે), તેને બધા નિધિ પ્રાપ્ત થયા જાણો.']

૫ – २

अगनत साहु अपनी दे रासि ।
खात पीत बरतै अनद उलासि ॥१॥
अपुनी अमान कछु बहुरि साहु लेइ ।
अगिआनी मनि रोसु करेइ ॥२॥
अपनी परतीति आप ही खोवै ।
बहुरि उसका बिस्वासु न होवै ॥३॥
जिसकी बसतु तिसु आगै राखै ।
प्रभकी आगिआ मानै माथै ॥४॥
उसते चउगुन करै निहालु ।
नानक साहिबु सदा दइआलु ॥५॥

---

૧. જુઓ 'જપજી'–૨ :—

हुकमै अंदरि सभु को बाहरि हुकम न कोइ ।
नानक हुकमै जे बुझै त हउमै कहै न कोइ ॥

૨. જુઓ 'જપજી'–૧૫ :—

मंने पावहि मोखु दुआरु, मंनै परवारै साधारु ।
मंनै तरै तारै गुरु सिख, मंनै नानक भवही न भिख ॥

શબ્દાર્થ

[साहु = શાહ; શાહુકાર. रासि = મૂડી; દોલત; બક્ષિસ. अमान = અમાનત; થાપણ. बहुरि = પાછી; પાછું. रोसु = રોષ; ગુસ્સો. परतीति = વિશ્વાસ. चउगुन = ચોગણું. निहालु = ન્યાલ.]

એ શાહુકાર પોતાની અઢળક મૂડી બક્ષ્યા કરે છે, તેથી (જીવો) ખાય-પીએ છે ને આનંદ-ઉલ્લાસમાં વર્તે છે. (૧)

પણ પોતે આપેલી થાપણ એ શાહુકાર થોડી પાછી લઈ લે છે, ત્યારે અજ્ઞાની (જીવ) મનમાં રોષ કરે છે. (૨)

એમ પોતાની શાખ હાથે કરીને તે ખુએ છે; અને પછી તેનો વિશ્વાસ કરવામાં આવતો નથી. (૩)

પ્રભુની વસ્તુઓ તેની આગળ (તે માગે ત્યારે) ધરી દેવી જોઈએ, અને તેની આજ્ઞા માથે ચડાવવી જોઈએ — (૪)

તો, હે નાનક, સાહેબ એવા દયાળુ છે કે, પહેલાં કરતાં આપણને તે ચાર ગણા ન્યાલ કરી મૂકે. (૫)

५ – ३

अनिक भाति माइआके हेत ।
सरपर होवत जानु अनेत ॥१॥
बिरखकी छाइआ सिउ रंगु लावै ।
ओह बिनसै उहु मनि पछुतावै ॥२॥
जो दीसै सो चालनहारु ।
लपटि रहिओ तह अंध अंधारु ॥३॥
बटाऊ सिउ जो लावै नेह ।
ताकउ हाथि न आवै केह ॥४॥

मन हरिके नामकी प्रीति सुखदाई ।
करि किरपा नानक आपि लए लाई ॥५॥

शब्दार्थ

[भाति = પ્રકાર. रंगु लावै = પ્રીતિ કરે. बटाऊ = વટેમાર્ગુ. लए = (લય) અનુરાગ – પ્રેમ – લગની.]

૫ – ૩

અનેક પ્રકારનાં માયાનાં હેત તારે માથે ચડી વાગ્યાં છે, તેમને અનિત્ય જાણ. (૧)

વૃક્ષની છાયા[1] સાથે પ્રીત કરે, તે તો ઝટ વણસે, પછી પસ્તાવાનું જ થાય ! (૨)

(જગતમાં) જે કંઈ દેખાય છે, તે બધું ચાલ્યું જનારું છે; તો પછી એ અંધારાને, હે મૂરખ શા માટે વળગી રહ્યો છે ? (૩)

વટેમાર્ગુ ઉપર જે પ્રીતિ કરે, તેના હાથમાં શું આવે ? (૪)

નાનક કહે છે, હે મન, હરિના નામ ઉપરની પ્રીતિ જ (સાચી) સુખદાયક છે; પરંતુ પ્રભુ પોતે કૃપા કરીને એ લગની લગાડે તો ! (૫)

૫ – ૪

मिथिआ तनु धनु कुटंबु सबाइआ ।
मिथिआ हउमै ममता माइआ ॥१॥

---

૧. વૃક્ષની છાયા જેમ સ્થિર રહેતી નથી, તેમ સ્થિર ન રહેનારા માયાના પદાર્થ ઉપર પ્રીત રાખે, તો તે ચાલ્યા જતાં પસ્તાવાનું જ થાય. –સંપા૦

मिथिआ राज जोबन धन माल ।
मिथिआ काम क्रोध बिकराल ॥२॥
मिथिआ रथ हसती अस्व बसत्रा ।
मिथिआ रंग संगि माइआ पेखि हसता ॥३॥
मिथिआ ध्रोह मोह अभिमानु ।
मिथिआ आपस ऊपरि करत गुमानु ॥४॥
असथिरु भगति साधकी सरन ।
नानक जपि जपि जीवै हरिको चरन ॥५॥

શબ્દાર્થ

[सबाइआ = સર્વ. आपस ऊपरि = જાત ઉપર. असथिरु = સ્થિર.]

૫ – ૪

તન, ધન, કુટુંબ – બધું મિથ્યા છે; અહંકાર, મમતા, માયા એ (પણ); (૧)

જમીન-જાગીર, યૌવન, ધન, માલમિલકત મિથ્યા છે; વિકરાળ કામ અને ક્રોધ (પણ); (૨)

રથ, હાથી, ઘોડા, વસ્ત્રો મિથ્યા છે; માયાના પદાર્થો અનુરાગ સાથે જોઈ જોઈને રાજી થવું, એ (પણ); (૩)

દ્રોહ, મોહ, અભિમાન મિથ્યા છે; પોતાની જાત ઉપર ગુમાન કરવું એ (પણ) મિથ્યા છે. (૪)

સાધુના શરણમાં રહીને કરેલી ભક્તિ જ સ્થિર છે; (તેથી) નાનક તો હરિના ચરણનો જપ જપતો જીવે છે. (૫)

આ ચોથા પદમાં કહે છે કે, “ તન, ધન, કુટુંબ, મમતા, માયા, દ્રોહ, મોહ, અભિમાન વગેરે બધું મિથ્યા છે. તેનાથી તારું

' कहू न सीझई ' – કશું રંધાવાનું નથી. સ્થિર માત્ર ભક્તિ, સાધુશરણ, નામજપ, અને હરિનાં ચરણ છે."

પાંચમા પદમાં એ જ મિથ્યાત્વ-ગાન આગળ ચાલે છે, ને અંતે ગુરુ કહે છે— ' 'बिनु बूझे मिथिआ सभ भए। सफल देह नानक हरि हरि नाम लए' —પ્રભુ સત્ય છે એ જાણ્યા વગર એ બધાનો તને ખપ જડનાર નથી; હરિનામ લે તો દેહ સફળ થશે.

५ – ५

मिथिआ स्रवन पर निंदा सुनहि ।
मिथिआ हसत पर दरब कउ हिरहि ॥१॥
मिथिआ नेत्र पेखत पर त्रिअ रूपाद ।
मिथिआ रसना भोजन अनस्वाद ॥२॥
मिथिआ चरन पर बिकार कउ धावहि ।
मिथिआ मन पर लोभु लुभावहि ॥३॥
मिथिआ तन नही पर उपकारा ।
मिथिआ बासु लेत बिकारा ॥४॥
बिनु बूझे मिथिआ सभ भए ।
सफल देह नानक हरि हरि नाम लए ॥५॥

શબ્દાર્થ

[स्रवन = કાન. हसत = હાથ. पर त्रिअ = પરસ્ત્રી. रसना = જીભ. अनस्वाद = અન્ય (પરમાત્મા સિવાયનો) સ્વાદ.]

૫ – ૫

જે કાન પારકાની નિંદા સાંભળે છે, તે મિથ્યા છે; તેવી જ રીતે પારકાનું દ્રવ્ય હરનારા હાથ પણ; (૧)

જે નેત્રો પરસ્ત્રીનાં રૂપ આદિ જુએ છે, તે મિથ્યા છે; તેવી જ રીતે અન્ય આસ્વાદ ભોગવનાર જીભ પણ. (૨)

પારકાને હાનિ કરવા દોડનાર પગ મિથ્યા છે; તેવી જ રીતે પારકાની ચીજોના લોભમાં લોભાનારું મન પણ. (૩)

જે શરીર વડે પર-ઉપકાર નથી થતો તે શરીર મિથ્યા છે; તે રીતે વિકાર-જનક સુગંધ ગ્રહણ કરનાર (નાક) પણ. (૪)

(તત્ત્વ) સમજ્યા વિના (તન-મન-ઇંદ્રિય આદિ) બધું મિથ્યા બની જાય છે; નાનક કહે છે કે, 'હરિ હરિ' એવું નામ લેનાર દેહ જ સફળ છે. (૫)

૩ : પારકાના દોષ પાછળ – પારકાનું અનિષ્ટ કરવા પાછળ જનારા પગ મિથ્યા છે.

[૪ : આ કડીમાં બાકી રહી જતી ઘ્રાણ-ઇંદ્રિય જ આવે છે, એમ માનવું જોઈએ.]

૫ – ૬

बिरथी साकतकी आरजा ।
साच बिना कह होवत सूचा ॥१॥
बिरथा नाम बिना तनु अंध ।
मुख आवत ताकै दुरगंध ॥२॥
बिनु सिमरन दिनु रैन बृथा बिहाइ ।
मेघ बिना जिउ खेती जाइ ॥३॥
गोबिद भजन बिनु बृथे सभ काम ।
जिउ किरपनके निरारथ दाम ॥४॥
धन्नि धन्नि ते जन जिह घटि बसिओ हरि नाउ ।
नानक ताकै बलि बलि जाउ ॥५॥

શબ્દાર્થ

[बिरथी = વૃથા – મિથ્યા. साकत = શાક્ત – શક્તિનો એટલે કે માયાનો ઉપાસક – દુરાચારી (૨) વામમાર્ગી, તાંત્રિક. आरजा = આયુષ્ય – જીવન. किरपन = કૃપણ–કંજૂસ. निरारथ = વ્યર્થ. धन्नि = ધન્ય. बलि बलि जाउ = ઓવારી જાઉં – જાતનું બલિદાન આપું.]

૫ – ૬

માયામાં ડૂબેલા (શાકત)નું આયુષ્ય ફોગટ છે; સાચ વિના તે શુદ્ધ[૧] શી રીતે થઈ શકે ? (૧)

નામ વિના શરીર પણ ફોગટ – અંધ બની જાય છે;–તેના મુખમાંથી દુર્ગંધ જ નીકળ્યા કરે. (૨)

નામ-સ્મરણ વિના દિવસ અને રાત ફોગટ જ વીતે છે;–વરસાદ વિના ખેતી જેમ (ફોગટ) જાય તેમ. (૩)

ગોવિંદના ભજન વિનાનાં સૌ કામ ફોગટ જ જાય છે;– કંજૂસનું ધન જેમ ફોગટ હોય છે તેમ.[૨] (૪)

તે માણસને જ ધન્ય છે – ધન્ય છે, જેના ઘટમાં હરિનું નામ વસે છે; નાનક તેની ઉપર જાતને ઓવારી નાખે છે. (૫)

૫ – ૭

रहत अवर कछु अवर कमावत ।
मनि नही प्रीति मुखहु गंढ लावत ॥१॥
जाननहार प्रभू परबीन ।
बाहरि भेख न काहू भीन ॥२॥

---

૧. સૂચાનો અર્થ 'સચિયાર' સત્યનિષ્ઠ એવો પણ લઈ શકાય. –સંપા૦

૨. એ ધનનો કશો ઉપયોગ તેને પોતાને કે બીજાને નથી. તે જમીનમાં સંઘરાયેલું નકામું જ પડી રહે છે.—સંપા૦

अवर उपदेसै आपि न करै ।
आवत जावत जनमै मरै ॥३॥
जिसकै अंतरि बसै निरंकारु ।
तिसकी सीख तरै संसारु ॥४॥
जो तुम भाने तिन प्रभु जाता ।
नानक उन जन चरन पराता ॥५॥

શબ્દાર્થ

[गंढ = ઉપર ઉપરથી દેખાડ. परबीन = પ્રવીણ; ચતુર. भीन = ભીનો થયેલો - અંતર પ્રજળ્યું હોય તેવો. भाने = ભાવ કરે (૨) ગમે; પસંદ આવે. जाता = જાણ્યો. पराता = પહેચાને; ઓળખે.]

૫ - ૭

બહાર રહે છે જુદી રીતે, અને કરણી બીજી રીતની કરે છે;[૧] મનમાં (પરમાત્મા પ્રત્યે) પ્રીતિ નથી અને મોંએ વાતોનો દેખાડ કરે છે. (૧)

પણ પ્રભુ ચતુર છે - જાણી લે છે કે, વેષ બહારનો જ છે, અંદર કયાંય (પોતે) ભીનો થયો નથી.[૨] (૨)

બીજાને ઉપદેશે છે, પણ જાતે તેમ આચરતો નથી; અને એમ જન્મ-મરણ (-ના ચકરાવા-) માં આવે છે ને જાય છે. (૩)

જેના અંતરમાં નિરાકાર (પ્રભુ) વસે છે, તેવાના ઉપદેશથી સંસાર (આખો) તરી જાય. (૪)

---

૧. મૂળ कमावत = કમાણી જુદી કરે છે - કર્મ જુદી રીતનાં કરે છે. —સંપા૦

૨. બહારના વેશથી પરમાત્મા જરાય પલળતો નથી - એવો અર્થ પણ લેવાય છે.—સંપા૦

હે પ્રભુ, તમે જેના ઉપર ભાવ રાખો[1], તે જ (તમને) જાણી શકે; હે નાનક, તેવો માણસ જ (પ્રભુના) ચરણને પિછાને. (૫)

૫ – ૮

करउ बेनतो पारब्रहमु सभु जानै ।
अपना कीआ आपहि मानै ॥१॥
आपहि आप आपि करत निबेरा ।
किसै दूरि जनावत किसै बुझावत नेरा ॥२॥
उपाव सिआनप सगलते रहत ।
सभु कछु जानै आतमकी रहत ॥३॥
जिसु भावै तिसु लए लड़ लाइ ।
थान थनंतरि रहिआ समाइ ॥४॥
सो सेवकु जिसु किरपा करी ।
निमख निमख जपि नानक हरी ॥५॥

શબ્દાર્થ

[मानै = સંમાને – આદર કરે. निबेरा = નિવેડો–ફેંસલો. नेरा = નજીક – પાસે. रहत = રહિત – વિનાનો. रहत = રહેણી – વર્તન. भावै= ખુશ થાય. लए लड़ लाइ = પોતાની સાથે જોડી દે. थान थनंतर = સ્થાન-સ્થાનાંતર – સઘળે સ્થળે. निमख निमख = દરેક નિમિષે – હરક્ષણ.]

---

૧. જેઓ તમને પસંદ આવે, તેઓ જ, હે પ્રભુ, તમને જાણી શકે – એવો અર્થ છે. મૂળ પદ્યમાં આ પ્રમાણે અર્થ પણ સૂચિત કર્યો છે : હે પ્રભુ જે તને ગમે (તું જેને બહાલ રાખે છે,) તે જ તને જાણી શકે.-સંપા૦

૫ – ૮

હું પારબ્રહ્મ – પરમાત્માને વિનંતી કરું છું;– પણ તે તો બધું જ જાણે છે : પોતે કરેલું બધું પોતે પરમાણે છે.[૧] (૧)

પોતે આપમેળે જ એ બાબતનો ફેંસલો આપે છે[૨] કે, કોને દૂર લાગવું અને કોને પાસે જણાવું. (૨)

બધી યુક્તિ–પ્રયુક્તિઓ કે ચાલાકીઓ તું છોડી દે;[૩] કારણ કે, જીવની બધી કરણી તે જાણે છે. (૩)

જેના ઉપર તે ખુશ થાય, તેને તે પોતાની સાથે જોડી દે છે. તે સર્વ સ્થળે સમાઈ રહેલા છે. (૪)

જેના ઉપર તેમની કૃપા કરે તે જ તેમનો સેવક થાય; હે નાનક, તું પણ હર ક્ષણે તેમનું નામ જપ. (૫)

---

૧. મૂળ : आपहि मानै = અનુમોદન આપવું – પસંદ રાખવું. તેણે સૃષ્ટિ રચી છે ને તે તેને ચલાવે છે, એવો ભાવ છે.

૨. आपहि आप आपि करत निबेरा એ લીટી સ્વતંત્ર ગણી એવો અર્થ પણ લેવાય કે, કર્મનાં ફળનો ફેંસલો તે જ આપે છે.

૩. એવો અર્થ પણ કરાય કે, 'કશી યુક્તિ પ્રયુક્તિ વગર જ તે અંતર્યામી પ્રભુ જીવનું સૌ જાણે છે.

असटपदी ६

सलोकु

काम क्रोध अरु लोभ मोह
बिनसि जाइ अहंमेव ।
नानक प्रभ सरणागती
करि प्रसादु गुरदेव ॥६॥

શબ્દાર્થ

[अहंमेव = (હું જ છું એવો) અહંકાર.]

અષ્ટપદી ૬

શ્લોક

મારા કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર વિનાશ પામી જાય (એમ કરો !)—

નાનક કહે છે, હે પ્રભુ, હું તમારો શરણાગત છું; ગુરુદેવ, મારા ઉપર કૃપા કરો ! [૬]

પ્રભુને જ 'જપજી'ના ધ્યાનમંત્રમાં 'સ્વયંભૂ' વગેરે વિશેષણો લગાડવા સાથે 'ગુરુ' કહીને સંબોધ્યા છે. યોગસૂત્રમાં પણ ઈશ્વરને गुरूणां गुरुः કહ્યા છે.

છઠ્ઠી અષ્ટપદીમાં પાછા જીવ પર પ્રભુના અપાર ઉપકાર ગણાવે છે. વિધવિધ લોકોને ઉદ્દેશીને એ કહ્યા છે. અંતે પાછી પ્રપત્તિ ઉપદેશે છે – जिह प्रसादि तूं पावहि साचु, रे मन मेरे तूं ता सिउ राचु

(૬–૭); અને પછીના છેલ્લા પદમાં (૬–૮) પ્રભુ–પ્રસાદનો મહિમા ગાઈ, ઉદ્બોધનની ત્રણ અષ્ટપદીઓ (૪–૫–૬) સમાપ્ત કરી છે.[1]

६ – १

जिह प्रसादि छत्तीह अंमृत खाहि ।
तिसु ठाकुर कउ रखु मन माहि ॥१॥
जिह प्रसादि सुगंधत तनि लावहि ।
तिस कउ सिमरत परमगति पावहि ॥२॥
जिह प्रसादि बसहि सुख मंदरि ।
तिसहि धिआइ सदा मन अंदरि ॥३॥
जिह प्रसादि गृह संगि सुख बसना ।
आठ पहर सिमरहु तिसु रसना ॥४॥
जिह प्रसादि रंग रस भोग ।
नानक सदा धिआईऐ धिआवन जोग ॥५॥

શબ્દાર્થ

[छत्तीह अंमृत = છત્રીસ પ્રકારની વાનીઓ. मंदरि = ઘરમાં. गृह = ઘરકુટુંબ. रसना = જીભે. धिआवन जोग = ધ્યાન કરવા યોગ્ય.]

૬ – ૧

જેમની કૃપાથી તને છત્રીસ રસ જમવા મળે છે, તે ઠાકુરને મનમાં રાખ. (૧)

જેમની કૃપાથી શરીરે સુગંધો લગાવે છે, તેમનું સ્મરણ કર, જેથી તું પરમગતિ પામે. (૨)

---

૧. શીખ-ભક્તિમાં જીવને ઉદ્બોધનની જે ખાસિયત છે, તે વિચારતાં એક બીજી વાત તરફ વળવાની જરૂર છે, જોકે 'સુખમની'માં એ વિષયને નથી અડકવામાં આવ્યો. એ માટે જુઓ પુસ્તકને અંતે પરિશિષ્ટ–૧ 'શીખ ઉદ્બોધનની વિશિષ્ટતા'.

જેમની કૃપાથી ઘરમાં સુખે વસી શકે છે, તેમનું સદા મનમાં ધ્યાન ધર. (૩)

જેમની કૃપાથી ઘર-કુટુંબ સાથે સુખે વસે છે, તેમનું સ્મરણ જીભ વડે આઠે પહોર કર્યા કર. (૪)

જેમની કૃપાથી (વિવિધ) રંગ અને રસ ભોગવે છે, તેવા નિરંતર ધ્યાન કરવા યોગ્ય પરમાત્માનું, હે નાનક, સદા ધ્યાન ધર ! (૫)

६ – २

जिह प्रसादि पाट पटंबर हढावहि ।
तिसहि तिआगि कत अवर लुभावहि ॥१॥
जिह प्रसादि सुखि सेज सोईजै ।
मन आठ पहर ताका जसु गावीजै ॥२॥
जिह प्रसादि तुझु सभु कोऊ मानै ।
मुखि ताको जसु रसन बखानै ॥३॥
जिह प्रसादि तेरो रहता धरमु ।
मन सदा धिआइ केवल पारब्रहमु ॥४॥
प्रभजी जपत दरगह मानु पावहि ।
नानक पति सेती घरि जावहि ॥५॥

શબ્દાર્થ

[पाट पटंबर = રેશમી ચીર-વસ્ત્ર. हढावहि = પહેરે છે. कत = શા માટે ? सेज = શય્યા. जसु = યશ–ગુણ. रसन = રસના વડે – જીભ વડે. पति सेती = આબરૂભેર – સંમાન સાથે.]

૬ – ૨

જેમની કૃપાથી (તું) રેશમી ચીર-વસ્ત્ર પહેરે છે, તેમને તજીને શા માટે બીજામાં લોભાય છે? (૧)

જેમની કૃપાથી સુખ-શય્યામાં સૂઈ શકે છે, હે મન[1], તું આઠે પહોર તેમના ગુણ જ ગા! (૨)

જેમની કૃપાથી તને સૌ કોઈ સંમાને છે, તેમના ગુણ મોંએ અને જીભે રટયા કર! (૩)

જેમની કૃપાથી તારા ધર્મનું પાલન થઈ શકે છે, તે કેવળ પરબ્રહ્મનું હે મન, સદા ધ્યાન ધર. (૪)

નાનક કહે છે કે, પ્રભુજીને જપવાથી તેમના દરબારમાં તું માન પામશે; અને (એમ) આબરૂભેર સ્વધામ જઈ શકશે. (૫)

६ – ३

जिह प्रसादि आरोग कंचन देही ।
लिव लावहु तिसु राम सनेही ।।१।।
जिह प्रसादि तेरा ओला रहत ।
मन सुखु पावहि हरि हरि जसु कहत ।।२।।
जिह प्रसादि तेरे सगल छिद्र ढाके ।
मन सरनी परु ठाकुर प्रभ ताकै ।।३।।
जिह प्रसादि तुझु को न पहूचै ।
मन सासि सासि सिमरहु प्रभ ऊचे ।।४।।

---

૧. મનને સંબોધન ગણવાને બદલે 'મનમાં (ગુણ ગા, યાદ કર)' એવો અર્થ પણ લઈ શકાય.—સંપા૦

जिह प्रसादि पाइ दुर्लभ देह ।
नानक ताकी भगति करेह ॥५॥

શબ્દાર્થ

[आरोग = નીરોગી. कंचन = સોના જેવું. लिव लावहु = લગની લગાવ. ओला = પડદો, માઝા (૨) ગુપ્ત ભેદ. दुलभ = દુર્લભ.]

૬ – ૩

જેમની કૃપાથી તારું શરીર નીરોગી અને કંચન જેવું છે, તે રામ–પરમાત્મામાં પ્રીતિપૂર્વક લગની લગાવ. (૧)

જેમની કૃપાથી તારી શરમ ઢંકાઈ રહે છે, તે હરિના ગુણ ગાવાથી, હે મન, તું સુખ પામીશ. (૨)

હે મન, જેમની કૃપાથી તારાં બધાં છિદ્ર ઢંકાઈ રહે છે, તે પ્રભુ-ઠાકુરને શરણે જા! (૩)

જેમની કૃપાથી તને કોઈ આંબી શકતું નથી, તે ઊંચા પ્રભુને, હે મન, તું શ્વાસે શ્વાસે યાદ કર. (૪)

જેમની કૃપાથી તેં દુર્લભ દેહ મેળવ્યો છે, તેમની ભક્તિ, હે નાનક, તું કર્યા કર. (૫)

६ – ४

जिह प्रसादि आभूखन पहिरीजै ।
मन तिसु सिमरत किउ आलसु कीजै ॥१॥
जिह प्रसादि अस्व हसति असवारी ।
मन तिसु प्रभ कउ कबहू न बिसारी ॥२॥
जिह प्रसादि बाग मिलख धना ।
राखु परोइ प्रभु अपुने मना ॥३॥

जिनि तेरी मन बनत बनाई ।
ऊठत बैठत सद तिसहि धिआई ॥४॥
तिसहि धिआइ जो एकु अलखै ।
ईहा ऊहा नानक तेरी रखै ॥५॥

શબ્દાર્થ

[आभूखन = આભૂષણ; ઘરેણાં. मिलख = જમીન–જાગીર. बनत = રચના. अलखै = અલખ–અજ્ઞેય.]

૬ – ૪

જેમની કૃપાથી તું આભૂષણ પહેરે છે, હે મન, તેમને સ્મરતાં કેમ આળસ કરે છે? (૧)

જેમની કૃપાથી તને હાથી–ઘોડાની અસવારી કરવાની મળે છે, તે પ્રભુને, હે મન, કદી વિસારીશ નહીં. (૨)

જેમની કૃપાથી બાગ–બગીચા, જાગીર–વજીફા અને ધન–દોલત તને મળ્યાં છે, તે પ્રભુને પોતાના મનમાં જ પરોવી રાખ. (૩)

જે પ્રભુએ તારી રચના કરી છે, હે મન, તેમનું ઊઠતાં-બેસતાં સદૈવ ધ્યાન ધર. (૪)

એક અને અલખ એવા પરમાત્માનું, હે નાનક, (નિરંતર) ધ્યાન ધર, જે આ લોકમાં અને પરલોકમાં તારું રક્ષણ કરે છે. (૫)

६ – ५

जिह प्रसादि करहि पुन्न बहु दान ।
मन आठ पहर करि तिसका धिआन ॥१॥

जिह प्रसादि तू आचार बिउहारी ।
तिसु प्रभ कउ सासि सासि चितारी ॥२॥
जिह प्रसादि तेरा सुन्दर रूपु ।
सो प्रभु सिमरहु सदा अनूपु ॥३॥
जिह प्रसादि तेरी नीकी जाति ।
सो प्रभु सिमरि सदा दिन राति ॥४॥
जिह प्रसादि तेरी पति रहै ।
गुरप्रसादि नानक जसु कहै ॥५॥

શબ્દાર્થ

[चितारी = સંભાર, યાદ કર. अनूपु = અનુપમ. नीकी = ઉત્તમ. पति = પત – આબરૂ.]

૬ – ૫

જેમની કૃપાથી તું બહુ પુણ્ય-દાન કરી શકે છે, તે પ્રભુનું ધ્યાન, હે મન, આઠે પહોર કર્યા કર. (૧)

જેમની કૃપાથી તું આચાર-વ્યવહારી[1] બની શકયો છે, તે પ્રભુને શ્વાસે શ્વાસે યાદ કર. (૨)

જેમની કૃપાથી તને સુંદર રૂપ મળ્યું છે, તે અનુપમ પ્રભુને તું સદા સ્મર્યા કર. (૩)

જેમની કૃપાથી તને ઉત્તમ (મનુષ્ય) જાતિ પ્રાપ્ત થઈ છે, તે પ્રભુને દિવસ-રાત સદા યાદ કર. (૪)

નાનક કહે છે કે, જેમની કૃપાથી તારી આબરૂ જળવાઈ રહે છે, તે પ્રભુના યશ ગુરુની કૃપાથી ગાયા કર.[2] (૫)

---

૧. કુલાચાર-દેશાચાર વગેરેનો; અથવા યોગ્ય વ્યવહાર કરી શકનારો – પાલન કરી શકનારો; અથવા 'આચાર' એટલે લૌકિક આચાર બરાબર પાર પાડનારો.—**સંપા૦**

૨. તેમનું ચિંતન-મનન-ધ્યાન ધર્યા કર. –**સંપા૦**

६ - ६

जिह प्रसादि सुनहि करन नाद ।
जिह प्रसादि पेखहि बिसमाद ॥१॥
जिह प्रसादि बोलहि अंमृत रसना ।
जिह प्रसादि सुखि सहजे बसना ॥२॥
जिह प्रसादि हसत कर चलहि ।
जिह प्रसादि संपूरन फलहि ॥३॥
जिह प्रसादि परम गति पावहि ।
जिह प्रसादि सुखि सहजि समावहि ॥४॥
ऐसा प्रभु तिआगि अवर कत लागहु ।
गुरप्रसादि नानक मनि जागहु ॥५॥

શબ્દાર્થ

[करन = કર્ણ – કાન. पेखहि = પેખે – જુએ. बिसमाद = વિસ્મયકારક ચીજ. रसना = જીભે.]

૬ – ૬

જેમની કૃપાએ (તું) કાન વડે (સંગીતના મધુર) અવાજો સાંભળે છે, તથા (આંખ વડે) વિસ્મયકારક અચરજો જુએ છે— (૧)

જેમની કૃપાથી જીભ વડે મીઠા રસનો બોલ[૧] બોલી શકે છે, તથા સુખ અને ચેનમાં વસી શકે છે — (૨)

જેમની કૃપાથી તારા હાથ કામ-કાજ પાર પાડી શકે છે,[૨] તથા તું પોતે સંપૂર્ણ ફળીફૂલી શકે છે[૩]— (૩)

---

૧. મૂળ 'अंमृत'.

૨. મૂળ 'हसत कर चलहि' હસીને — ખુશ થઈ ને — કામકાજ કરી શકે છે, એવો અર્થ પણ થાય.—**સંપા૦**

૩. સફળ નીવડી શકે છે, એવો ભાવ છે.—**સંપા૦**

જેમની કૃપાએ તું પરમગતિ પામી શકે છે, તથા સહજ સુખમાં[1] સમાઈ શકે છે— (૪)

એવા પ્રભુને ત્યાગી બીજા બધામાં શા માટે લાગે છે? નાનક કહે છે, ગુરુની કૃપાએ મનથી જાગ્રત થા (અને પ્રભુ-ભક્તિમાં લાગી જા). (૫)

६ – ७

जिह प्रसादि तूं प्रगटु संसारि ।
तिसु प्रभु कउ मूलि न मनहु बिसारि ॥१॥
जिह प्रसादि तेरा प्रतापु ।
रे मन मूड़ तू ताकउ जापु ॥२॥
जिह प्रसादि तेरे कारज पूरे ।
तिसहि जानु मन सदा हजूरे ॥४॥
जिह प्रसादि तूं पावहि साचु ।
रे मन मेरे तूं ता सिउ राचु ॥४॥
जिह प्रसादि सभकी गति होइ ।
नानक जापु जपै जपु सोइ ॥५॥

શબ્દાર્થ

[प्रगटु = વિખ્યાત, જાણીતો. हजूरे = હાજરાહજૂર, નજર સમક્ષ. पावहि પામે. राचु = રાચ – રચ્યોપચ્યો રહે.]

૬ – ૭

જેમની કૃપાથી તું સંસારભરમાં વિખ્યાત થયો છે, તે પ્રભુને તું મનમાંથી મૂળે ન વિસારીશ. (૧)

૧. સ્વાભાવિક – નિજ અવસ્થાનું – સહજ સમાધિનું સુખ.—સંપા૦

જેમની કૃપાથી તારો (જગતમાં) પ્રતાપ છે, હે મૂઢ મનડા, તું તેમનો જપ જપ્યા કર. (૨)

જેમની કૃપાથી તારાં બધાં કાર્યો પૂરાં થાય છે, તેમને, હે મન, તું સદા હાજરાહજૂર રાખ.[1] (૩)

જેમની કૃપાથી તું સત્ય પામી શકે છે, હે મારા મનડા, તું તેમનામાં જ રચ્યોપચ્યો રહે. (૪)

જેમની કૃપાથી સૌની ગતિ થાય છે, તેમનો, નાનક જાપ જપે છે. તે જ (સત્ય) છે, તેમનો જ જપ કર ! (૫)

६ – ८

आपि जपाए जपै सो नाउ ।
आपि गावाए सु हरि गुन गाउ ॥१॥
प्रभ किरपाते होइ प्रगासु ।
प्रभू दइआते कमल बिगासु ॥२॥
प्रभ सुप्रसन्न बसै मनि सोइ ।
प्रभ दइआते मति ऊतम होइ ॥३॥
सरब निधान प्रभ तेरी मइआ ।
आपहु कछू न किनहू लइआ ॥४॥
जितु जितु लावहु तितु लगहि हरि नाथ ।
नानक इनकै कछू न हाथ ॥५॥

શબ્દાર્થ

[आपि = આપ – પોતે પરમાત્મા. आपि गावाए = (૧) પોતે ગવરાવે (૨) આપ – અહંકાર ગુમાવાય. प्रगासु = પ્રકાશ; જ્ઞાનપ્રકાશ.

૧. હાજરાહજૂર જાણ. અર્થાત્ કદી ન ભૂલ.––સંપા૦

कमल बिगासु = કમળ વિકસે – હૃદયકમળ પ્રફુલ્લ થાય. निधान = નિધિ – ભંડાર. मइआ વહાલ – કૃપા. किनहू = કોઈએ, કોઈ વડે. लगहि = કામમાં લાગે છે – કામ કરે છે.]

૬ – ૮

પોતે પરમાત્મા જેની પાસે નામ જપાવે, તે જ તેમનું નામ જપે; તે પોતે જેની પાસે ગવરાવે તે જ હરિના ગુણ ગાય. (૧)

પ્રભુની કૃપા હોય તો પ્રકાશ પ્રાપ્ત થાય; અને પ્રભુની દયા હોય તો હૃદયકમળ વિકસે (૨)

પ્રભુ પ્રસન્ન થાય તો જ એ મનમાં આવીને વસે; પ્રભુની દયાથી બુદ્ધિ ઉત્તમ થાય. (૩)

હે પ્રભુ, તારી કૃપા જ સર્વ ભંડાર રૂપ છે; (જીવ) પોતાની મેળે તો કાંઈ મેળવી શકતો નથી. (૪)

હે હરિ! હે નાથ! જે જે કામમાં તું લગાડે, તે કામમાં માણસો લાગે છે; નાનક કહે છે કે, તેમના હાથમાં તો કશું નથી. (૫)

આમ ચાર – પાંચ – અને છ એ ત્રણ અષ્ટપદીઓ જીવને ઉદ્બોધનની આવી. ત્યાર પછીની સાત – આઠ - અને નવ એ ત્રણ અષ્ટપદીઓમાં સત્સંગમહિમા અને સાધુનાં લક્ષણ — 'સાધજનાકી અચરજ કથા' – ગુરુ વર્ણવે છે. એમને આપણે सत्संगत्रिक કહી શકીએ.

સત્સંગની સ્તુતિ એકેએક ધર્મમાં એક યા બીજી રીતે કરેલી જોવામાં આવશે. શીખ ધર્મમાં તેને ધર્મજીવનના પાયારૂપ બનાવ્યો

છે. શીખ ધર્મનો અર્થ જ શિષ્ય-ધર્મ થાય. અને શિસ્ત વિના શિષ્યત્વ કેવું[1] ?

શિષ્યત્વની આ સાધના દ્વારા સાધક સેવાશક્તિ કેળવે, શુશ્રૂષુ બને, નમ્ર બને, ધાર્મિક જીવન માટે જરૂરી ગુણો શીખે, અને સાચું નામસ્મરણ શું એ જાણે અને તે કરવાને શક્તિ મેળવે. ગુરુ કહે છે,

'साधकी सोभा साध बनिआई ।
नानक साध प्रभ भेदु न भाई ॥७ : ८॥

---

૧. ગુરુ નાનક પણ પોતાને કોઈ કાલ્પનિક આદર્શ ગુરુના શિષ્ય તરીકે ઓળખાવતા અને તેણે ઉપદેશેલા ધર્મને પોતે અનુસરે છે, એમ કહેતા. [જૂઓ યોગસૂત્રમાં પ્રભુ એટલે 'पूर्वेषामपि गुरुः' [પાતં૦ ૧–૨૬] એ વ્યાખ્યા.

असटपदी ७

सलोकु

अगम अगाधि पारब्रहमु सोइ
जो जो कहै सु मुकता होइ ।
सुनि मीता नानकु बिनवंता
साध जनाकी अचरज कथा ॥७॥

શબ્દાર્થ

[अगम = અગમ્ય, અજ્ઞેય. कहै = (તેના) ગુણ ગાય, (નામ) જપે. अचरज कथा = નવાઈ પમાડે તેવી હકીકત – વર્ણન.]

શ્લોક

પરબ્રહ્મ-પરમાત્મા અગમ્ય અને અગાધ છે; તેમનું ગુણગાન જે કરે, તે મુક્ત થાય.

નાનક વિનંતી કરીને કહે છે, હે મિત્ર, તું સંત જનોની નવાઈ પમાડે તેવી ગાથા સાંભળ. [૭]

એક વેળા કુરુક્ષેત્રમાંથી નીકળતાં ગુરુ નાનકે બોધ આપતાં કહ્યું, 'નામસ્મરણ કરવાની સાથે બીજા ચાર માર્ગ છે, જેમાંના કોઈ દ્વારા માણસ ઈશ્વરને ઓળખી શકે. પહેલો સત્સંગ, બીજો સત્ય, ત્રીજો સંતોષ અને ચોથો ઇંદ્રિયો પર સંયમ. માણસ સંન્યાસી હોય કે ગૃહસ્થ, આમાંથી કોઈ એક દ્વારા એ ઈશ્વરને ખોળી શકશે. આમાંથી નામસ્મરણ, જે તો દરેક સાધનામાં હોવું જ જોઈએ, એ વિશે આપણે જોઈ ગયા. સાતમી અષ્ટપદીમાં સત્સંગમહિમા ગાય છે. (એ જ વસ્તુ બીજી રીતે, બીજા ભાવથી આગળ ૧૩મી અષ્ટપદીમાં પણ ગાય છે.) આ અષ્ટપદીઓમાંથી આપણને સત્સંગ

એટલે શું, તેનું સાધનામાં મહત્ત્વ, સાધકને તેની જરૂર, વગેરે સમજવા મળે છે. આખા ગ્રંથમાં એને અંગે છૂટાછવાયા પડેલા ઉલ્લેખો તો વાચક પોતાની મેળે જોઈ શકશે. ગીતાના શ્રેષ્ઠ પુરુષનાં વર્ણન સાથે આ લક્ષણો વાચક સરખાવે તો રસમય થયા વગર નહીં રહે.

૭ – १

साधकै संगि मुख ऊजल होत ।
साध संगि मलु सगली खोत ॥१॥
साधकै संगि मिटै अभिमानु ।
साधकै संगि प्रगटै सुगिआनु ॥२॥
साधकै संगि बुझै प्रभु नेरा ।
साध संगि सभु होत निबेरा ॥३॥
साधकै संगि पाए नाम रतनु ।
साधकै संगि एक ऊपरि जतनु ॥४॥
साधकी महिमा बरनै कउनु प्रानी ।
नानक साधकी सोभा प्रभ माहि समानी ॥५॥

શબ્દાર્થ

[ऊजल = ઊજળું, તેજસ્વી. मलु = મળ – મેલ – વિકાર. सुगिआनु = સુ – જ્ઞાન, સાચું જ્ઞાન. नेरा = નજીક. निबेरा = નિવેડો, છુટકારો. जतनु = જતન, પ્રયત્ન.]

૭ – ૧

સત્પુરુષના સંગમમાં મુખ તેજસ્વી બને; અને બધા મળ ધોવાય;[1] (૧)

---

૧. મૂળ : ખોવાય.

સત્પુરુષના સંગમાં અભિમાન મટે; અને સાચી સમજ પ્રગટે; (૨)

સત્પુરુષના સંગમાં પ્રભુ નજીક સમજાય અને બધી બાબતનો (સંશયોનો કે દુઃખોનો) નિવેડો આવે; (૩)

સત્પુરુષના સંગમાં જ (પરમાત્માના) નામ રૂપી રત્ન મળે; અને એ એક (પરમાત્માને પહોંચવાના માર્ગ) ઉપર યત્ન મંડાય; (૪)

સત્પુરુષનો મહિમા કોણ વર્ણવી શકે? નાનક કહે છે કે, સત્પુરુષની સ્તુતિ,[1] પ્રભુ (ની સ્તુતિ)માં સમાઈ જાય છે.[2] (૫)

७ – २

साधकै संगि अगोचरु मिलै ।
साधकै संगि सदा परफुलै ॥१॥
साधकै संगि आवहि बसि पंचा ।
साध संगि अंमृत रसु भुंचा ॥२॥
साध संगि होइ सभकी रेन ।
साधकै संगि मनोहरि बैन ॥३॥
साधकै संगि न कतहुं धावै ।
साध संगि असथिति मनु पावै ॥४॥
साधकै संगि माइआते भिन्न ।
साध संगि नानक प्रभ सुप्रसन्न ॥५॥

---

૧. મૂળ : શોભા.

૨. અર્થાત્ પ્રભુની સ્તુતિની સમાન જ છે.—સંપા૦

શબ્દાર્થ

[अगोचरु = મન – વાણીથી પર એવું, ઇન્દ્રિયાતીત. परफुलै = પ્રફુલ્લ રહે. बसि आवहि = વશ આવે, કાબૂમાં આવે. पंचा = પાંચ ઇંદ્રિયો – કામનાઓ – વિષયો. भुंचा = ભોગવે, સ્વાદ લે. बैन = વાણી. असथिति = સ્થિતિ – સ્થિરતા. माइआ = માયા.]

૭ – ૨

સત્પુરુષના સંગમાં અગમ્ય વસ્તુ પણ સમજાઈ જાય; અને અંતર સદા પ્રફુલ્લિત રહે; (૧)

સત્પુરુષના સંગમાં પાંચ (શત્રુઓ)[૧] વશમાં આવે; અને (નામસ્મરણનો) અમૃતરસ ભોગવાય; (૨)

સત્પુરુષના સંગમાં (અભિમાન ગળી જતાં) માણસ પોતાને સૌની ચરણરજ જેવો માનવા લાગે;–તેવા માણસની વાણી મનોહર બની રહે; (૩)

સત્પુરુષના સંગમાં મન ક્યાંય દોડ્યા વિના નિશ્ચલ બને; (૪)

સત્પુરુષના સંગમાં (માણસ) માયાથી અલગ બનતાં, હે નાનક, તેના ઉપર પ્રભુ સુપ્રસન્ન થાય. (૫)

૭ – ૩

साध संगि दुसमन सभि मीत ।
साधूकै संगि महा पुनीत ॥१॥
साध संगि किस सिउ नही बैरु ।
साधकै संगि न बीगा पैरु ॥२॥
साधकै संगि नाही को मंदा ।
साध संगि जाने परमानंदा ॥३॥

---

૧. કામ, ક્રોધ, લોભ, મદ, મોહ – એ પંચરિપુ.

साधकै संगि नाही हउ तापु ।
साधकै संगि तजै सभु आपु ॥४॥
आपे जानै साध बडाई ।
नानक साध प्रभू बनिआई ॥५॥

શબ્દાર્થ

[बीगा = અડોઅવળો પડેલો, વિપથગામી. पैरु = પગ. मन्दा દુષ્ટ, દુર્જન. हउ तापु = અહંરૂપી તાવ. आपु = પોતાપણું, પરમાત્માથી જુદાપણું, જીવપણું. बडाई = વડાઈ, મોટાઈ, મહિમા. बनिआई = (બંને વચ્ચે) મેળ જામે છે.]

૭ – ૩

સત્પુરુષના સંગમાં બધા દુશ્મનો મિત્ર બની જાય;– સત્પુરુષના સંગથી (ગમે તેવો દુષ્ટ પણ) મહા પવિત્ર બની રહે; (૧)

સત્પુરુષના સંગમાં કોઈની સાથે વેર રહે નહિ;– અને પગ આડોઅવળો ન પડે; (૨)

સત્પુરુષના સંગમાં કોઈ દુષ્ટ રહે નહિ; અને પરમાનંદ (પરમાત્મા) નું જ્ઞાન થાય; (૩)

સત્પુરુષના સંગમાં અહં રૂપી તાવ દૂર થતાં સર્વ પ્રકારનું પોતાપણું કે જીવપણું દૂર થાય; (૪)

સત્પુરુષનો મહિમા પરમાત્મા જ જાણે છે; હે નાનક, સત્પુરુષ અને પરમાત્મા એ બે વચ્ચે પૂરો મેળ હોય છે. (૫)

૭ – ૪

साधकै संगि न कबहु धावै ।
साधकै संगि सदा सुखु पावै ॥१॥

साध संगि बसतु अगोचर लहै ।
साधूके संगि अजरु सहै ॥२॥
साधकै संगि बसै थानि ऊचै ।
साधूकै संगि महलि पहूचै ॥३॥
साधकै संगि द्रिड़ै सभि धरम ।
साधकै संगि केवल पारब्रहम ॥४॥
साधकै संगि पाए नाम निधान ।
नानक साधूकै कुरबान ॥५॥

શબ્દાર્થ

[लहै = સમજે, જ્ઞાન પામે. अजरु = અસહ્ય. महलि = (પર-માત્માના) ધામમાં.]

૭ – ૪

સત્પુરુષના સંગમાં (મન) બીજે ક્યાંય દોડ્યા કરે નહિ; સત્પુરુષના સંગથી સદા સુખ પામે; (૧)

સત્પુષના સંગમાં અગોચર વસ્તુનું પણ જ્ઞાન થાય; અને અસહ્ય (દુઃખ કષ્ટ) પણ સહન થઈ શકે; (૨)

સત્પુરુષના સંગથી ઊંચું સ્થાન પ્રાપ્ત કરે;–અરે. ભગવાનનું ધામ જ પામે; (૩)

સત્પુરુષના સંગમાં બધા ધર્મ-નિયમ દૃઢ થાય;–અને કેવળ પરબ્રહ્મની લગની લાગે; (૪)

સત્પુરુષના સંગમાં નામ રૂપી નિધિ પ્રાપ્ત થાય; નાનક તો સત્પુરુષ ઉપર ઓવારી જાય છે. (૫)

७ – ५

साधकै संगि सभ कुल उधारै ।
साध संगि साजन मीत कुटम्ब निसतारै ॥१॥
साधूके संगि सो धनु पावै ।
जिसु धनते सभुको वरसावै ॥२॥
साधसंगि धरमराइ करे सेवा ।
साधकै संगि सोभा सुरदेवा ॥३॥
साधूकै संगि पाप पलाइन ।
साधसंगि अंमृत गुन गाइन ॥४॥
साधकै संगि स्रब थान गम्मि ।
नानक साधकै संगि सफल जनम्म ॥५॥

શબ્દાર્થ

[साजन = પ્રેમીજન. निसतारे = નિસ્તાર – મોક્ષ કરાવે. पलाइन = પલાયન કરી જાય. गाइन = કીર્તન કરે – ગાય. स्रब = સર્વ. गम्मि = જઈ શકે – જાય.]

૭ – ૫

સત્પુરુષની સોબત કરવાથી (પોતાના) આખા કુળનો ઉદ્ધાર થાય છે;–સગાંસંબંધી, મિત્ર, કુટુંબ સૌનો મોક્ષ સધે છે. (૧)

સત્પુરુષના સંગથી એવું ધન પ્રાપ્ત થાય છે, જે વડે સૌને તૃપ્ત કરી શકાય છે[૧]. (૨)

સત્પુરુષના સંગથી ધર્મરાજા[૨] સેવામાં આવી લાગે;

---

૧. મૂળ : सभुको वरसावै । સૌ ઉપર વરસાવી શકાય છે –**સંપા૦**

૨. જે ધર્મરાજ સૌ જીવોનાં પાપ-પુણ્ય મુજબ ન્યાય તોલે છે, તે પોતે તેની તહેનાતમાં આવીને હાજર થાય – અર્થાત્ તેનાં સર્વ કર્મ નાશ પામે.–**સંપા૦**

અને દેવો[1] (પણ) સ્તુતિ ગાય. (૩)

સત્પુરુષના સંગમાં (માણસનાં બધાં) પાપ પલાયન થઈ જાય છે; અને (સહજ રીતે) પરમાત્માના અમૃતમય ગુણ તે ગાવા માંડે છે; (૪)

સત્પુરુષના સંગથી સર્વ સ્થળોમાં ગતિ થાય;[2] નાનક કહે છે કે, સત્પુરુષના સંગમાં જન્મ સફળ થઈ જાય. (૫)

૭ – ૬

साधकै संगि नही कछु घाल ।
दरसनु भेटत होत निहाल ॥१॥
साधकै संगि कलूखत हरै ।
साधकै संगि नरक परहरै ॥२॥
साधकै संगि ईहा ऊहा सुहेला ।
साध संगि बिछुरत हरि मेला ॥३॥
जो इछै सोई फलु पावै ।
साधकै संगि न बिरथा जावै ॥४॥
परब्रहमु साध रिद बसै ।
नानक उधरै साध सुनि रसै ॥५॥

શબ્દાર્થ

[घाल = મહેનત; મુશ્કેલી. निहाल = ન્યાલ. कलूखत = કલુષ; પાપ; મેલ. ईहा ऊहा = અહીં અને તહીં – આ લોકમાં ને પરલોકમાં. सुहेला = સુખી. बिछुरत = વિખૂટું પડેલું. मेला = મિલન; મેળાપ. बिरथा = વ્યર્થ. रिद = હૃદયમાં. साध सुनि रसै = સાધુની રસનાએ – જીભે – સાંભળીને (એવો અન્વય.)]

---

૧. મૂળ सुरदेवा છે. એવો અર્થ પણ થાય કે, તેની શોભાના સુર દેવો ગાય છે. સુર એટલે વર્ણન એવો અર્થ પણ લેવાય છે. પરંતુ જો સુર એટલે સૂર્ય એવો અર્થ લઈએ તો સૂર્યદેવ જેવી તેની શોભા થાય છે, એવો અર્થ બેસે.–સંપા૦

૨. ઉપર-નીચે સર્વત્ર, અથવા રાજદરબારમાં કે સ્ત્રીઓ વચ્ચે પણ જઈ શકાય, એવી ગુણવત્તા કે સિદ્ધિ પ્રાપ્ત થાય છે.–સંપા૦

૭ – ૬

સત્પુરુષના સંગમાં કશી મુશ્કેલી કે મહેનત રહે નહિ; કારણ કે, તેમનું દર્શન થતાં અને તેમનો ભેટો થતાં (જ) ન્યાલ થઈ જવાય (સર્વ પાપ દૂર થઈ જાય). (૧)

સત્પુરુષના સંગમાં બધાં પાપ હરાઈ જતાં નરક (-નો ભય) દૂર થઈ જાય. (૨)

સત્પુરુષના સંગથી આ લોકમાં અને પરલોકમાં સુખી થાય; અને વિખૂટા પડેલા હરિ-પરમાત્મા સાથે મિલન પામે. (૩)

(સત્પુરુષના સંગથી) જે ઇચ્છે તે ફળ પામે;–સત્પુરુષનો સંગ (કદી) નિષ્ફળ જાય નહિ. (૪)

સત્પુરુષના હૃદયમાં પરબ્રહ્મ પોતે વસે છે; નાનક કહે છે કે, સત્પુરુષની જીભે (પરમાત્માનું નામ) સાંભળીને ઉદ્ધાર થઈ જાય. (૫)

૭ – ૭

साधकै संगि सुनउ हरि नाउ ।
साध संगि हरिके गुन गाउ ॥१॥
साधकै संगि न मनते बिसरै ।
साध संगि सरपर निसतरै ॥२॥
साधकै संगि लगै प्रभु मीठा ।
साधूकै संगि घटि घटि डीठा ॥३॥
साध संगि भए आगिआकारी ।
साध संगि गति भई हमारी ॥४॥
साधकै संगि मिटै सभि रोग ।
नानक साध भेटे संजोग ॥५॥

શબ્દાર્થ

[सरपर = અવશ્ય; ખચિત. निसतरै = નિસ્તાર-ઉદ્ધાર થાય. संजोग = પૂર્વજન્મના – પૂર્વ કર્મના સંજોગ.]

૭ – ૭

સત્પુરુષના સંગમાં હરિનું નામ સાંભળો, અને હરિના ગુણ ગાઓ ! (૧)

(કારણ કે) સત્પુરુષના સંગમાં (હરિ) મનમાંથી વીસરાય નહિ; અને અચૂક ઉદ્ધાર થઈ જાય. (૨)

સત્પુરુષના સંગમાં પ્રભુ મીઠા લાગે છે અને ઘટ ઘટમાં તેમનું દર્શન થાય છે. (૩)

સત્પુરુષના સંગમાં (જીવ) આજ્ઞાકારી થાય છે.[1]— સત્પુરુષના સંગમાં જ આપણી સદ્‌ગતિ થાય. (૪)

સત્પુરુષના સંગમાં સૌ રોગ મટી જાય; નાનક કહે છે કે, (પૂર્વ જન્મનાં કર્મનો) સંજોગ હોય, તો સત્પુરુષનો ભેટો થાય. (૫)

૭ – ૮

साधकी महिमा वेद न जानहि ।
जेता सुनहि तेता बखिआनहि ॥१॥
साधकी उपमा तिहु गुणते दूरि ।
साधकी उपमा रही भरपूरि ॥२॥
साधकी सोभाका नाही अन्त ।
साधकी सोभा सदा बेअन्त ॥३॥

---

૧. જીવ પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તે છે – ધર્મ અનુસાર ચાલે છે, એવો અર્થ છે.

साधकी सोभा ऊच ते ऊची ।
साधकी सोभा मूच ते मूची ॥४॥
साधकी सोभा साध बनिआई ।
नानक साध प्रभ भेदु न भाई ॥५॥

શબ્દાર્થ

[जेता = જેટલું. तेता = તેટલું. बखिआनहि = વ્યાખ્યાન કરે – વર્ણવે. तिहु = ત્રણ. उपमा = મહિમા. बेअंत = અનંત. मूच = સંપૂર્ણ. सोभा = વર્ણન; સ્તુતિ; ઉપમા.]

૭ – ૮

સત્પુરુષના ગુણો વેદ પણ જાણતા નથી; કારણ કે તેઓ તો જેટલું સાંભળ્યું હોય તેટલું જ વર્ણવી બતાવે ને? (૧)

સત્પુરુષનો મહિમા ત્રણ ગુણથી પર છે;[૧]–અરે, આખું વિશ્વ તેનાથી ભરપૂર વ્યાપેલું છે. (૨)

સત્પુરુષના વર્ણનનો અંત નથી;–કદી તેનો છેડો આવે જ નહિ. (૩)

સત્પુરુષની શોભા સૌમાં ઉચ્ચ છે; –અરે, સંપૂર્ણમાં સંપૂર્ણ છે. (૪)

સત્પુરુષને ઉપમા સત્પુરુષની જ અપાય; નાનક કહે છે, હે ભાઈ, સત્પુરુષ અને પ્રભુમાં કશો ભેદ નથી. (૫)

---

૧. ત્રિગુણાત્મક જગતનું વર્ણન થઈ શકે; પરંતુ જેઓનું સ્વરૂપ ત્રિગુણથી પર બન્યું છે, તેવાનું વર્ણન શી રીતે થઈ શકે?–**સંપા૦**

असटपदी ८

सलोकु

मनि साचा मुखि साचा सोइ
अवरु न पेखै एकसु बिनु कोइ।
नानक इह लच्छण
ब्रहमगिआनी होइ ॥८॥

શબ્દાર્થ

[अवरु = બીજું. पेखै = જુએ. एकसु बिनु એક (પરમાત્મા) વિના. ब्रहमगिआनी = પરબ્રહ્મ પરમાત્માને જેણે જાણ્યા છે તેવો. लच्छण = લક્ષણ, ચિહ્ન.]

અષ્ટપદી ૮

શ્લોક

જેના મનમાં સત્ય છે, અને મુખમાં સત્ય છે; એક (પરબ્રહ્મ) વિના બીજું જે જોતો નથી —

નાનક કહે છે કે, બ્રહ્મજ્ઞાનીનાં એ લક્ષણ જાણવાં. [૮]

આઠમી અષ્ટપદીમાં સંત કોણ તે બ્રહ્મજ્ઞાનીનાં લક્ષણ વર્ણવીને કહે છે. આદિ સાર-શ્લોકમાં બધાં લક્ષણોનો અર્ક આપી દે છે.

૮ – १

ब्रहमगिआनी सदा निरलेप ।
जैसे जल महि कमल अलेप ॥१॥

૯

ब्रहमगिआनी सदा निरदोख ।
जैसे सूरु सरब कउ सोख ॥२॥
ब्रहमगिआनीकै दसटि समान ।
जैसे राज रंक कउ लागै तुलि पवान ॥३॥
ब्रहमगिआनीकै धीरजु एक ।
जिउ बसुधा कोउ खोदै कोऊ चंदन लेप ॥४॥
ब्रहमगिआनीका इहै गुनाउ ।
नानक जिउ पावकका सहज सुभाउ ॥५॥

શબ્દાર્થ

[निरदोख = રાગદ્વેષરૂપી દોષ વિનાનો. सूरु = સૂર્ય. सोख = શોષવું; સૂકવવું; તપવવું. तुलि = તુલ્ય - સમાન. एक = એકસમાન. बसुधा = ધરતી; જમીન. गुनाउ = ગુણ. सुभाउ = સ્વભાવ.]

૮ - ૧

કમળ જેમ પાણીમાં અલેપ રહે છે, તેમ બ્રહ્મજ્ઞાની સદા નિર્લેપ રહે છે. (૧)

સૂર્ય જેમ બધી જગાએ (સમાનભાવે) તાપ આપે છે, તેમ બ્રહ્મજ્ઞાની (સર્વ પ્રત્યે) સદા રાગદ્વેષ વિના વર્તે છે. (૨)

પવન જેમ રાજા અને રંકને સમાનપણે વાય છે, તેમ બ્રહ્મજ્ઞાની સૌ પ્રત્યે સમાન દૃષ્ટિવાળો હોય છે. (૩)

વસુધા - પૃથ્વી, કોઈ તેને ખોદે કે કોઈ તેને ચંદનલેપ લગાડી પૂજા કરે, (તે બંને પ્રત્યે સમાનભાવ દાખવે છે,) તેમ બ્રહ્મજ્ઞાની (સુખ કે દુઃખ પ્રત્યે) એકસરખી ધીરજ દાખવે છે. (૪)

નાનક કહે છે કે, અગ્નિનો જેમ સહજ સ્વભાવ (સૌને સરખી ગરમી આપવાનો) છે, તેમ બ્રહ્મજ્ઞાનીનો સૌ પ્રત્યે સમાનભાવ એ સહજ ગુણ છે. (૫)

૮ – ૨

ब्रह्मगिआनी निरमलते निरमला ।
जैसे मैल न लागै जला ॥१॥
ब्रह्मगिआनीकै मनि होइ प्रगासु ।
जैसे धर ऊपरि आकासु ॥२॥
ब्रह्मगिआनीकै मित्र सत्रु समानि ।
ब्रह्मगिआनीकै नाही अभिमान ॥३॥
ब्रह्मगिआनी ऊच ते ऊचा ।
मनि अपनै है सभते नीचा ॥४॥
ब्रह्मगिआनी से जन भए ।
नानक जिन प्रभु आपि करेइ ॥५॥

શબ્દાર્થ

[धर = ધરતી. मनि = મનમાં.]

૮ – ૨

પાણીને જેમ મેલ લાગતો નથી, તેમ બ્રહ્મજ્ઞાની (બીજાને મલરહિત કરવા છતાં જાતે) નિર્મળથી પણ નિર્મળ રહે છે. (૧)

જેમ ધરતી ઉપર (નિર્મળ) આકાશ (છાઈ રહ્યું) છે, તેમ બ્રહ્મજ્ઞાનીના મનમાં નિર્મળ પ્રકાશ છવાઈ રહે છે. (૨)

બ્રહ્મજ્ઞાનીને મિત્ર શત્રુ સમાન હોય છે; – તેને જરાય અભિમાન હોતું નથી. (૩)

બ્રહ્મજ્ઞાની (ખરી રીતે) સૌ ઉચ્ચોમાં ઉચ્ચ હોય છે, છતાં પોતાના મનમાં પોતાને સૌથી નીચો ગણે છે. (૪)

નાનક કહે છે કે, બ્રહ્મજ્ઞાની તો તે જ થઈ શકે જેને પ્રભુ પોતે તેવો કરે. (૫)

८ – ३

ब्रहमगिआनी सगलकी रीना ।
आतम रसु ब्रहमगिआनी चीना ॥१॥
ब्रहमगिआनीकी सभ ऊपरि मइआ ।
ब्रहमगिआनीते कछु बुरा न भइआ ॥२॥
ब्रहमगिआनी सदा समदरसी ।
ब्रहमगिआनीकी द्रसटि अंमृतु बरसी ॥३॥
ब्रहमगिआनी बंधनते मुकता ।
ब्रहमगिआनी कीनिरमल जुगता ॥४॥
ब्रहमगिआनीका भोजनु गिआन ।
नानक ब्रहमगिआनीका ब्रहम धिआनु ॥५॥

શબ્દાર્થ

[रीना = રેણુ – ચરણરજ. चीना = ચીન્યો – ઓળખ્યો. मइआ= માયા – પ્રીતિ. भइआ = થયું – બન્યું. द्रसटि = નજરમાં–આંખમાં. जुगता = વ્યવહાર; રીતરસમ (૨) યુક્તિ; સાધન; ઉપાય.]

૮ – ૩

બ્રહ્મજ્ઞાની પોતાને સૌની ચરણ-રજ બરાબર ગણે છે; – આત્માનો રસ તે બરાબર ચીને છે. (૧)

બ્રહ્મજ્ઞાનીને સૌ ઉપર પ્રીતિ હોય છે; – તેના વડે કોઈનું કશું બૂરું થતું નથી. (૨)

બ્રહ્મજ્ઞાની સદા સમદર્શી હોય છે; – તેની આંખમાંથી અમૃત વરસે છે. (૩)

બ્રહ્મજ્ઞાની બંધનોમાંથી મુક્ત થયો હોય છે; – તેનો વ્યવહાર નિર્મલ હોય છે. (૪)

હે નાનક, બ્રહ્મજ્ઞાનીનું ભોજન બ્રહ્મજ્ઞાન હોય છે; – તેનું ધ્યાન પણ બ્રહ્મ જ છે. (૫)

८ – ४

ब्रहमगिआनी एक ऊपरि आस ।
ब्रहमगिआनीका नही बिनास ॥१॥
ब्रहमगिआनीकै गरीबी समाहा ।
ब्रहमगिआनी परउपकार उमाहा ॥२॥
ब्रहमगिआनीकै नाही धंधा ।
ब्रहमगिआनी ले धावतु बंधा ॥३॥
ब्रहमगिआनीकै होइ सु भला ।
ब्रहमगिआनी सुफल फला ॥४॥
ब्रहमगिआनी संगि सगल उधारु ।
नानक ब्रहमगिआनी जपै सगल संसारु ॥५॥

શબ્દાર્થ

[आस = આશરો. समाहा = સમાઈ રહે છે. उमाहा = ઉમંગ – ઉત્સાહ. धंधा = જંજાળ; બખેડો.]

૮ – ૪

બ્રહ્મજ્ઞાની એક (પરમાત્મા) ઉપર જ આશા કે આધાર રાખે છે; – તેનો કદી વિનાશ થતો નથી. (૧)

બ્રહ્મજ્ઞાની નમ્રતામાં સમાઈ રહે છે; – તેને પરોપકાર કરવાનો જ ઉમંગ હોય છે. (૨)

બ્રહ્મજ્ઞાની કોઈ જંજાળમાં જકડાતો નથી, અને દોડયા કરતા મનને બાંધી લે છે.[1] (૩)

બ્રહ્મજ્ઞાનીને જે કાંઈ થાય તે ભલું જ લાગે છે; બ્રહ્મજ્ઞાનીનું દરેક કાર્ય સારી રીતે સફળ થાય છે. (૪)

બ્રહ્મજ્ઞાનીના સંગમાં સૌનો ઉદ્ધાર થાય છે; નાનક કહે છે કે, સકલ સંસાર બ્રહ્મજ્ઞાનીને જપે છે. (૫)

૮ – ૫

ब्रहमगिआनीकै एकै रंग ।
ब्रहमगिआनीकै बसै प्रभु संग ॥१॥
ब्रहमगिआनीकै नामु अधारु ।
ब्रहमगिआनीकै नामु परवारु ॥२॥
ब्रहमगिआनी सदा सद जागत ।
ब्रहमगिआनी अहंबुधि तिआगत ॥३॥
ब्रहमगिआनीकै मनि परमानंद ।
ब्रहमगिआनीकै घरि सदा अनंद ॥४॥
ब्रहमगिआनी सुख सहज निवास ।
नानक ब्रहमगिआनीका नही बिनास ॥५॥

શબ્દાર્થ

[एकै = એક (પરમાત્મા) ઉપર. रंग = અનુરાગ; પ્રેમ. परवारु = પરિવાર; કુટુંબકબીલો.]

---

૧. બ્રહ્મજ્ઞાનીને મન સ્થિર (નિષ્કામ) કરવા સિવાય બીજો કોઈ કામધંધો હોતો નથી – એવો અર્થ પદ્યાનુવાદમાં લીધો છે.–**સંપા૦**

૮ – ૫

બ્રહ્મજ્ઞાનીને એક (પરમાત્મા) ની જ લગની હોય છે; પ્રભુ (પોતે) બ્રહ્મજ્ઞાની સંગે વસે છે. (૧)

બ્રહ્મજ્ઞાનીને (પરમાત્માના) નામનો (જ) આધાર હોય છે; તેને મન નામ જ પોતાનો પરિવાર છે. (૨)

બ્રહ્મજ્ઞાની હંમેશ જાગ્રત રહે છે; – (પોતાનામાં) તે અહં-બુદ્ધિ રહેવા દેતો નથી. (૩)

બ્રહ્મજ્ઞાનીના મનમાં પરમ આનંદ વ્યાપેલો રહે છે; તેના ઘરમાં પણ સદા આનંદ – મંગળ જ રહે છે. (૪)

બ્રહ્મજ્ઞાની સહજ (આત્મ –) સુખમાં જ નિવાસ કરે છે; નાનક કહે છે કે, બ્રહ્મજ્ઞાનીનો કદી વિનાશ થતો નથી. (૫)

૮ – ૬

ब्रहमगिआनी ब्रहमका बेता ।
ब्रहमगिआनी एक संगि हेता ॥१॥
ब्रहमगिआनीकै होइ अचिंत ।
ब्रहमगिआनीका निरमल मंत ॥२॥
ब्रहमगिआनी जिसु करै प्रभु आपि ।
ब्रहमगिआनीका बड परताप ॥३॥
ब्रहमगिआनीका दरसु बडभागी पाईऐ ।
ब्रहमगिआनी कउ बलि बलि जाईऐ ॥४॥
ब्रहमगिआनी कउ खोजहि महेसुर ।
नानक ब्रहमगिआनी आपि परमेसुर ॥५॥

શબ્દાર્થ

[बेता = વેત્તા; જાણકાર; જ્ઞાની. अचिंत = નિશ્ચિંતતા. मंत = સલાહ; ઉપદેશ. बड = ઘણો; મોટો. दरसु = દર્શન; મેળાપ. बडभागी = મોટા ભાગ્યથી. बलि बलि (जाना) = કુરબાન થવું; ઓવારી જવું.]

૮ – ૬

બ્રહ્મજ્ઞાની એટલે પરબ્રહ્મનો વેત્તા; તેને એક (પરબ્રહ્મ) સાથે જ હેત હોય છે. (૧)

બ્રહ્મજ્ઞાનીને નિશ્ચિંતતા હોય છે; અને તેનો ઉપદેશ નિર્મળ હોય છે. (૨)

ભગવાન કરે તે જ બ્રહ્મજ્ઞાની થઈ શકે; બ્રહ્મજ્ઞાનીનો પ્રતાપ બહુ મોટો છે (૩)

બ્રહ્મજ્ઞાનીનું દર્શન મોટા ભાગ્યવાળો જ પામે; તેના ઉપર તો ઓવારી જ જાઓ ! (૪)

મહેશ્વર પણ બ્રહ્મજ્ઞાનીને શોધે છે; નાનક કહે છે કે, બ્રહ્મજ્ઞાની ખુદ પરમેશ્વર જ છે. (૫)

૮ – ૭

ब्रहमगिआनीकी कीमति नाहि ।
ब्रहमगिआनीकै सगल मन माहि ॥१॥
ब्रहमगिआनीका कउन जानै भेदु ।
ब्रहमगिआनी कउ सदा अदेसु ॥२॥
ब्रहमगिआनीका कथिआ न जाइ अधाख्यरु ।
ब्रहमगिआनी सरबका ठाकुरु ॥३॥

ब्रहमगिआनीकी मिति कउनु बखानै ।
ब्रहमगिआनीकी गति ब्रहमगिआनी जानै ॥४॥
ब्रहमगिआनीका अंतु न पारु ।
नानक ब्रहमगिआनी कउ सदा नमस्कारु ॥५॥

શબ્દાર્થ

[अदेसु = નમસ્કાર (૨) જેજેકાર. अधाख्यरु = અર્ધો અક્ષર; થોડુંક પણ. मिति = માપ; પ્રમાણ. बखानै = વર્ણવે; કહે.]

૮ – ૭

બ્રહ્મજ્ઞાનીનું મૂલ્ય આંકી ન શકાય; જે કંઈ છે, તે બધું તેના મનમાં (જ્ઞાત) છે. (૧)

બ્રહ્મજ્ઞાનીનો ભેદ કોણ જાણી શકે ? બ્રહ્મજ્ઞાનીનો સદા જય ! (૨)

બ્રહ્મજ્ઞાનીનું અર્ધા અક્ષર જેટલું વર્ણન પણ ન થઈ શકે; બ્રહ્મજ્ઞાની સર્વના સ્વામી છે. (૩)

બ્રહ્મજ્ઞાનીનું માપ કોણ કહી શકે ? બ્રહ્મજ્ઞાનીની ગત બ્રહ્મજ્ઞાની જ જાણે !

બ્રહ્મજ્ઞાનીનો અંત કે પાર હોય નહીં; નાનક કહે છે કે, બ્રહ્મજ્ઞાનીને સદા નમસ્કાર હજો ! (૫)

૮ – ૮

ब्रहमगिआनी सभ स्रिसटिका करता ।
ब्रहमगिआनी सद जीवै नही मरता ॥१॥
ब्रहमगिआनी मुकति जुगति जीअका दाता ।
ब्रहमगिआनी पूरन पुरखु बिधाता ॥२॥

ब्रह्मगिआनी अनाथका नाथु ।
ब्रह्मगिआनीका सभ ऊपरिं हाथु ॥३॥
ब्रह्मगिआनीका सगल अकारु ।
ब्रह्मगिआनी आपि निरंकारु ॥४॥
ब्रह्मगिआनीकी सोभा ब्रह्मगिआनी बनी ।
नानक ब्रह्मगिआनी सरबका धनी ॥५॥

શબ્દાર્થ

[मुकति = મુક્તિ. जुगति = યુક્તિ – માર્ગ. जीअका = જીવનનો. बिधाता = ભાગ્યવિધાતા. अकारु = સૃષ્ટિ. निरंकारु = પરમતત્ત્વ – પરબ્રહ્મ. सोभा = સ્તુતિ; ઉપમા. धनी = ધણી; માલિક.]

૮ – ૮

બ્રહ્મજ્ઞાની સકલ સૃષ્ટિનો કર્તા છે; તે સદા જીવે છે, કદી મરતો નથી. (૧)

બ્રહ્મજ્ઞાની જીવનનો અને મુક્તિનો સાચો માર્ગ બતાવે છે; તે પૂર્ણપુરુષ છે, – (સૌનો) ભાગ્યવિધાતા છે. (૨)

બ્રહ્મજ્ઞાની અનાથનો નાથ છે, – સૌ ઉપર તેનો હાથ છે. (૩)

આ સકલ સૃષ્ટિ બ્રહ્મજ્ઞાનીની જ છે; – તે પરમતત્ત્વ પરબ્રહ્મ પોતે છે. (૪)

બ્રહ્મજ્ઞાનીની સ્તુતિ બ્રહ્મજ્ઞાનીથી જ થઈ શકે; નાનક કહે છે કે, બ્રહ્મજ્ઞાની સર્વનો સ્વામી છે. (૫)

असटपदी ९

सलोकु

उरि धारै जो अंतरि नामु
सरबमै पेखै भगवानु ।
निमख निमख ठाकुर नमसकारै
नानक ओहु अपरसु सगल निसतारै ॥१॥

શબ્દાર્થ

[उरि = ઉરમાં – હૃદયમાં. पेखै = જુએ. निमख निमख = હરક્ષણે. अपरसु = ધાતુને ન અડવારૂપી સાધના – વ્રતવાળો (૨) કામનાઓના બંધનથી મુક્ત – અલિપ્ત એવો. निसतारै = મુક્ત કરે.]

અષ્ટપદી ૯

શ્લોક

હૃદયની ભીતરમાં જે (પરમાત્માનું) નામ ધારણ કરી રાખે, અને સર્વમાં ભગવાનને જ જુએ –

હર ક્ષણે જે ઠાકોરજીને નમસ્કાર કર્યા કરે –

નાનક કહે છે કે, એવો 'અપરસ'–સંત સકલ સૃષ્ટિનો નિસ્તાર કરી શકે. [૯]

નવમી અષ્ટપદીમાં સંતનું વર્ણન સાચા પંડિત, વૈષ્ણવ, ભક્ત અને જીવન્મુકતનાં લક્ષણ વર્ણવીને આપે છે. વૈષ્ણવનાં લક્ષણ જોતાં મહેતાજીનો 'વૈષ્ણવજન' યાદ આવ્યા વગર રહેતો નથી. જે ચતુર્વિધ સાધનનો બોધ આપણે ઉપર જોઈ આવ્યા, તેમના સંયમનો અર્થ આ અષ્ટપદીના પહેલા પદમાં જોઈ શકીએ. ત્યાર પછીના પદમાં વૈષ્ણવ કોણ તે જણાવે છે. ગીતાનો અનાસક્ત અનન્ય ભક્ત એ

બીજા પદમાં યાદ આવશે. (ત્રીજા પદમાં 'ભગવતી'નાં લક્ષણ છે, અને) ચોથા પદમાં પંડિતનાં લક્ષણ આપે છે. પાંચમા પદમાં નામ જપનાર ('જપી') નાં વખાણ કરી, છઠ્ઠા પદમાં 'રામદાસ' નાં –પ્રભુના ભક્તનાં – વખાણ કરે છે. સાતમા પદમાં જીવન્મુક્તનાં લક્ષણ ગણાવી, અંતે (બધા પ્રકારના સંત–ભક્તોના ઇષ્ટ) પરબ્રહ્મ પરમેશ્વરને વર્ણવી, સંતનાં અનેક રૂપે લક્ષણ ગણાવતી આ અષ્ટપદી ગુરુ પૂરી કરે છે.

શ્રીસુખમની ગીતાની જેમ એક धर्मकाव्य છે, એટલે નિબંધમાં કે તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં જોવામાં આવે એવી જાતનું શાસ્ત્રીય પદ્ધતિએ કરેલું બયાન વાચકને એમાં નહીં મળે. એમાં તો એક કવિ - ભક્તહૃદયને જેમ પ્રતીત થાય તેમ ગુરુ પોતાની ભાવનાને છૂટથી ગાયે જાય છે. એમાં બધી જ વસ્તુઓ ને બધા જ વિષય એકમેકનાં અંગઉપાંગીભૂત વણાઈને તેના તેના યોગ્ય સ્થાને આવતાં રહે છે.

९ – १

मिथिआ नाही रसना परस ।
मन महि प्रीति निरंजन दरस ॥१॥
पर - त्रिअ रूप न पेखै नेत्र ।
साधकी टहल संत संगि हेत ॥२॥
करन न सुनै काहूकी निंदा ।
सभते जानै आपस कउ मंदा ॥३॥
गुरप्रसादि बिखिआ परहरै ।
मनकी बासना मनते टरै ॥४॥
इंद्री - जित पंच दोखते रहत ।
नानक कोटि मधे को ऐसा अपरस ॥५॥

શબ્દાર્થ

[परस = સ્પર્શે. दरस = દર્શનની. परत्रिअ = પરસ્ત્રી. टहल = સેવાશુશ્રૂષા. करन = કર્ણે – કાનથી. आपस कउ = પોતાની જાતને. मंदा = મંદ; નીચું. बिखिआ = વિષયો. पंच दोख = (કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, એ —) પાંચ દોષ. रहत = રહિત.]

૯ – ૧

– જેની જીભે કદી જૂઠનો સ્પર્શ થતો નથી; જેના મનમાં નિરંજન–પરમાત્માના દર્શનની ચાહના (કાયમ રહે) છે; (૧)

– પરસ્ત્રીનું રૂપ જે કદી આંખે જોતો નથી; સત્પુરુષોની સેવાશુશ્રૂષા (–માં જે લવલીન રહે છે,) તથા સંતો ઉપર હેતભાવ વાળો હોય છે; (૨)

– કાને જે કોઈની નિંદા સાંભળતો નથી; સૌ કરતાં પોતાની જાતને જે નીચી ગણે છે; (૩)

–ગુરુની કૃપાથી વિષયોને જે ત્યજે છે; અને મનની વાસના જેના મનમાંથી ટળી જાય છે; (૪)

– ઇંદ્રિયનો[1] જય કરી, જે પંચ દોષોથી રહિત બન્યો હોય છે; – નાનક કહે છે કે, કરોડોમાં કોઈક જ એવો (સાચો) 'અપરસ' હોય છે. (૫)

[તે કાળના જુદા જુદા સાધુ–સાધકોના વર્ગોનાં નામ લઈ, સાચા સંતનું વર્ણન કરે છે. પહેલાં 'અપરસ' નામે ઓળખાતા વર્ગને લે છે. એ લોકો પોતાને પવિત્ર માની, અથવા પવિત્ર રહેવા કોઈને ન અડવાના વ્રતધારી હશે. નાનક કહે છે કે, સાચો 'અપરસ' તો તે કહેવાય જે વિષયદોષોથી અસ્પૃષ્ટ રહે. બીજાને ન અડવાના વ્રતથી સાચા 'અપરસ' ન બની શકાય.]

---

૧. કામવાસનાનો. —સંપા૦

९ – २

बैसनो सो जिसु ऊपरि सुप्रसंन ।
बिसनकी माइआते होइ भिंन ॥१॥
करम करत होवै निहकरम ।
तिसु बैसनोका निरमल धरम ॥२॥
काहू फलकी इछा नही बाछै ।
केवल भगति कीरतन संगि राचै ॥३॥
मन तन अंतरि सिमरन गोपाल ।
सभ ऊपरि होवत किरपाल ॥४॥
आपि द्रिड़ै अवरह नामु जपावै ।
नानक ओहु बैसनो परमगति पावै ॥५॥

શબ્દાર્થ

[बैसनो = વૈષ્ણવ. बिसन = વિષ્ણુ. बाछै = વાંછે. निहकरम = નિષ્કર્મ—કર્મના ફળની આશાથી રહિત. किरपाल = કૃપાળુ. द्रिड़ै = દૃઢ રહે — દૃઢ કરે.]

૯ – ૨

વૈષ્ણવ તેને કહેવાય જેના ઉપર (વિષ્ણુ ભગવાન) સુપ્રસન્ન હોય, અને જે વિષ્ણુ ભગવાનની માયાથી અળગો રહેતો હોય; (૧)

કર્મ કરતાં કરતાં જ તેમનાં ફળની આશાથી રહિત થઈને નિષ્કર્મ થવું, એ તેની નિર્મળ સાધના હોય: (૨)

કશા ફળની તે ઇચ્છા રાખે નહિ;– કેવળ ભગવાનનાં ભક્તિ અને કીર્તનમાં જ તે રાચે; (૩)

મનમાં, તનમાં અને અંતરાત્મામાં તે ગોપાળનું સ્મરણ જ કર્યા કરે, અને સૌ ઉપર કૃપાળુ રહે; (૪)

હે નાનક, પોતે નામ જપવામાં દૃઢ રહેનાર અને બીજાઓને નામ જપવામાં પ્રેરનાર એવો એ વૈષ્ણવ પરમગતિ પામે છે. (૫)

९ – ३

भगउती भगवंत भगतिका रंगु ।
सगल तिआगै दुसटका संगु ॥१॥
मनते बिनसै सगला भरमु ।
करि पूजै सगल पारब्रह्मु ॥२॥
साध संगि पापा मलु खोवै ।
तिसु भगउतीकी मति ऊतम होवै ॥३॥
भगवंतकी टहल करै नित नीति ।
मनु तनु अरपै बिसन परीति ॥४॥
हरिके चरन हिरदै बसावै ।
नानक ऐसा भगउती भगवंत कउ पावै ॥५॥

શબ્દાર્થ

[भगउती = ભગવતી (એ નામના વર્ગના વિષ્ણુ-ભક્ત). भरमु = માયાનો ભ્રમ. करि = ગણીને – જોઈને. टहल = સેવાપૂજા.]

૯ – ૩

ભગવતી તે કહેવાય, જેને ભગવાનની ભક્તિનો રંગ લાગ્યો હોય અને દુષ્ટોનો સઘળો સંગ જે ત્યાગતો હોય; (૧)

– જેના મનનો સઘળો (માયા–) ભ્રમ નાશ પામ્યો

હોય અને જેથી સકળ સંસારને તે પરમાત્મા ગણીને પૂજતો હોય; (૨)

સત્પુરુષના સંગમાં પોતાનો પાપ – મળ દૂર કરનાર એવા એ ભગવતીની બુદ્ધિ નિર્મળ થાય છે. (૩)

(પછી) તે વિષ્ણુ-ભગવાનની સેવાપૂજા નિત્ય કરે છે, અને પ્રીતિપૂર્વક પોતાનું તન અને મન તેમને અર્પણ કરે છે. (૪)

નાનક કહે કે, હરિના ચરણ હૃદયમાં વસાવનાર એવો એ ભગવતી જરૂર ભગવાનને પામે છે. (૫)

९ – ४

सो पंडितु जो मनु परबोधै ।
राम नामु आतम महि सोधै ॥१॥
राम नाम सारु रसु पीवै ।
उसु पंडितकै उपदेसि जगु जीवै ॥२॥
हरिकी कथा हिरदै बसावै ।
सो पंडितु फिरि जोनि न आवै ॥३॥
वेद पुरान सिमृति बूझ मूलु ।
सूखम महि जानै असथूलु ॥४॥
चहु वरना कउ दे उपदेसु ।
नानक उसु पंडित कउ सदा अदेसु ॥५॥

શબ્દાર્થ

[परबोधै = પ્રબોધે – ઉપદેશે – જાગૃત કરે. सोधै = શોધે. जोनि = યોનિ (ફરીથી યોનિમાં આવવું = જન્મવું.). मूलु = મૂળતત્ત્વ; સાર;

રહસ્ય. सूखम = સૂક્ષ્મ, નિરાકાર (પરમાત્મા). महि = ને આધારે રહેલું. असथूलु = સ્થૂલ (સૃષ્ટિ). चहु वरना = ચારે વર્ણ. अदेसु = નમન, નમસ્કાર.]

૯ - ૪

એ (ખરો) પંડિત કહેવાય, જે પોતાના મનને (પ્રથમ) પ્રબોધે અને જાગૃત કરે, તથા પછી અંતરમાં રહેલા રામ-નામને[1] શોધે. (૧)

(સકળ સૃષ્ટિના) સારરૂપ પરમાત્માના નામ રૂપી રસ જે પીએ છે, તે પંડિતના ઉપદેશ વડે આખું જગત જીવે છે.[2] (૨)

હરિની વાત[3] જ હૃદયમાં વસાવનાર એ પંડિત ફરીથી ગર્ભવાસ પામતો નથી. (૩)

વેદ, પુરાણ, સ્મૃતિ વગેરે ગ્રંથોનું રહસ્ય તે સમજે છે, અને નિરાકાર (પરમાત્મા)ને આધારે આ (બધો) સ્થૂલ આકાર રહેલો છે, એ તે જાણે છે. (૪)

એવો પંડિત ચારે વર્ણને (પરમાત્મા વિષે) ઉપદેશ આપી શકે. નાનક કહે છે કે, એવા (સાચા) પંડિતને સદા નમસ્કાર હજો. (૫)

૯ - ૫

बीज मंत्रु सरबको गिआनु ।
चहु वरना महि जपै कोऊ नामु ॥१॥

---

૧. 'નામ' શબ્દ પરમાત્માના સમાનાર્થ ગ્રંથસાહેબમાં ઠેરઠેર વપરાય છે, એનો આ નમૂનો છે. નામ અને (પરમાત્મા) જુદા નથી. —સંપા૦

૨. એવા પંડિતના ઉપદેશને આધારે જગત ટકી રહ્યું છે, એવો ભાવ છે.—સંપા૦

૩. મૂળ कथा : હરિનું નામ એવો અર્થ પણ થાય; અથવા હરિએ આપેલ ઉપદેશ—ધર્મગ્રંથ, એવો અર્થ પણ થાય.—સંપા૦

૧૦

जो जो जपै तिसकी गति होइ ।
साध संगि पावै जनु कोइ ॥२॥
करि किरपा अंतरि उर धारै ।
पसू प्रेत मुघद पाथर कउ तारै ॥३॥
सरब रोगका अउखदु नामु ।
कलिआण रूप मंगल गुण गाम ॥४॥
काहू जुगति कितै न पाईऐ धरमि ।
नानक तिसु मिलै जिसु लिखिआ धुरि करमि ॥५॥

શબ્દાર્થ

[बीज मंत्रु = ॐ; પરમાત્માનું નામ. गिआनु = જ્ઞાન (૨) જાણીતું એવું. कोऊ = કોઈ પણ માણસ. मुघद = મુગ્ધ,–મૂઢ–મૂર્ખ. पाथर = પથ્થર. अउखदु = ઔષધ. गुण गाम = ગુણસમૂહ. काहू = કોઈ પણ. धरमि = ધર્મ-પંથ વડે. किते = કરવાથી. धुरि = પહેલાંનું, પાછલા જન્મનું. करमि = નસીબ વડે.]

૯ – ૫

(પરમાત્માના નામરૂપી) બીજ–મંત્ર સૌને જ્ઞાનદાતા છે;[1] ચારે વર્ણમાંથી કોઈ પણ પરમાત્માનું નામ જપી શકે છે. (૧)

જે જે (એ નામ) જપે, તેની સદ્‌ગતિ થાય; (પરંતુ)

૧. सरबको गिआन એટલે સર્વને જાણીતો છે અથવા સૌને ઉપદેશી શકાય એવો છે, એમ પણ અર્થ થાય. ગાયત્રી વગેરે 'મહામંત્ર' તો ઉચ્ચ કહેવાતા વર્ણ માટે જ વિહિત છે. ત્યારે નામ રૂપી બીજ-મંત્ર તો સૌ વર્ણો માટે વિહિત છે.—સંપા૦

સત્પુરુષના સંગથી કોઈક માણસ જ તે પામી શકે[1]. (૨)

(પરમાત્મા) કૃપા કરીને આપણા ઉરમાં તે (નામ–)ની સ્થાપના કરે, તો તેના વડે પશુ, પ્રેત[2] અને પથ્થર જેવા મૂઢ જન પણ તરી જાય. (૩)

સર્વે રોગનું (એકમાત્ર) ઓષધ (હરિનું) નામ જ છે; તે કલ્યાણકારી મંગળ ગુણોના સમૂહરૂપ[3] છે. (૪)

ગમે તેવી યુક્તિઓ કરીએ, કે ગમે તે ધર્મ-પંથને વળગીએ પણ એ ન મળી શકે. નાનક કહે છે કે, જેના નસીબમાં પરમાત્માએ લખ્યું હોય તેને જ તે પ્રાપ્ત થાય. (૫)

९ – ६

जिसकै मनि पारब्रहमका निवासु ।
तिसका नामु सति रामदासु ॥१॥
आतम रामु तिसु नदरी आइआ ।
दास-दसंतण भाइ तिनि पाइआ ॥२॥
सदा निकटि निकटि हरि जानु ।
सो दासु दरगह परवानु ॥३॥
अपुने दास कउ आपि किरपा करै ।
तिस दास कउ सभ सोझी परै ॥४॥

---

૧. નામ જપવાની વાતને કેવળ રટણ રૂપ નથી દર્શાવતા; પરંતુ પરમાત્મા ઉપર ભાવપ્રેમ રાખી પરમાત્માને સ્મર્યા કરવા એને જ નામજપ કહે છે.—સંપા૦

૨. અવગતિ પામેલા જીવ.

૩. મૂળ : गुण गाम । પરમાત્માના ગુણની સ્તુતિ કરવી, એ કલ્યાણકારી અને મંગળરૂપ છે, એવો અર્થ પણ થાય.—સંપા૦

सगल संगि आतम उदासु ।
ऐसी जुगति नानक रामदासु ॥५॥

શબ્દાર્થ

[सति = સાચો. रामदासु = રામનો – ભગવાનનો દાસ. नदरी आइआ = નજરે પડ્યા–સાક્ષાત્કાર થયો. दास-दसंतण = દાસાનુદાસતા. भाइ = ભાવથી. दरगह = દરબારમાં. परवानु = પરમાણ. सोझी = સૂઝ. आतम = અંતરમાં; અંદરખાને. उदासु = નિર્લેપ.]

૯ – ૬

જેના મનમાં પરબ્રહ્મનો નિવાસ હોય, તેનું નામ સાચો રામદાસ છે. (૧)

આતમરામ તેણે નજરે નિહાળ્યા છે; – દાસાનુદાસતાના ભાવથી જ તેમને તે પામ્યો છે. (૨)

હરિને સદા નિકટ જાણનાર તે (રામ-) દાસ પ્રભુના દરબારમાં પરમાણ[૧] ગણાય છે. (૩)

પરમાત્મા પોતે પોતાના જે દાસ ઉપર કૃપા કરે છે, તે (રામ-) દાસને બધી સૂઝ પડે છે. (૪)

નાનક કહે છે કે, બધાની સાથે રહેવા છતાં, અંતરથી નિર્લેપ રહે, એવી યુક્તિવાળો (જ) સાચો રામદાસ થઈ શકે (૫)

९ – ७

प्रभकी आगिआ आतम हितावै ।
जीवन मुकति सोऊ कहावै ॥१॥

---

૧. અંદર પેસવાના પરવાનાવાળો; અથવા દરબારમાં બેસવાને અધિકારવાળો.—સંપા૦

तैसा हरखु तैसा उसु सोगु ।
सदा अनंदु तह नही बिओगु ॥२॥
तैसा सुवरनु तैसी उसु माटी ।
तैसा अंमृतु तैसी बिखु खाटी ॥३॥
तैसा मानु तैसा अभिमानु ।
तैसा रंकु तैसा राजानु ॥४॥
जो वरताए साई जुगति ।
नानक ओहु पुरखु कहीऐ जीवन मुकति ॥५॥

શબ્દાર્થ

[हितावै = સ્નેહ કરે; વધાવી લે. हरखु = હર્ષ. सोगु = શોક. सुवरनु = સુવર્ણ – સોનું. खाटी = તીવ્ર સ્વાદવાળું. अभिमानु = (માનથી ઊલટું) અપમાન. वरताए = વર્તાવે – ગુજારે. जुगति = યોગ્ય; ઉત્તમ.]

૯ – ૭

પ્રભુનો જે કંઈ હુકમ હોય, તેને અંતરથી વધાવી લે, તે જ (સાચો) જીવન્મુક્ત કહેવાય. (૧)

હર્ષનો પ્રસંગ જેવો લાગે તેવો જ શોકનો પણ તેને લાગે; તે સદા આનંદમાં જ રહે, કદી વિયોગ (-નું દુઃખ) તેને હોય નહીં;- (૨)

જેવું સોનું (પ્રિય) લાગે, તેવી જ માટી પણ તેને લાગે; જેવું અમૃત સ્વીકાર્ય થાય, તેવું જ તીવ્ર વિષ પણ;- (૩)

જેવું માન તેવું જ અપમાન તથા જેવો રંક તેવો જ રાજા જેને લાગે છે;- (૪)

ભગવાન જે ગુજારે, તે જ તેને ઉત્તમ લાગે છે;- નાનક કહે છે કે, એવો પુરુષ જીવન્મુક્ત કહેવાય. (૫)

९ – ८

पारब्रहमके सगले ठाउ ।
जितु जितु घरि राखै तैसा तिन नाउ ॥१॥
आपे करन करावन जोगु ।
प्रभ भावै सोई फुनि होगु ॥२॥
पसरिओ आपि होइ अनत तरंग ।
लखे न जाहि पारब्रहमके रंग ॥३॥
जैसी मति देइ तैसा परगास ।
पारब्रहमु करता अबिनास ॥४॥
सदा सदा सदा दइआल ।
सिमरि सिमरि नानक भए निहाल ॥५॥

શબ્દાર્થ

[ठाउ = ઠામ; ઠેકાણાં. करन करावन जोगु = કર્તા-કારવતા. लखे न जाहि = જાણી શકાતાં નથી. रंग = લીલા ક્રીડા, दइआल = દયાળુ. निहाल = ન્યાલ.]

૯ - ૮

બધાં ઠેકાણાં પરબ્રહ્મનાં જ છે; જેવા જેવા ઘરમાં (ખોળિયામાં) મૂકે. તેવું તેવું (જીવનું) નામ પડે છે.[1] (૧)

તે પોતે જ (એકમાત્ર) કરતા-કારવતા છે;- પ્રભુને જે ગમે તે જ થાય છે. (૨)

---

૧. અથવા મંદિરમાં પ્રભુને સ્થાપે તો રામ કે વિષ્ણુ કહેવાય; અને મસ્જિદમાં અલ્લા કહેવાય ઇ૦. —સંપા૦

તે પોતે (સમુદ્રની પેઠે) અનંત તરંગો રૂપે વિસ્તર્યા છે; તે પરબ્રહ્મ-પરમાત્માની લીલા જાણી શકાય તેમ નથી. (૩)

પ્રભુ જેવી બુદ્ધિ આપે, તેવો (જીવને) જ્ઞાન-પ્રકાશ લાધે. તે પરબ્રહ્મ કર્તા અવિનાશી-અવિકારી છે. (૪)

તે સદા સદા દયાળુ છે; હે નાનક, તેનું સ્મરણ કરી કરીને (સંતો) ન્યાલ થઈ ગયા. (૫)

असटपदी १०

सलोकु

उसतति करहि अनेक जन
अंतु न पारावार ।
नानक रचना प्रभि रची
बहु बिधि अनिक प्रकार ॥१०॥

શબ્દાર્થ

[पारावार – હદ, સીમા.]

અષ્ટપદી ૧૦

શ્લોક

હે પ્રભુ ! અનેક લોકો તમારી સ્તુતિ કર્યા કરે છે, પણ તમારો કશો અંત કે તાગ નથી; નાનક કહે છે કે, હે પ્રભુ, તમે જ આ અનેક પ્રકારની બહુવિધ રચના રચી છે. [૧૦]

દશમી અષ્ટપદીમાં જીવસૃષ્ટિની સમજ આવે છે. સાથે જ જીવ-શિવનો સંબંધ તો આવવો જ જોઈએ. એટલે, પછીની ૧૧ મી અષ્ટપદી સૃષ્ટિના 'કરણ કારણ પ્રભુ એક છે' તેનું નિરૂપણ કરે છે. અને સાથે સાથે જ જીવ-શિવ-સંબંધના વિચારની રજૂઆતનો પ્રારંભ કરે છે, જે પછીની ૧૨ મી અષ્ટપદીનો મુખ્ય વિષય છે. તેમાં સમજાવે છે કે, જીવે ગરીબીના, નમ્રતાના, શિષ્યના ભાવથી આ જગતનો વેપાર ખેડવો ઘટે છે; કારણ કે, તેના શ્લોકમાં જણાવ્યું છે તે પ્રમાણે,

सुखी बसै मसकीनीआ आपु निवारि तले ।
बडे बडे अहंकारीआ नानक गरबि गले ॥

અને આટલું નિરૂપણ કરવામાં જીવસૃષ્ટિની અને જીવોના પ્રકારની મનોરંજક વર્ણના કરવામાં આવી છે. આમ ૧૦ થી ૧૨ અષ્ટપદીનું આ ત્રિક જીવ-શિવ-સંબંધી હોઈ આપણે जीव–शिव–त्रिक તરીકે ઓળખી શકીએ.

પણ શરૂઆતમાં જ કહ્યું તેમ, આ તાત્ત્વિક વિષયની તાત્ત્વિક ચર્ચાની 'સુખમની'માં આશા જો રાખીએ, તો આપણે નિરાશ થઈશું, કેમકે આ કાવ્યમાં આપણને તે નથી પીરસી. એમ તો આખા ગ્રંથ વિષે કહી શકાય કે, આ કોઈ ફિલસૂફીનો ગ્રંથ ન હોઈ, એમાં કશાય તત્ત્વનો શાસ્ત્રીય પદ્ધતિએ કરેલો વિચાર જોવા નહિ મળે. પ્રો. વાસવાની આ લક્ષણનો ખાસ નિર્દેશ કરતાં કહે છે: " 'સુખમની' જીવન-વિચારની બાબતમાં મુખ્યતઃ વ્યવહારદૃષ્ટિ રાખે છે.... 'સુખમની' જીવનનું ધર્મકાવ્ય છે."[1] જેમ ગીતાકાર તેના અનુપમ ધર્મકાવ્યમાં સાંખ્ય, યોગ, ગુણાદિ ચર્ચે છે. તે તે શાસ્ત્રોની રીતે નહિ પણ તે તે સિદ્ધાંતના પોતાના ઉપયોગની દૃષ્ટિએ, તેમ જ આ 'સુખમની'માં ગુરુ કરે છે. કાવ્યગ્રંથ માટે, જેને ભક્તિરસ ગાવો છે તેને માટે, આ જ રસ્તો હોઈ શકે. અનુભવ અને ભાવના પોતાના વિકાસ અર્થે બુદ્ધિ જેટલી ઝીણવટ નથી માંગતાં.

ભક્તિનો મુખ્ય પ્રમેય છે કે, જાણ્યે અજાણ્યે પણ જીવમાત્ર ઈશ્વરનો ભક્ત જ છે. ગીતાકારે કરેલા ભક્તના આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી, અને જ્ઞાની એવા ચાર ભાગની બહાર કોઈ પણ જીવ છે ખરો ? અને તિર્યગ્ યોનિઓ તો પ્રકૃતિધર્મી હોઈ, પરમાત્માના જ કાયદા અનુસાર ચાલે છે, એટલે એમના અજ્ઞાનમાં પણ તેમને

---

૧. તેમના 'ઇન ધ શીખ સેન્કચુઅરી' એ પુસ્તકમાં.

ભક્ત જ ગણી લેવાય. તેથી તો આપણે એમનું કાવ્યનિરૂપણ વેદ-કાળના કવિઓથી માંડીને આજ સુધી થતું આવતું જોઈએ છીએ.

આ મુખ્ય પ્રમેયથી ૧૦મી અષ્ટપદીના શ્લોકમાં જીવસ્વરૂપનું નિરૂપણ કરે છે કે, 'હે પ્રભુ! અનેક લોકો તમારી સ્તુતિ કર્યા કરે છે'; અને સાથે જ એ આખી રચનાને કેન્દ્રીભૂત કરનાર પ્રભુને વિષે પણ કહી દે છે: 'નાનક કહે છે કે, તમે જ આ અનેક પ્રકારની બહુવિધ રચના રચી છે.'

આ પ્રારંભ-કથનમાં સાર કહી દીધા પછી આખી અષ્ટપદી જીવોની અજ્ઞાત ભક્તિના વિધવિધ પ્રકારો વર્ણવે છે. એ બધાનો સાર ગીતાકારના શબ્દોમાં કહીએ તો, તે બધા 'અવળી બુદ્ધિવાળા લોકોની આશાઓ, એમનાં કર્મો તેમ જ એમનું જ્ઞાન વ્યર્થ નીવડે છે' (અ૦ ૯, શ્લો૦ ૧૨). કારણ, 'ભૂતમાત્રના મહેશ્વર રૂપ ભગવાનના શ્રેષ્ઠ ભાવને ન જાણીને મૂર્ખ લોકો મનુષ્ય રૂપ ધારણ કરેલા પરમાત્માની અવજ્ઞા કરે છે.' (અ૦ ૯, શ્લો૦ ૧૧).

પરંતુ દરેક પદનો ધ્રુવ ભાવ એ છે કે, એ બધામાં જેણે પ્રભુને શ્રેષ્ઠ જાણ્યો ને ભજ્યો તે જ તરે છે.

૧૦ — ૧

कई कोटि होए पूजारी ।
कई कोटि आचार बिउहारी ॥१॥
कई कोटि भए तीरथ वासी ।
कई कोटि बन भ्रमहि उदासी ॥२॥
कई कोटि बेदके स्रोते ।
कई कोटि तपीसुर होते ॥३॥
कई कोटि आतम धिआनु धारहि ।
कई कोटि कबि काबि बीचारहि ॥४॥

कई कोटि नवतन नामु धिआवहि ।
नानक करतेका अंतु न पावहि ॥५॥

શબ્દાર્થ

[आचार बिउहारी = આચાર-વ્યવહાર, વિધિ-વિધાન અનુસરનારા; ક્રિયાકાંડીઓ; કર્મકાંડીઓ. उदासी = ત્યાગી–વૈરાગી. स्रोते = શ્રોતા. तपीसुर = તપસ્વી; તપેશ્વર. काबि = કાવ્ય. नवतन = નવતર, અવનવું; નૌતમ.]

૧૦ – ૧

કેટલા કરોડો પૂજારી થયા છે; કેટલા કરોડો કર્મ-ક્રિયા-કાંડી થયા છે. (૧)

કેટલા કરોડો તીર્થવાસી થયા છે; કેટલા કરોડો ઉદાસી-વૈરાગી થઈને વનમાં ભમે છે. (૨)

કેટલા કરોડો વેદ સાંભળ્યા કરે છે; કેટલા કરોડો તપેશરી થાય છે. (૩)

કેટલા કરોડો આત્માનું ધ્યાન ધરે છે; કેટલા કરોડો કવિઓ (તમારી પ્રશંસાનાં) કાવ્યો વિચારે છે. (૪)

કેટલા કરોડો (પ્રભુને) નૌતમ નામ વડે ચિંતવે છે; નાનક કહે છે કે, તો પણ કર્તા–પ્રભુનો અંત કોઈ પામી શકતા નથી. (૫)

૧૦ – ૨

कई कोटि भए अभिमानी ।
कई कोटि अंध अगिआनी ॥१॥
कई कोटि किरपन कठोर ।
कई कोटि अभिग आतम निकोर ॥२॥

कई कोटि परदरब कउ हिरहि ।
कई कोटि परदूखना करहि ॥३॥
कई कोटि माइआ स्रम माहि ।
कई कोटि परदेस भ्रमाहि ॥४॥
जितु जितु लावहु तितु तितु लगना ।
नानक करतेकी जानै करता रचना ॥५॥

शब्दार्थ

[किरपन = કૃપણ; કંજૂસ; પાજી. अभिग = ન ભીંજાયેલા. निकोर = કોરો; સૂકો; લુખ્ખો. माइआ = માયા; ધનદોલત. स्रम = શ્રમ; મહેનત.]

૧૦ – ૨

કેટલા કરોડ (લોક) અભિમાની થયા છે; કેટલા કરોડ અંધ અજ્ઞાની છે. (૧)

કેટલા કરોડ કઠોર કૃપણ થયા છે; કેટલા કરોડ (પ્રભુ-પ્રેમથી) ન ભીંજાયેલા લુખ્ખા અંતરવાળા છે. (૨)

કેટલા કરોડ પરદ્રવ્ય પડાવી લે છે; કેટલા કરોડ પારકાને દુઃખ જ આપ્યા કરે છે. (૩)

કેટલા કરોડ માયા ભેગી કરવાના કામમાં (મશગૂલ) છે; કેટલા કરોડ તે અર્થે પરદેશ ભમ્યા કરે છે. (૪)

(જીવને) જ્યાં જ્યાં (પરમાત્મા) લગાડે, ત્યાં ત્યાં તે લાગે છે; નાનક કહે છે કે, કર્તાનાં સરજેલાંને કર્તા જ જાણે. (૫)

૧૦ – ૩

कई कोटि सिध जती जोगी ।
कई कोटि राजे रस भोगी ॥१॥

कई कोटि पंखी सरप उपाए।
कई कोटि पाथर बिरख निपजाए ॥२॥
कई कोटि पवण पाणी बैसंतर ।
कई कोटि देश भू मंडल ॥३॥
कई कोटि ससीअर सूर नख्यत्र ।
कई कोटि देव दानव इंद्र सिरि छत्र ॥४॥
सगल समग्री अपनै सूति धारै ।
नानक जिसु जिसु भावै तिसु तिसु निसतारै ॥५॥

શબ્દાર્થ

[उपाए = ઉપજાવ્યાં. बिरख = વૃક્ષ. बैसंतर = અગ્નિ. मंडल = વિભાગ. ससीअर = ચંદ્ર. सूर = સૂર્ય. नख्यत्र = નક્ષત્ર. सिरि = માથા ઉપર. समग्री = સામગ્રી; પદાર્થો. सूति = સૂત્રે; દોરામાં. निसतारै = મુક્ત કરે.]

૧૦ – ૩

કેટલા કરોડ સિદ્ધો, યતિઓ અને યોગીઓ છે; કેટલા કરોડ (વિષય-) રસભોગી રાજાઓ છે. (૧)

કેટલા કરોડ પંખી, અને સર્પો[1] ઉપજાવ્યા છે; કેટલા કરોડ પથ્થર અને વૃક્ષ પણ. (૨)

કેટલા કરોડ પવન, પાણી અને અગ્નિઓ; તથા કેટલા કરોડ દેશો અને પૃથ્વીના વિભાગો છે. (૩)

કેટલા કરોડ ચંદ્રો, સૂર્યો અને નક્ષત્રો; તથા કેટલા કરોડ દેવો, દાનવો અને માથે (રાજ–) છત્ર ધારણ કરનારા ઇંદ્રો છે. (૪)

૧. મૂળ सरप = સર્પ–સાપ. પણ सरीसृप અર્થ લઈએ, તો પેટે સરકનારાં સાપ–ઘરોળી વગેરે બધાનો વર્ગ આવી જાય. –સંપા૦

એ બધા પદાર્થો, (પરમાત્માએ) પોતાના સૂત્રે[1] ધારણ કરી રાખ્યા છે; નાનક કહે છે કે, તે બધામાંથી જે જે તેમને ગમે, તેને તેને (સંસારના ચક્રમાંથી) તે મુક્ત કરે છે. (૫)

૧૦ – ૪

कई कोटि राजस तामस सातक ।
कई कोटि बेद पुरान सिमृति अरु सासत ॥१॥
कई कोटि कीए रतन समुद ।
कई कोटि नाना प्रकार जंत ॥२॥
कई कोटि कीए चिर जीवे ।
कई कोटि गिरी मेर सुवरन थीवे ॥३॥
कई कोटि जख्य किन्नर पिसाच ।
कई कोटि भूत प्रेत सूकर मृगाच ॥४॥
सभते नेरै सभहूते दूरि ।
नानक आपि अलिपतु रहिआ भरपूरि ॥५॥

શબ્દાર્થ

[सातक = સાત્ત્વિક. सासत = શાસ્ત્ર. जख्य = યક્ષ. सूकर=ડુક્કર. मृगाच = મૃગલાં વગેરેને ખાનારાં વાઘ–વરુ વગેરે હિંસક પશુઓ. नेरै = નજીક.]

૧૦ – ૪

કેટલા કરોડ રાજસિક, તામસિક અને સાત્ત્વિક જીવો[2]

---

૧. મણિઓની માળા જેમ વચ્ચે પરોવેલા દોરાને આધારે પરોવાઈ રહે છે, તેમ આ બધા પદાર્થોમાં સૂત્રધાર રૂપે પરમાત્મા રહેલા છે.–**સંપા૦**

૨. ગીતામાં, અ૦ ૧૭ – શ્લો૦ ૨ થી ૨૨ સુધી, તથા અ૦ ૧૮ – શ્લો૦ ૨૦થી ૩૯ સુધી, સત્ત્વ, રજસ, તમસ એ ત્રણ ગુણોવાળાનાં લક્ષણો બતાવ્યાં

છે; કેટલા કરોડ વેદો, પુરાણો, સ્મૃતિઓ અને શાસ્ત્રો છે;-(૧)

કેટલા કરોડ રત્નો અને સમુદ્રો, તથા કેટલા કરોડ વિવિધ પ્રકારનાં જંતુઓ છે:- (૨)

કેટલા કરોડ બહુ લાંબો સમય જીવનારા (જીવો) છે; કેટલા કરોડ સુવર્ણના મેરુ વગેરે પર્વતો થયા છે;- (૩)

કેટલા કરોડ યક્ષો,[1] કિન્નરો, પિશાચો; અને કેટલા કરોડ ભૂત, પ્રેત, ડુક્કર, અને હિંસ્ર પ્રાણીઓ છે;-(૪)

પરમાત્મા એ બધાની નજીક છે, તેમ જ બધાથી દૂર પણ છે; નાનક કહે છે કે, પોતે (બધા પદાર્થોમાં) ભરપૂર (વ્યાપી) રહ્યા હોવા છતાં તે બધાથી અલિપ્ત છે. (૫)

१० – ५

कई कोटि पातालके वासी ।
कई कोटि नरक सुरग निवासी ॥१॥
कई कोटि जनमहि जीवहि मरहि ।
कई कोटि बहु जोनी फिरहि ॥२॥
कई कोटि बैठत ही खाहि ।
कई कोटि घालहि थकिं पाहि ॥३॥

છે. તેમાં ત્રણ ગુણવાળી બુદ્ધિનાં લક્ષણ આ પ્રમાણે આપ્યાં છે – "પ્રવૃત્તિ-નિવૃત્તિ, કાર્ય–અકાર્ય, ભય–અભય, તથા બંધ–મોક્ષનો ભેદ જે બુદ્ધિ યોગ્ય રીતે જાણે છે, તે સાત્ત્વિક બુદ્ધિ છે; જે બુદ્ધિ ધર્મ–અધર્મ, અને કાર્ય–અકાર્યનો વિવેક અશુદ્ધ રીતે કરે છે, તે બુદ્ધિ રાજસી છે; અને જે બુદ્ધિ અંધકારથી ઘેરાયેલી હોવાથી અધર્મને જ ધર્મ માને છે, ને બધી વસ્તુને ઊલટી રીતે જ જુએ છે, તે તામસી છે." [અ૦ ૧૮, શ્લો૦ ૩૦–૩૨] —**સંપા૦**

૧. યક્ષ–કિન્નર વગેરે દેવયોનિ છે; ભૂત - પ્રેત વગેરે અવગતિ પામેલા જીવો છે —**સંપા૦**

कई कोटि कीए धनवंत ।
कई कोटि माइआ महि चिंत ॥४॥
जह जह भाणा तह तह राखे ।
नानक सभु किछु प्रभकै हाथे ॥५॥

શબ્દાર્થ

[सुरग = સ્વર્ગ. जोनी = યોનિ. घालहि = પરિશ્રમ કરે છે; મથ્યા કરે છે. भाणा = ભાવ – મરજી.]

१० – ५

કેટલા કરોડ (જીવો) પાતાળમાં વસે છે; અને કેટલા કરોડ નરકમાં તથા સ્વર્ગમાં; (१)

કેટલા કરોડ જન્મે છે, જીવે છે અને મરે છે; તથા કેટલા કરોડ અનેક યોનિઓમાં ભટકયા કરે છે; (२)

કેટલા કરોડ (પરિશ્રમ કર્યા વિના) બેઠાબેઠ ખાધા કરે છે; ત્યારે કેટલા કરોડ મહેનત-મજૂરી કરી કરીને થાકે છે; (३)

કેટલા કરોડ ધનવંત (જ) સર્જ્યા છે; (ત્યારે) કેટલા કરોડ ધન[1] મેળવવાની જ ચિંતા કર્યા કરે છે; (४)

જેવી જેવી (પ્રભુની) મરજી હોય તેમ તેમ (જીવોને) તે રાખે છે; નાનક કહે છે કે, બધું જ પ્રભુના હાથમાં છે. (५)

१० – ६

कई कोटि भए बैरागी ।
राम नाम संगि तिनि लिव लागी ॥१॥

---

१. મૂળ माइआ. ભોગપદાર્થો – એવો અર્થ પણ કરી શકાય.—**સંપા૦**

कई कोटि प्रभ कउ खोजंते ।
आतम महि पारब्रहम लहंते ॥२॥
कई कोटि दरसन प्रभ पिआस ।
तिन कउ मिलिओ प्रभु अबिनास ॥३॥
कई कोटि मागहि सतसंगु ।
पारब्रहम तिन्ह लागा रंगु ॥४॥
जिन कउ होए आपि सुप्रसंन ।
नानक ते जन सदा धनि धंनि ॥५॥

શબ્દાર્થ

[लिव = લગની; લીનતા. खोजंते = શોધે છે. लहंते = સમજે છે, જાણે છે.]

૧૦ – ૬

કેટલા કરોડ વૈરાગી થયા છે, અને રામના નામ સાથે તેમણે લગન લગાવી છે; (૧)

કેટલા કરોડ પ્રભુને શોધે છે, અને આત્મામાં જ પરમાત્માને મેળવે છે; (૨)

કેટલા કરોડને પ્રભુ-દર્શનની પ્યાસ લાગી છે; અને તેમને અવિનાશી પ્રભુ પ્રાપ્ત થયા છે; (૩)

કેટલા કરોડ સત્સંગ માગે છે; પરબ્રહ્મ–પરમાત્માનો તેમને રંગ લાગ્યો છે; (૪)

નાનક કહે છે કે, જેમના ઉપર પ્રભુ પોતે સુપ્રસન્ન થયા છે, તે સંત જનોને સદા ધન્ય છે, ધન્ય છે. (૫)

१० – ७

कई कोटि खाणी अरु खंड ।
कई कोटि आकास ब्रहमंड ॥१॥
कई कोटि होए अवतार ।
कई जुगति कीनो बिसथार ॥२॥
कई बार पसरिओ पासार ।
सदा सदा इकु एकंकार ॥३॥
कई कोटि कीने बहु भाति ।
प्रभते होए प्रभ माहि समाति ॥४॥
ताका अंतु न जानै कोइ ।
आपे आपि नानक प्रभु सोइ ॥५॥

શબ્દાર્થ

[खाणी = જાતિ; યોનિ. जुगति = રીતે; પ્રકારે. एकंकार = બદલાયા વિનાનો – એકરૂપ. भाति = પ્રકારે. समाति = સમાય છે.]

૧૦ – ૭

કેટલા કરોડ (જીવ) યોનિઓ છે અને ધરતીના ખંડો છે; કેટલા કરોડ આકાશો અને બ્રહ્માંડો છે. (૧)

કેટલા કરોડ અવતાર થયા છે; કેટલીય રીતે (પ્રલય પછી) બધો વિસ્તાર (પ્રભુએ) પાથર્યો છે (૨)

કેટલાય વખત (આ બધો) પસારો પસાર્યો છે, છતાં (પ્રભુ પોતે) સદા એક અને એકાકાર જ રહ્યા છે. (૩)

કેટલા કરોડ (પદાર્થો) બહુ બહુ પ્રકારે રચ્યા છે; પ્રભુમાંથી ઉત્પન્ન થઈ તેઓ પ્રભુમાં જ (અંતે) સમાય છે. (૪)

પ્રભુનો અંત (ક્યાં છે એ) કોઈ જાણતું નથી; હે નાનક પ્રભુ પોતે જ એ તો જાણે. (૫)

१० – ८

कई कोटि पारब्रह्मके दास ।
तिन होवत आतम परगास ॥१॥
कई कोटि ततके बेते ।
सदा निहारहि एको नेत्रे ॥२॥
कई कोटि नामरसु पीवहि ।
अमर भए सद सद ही जीवहिं ॥३।
कई कोटि नाम गुन गावहि ।
आतम रसि सुखि सहजि समावहि ॥४॥
अपुने जन कउ सासि सासि समारे ।
नानक ओइ परमेसुरके पिआरे ॥५॥

શબ્દાર્થ

[तत = તત્ત્વ; પરમાર્થ. बेते = જ્ઞાની; જાણકાર. निहारहि = નિહાળે. सहजि सुखि = આત્મસુખમાં, પરમ આનંદમાં. सासि सासि = હરેક શ્વાસે; હરઘડી; નિરંતર.]

૧૦ – ૮

કેટલા કરોડ પરબ્રહ્મના દાસ છે, જેમને આત્મામાં (પરમાત્માનો) પ્રકાશ લાધે છે. (૧)

કેટલા કરોડ પરમતત્ત્વના જાણકાર છે, જેઓ સદા એક (પરબ્રહ્મ)ને નજરે નિહાળે છે. (૨)

કેટલા કરોડ નામ-રસ પીએ છે, જેઓ પછી અમર થઈને

સદા જીવ્યા કરે છે.[૧] (૩)

કેટલા કરોડ પ્રભુનું નામ અને પ્રભુના ગુણ[૨] ગાયા કરે છે; તેઓ આત્માના રસમાં, એટલે કે, સહજ સુખમાં સમાઈ જાય છે. (૪)

નાનક કહે છે કે, ભક્તો પરમેશ્વરને એટલા પ્યારા છે કે, તે પોતે તેમને હર ઘડી સાંભળે છે. (૫)

---

૧. પરમાત્માના નામ-જપથી પરમાત્મામાં લીન થઈ જઈ, જન્મ-મરણના ફેરાની બહાર નીકળી જાય છે.—**સં૰પા૰**

૨. 'પ્રભુના નામના ગુણ'—એવો અર્થ પણ થાય.—**સં૰પા૰**

असटपदी ११

सलोकु

करण कारण प्रभु एकु है
दूसर नाही कोइ ।
नानक तिसु बलिहारण
जलि थलि महीअलि सोइ ॥११॥

શબ્દાર્થ

[**करण कारण** = મૂળ કારણ; કારણોનું કારણ. **दूसर** = બીજો. **बलिहारणै** = વારી જવું – ઓવારી જવું. **थलि** = જમીનમાં. **महीअलि** = આંતર આકાશમાં.]

અષ્ટપદી ૧૧

શ્લોક

પ્રભુ એક જ સૌ કારણોનું કારણ છે, બીજું કોઈ નહિ. જળ–સ્થળ–અંતરાકાશમાં (સર્વત્ર) વ્યાપેલા એ પરમાત્માને નાનક ઓવારી જાય છે. [૧૧]

[પરમાત્માના પર ભાવને જાણ્યા વિના અજ્ઞાત ભક્તિ કરનાર (ગીતા–અ૦ ૧૨ માં જણાવ્યા પ્રમાણે) मोघाशाः मोघकर्माणः છે. એટલે હવે ૧૧ મી અષ્ટપદીમાં પ્રભુના પર ભાવ વિષે કહેવાનું શરૂ કરે છે :

ગુરુઓએ જોયું કે અનેક દેવદેવીઓનું કાવ્ય નાશ પામી તેમાંથી વહેમ જ પોષાવા લાગ્યા છે ને શુદ્ધ સનાતન ધર્મ તેમાં

દટાઈ ગયો છે. તેથી એક ઈશ્વરનું શુદ્ધ સત્ય શીખવી, ને વિધિનિષેધના બાહ્યાચારમાં દબાયેલ સત્ય શાશ્વત ધર્મને ઉગારી લેવો, આવા. વિચારથી શીખ ગુરુઓએ ઈશ્વર એક, અનન્ય, અદ્વિતીય, દીનદયાળ, ભક્તવત્સલ છે, એમ શીખવ્યું. એની અને જીવની વચ્ચે કોઈ આડ નથી : એક ગુરુ જ છે, જે દ્વારા જીવ આ અનંત ઈશને ઓળખી શકે છે. એ ગુરુ પણ, કોઈ શરીરી જ હોય એમ નથી (જુઓ પરિશિષ્ટ ૧).

૧૧ – ૧

करन करावन करनै जोगु ।
जो तिसु भावै सोई होगु ॥१॥
खिन महि थापि उथापनहारा ।
अंतु नही किछु पारावारा ॥२॥
हुकमे धारि अधर रहावै ।
हुकमे उपजै हुकमि समावै ॥३॥
हुकमे ऊच नीच बिउहार ।
हुकमे अनिक रंग परकार ॥४॥
करि करि देखै अपुनी वडिआई ।
नानक सभ महि रहिआ समाई ॥५॥

શબ્દાર્થ

[करन = કરનાર. करावन = કરાવનાર. करनै जोगु = કરવાને સમર્થ. होगु = થાય; બને. पारावारा = હદ; સીમા. धारि = પકડી. अधर = આકાશ. बिउहार = કર્મ; પ્રવૃત્તિ. समाई = વ્યાપીને.]

૧૧ – ૧

(સૃષ્ટિનો) કરતા-કારવતા એવો પરમાત્મા બધું કરવાને સમર્થ છે; તેને જે ગમે છે, તે જ થાય છે. (૧)

એક ક્ષણમાં તે થાપે છે અને પાછું તેને ઉથાપે છે. તેની સીમાનો કશોય અંત નથી. (૨)

પોતાના હુકમથી તે આકાશને અધ્ધર ધરી રાખે છે; તેના હુકમથી બધું નીપજે છે; અને હુકમથી તેને તે પાછું પણ સમાવી લે છે. (૩)

તેના હુકમથી જ ઊંચાનો કે નીચાનો વ્યવહાર ચાલે છે; તેના હુકમથી જ (કુદરતના) વિવિધ રંગ અને પ્રકાર નીપજે છે (૪)

(એ બધી વિવિધતા) સરજી સરજીને પોતાનો મહિમા તે નિહાળે છે. નાનક કહે છે કે, સર્વ પદાર્થોમાં તે (પરમાત્મા) જ વ્યાપીને રહેલા છે. (૫)

શીખ ગુરુઓએ જે ઈશ્વર-નિરૂપણ કર્યું છે એમાં તેઓએ આવશ્યક સુધારો કરી લઈને શીખવ્યું કે, તે ઈશ્વર) ''એકુ હૈ, દૂસર નાહી કોઇ'' એના હુકમથી આખા વિશ્વનાં ધારણ–પોષણ, સર્જન અને સંહાર થાય છે. 'હુકમૈ અંદરિ સભુકો બાહરિ હુકમ ન કોઈ (જપજી)'. આમ તે સર્વાતિશાયી હોઈને પણ ગુરુ કહે છે કે સર્વાનુશાયી પણ છે : 'નાનક સભ મહિ રહિઆ સમાઈ' (૧૧ : ૧). 'સભતે નેરૈ સભહૂતે દૂરિ, નાનક આપિ અલિપતુ રહિઆ ભરપૂરિ' (૧૦ : ૪).

११ – २

प्रभ भावै मानुख गति पावै ।
प्रभ भावै ता पाथर तरावै ॥१॥
प्रभ भावै बिनु सासते राखै ।
प्रभ भावै ता हरिगुण भाखै ॥२॥

प्रभ भावै ता पतित उधारै ।
आपि कउ आपन बीचारै ॥३॥
दुहा सिरिआका आपि सुआमी ।
खेलै बिगसै अंतरजामी ॥४॥
जो भावै सो कार करावै ।
नानक द्रसटी अवरु न आवै ॥५॥

શબ્દાર્થ

[गति = મોક્ષ. दुहा सिरिआ = આ લોક તેમ જ પરલોક બેઉ. कार = કર્મ. अवरु = બીજો.]

૧૧ – ૨

પ્રભુને ગમે તો માણુસ મોક્ષ પામે; કારણ, તે ઇચ્છે તો પથ્થરને પણ તરાવે. (૧)

પ્રભુને ગમે તો (માણુસને) શ્વાસ વિના પણ (જીવતો) રાખે; તેમને ગમે તો (માણુસ) હરિગુણ ગાય. (૨)

પ્રભુને ગમે તો પતિતનો પણ ઉદ્ધાર કરે;– તે બધું સરજે છે અને પોતે જ બધું યોજે છે. (૩)

આ લોક અને પરલોકનો તે સ્વામી છે; (સૌનો) અંતર્યામી તે (સૃષ્ટિનો ખેલ) ખેલે છે અને ખુશી થાય છે. (૪)

પોતાને ગમે તે કર્મ (તે જીવ પાસે) કરાવે છે; નાનક કહે છે કે, એના સિવાય (કરનાર કરાવનાર) બીજું કોઈ નજરે જ આવતું નથી. (૫)

પરમાત્મા સર્વાનુશાયી તેમ જ સર્વાતિશાયી છે. પણ એ ભાવો તો તત્ત્વજ્ઞાનીને ગમે. ભક્તને માટે તો 'દુહા સિરિઆકા આપિ સુઆમી, ખેલૈ બિગસૈ અંતરજામી' આ ભાવ જ પ્રિય છે. પ્રભુ

પુણ્યાત્મા તેમ જ પાપાત્માનો બેઉનો બેલી છે : શીખોનો બેલી અને અ-શીખોનો ન્યાય કરનાર કડક કાજી તે નથી.

[કડી ૫ : પરમાત્મા જ જીવ પાસે પોતાની મરજી મુજબ કર્મો કરાવે છે. એનો અર્થ એવો નથી કે, તે કેટલાક જીવો પાસે પાપકર્મ કરાવી તેમને કાયમને માટે શાપિત – પાપી રાખે છે. પરમાત્મા બધા જીવોમાં સમાનપણે વ્યાપી રહેલો છે – તે જ છે; તેના સિવાય બીજું કાંઈ નથી. તેણે જ જીવો સર્જ્યા છે – તે બીજા કોઈ હેતુથી નહિ – કારણ કે, તેના સિવાય બીજું કાંઈ હોય તો તેની સામેનો કોઈ હેતુ હોઈ શકે. પોતાની સામેનો હેતુ તો પોતા સિવાય બીજો શો હોઈ શકે? એટલે વિવિધ જીવ-સૃષ્ટિ સર્જવાનો હેતુ આપણે કલ્પવાનો હોય નહિ; બહુ તો એટલું જ કહી શકીએ કે જીવો પરમાત્મા રૂપી 'સત્ય'ની નજીક પહોંચે તે જ સૃષ્ટિ-સર્જનનો હેતુ છે. અને તેથી જીવો પરમાત્માને 'નોધારાનો આધાર,' 'કૃપાનિધિ,' 'પતિત–પાવન,' 'ભક્ત–વત્સલ' જ કહી શકે. ગમે તેવા પતિતને કે પથ્થરને પણ તે તારી લે છે. જીવોની ઇંદ્રિયો બહિર્મુખ હોઈ, તેઓ કર્મોનું કોટલું પોતાની આસપાસ ઊભું કરીને તેમાં બંધાયા જ કરે છે પણ કોઈ જીવને સદ્ગુરુનો સંગ થતાં તે જીવ ઈશ્વરાભિમુખ બને છે, ત્યારે તેનું ગમે તેવું સખત કોટલું પણ તડ – તડ તૂટી જાય છે.

કોણ કેવી રીતે ઈશ્વરાભિમુખ થાય છે, એનો કશો કાયદો આપણે જાણી શકતા નથી. એ વસ્તુ સૃષ્ટિ શા માટે ઉત્પન્ન થઈ, તે પ્રશ્નની પેઠે ગૂઢ જ રહે છે. સૃષ્ટિની ઉત્પત્તિ, તથા જીવની મુક્તિ – એ બંને વસ્તુઓ, તેથી ઈશ્વરના હુકમથી જ થતી કહેવાય છે. એ વસ્તુને 'ગુરુકૃપા' પણ કહો. 'નામનો મહિમા' પણ કહો, કે 'ઈશ્વરની કૃપા' પણ કહો. એ સિવાય બીજું કશું એ અંગે કહી શકાય નહિ.]

११ – ३

कहु मानुखते किआ होइ आवै ।
जो तिसु भावै सोई करावै ॥१॥
इसकै हाथि होइ ता सभु किछु लेइ ।
जो तिसु भावै सोई करेइ ॥२॥
अनजानत बिखिआ महि रच ।
जे जानत आपन आप बचै ॥३॥
भरमे भूला दह दिसि धावै ।
निमख माहि चारि कुंट फिरि आवै ॥४॥
करि किरपा जिसु अपनी भगति देइ ।
नानक ते जन नामि मिलेइ ॥५॥

શબ્દાર્થ

[अनजानत = અણજાણમાં – અજ્ઞાનમાં. बिखिआ = વિષય-ભોગોમાં. दह दिसि = દશે દિશામાં. निमख = નિમિષ – ક્ષણ. चारि कुंट = ચારે ખૂણે.]

૧૧ – ૩

કહો, માણસથી શું થઈ શકે તેમ છે? ભગવાનને ગમે તે કામ જ (તે એની પાસે) કરાવે છે. (૧)

માણસના હાથમાં હોય તો બધું જ લઈ લે; પણ ભગવાન તો પોતાને જે ગમે તે જ કરે છે. (૨)

અણજાણ દશામાં માણસ વિષયભોગોમાં રચ્યોપચ્યો રહે છે; પણ જો જાણે, તો પોતે પોતાની મેળે જ (વિષયભોગોથી) બચતો રહે. (૩)

ભ્રમમાં ભૂલેલો તે દશે દિશામાં દોડ્યા કરે છે; અરે, એક ક્ષણમાં તો ચારે ખૂણા ફરી આવે છે. (૪)

નાનક કહે છે કે, કૃપા કરીને (પરમાત્મા) જેને પોતાની ભક્તિ આપે, તે માણસ જ નાંમમાં લીન થઈ જાય. (૫)

જીવો 'અનજાનત બિખિઆ મહિ રચૈ', 'ભરમે ભૂલા દહ દિસિ ધાવૈ'; તેથી તે ક્રોધપાત્ર નથી, પણ દયાપાત્ર છે. કેમકે, ઈશ્વર તો આગળ ૧૫મી અષ્ટપદી પદ ૧ માં જણાવશે તે પ્રમાણે —

'ટૂટી ગાઢનહાર ગોપાલ, સરબ જીઆ આપે પ્રતિપાલ;
સગલકી ચંતા જિસુ મન માહિ, તિસતે બિરથા કોઈ નાહિ.'
— એવો રહીમ છે.

११ – ४

खिन महि नीच कीट कउ राज ।
पारब्रहम गरीब निवाज ॥१॥
जाका द्रसटि कछू न आवै ।
तिसु ततकाल दहदिस प्रगटावै ॥२॥
जाकउ अपुनी करै बखसीस ।
ताका लेखा न गनै जगदीस ॥३॥
जीउ पिंडु सभ तिसकी रासि ।
घटि घटि पूरन ब्रहम प्रगास ॥४॥
अपनी बणत आपि बनाई ।
नानक जीवै देखि बडाई ॥५॥

શબ્દાર્થ

[खिन = ક્ષણ. कीट = તુચ્છ જંતુ; કીડો. राज = રાજગાદી लेखा = હિસાબ–કિતાબ (પાપ–પુણ્યની ગણતરી). पिंडु = શરીર. रासि = મિલકત; મૂડી. बणत = સૃષ્ટિ; રચના.]

૧૧ – ૪

એક ક્ષણમાં તુચ્છ કીડા જેવાને રાજગાદી (બક્ષી દે) ;— પરબ્રહ્મ પરમાત્મા એવા ગરીબનિવાજ છે. (૧)

જેની કશી વિશેષતા નજરે પડતી નથી, તેવાને તત્કાળ તે દશે દિશામાં જાણીતો કરી દે છે. (૨)

જેના ઉપર તે પોતાની મહેર કરે, તેનાં કર્મોનો હિસાબ પછી જગદીશ (ધર્મરાજા) પણ ગણે નહિ. (૩)

જીવો અને શરીરો બધાં તેની મિલકત છે;— ઘટ ઘટમાં પૂર્ણ બ્રહ્મ જ પ્રકાશી રહ્યું છે. (૪)

પોતાની સૃષ્ટિ (બીજા કોઈની મદદ વિના) તેણે પોતે જ બનાવી છે; નાનક પ્રભુની એ મહત્તા જોઈને જ જીવે છે.[1] (૫)

૧૧ – ૫

इसका बलु नाही इसु हाथ ।
करन करावन सरबको नाथ ॥१॥
आगिआकारी बपुरा जीउ ।
जो तिसु भावै सोई फुनि थीउ ॥२॥
कबहू ऊच नीच महि बसै ।
कबहू सोग हरख रंगि हसै ॥३॥
कबहू निंद चिंद बिउहार ।
कबहू ऊभ अकास पइआल ॥४॥
कबहू बेता ब्रहम बीचार ।
नानक आपि मिलावणहार ॥५॥

---

૧. એ મહત્તા જોતો જોતો જ – જોવા માટે જ જીવે છે, એવો ભાવ છે. –સંપા૦

શબ્દાર્થ

[बपुरा = બાપડો. फुनि = પુનઃ; વળી. थीउ = થાય; બને. निंद = નિંદા. चिंद = ચિંતા. बिउहार = વ્યવહાર–પ્રવૃત્તિ. ऊभ = જઈને ઉભો, રહે. बेता = જ્ઞાની; જાણકાર.]

૧૧ – ૫

આ (જીવ)નું બળ એ (જીવ)ના હાથમાં નથી; કારણ, બધાનો નાથ – સ્વામી (પરમાત્મા) જ કરતા–કારવતા છે. (૧)

જીવ બાપડો તો જેવી (તેની) આજ્ઞા હોય તેટલું જ કરી શકે છે; તેને (પરમાત્માને) જે ગમે તે જ થાય છે. (૨)

(પરમાત્માની આજ્ઞાથી) કોઈ વાર (જીવ) ઉચ્ચ (યોનિ)માં વસે છે, તો કોઈ વાર નીચ (યોનિ)માં; કોઈ વાર શોક કરે છે તો કોઈ વાર હર્ષના રંગમાં આવી જઈ હસે છે; (૩)

કોઈ વાર નિંદામાં પ્રવૃત્ત થાય છે, તો કોઈ વાર ચિંતામાં; કોઈ વાર આકાશમાં પહોંચે છે, તો કોઈ વાર પાતાલમાં; (૪)

તો કોઈ વાર જ્ઞાની બની બ્રહ્મનું ચિંતન કરવા લાગે છે! નાનક કહે છે કે, પ્રભુ જ (જીવનો પોતાની સાથે) મેળાપ કરાવે છે. (૫)

પરમાત્મા આગળ 'આગિઆકારી બપુરા જીઉ', બીચારો જીવ આજ્ઞાકારી જ છે. કેમકે એનું (ધણીનું) ધાર્યું થાય છે. 'ઇસકા બલુ નાહી ઇસુ હાથ' – જીવનું કાંઈ નથી ચાલતું, ઈશ્વર કરે તે જ ખરું. પણ એનો અર્થ એ નથી કે, જીવ પરવશ છે. શીખગુરુઓ કર્મનો કાયદો બરાબર સ્વીકારે છે અને કહે છે, 'हुकमि रजाई चलणा नानक लिखिआ नालि'—દરેકના કર્માનુસાર જે લખાયું છે, એ ઈશ્વરના હુકમ પ્રમાણે ચાલવું (એ જીવની ગતિ છે). ૧૧મી

અષ્ટપદીનાં ૪–૫ પદમાં ગુરુ આ જ વાતનું વિવરણ કરીને અંતે સમાપ્ત કરે છે—जिउ प्रभु राखै तिव ही रहै । (૧૧ : ૬).

११ – ६

कबहू निरति करै बहु भाति ।
कबहू सोइ रहै दिनु राति ॥१॥
कबहू महा क्रोध बिकराल ।
कबहूं सरबकी होत रवाल ॥२॥
कबहू होइ बहै बड राजा ।
कबहू भेखारी नीचका साजा ॥३॥
कबहू अपकीरति महि आवै ।
कबहू भला भला कहावै ॥४॥
जिउ प्रभु राखै तिव ही रहै ।
गुरप्रसादि नानक सचु कहै ॥५॥

શબ્દાર્થ

[निरति = નૃત્ય; ઉધમાત. रवाल = રેણુ; ચરણરજ. साजा = સાજ, પહેરવેશ.]

૧૧ – ૬

કોઈ વાર (જીવ) બહુ પ્રકારનો નાચ–ઉધમાત:કરે છે; તો કોઈ વાર દિવસ–રાત સૂઈ રહે છે. (૧)

કોઈ વાર મહા વિકરાળ બની ક્રોધ કરે છે; તો કોઈ વાર સૌની ચરણ-રજ બની રહે છે. (૨)

કોઈ વાર વડો રાજા થઈને બેસે છે; તો કોઈ વાર નીચ ભિખારીનો સાજ (ધારણ કરે છે); (૩)

કોઈ વાર અપકીર્તિ પામે છે; તો કોઈ વાર 'ભલો' 'ભલો' કહેવાય છે. (૪)

જેમ પ્રભુ રાખે છે તેમ જ તે રહે છે:– એમ ગુરુકૃપાએ નાનક સાચું કહે છે. (૫)

૧૧ – ૭

कबहू होइ पंडित करे बख्यानु ।
कबहू मोनि धारि लावै धिआनु ॥१॥
कबहू तट तीरथ इसनान ।
कबहू सिध साधिक मुखि गिआन ॥२॥
कबहू कोटि हसति पतंग होइ जीआ ।
अनिक जोनि भरमै भरमीआ ॥३॥
नाना रूप जिउ स्वागी दिखावै ।
जिउ प्रभ भावै तिवै नचावै ॥४॥
जो तिसु भावै सोई होइ ।
नानक दूजा अवरु न कोइ ॥५॥

શબ્દાર્થ

[मोनि = મૌન. हसति = હાથી. भरमै = ભ્રમથી; અજ્ઞાનને કારણે. स्वागी = બહુરૂપી. दूजा = બીજો.]

૧૧ – ૭

કદીક (જીવ) પંડિત થઈને વ્યાખ્યાન કરે છે; તો કદીક મૌન ધરી ધ્યાન લગાવે છે. (૧)

કદીક તીર્થ–તટ ઉપર સ્નાન કર્યા કરે છે; તો કદીક સિદ્ધ–સાધક થઈ મોંએ જ્ઞાન (ઉપદેશે છે). (૨)

કદીક કીડો, હાથી કે પતંગિયું બને છે;—એમ જીવ અનેક યોનિઓમાં ભમે ભટકયા કરે છે. (૩)

બહુરૂપીની પેઠે (તે) વિવિધ શરીર-રૂપો ધારણ કરે છે; પ્રભુને જેમ ગમે તેમ તેને (તે) નચાવે છે. (૪)

(પ્રભુને) જે ગમે તે જ થાય છે; નાનક કહે છે કે, એમના સિવાય બીજું કોઈ નથી. (૫)

११ – ८

कबहू साध संगति इहु भावै ।
उसु असथानते बहुरि न आवै ॥१॥
अंतरि होइ गिआन परगासु ।
उसु असथानका नही बिनासु ॥२॥
मन तन नामि रते इक रंगि ।
सदा बसहि पारब्रहमक संगि ॥३॥
जिउ जल महि जलु आइ खटाना ।
तिउ जोती संगि जोति समाना ॥४॥
मिटि गए गवन पाए बिस्राम ।
नानक प्रभकै सद कुरबान ॥५॥

શબ્દાર્થ

[असथान = સ્થાન. बहुरि = ફરીથી. खटाना = ભળી જાય; સમાઈ જાય. जोती = તેજ; પ્રકાશ. गवन = આવાગમન—જન્મમરણના ફેરા.]

૧૧ – ૮

કદીક સંતપુરુષની સોબત એને ગમે અને એ સ્થિતિમાંથી તે ફરી ચલિત ન થાય; (૧)

— તો તેના અંતરમાં જ્ઞાન-પ્રકાશ થાય; પછી એ સ્થિતિ કદી નાશ પામતી નથી. (૨)

(પછી તો) તેનાં મન અને તન નામમાં એક રંગે રત થઈ જાય છે, અને સદા પરબ્રહ્મના સંગમાં જ વસે છે. (૩)

જેમ જળમાં જળ આવીને ભળી જાય, તેમ એક જ્યોતિમાં બીજી જ્યોતિ[1] સમાઈ જાય છે. (૪)

તેના જન્મ-મરણના ફેરા ટળી જાય છે, અને તે વિશ્રાંતિ પામે છે. નાનક (એ મોક્ષ આપનાર) પ્રભુને સદા ઓવારી જાય છે. (૫)

આ આઠમા પદમાં શ્રેષ્ઠ ભક્ત જ્ઞાનીનું વર્ણન કરે છે. 'કુબહૂ સાધ સંગતિ ઇહુ ભાવૈ.' જીવ અનેક જન્મો ફરતો ફરતો એકાદમાં સાધુસંગ મેળવે છે, ને પછી 'અંતરિ હોઈ ગિઆન પરગાસુ,' 'મન તન નામિ રતે ઇક રંગિ;' અને એમ સાધન કરતો કરતો તે જીવ, 'સદા બસહિ પારબ્રહમકૈ' સંગિ.'

શીખભક્તિમાં, આ રીતે જીવ શિવનું અંતે ઐક્ય થાય છે એમ માન્યું છે. એ ઐક્યની સાધનાનો માર્ગ ભક્તિ છે,[2] તે હવેની ૧૨ મી અષ્ટપદીમાં કહે છે.

---

૧. જીવરૂપી જ્યોતિ પરબ્રહ્મરૂપી જ્યોતિમાં સમાઈ જાય છે.—**સંપા૦**

૨. भाउ भगति करि नीचु सदाए, तउ नानक मोखंतरु पाए. આસાકી વાર ૧૩ : ૨ (પોતાને સદાય નીચ માને ને ભાવભકિત કરે, તો મોક્ષને પામે.)

असटपदी १२

सलोकु

सुखी बसै मसकीनीआ
आपु निवारि तले ।
बडे बडे अहंकारीआ
नानक गरबि गले ॥१२॥

શબ્દાર્થ

[मसकीनीआ = સ્વભાવનો ગરીબ કે નમ્ર (મિસ્કીન). आपु = અભિમાન; ગર્વ. निवारी = નિવારી, દૂર કરીને. गले = ગળી ગયા, ગબડી પડ્યા – નાશ પામ્યા.]

અષ્ટપદી ૧૨

શ્લોક

અભિમાન નિવારીને (સૌની) હેઠ રહેનારો નમ્ર માણસ સુખી રહે છે;

–બાકી, મોટા મોટા અહંકાર કરનારાઓ તો, હે નાનક, એમના ગર્વ–ઘમંડથી જ નાશ પામી ગયા. [૧૨]

१२ – १

जिसक अंतरि राज अभिमानु ।
सो नरकपाती होवत सुआनु ॥१॥

जो जानै मै जोबनवंतु ।
सो होवत बिसटाका जंतु ॥२॥
आपस कउ करमवंतु कहावै ।
जनमि मरै बहु जोनि भ्रमावै ॥३
धन भूमिका जो करै गुमानु ।
सो मूरखु अंधा अगिआनु ॥४॥
करि किरपा जिसकै हिरदै गरीबी बसावै ।
नानक ईहा मुकतु आगै सुखु पावै ॥५॥

શબ્દાર્થ

[सुआनु = શ્વાન; કૂતરો. बिसटा = વિષ્ટા. करमवंतु = પુણ્યશાળી. जोनि = યોનિ. गरीबी = નમ્રતા. ईहा = આ લોકમાં. आगै = પરલોકમાં.]

૧૨ – ૧

જેના મનમાં રાજ્યનું અભિમાન છે, તે નરકમાં પડે છે અને (પછાને જન્મે) કૂતરો થાય છે; (૧)

જે પોતાને (અનુપમ) યૌવનવાળો માને છે, તે વિષ્ટાનો કીડો થાય છે; (૨)

જે પોતાને પુણ્યકર્મી કહેવરાવે છે, તે અનેક યોનિમાં જન્મતો–મરતો ભટક્યા કરે છે; (૩)

જે ધન અને ભૂમિનું ગુમાન કરે છે, તે મૂરખ અને અજ્ઞાની છે; (૪)

નાનક કહે છે કે, (પરમાત્મા) કૃપા કરીને જેના હૃદયમાં નમ્રતા વસાવે છે, તે આ લોકમાં મુક્ત થઈ, પરલોકમાં સુખ પામે છે. (૫)

જેનામાં રાજ્યનું, યૌવનનું, કંઈ કર્યાનું અભિમાન છે, તે ભક્તિનો અધિકારી ન થઈ શકે. પણ જેના હૃદયમાં ઈશ્વરકૃપાએ ગરીબી વસે, તે મુક્તિસુખ પામી શકે.

૧૨ – ૨

धनवंता होइ करि गरबावै ।
तृण समानि कछु संगि न जावै ॥१॥
बहु लसकर मानुख ऊपरि करे आस ।
पल भीतरि ताका होइ बिनास ॥२॥
सभते आप जानै बलवंतु ।
खिन महि होइ जाइ भसमंतु ॥३॥
किसै न बदै आपि अहंकारी ।
धरमराइ तिसु करे खुआरी ॥४॥
गुरप्रसादि जाका मिट अभिमानु ।
सो जनु नानक दरगह परवानु ॥५॥

શબ્દાર્થ

[गरबावै = ગર્વ કરે. बदै = બદવું, પત કરવી, ગાંઠવું. खुआरी = ખુવાર. धरमराइ = જીવનાં પાપ-પુણ્યનો ન્યાય તોળનાર ધર્મરાજા. दरगह = ઈશ્વરના દરબારમાં. परवानु = પરમાણ, સ્વીકૃત, માન્ય.]

૧૨– ૨

ધનવંત થઈને ગર્વ કરે છે; પણ તેની સાથે તણખલા જેટલુંય કશું જવાનું નથી; (૧)

મોટા લશ્કર અને માણસો ઉપર આશા રાખતો હોય, તેનો પણ એક ક્ષણમાં વિનાશ થઈ જાય; (૨)

પોતાને સૌ કરતાં બળવંત માનતો હોય, પણ એક ક્ષણમાં તે ભસમ થઈ જાય; (૩)

અહંકારી બની (અહીં) કોઈને બદતો ન હોય, સોપણ (પરલોકમાં) ધર્મરાજા તેને ખુવાર કરી નાખે છે; (૪)

નાનક કહે છે કે, ગુરુકૃપાએ જેનું અભિમાન મટે છે, તે સંત જન જ પ્રભુના દરબારમાં માન્યતા પામે છે. (૫)

કોઈ ધનના, કોઈ બળના, કાંઈના કાંઈ અભિમાની છે; તેમનું અભિમાન ન મટે ત્યાં સુધી એવાં હૃદયમાં ભક્તિ કેમ ઊગી શકે?

१२ – ३

कोटि करम करै हउ धारे ।
स्रमु पावै सगले बिरथारे ॥१॥
अनिक तपसिआ करे अहंकार ।
नरक सुरग फिरि फिरि अवतार ॥२॥
अनिक जतन करि आतम नही द्रवै ।
हरि दरगह कहु कैसे गवै ॥३॥
आपस कउ जो भला कहावै ।
तिसहि भलाई निकटि न आवै ॥४॥
सरबकी रेन जाका मनु होइ ।
कहु नानक ताकी निरमल सोइ ॥५॥

શબ્દાર્થ

[हउ = ગર્વ. पावै = પામે; ઉઠાવે. तपसिआ = તપસ્યા. सुरग = સ્વર્ગ. जतन = સાધનાઓ. गवै = જાય; પહોંચે. भलाई = ભલાપણું; શ્રેષ્ઠપણું – તે તરીકેની પ્રશંસા. रेन = રેણુ; રજ. निरमल = દોષરહિત; સાચી.]

૧૨ – ૩

કરોડો (પુણ્ય) કર્મ કરે, પણ મનમાં ગર્વ ધરે, તેનો એ બધો શ્રમ મિથ્યા છે. (૧)

અનેક તપાસ્યાઓ કરીને પાછો અહંકાર કરે, તે સ્વર્ગ-નરકમાં ફરી ફરી અવતર્યા કરે. (૨)

અનેક સાધનાઓ કરે, છતાં તેનું હૃદય જો ન દ્રવે, તો હરિને દરબારે તે કેમ કરીને પહોંચે? (૩)

પોતાને જે ભલો કહેવરાવવા જાય, તેની તો સરસી પણ ભલાઈ ન જાય; (૪)

નાનક કહે છે કે, જેનું મન સૌની ચરણરજ બની રહે છે, તેની ભલા તરીકેની પ્રશંસા સાચી છે. (૫)

અહંકારી ભલેને કોટિ કર્મ કરે, તપ કરે, શું નું શું કરે; પરંતુ પ્રભુભક્તિથી જેનું હૃદય દ્રવતું નથી, તે કેમ પ્રભુધામ પહોંચી શકે? જે સૌની ચરણરજ જેવો નમ્ર છે, તે શ્રેષ્ઠ છે, તે અધિકારી છે.

૧૨ – ૪

जब लगु जानै मुझते कछु होइ ।
तब इस कउ सुखु नाही कोइ ॥१॥
जब इहु जानै मै किछु करता ।
तब लगु गरभ जोनि महि फिरता ॥२॥
जब धारै कोऊ बैरी मीतु ।
तब लगु निहचलु नाही चीतु ॥३॥
जब लगु मोह मगन संगि माइ ।
तब लगु धरमराइ देइ सजाइ ॥४॥

प्रभ किरपाते बंधन तूटै ।
गुर प्रसादि नानक हउ छूटै ॥५॥

શબ્દાર્થ

[गरभ जोनि = જુદી જુદી જાતની યોનિઓમાં જન્મ લેવો તે. माइ संगि = માયામાં. मोह मगन = મોહમગ્ન; મોહમાં ફસાયેલો. हउ = અહંપણાનું અભિમાન.]

૧૨ – ૪

જ્યાં સુધી (જીવ) એમ માને છે કે, મારાથી કંઈ થાય છે, ત્યાં સુધી એને કંઈ સુખ પ્રાપ્ત થતું નથી; (૧)

જ્યાં સુધી (તે) એમ જાણે છે કે હું કાંઈ કરું છું, ત્યાં સુધી તે ગર્ભ-યોનિમાં ફર્યા કરે છે; (૨)

જ્યાં સુધી (તે) કોઈને વેરી (અને કોઈને) મિત્ર ગણ્યા કરે છે, ત્યાં સુધી તેનું ચિત્ત નિશ્ચળ થઈ શકતું નથી; (૩)

જ્યાં સુધી માયાના સંગમાં મગ્ન થઈને રહે છે, ત્યાં સુધી ધર્મરાજા તેને સજા દીધા કરે છે; (૪)

નાનક કહે છે કે, પ્રભુની કૃપાથી જેનાં (મોહ-માયાનાં) બંધન તૂટે, તેનું જ (જીવપણાનું) અહંપણું ગુરુની કૃપાએ ટળે. (૫)

અહંકાર, રાગદ્વેષ, કે મોહ જ્યાં સુધી છે, ત્યાં સુધી ભક્તિ કેવી ?

૧૨ – ૫

सहस खटे लख कउ उठि धावै ।
तृपति न आवै माइआ पाछै पावै ॥१॥

अनिक भोग बिखिआके करै ।
नह तृपतावै खपि खपि मरै ॥२॥
बिना संतोख नही कोऊ राजै ।
सुपन मनोरथ बृथे सभ काजै ॥३॥
नाम रंगि सरब सुखु होइ ।
बडभागी किसै परापति होइ ॥४॥
करन करावन आपे आपि ।
सदा सदा नानक हरि जापि ॥५॥

શબ્દાર્થ

[खटे = કમાય. माइआ = લોભ. बिखिआके = વિષયોના. खपि खपि = ક્ષીણ થઈને. राजै = શોભે; સોહે.]

૧૨ – ૫

હજાર કમાય, પણ લાખ મેળવવા દોડે; એમ તૃપ્તિ તો તો આવે નહિ, માત્ર લોભ જ વળી વળીને વધતો જાય. (૧)

વિષયોના અનેક ભોગ કરે; પણ તૃપ્ત થાય નહિ અને ક્ષીણ થઈને માર્યો જાય. (૨)

સંતોષ વિના કોઈ તૃપ્ત થાય નહિ;[1]—સ્વપ્નના મનોરથની જેમ તેના બધા પ્રયત્ન ફોગટ જાય.[2] (૩)

(પ્રભુના) નામનો રંગ લાગે, તો સર્વ સુખ પ્રાપ્ત થાય;—કોઈ બડભાગીને જ (તે) પ્રાપ્ત થાય. (૪)

પોતે (પરમાત્મા જ) કરતા–કારવતા છે; હે નાનક, સદા સદા એ હરિને જ જપ! (૫)

---

૧. મૂળ : શોભે નહિ.—સંપા૦

૨. સંતોષ વિના તેમાં સૌ કામો, સ્વપ્ન જેમ, ફોગટ છે.

અસંતોષ તો એવો છે કે હજાર મળે તો લાખ લેવા ઊડે. ભોગવિલાસમાંથી જેનો જીવ નથી ઊઠતો, તેવાને માટે શાંતિ સ્વપ્નવત્ છે. સંતોષ વગર નામરંગ ન જામે અને તે વિના ભક્તિ ક્યાંથી ?

१२ – ६

करन करावन करनैहारु ।
इसकै हाथ कहा बीचारु ॥१॥
जैसी द्रसटि करे तैसा होइ ।
आपे आपि आपि प्रभु सोइ ॥२॥
जो किछु कीनो सु अपनै रंगि ।
सभते दूरि सभहूकै संगि ॥३॥
बूझै देखै करै बिबेक ।
आपहि एक आपहि अनेक ॥४॥
मरै न बिनसै आवै न जाइ ।
नानक सद ही रहिआ समाइ ॥५॥

શબ્દાર્થ

[कहा = ક્યાં છે? (–નથી.) बीचारु = વિચાર કરવાનું – યોજના ગોઠવવાનું – ઘાટ ઘડવાનું. द्रसटि = નજર; મરજી रंगि = મરજીથી; ખુશીથી.]

૧૨ – ૬

કર્તા (પ્રભુ જ) બધાનો કરતા–કારવતા છે; આ (જીવ)ના હાથમાં કશો ઘાટ ઘડવાનું ક્યાં છે? (૧)

પ્રભુ પોતે જ સ્વયં છે;[૧] તે જેવી મરજી કરે, તેવો એ (જીવ) થાય છે. (૨)

---

૧. આપ, આપ જ એક પ્રભુ છો, બીજું કાંઈ નથી.

(તેણે) જે કંઈ કર્યું છે તે પોતાની રાજીખુશીથી કર્યું છે; – તે સૌથી દૂર છે, છતાં સૌની સાથે છે. (૩)

તે બધું સમજે છે, જુએ છે અને વિવેક કર છે; તે પોતે એક છે અને તે પોતે જ અનેક થયો છે. (૪)

તે મરતો નથી, વિનાશ પામતો નથી, આવતો નથી, જતો નથી; નાનક કહે છે કે, તે તો સદા સૌમાં સમાઈ રહ્યો છે.[૧] (૫)

૧૨ – ૭

आपि उपदेसै समझै आपि ।
आपे रचिआ सभक साथि ॥१॥
आपि कीनो आपन बिसथारु ।
सभु कछु उसका ओहु करनैहारु ॥२॥
उसते भिंन कहहु किछु होइ ।
थान थनंतरि एकै सोइ ॥३॥
अपुने चलित आपि करणैहार ।
कउतक करै रंग आपार ॥४॥
मन महि आपि मन अपुने माहि ।
नानक कीमति कहनु न जाइ ॥५॥

શબ્દાર્થ

[रचिआ = રચ્યો રહે છે – વ્યાપી રહ્યો છે. चलित = ચરિત્ર; પ્રવૃત્તિ. कीमति = કિંમત – મહિમા – પ્રશંસા.]

૧. સુષ્ટિમ ાં તે સદા સમાઈ ને – વ્યાપીને રહેલો છે.

૧૨ – ૭

પોતે જ ઉપદેશે છે, અને પોતે જ સમજે છે; (કારણ) બધામાં તે પોતે જ વ્યાપી રહ્યો છે. (૧)

(તેણે) પોતે પોતાનો જ વિસ્તાર કર્યો છે; બધું એનું જ છે, અને એ જ (એ બધાનો) કર્તા છે. (૨)

એનાથી અન્ય કશું હોય તો કહો! સ્થાન–સ્થાનાંતરમાં એ એક જ છે. (૩)

પોતાની લીલાઓ[1] પોતે જ કરે છે; અપાર રંગઢંગવાળાં કૌતુક તે કર્યા કરે છે. (૪)

મનમાં તે પોતે વસ્યો છે, અને એ મન તેના પોતામાં વસેલું છે.[2] નાનક કહે છે કે, (તેનો) મહિમા વર્ણવ્યો જાય એમ નથી. (૫)

આમ ભક્તનાં લક્ષણ કેટલાંક ગણાવીને પાછા ગુરુ પ્રભુનો મહિમા ગાવા લાગે છે; અને અંતના આઠમા પદમાં ઉલ્લાસભરી સ્તુતિ ગાય છે, જેમાંથી ભક્તનું હૃદય વાચક સવિશેષ કળી જઈ શકશે —

૧૨ – ८

सति सति सति प्रभु सुआमी ।
गुरपरसादि किनै वखिआनी ॥१॥
सचु सचु सचु सभु कीना ।
कोटि मधे किनै बिरलै चीना ॥२॥
भला भला भला तेरा रूप ।
अति सुंदर अपार अनूप ॥३॥

---

૧. મૂળ 'ચલિત.'

૨. જીવમાં શિવ — આત્મામાં પરમાત્મા, અને શિવમાં — પરમાત્મામાં જીવાત્મા રહેલ છે : જીવ શિવનો મૂળ રૂપે અભેદ છે.

निरमल निरमल निरमल तेरी बाणी ।
घटि घटि सुनी स्रवन बख्याणी ॥४॥
पवित्र पवित्र पवित्र पुनीत ।
नामु जपै नानक मनि प्रीति ॥५॥

શબ્દાર્થ

[किनै = કોઈ વિરલાએ. चीना = ચીન્યો–સમજ્યો. बख्याणी = રટાય છે; જપાય છે.]

૧૨ – ૮

પ્રભુ સ્વામી જ સત્ય છે, સત્ય છે, સત્ય છે; ગુરુની કૃપાથી કોઈક જ તેનું વર્ણન[1] કરી શકે. (૧)

તેણે જે કંઈ કરેલું છે તે બધું સાચું છે, સાચું છે, સાચું છે; કરોડોમાં કોઈ વિરલો જ તે સમજી શકે. (૨)

હે પ્રભુ! તારું રૂપ ભલું છે, ભલું છે, ભલું છે;— અતિ સુંદર, અપાર, અનુપમ છે. (૩)

તારું નામ[2] નિર્મલ છે, નિર્મલ છે, નિર્મલ છે; ઘટ ઘટમાં તે (વ્યાપેલું) છે. સૌના કાને તે સંભળાય છે અને (જીભે) રટી શકાય છે. (૪)

તારું પાવનકારી નામ પવિત્ર છે, પવિત્ર છે, પવિત્ર છે; નાનક મનમાં પ્રીત લાવીને તે જપે છે (૫)

---

૧. મૂળ : વ્યાખ્યાન. —સંપા૦

૨. મૂળ. बाणी । અંતરાત્માના અવાજ રૂપે સંભળાતી — એવો સ્વાભાવિક અર્થ બેસે છે. પરંતુ પરમાત્માની હસ્તી દરેક ઘટમાં શબ્દ રૂપે –નાદરૂપે — મોજૂદ છે તેનું અનુસંધાન કરવું એ ઉપદેશ શીખભક્તિમાં પણ મુખ્ય છે. એ જોતાં અહીં 'વાણી' એ અનાહદ નાદ – શબ્દ – એ અર્થમાં લઈ શકાય.. —સંપા૦

असटपदी १३

सलोकु

संत सरनि जो जनु परै
सो जनु उधरनहार ।
संतकी निंदा नानका
बहुरि बहुरि अवतार ॥१३॥

શબ્દાર્થ

[सरनि = શરણે. उधरनहार = ઉદ્ધરે છે. बहुरि बहुरि = વારંવાર; અનેક વખત.]

અષ્ટપદી ૧૩

શ્લોક

સંતને શરણે જે માણસ જાય, તેનો ઉદ્ધાર થશે.
પણ હે નાનક, સંતની નિંદા કરનારો તો વારંવાર અવતર્યા જ કરશે. [૧૩]

આમ ૧૦–૧૧–૧૨ એ અષ્ટપદીઓના ત્રિકમાં જીવ અને શિવનો સંબંધ બતાવ્યા પછી, તેમાં મધ્યસ્થી ભોગવનાર સંત અથવા સદ્દગુરુનું મહત્ત્વ બતાવવા, આ ૧૩મી અષ્ટપદીમાં, દરેક ભક્તમાં આવશ્યક એવું સાધુતા પ્રેમનું મહત્ત્વ ગાય છે. જેઓ સંત-શરણ લે છે, તેઓનો ઉદ્ધાર થાય છે; પણ જેઓ સંત–નિંદા જ કરે છે, સાધુતાની અસૂયા જ કરનારા છે, તેઓને ભાગે ઉદ્ધાર નથી પણ અવતાર જ રહે છે.[૧]

૧. સરખાવો ગીતા અ૦ ૩. ૩૧–૨.

આમ ટૂંકમાં સાર કહી દીધા પછી સંત-દોષકની પેટ ભરીને કરેલી નિંદા આવે છે—

१३ – १

संतकै दूखनि आरजा घटै ।
संतकै दूखनि जमते नही छुटै ॥१॥
संतकै दूखनि सुखु सभु जाइ ।
संतकै दूखनि नरक महि पाइ ॥२॥
संतकै दूखनि मति होइ मलीन ।
संतकै दूखनि सोभाते हीन ॥३॥
संतकै हते कउ रख न कोइ ।
संतकै दूखनि थानभ्रसटु होइ ॥४॥
संत कृपाल कृपा जे करै ।
नानक संत संगि निंदकु भी तरै ॥५॥

શબ્દાર્થ

[दूखनि = દુઃખ દેનાર. आरजा = આયુષ્ય. हते कउ = હણાયેલાને – શાપિતને. रखै = રક્ષણ આપે – બચાવી શકે.]

૧૩ – ૧

સંતને દુઃખ દેનારનું આયુષ્ય ઘટે; જમના હાથમાંથી તેનો છુટકારો થાય નહીં. (૧)

સંતને દુઃખ દેનારનું બધું સુખ નાશ પામે;—તે નરકમાં જ પડે. (૨)

સંતને દુઃખ દેનારની બુદ્ધિ મલિન થઈ જાય; અને તે શોભા વિનાનો (નિસ્તેજ) બને. (૩)

સંતે શાપેલાને કોઈ બચાવી શકતું નથી; સંતને દુઃખ દેનાર સ્થાનભ્રષ્ટ થઈ જાય છે. (૪)

પરંતુ નાનક કહે છે કે, કૃપાળુ સંત જો કૃપા કરે, તો સંતની સાથે તેમનો નિંદક પણ તરી જાય. (૫)

શાસ્ત્ર-વચનોમાં જેમ રોચકતા આણવા અતિપ્રશંસા હોય છે, તેમ ભડકાવી મારવા અતિરૌદ્ર પણ જોવામાં આવે છે. તે રૌદ્રનો આ નમૂનો છે. એથી કેટલાક વાચકને એ અતિકથન લાગશે એવો ભય છે. છતાં પદે પદે આ ભાવ તો તેમનેય પસંદ પડ્યા વગર નહિ રહે :

સંત કૃપાળ કૃપા જો કરે,
નાનક, સંત સંગ નિંદક પણ તરે.

અથવા જુઓ આ પદીનાં બાકીનાં પદની અંત્ય બે કડીઓ.

१३ – २

संतकै दूखन ते मुखु भवै ।
संतनके दूखनि काग जिउ लव ॥१॥
संतनकै दूखनि सरप जोनि पाइ ।
संतकै दूखन तृगद जोनि किरमाइ ॥२॥
संतनक दूखनि तृसना महि जलै ।
संतकै दूखनि समुको छलै ॥३॥
संतकै दूखनि तेजु समु जाइ ।
संतकै दूखनि नीचु नीचाइ ॥४॥
संत दोखीका थाउ को नाहि ।
नानक संत भावै ता ओइ भी गति पाहि ॥५॥

શબ્દાર્થ

[ते मुखु = વાંકા મોંવાળો. तृगद जोनि = તિર્યંચ યોનિ – પશુઓની યોનિ (તેઓ માણસની પેઠે ઊભાં નહિ પણ આડાં રહીને ચાલે છે તેથી). किरमाइ = કૃમિ – જંતુ. नीचु नीचाइ = નીચોમાં નીચ. थाउ = સ્થાન–શરણું.]

૧૩ – ૨

સંતને દુઃખ આપનાર વાંકામુખો બની જાય; તે કાગડાની તેમ લવ્યા કરે. (૧)

સંતને દુઃખ આપનાર સર્પ-યોનિ પામે, કે પછી જાનવરની કે (તેથી પણ તુચ્છ એવા) કીડાની. (૨)

સંતને દુઃખ આપનાર તૃષ્ણાથી દાઝયા કરે. તે સૌને છેતરવાનો જ પ્રયત્ન કરે. (૩)

સંતને દુઃખ આપનારનું બધું તેજ જતું રહે; – તે નીચોમાં નીચ બની રહે છે. (૪)

સંતને દુઃખ આપનારને કોઈ શરણ-સ્થાન ન રહે. પરંતુ નાનક કહે છે કે, સંતને ગમે,[1] તો તે પણ (ઉત્તમ) ગતિ પામે. (૫)

१३ – ३

संतका निंदकु महा अतताई ।
संतका निंदकु खिनु टिकनु न पाई ॥१॥
संतका निंदकु महा हतिआरा ।
संतका निंदकु परमेसुरि मारा ॥२॥
संतका निंदकु राजते हीनु ।
संतका निंदकु दुखीआ अरु दीनु ॥३॥

---

૧. મૂળ: भावै – ભાવ કૃપા થાય.—સંપા૦

संतके निंदक कउ सरब रोग ।
संतके निंदक कउ सदा बिजोग ॥४॥
संतकी निंदा दोख महि दोखु ।
नानक संत भावै ता उसका भी होइ मोखु ॥५॥

શબ્દાર્થ

[अतताइ = આતતાયી; મહાપાપી. टिकनु = ટકવા – સ્થિર થવા. हतिआरा = હત્યારો. राज = પ્રભુત્વ – સત્તા. बिजोग = (સગાંસંબંધી કે ઇષ્ટથી) વિયોગ. दोख = દોષ; પાપ.]

૧૩ – ૩

સંતની નિંદા કરનારો મહા આતતાયી છે; – તે એક ક્ષણ પણ સ્થિર રહી શકતો નથી. (૧)

સંતની નિંદા કરનારો મહા હત્યારો છે; – તેને પરમેશ્વરે મારેલો જાણવો. (૨)

સંતની નિંદા કરનારો તેજ વિનાનો, દુઃખિયો અને દીન બની રહે. (૩)

સંતની નિંદા કરનારને બધા રોગ થાય, અને તેને (ઇષ્ટ વસ્તુનો) સદા વિયોગ રહે. (૪)

(ટૂંકમાં) સંતની નિંદા કરવી એ સૌ પાપોમાં મોટું પાપ છે; નાનક કહે છે કે, તેમ છતાં, સંતની કૃપા જો થાય, તો એનો પણ ઉદ્ધાર થઈ જાય. (૫)

१३ – ४

संतका दोखी सदा अपवितु ।
संतका दोखी किसैका नही मितु ॥१॥

संतके दोखी कउ डानु लागै ।
संतके दोखी कउ सभ तिआग ॥२॥
संतका दोखी महा अहंकारी ।
संतका दो[illegible] [illegible]ा बिकारी ॥३॥
संतका दोखी जनमै मरै ।
संतकी दूखना सुखते टरै ॥४॥
संतके दोखी कउ नाही ठाउ ।
नानक संत भावै ता लए मिलाइ ॥५॥

શબ્દાર્થ

[मितु = [illegible]ત્ર. डानु = દંડ; સજા. दूखना = દોખી -- દુઃખ દેનાર. ठाउ = (આશ્રયનું) સ્થાન; શરણું.]

૧૩ – ૪

સંતને દુઃખ આપનાર સદા અપવિત્ર રહે; — તે કોઈનો મિત્ર રહી શકે નહિ. (૧)

સંતને દુઃખ આપનારને સજા[1] થાય; — તેને સૌ કોઈ ત્યાગી દે. (૨)

સંતને દુઃખ આપનાર મહા અહંકારી હોય; — તે સદા વિકારયુક્ત રહે. (૩)

સંતને દુઃખ આપનાર જન્મ્યા કરે અને મર્યા કરે; — સુખથી તે વેગળો જ રહે. (૪)

સંતને દુઃખ આપનારને બચવાનું કોઈ સ્થળ રહે નહીં; નાનક કહે છે કે, સંતને ગમે તો તેવાને પણ તે (પરમાત્મા સાથે) મિલાવી લે. (૫)

---

૧. યમ-દંડ પ્રાપ્ત થાય. સર૦ અષ્ટ૦ ૩, પદ ૪. —સંપા૦

१३ – ५

संतका दोखी अधबीचते टूटै ।
संतका दोखी कितै काजि न पहूचै ॥१॥
संत के दोखी कउ उदिआन भ्रमाईऐ ।
संतका दोखी उझड़ि पाईऐ ॥२॥
संतका दोखी अंतरते थोथा ।
जिउ सास बिना मिरतककी लोथा ॥३॥
संतके दोखीकी जड़ किछु नाहि ।
आपन बीजि आपे ही खाहि ॥४॥
संतके दोखी कउ अवरु न राखनहारु ।
नानक संत भावै ता लए उबारि ॥५॥

શબ્દાર્થ

[काजि = કામમાં; કાર્યમાં. उदिआन = વન વગડે. उझड़ि = આંધીમાં. थोथा = ખાલી; પોલું. लोथा = શબ – મડદું. उबारि = ઉગારી.]

૧૩ – ૫

સંતને દુઃખ આપનાર અધવચ જ તૂટી પડે; – તેનું કોઈ કામ સરે નહીં. (૧)

સંતને દુઃખ આપનાર વનવગડે ભટક્યા કરે; – તે આંધીમાં જ સપડાયેલો રહે. (૨)

સંતને દુઃખ આપનાર અંદરખાને ખાલી – પોલો હોય; – જાણે શ્વાસ વગરની મરેલી લોથ ! (૩)

સંતને દુઃખ આપનાર જડમૂળથી જાય; – પોતે વાવેલું તે પોતે ખાય. (૪)

સંતને દુઃખ આપનારનું કોઈ રક્ષણ કરે નહીં; પણ નાનક કહે છે કે, સંતને ગમે તો તેને પણ ઉગારી લે. (૫)

१३ – ६

संतका दोखी इउ बिललाइ ।
जिउ जल बिहून मछुली तड़फड़ाइ ॥१॥
संतका दोखी भूखा नही राजै ।
जिउ पावकु ईधनि नही ध्रापै ॥२॥
संतका दोखी छुटै इकेला ।
जिउ बूआड़ु तिलु खेत माहि दुहेला ॥३॥
संतका दोखी धरमते रहत ।
संतका दोखी सद मिथिआ कहत ॥४॥
किरतु निंदकका धुरि ही पइआ ।
नानक जो तिसु भावै सोई थिआ ॥५॥

શબ્દાર્થ

[बिललाइ = ટટળે. बिहून = વિના. राजै = શોભે. पावकु = અગ્નિ. ईधनि = ઇંધનથી. ध्रापै = ધરાય. छुटै = મરે. बूआड़ु = અડાઉ; વગર વાવ્યે ઊગેલું – જંગલી. दुहेला = દોહ્યલું; દુઃખી. रहत = રહિત, વિનાનો. किरतु = કર્મ. धुरि = પહેલેથી; પૂર્વથી (નસીબમાં લખાયેલું).]

૧૩ – ૬

સંતને દુઃખ આપનાર જળ વિનાની માછલીની જેમ ટટળે. (૧)

સંતને દુઃખ આપનાર (હંમેશાં) ભૂખ્યો રહે. અગ્નિ

બળતણથી ધરાય નહીં, તેમ ('ખાઉં' 'ખાઉં' કરતો) તે શોભે નહીં. (૨)

સંતને દુઃખ આપનાર એકલો પડ્યો રહે – જેમ અડાઉ તલ ખેતરમાં દોહ્યલો–વીલો મુકાય છે.[૧] (૩)

સંતને દુઃખ આપનાર ધર્મ – પુણ્ય વિનાનો હોય; – તે સદા મિથ્યા જ બોલ્યા કરે. (૪)

સંતના નિંદકનું (હીન) કર્મ પહેલેથી નિયત થયેલું હોય છે; નાનક કહે છે કે, ભગવાન જેમ ઇચ્છે તેમ જ બધું થાય. (૫)

૧૩ – ૭

संतका दोखी बिगड़ रूपु होइ जाइ ।
संतके दोखी कउ दरगह मिलै सजाइ ॥१॥
संतका दोखी सदा सहकाईऐ ।
संतका दोखी न मरै न जीवाईऐ ॥२॥
संतके दोखीकी पुजै न आसा ।
संतका दोखी उठि चलै निरासा ॥३॥
संतकै दोखी न तृसटै कोइ ।
जैसा भावै तैसा कोई होइ ॥४॥
पइआ किरतु न मेटै कोइ ।
नानक जानै सचा सोइ ॥५॥

---

૧. ખેતરમાં બીજા પાક ભેગો અડાઉ તલનો છોડ ઊગે, એને એકલો પડી રહેવા દઈ બીજો પાક લણાય છે. આ છોડ એકલો ખેતરમાં દુઃખી – નિષ્પ્રયોજન રહે છે, એમ.

શબ્દાર્થ

[बिगड़ रूपु = બગડેલા રૂપવાળો – કદરૂપો. दरगह = ભગવાનનો ન્યાયદરબાર. सहकाईऐ = દુ:ખથી તડપ્યા કરે. पुजै = પૂરી થવી – ફળીભૂત થવી. उठि चलै = પરલોક પળે. तृसटै = જન્મ-મરણમાંથી છૂટે. पइआ = પૈડું – ચક્ર. किरतु = ભાગ્ય – નસીબ – કરેલી કરણી. (पइआ किरतु = ભાગ્યનું ચક્ર – ભાગ્યચક્ર.)]

૧૩ – ૭

સંતને દુઃખ આપનાર કદરૂપો બની રહે ; – ભગવાનના દરબારમાં તેને સજા મળે. (૧)

સંતને દુઃખ આપનાર સદા (દુઃખથી) તડપ્યા કરે; – તે ન મરે કે ન જીવે.[૧] (૨)

સંતને દુઃખ આપનારની એકે આશા પૂરી થતી નથી; – તે નિરાશ થઈને જ આ લોકમાંથી વિદાય થાય. (૩)

સંતને દુઃખ આપનાર કોઈ કાયમનો સુખી ન થાય[૨]; – ભગવાને (તેને માટે) જેવું ધાર્યું હોય તેવું જ થાય. (૪)

ભાગ્યચક્ર — કરણીનું ફળ કોઈથી મિટાવી શકાતું નથી. નાનક કહે છે કે, સાચા પ્રભુ જ એ વાત જાણે (૫)

તેરમી અષ્ટપદીના અંત્ય પદમાં (૧૩–૮) ગુરુ પ્રભુભક્તિનો મહિમા ગાવાનો પ્રારંભ કરે છે; અને પછીની અષ્ટપદીમાં અનેક રીતે એ મહિમા ગાશે.

१३ – ८

सभ घट तिसके ओहु करनैहारु ।

सदा सदा तिस कउ नमसकारु ॥१॥

---

૧. તે હમેશાં નિષ્ફળતા, કે હતભાગ્યનો અનુતાપી રહે છે. એટલે તેને નથી હોતી મરણની નિરાંત કે નથી જીવનનું સુખ : એવી અધવચ દશા તે ભોગવે છે.

૨. જનમ મરણ તથા ચિંતા વગેરેથી તે દુઃખી જ રહે.

प्रभकी उसतति करहु दिनुराति ।
तिसहि धिआवहु सासि गिरासि ॥२॥
सभु कछु वरत तिसका कीआ ।
जसा कर तैसा को थीआ ॥३॥
अपना खेलु आपि करनैहारु ।
दूसर कउनु कहै बीचारु ॥४॥
जिसनो कृपा करै तिसु आपन नामु देइ ।
बडभागी नानक जन सोइ ॥५॥

શબ્દાર્થ

[सासि गिरासि = દરેક શ્વાસે અને દરેક કોળિયે. वरतै = પ્રવર્તે – બને – થાય.]

૧૩ – ૮

બધાં હૃદય કે શરીર તેનાં છે; એ જ બધાનો કર્તા છે; સદા સદા તેને નમસ્કાર હજો. (૧)

પ્રભુની જ સ્તુતિ દિનરાત કર્યા કરો; શ્વાસે ને કોળિયે તેનું જ ધ્યાન ધરો. (૨)

તેનું કરેલું જ બધું પ્રવર્તે છે; જેવું તે કરે તેવું જ થાય છે. (૩)

પોતાનો ખેલ તે પોતે જ ખેલે છે; – બીજો કોઈ એ અંગે શું કહી કે વિચારી શકે ? (૪)

જેના ઉપર તે પોતાની કૃપા કરે છે, તેને તે પોતાનું નામ જપાવે છે; નાનક કહે છે કે, તે માણસને બડભાગી જાણવો. (૫)

असटपदी १४

सलोकु

तजहु सिआनप सुरजनहु
सिमरहु हरि हरि राइ ।
एक आस हरि मनि रखहु
नानक दूखु भरमु भउ जाइ ॥१४॥

શબ્દાર્થ

[सिआनप = શાણપણ – ડહાપણ – ચતુરાઈ. सुरजन = વિદ્વાન, પંડિત, સૂરિ.]

અષ્ટપદી ૧૪

શ્લોક

હે પંડિત તારું બધું ડહાપણ છોડી દે, અને હરિ હરિ રાયનું સ્મરણ કર;

એક હરિની આશા જ મનમાં રાખ; તેથી હે નાનક, (તારાં) બધાં દુઃખ, ભ્રમ અને ભય દૂર થશે. [૧૪]

આ પ્રસંગે શીખ ગુરુઓના શિક્ષણમાં સ્વર્ગ, નરક, યમત્રાસ વગેરે બાબતો કેવી રીતની છે તે તરફ નજર કરી લઈએ. હિંદુઓનાં સ્વર્ગ નરક કે ધર્મરાજ અથવા મુસલમાનોનાં દોજખ, જહન્નમ કે ઇઝરાયલ વિષે ગુરુઓ ચાલુ શબ્દમાં વાત કરતા. પણ તેઓ એમાંનું કાંઈ માનતા ન હતા. (પ્રચલિત ભાષાપ્રયોગ તરીકે તેનો જે સામાન્ય અર્થ થાય છે તે જ અર્થમાં તેઓ તે શબ્દ વાપરતા.) ઈશ્વર-સાંનિધ્ય એ એમનું સ્વર્ગ અને તેનાથી દૂરતા એ નરક છે. ગુરુ નાનક તેમના 'જપજી'ના અંત શ્લોકમાં કહે છે :

चंगिआईआ बुरिआईआ वाचै धरमु हदूरि ।
करमी आपो आपणी के नेड़ै के दूरि ॥

[ધરમરાજાની સામે જીવનાં શુભાશુભ કર્મો વંચાશે. અને તે પ્રમાણે તેઓ ઈશ્વરની પાસે કે ઈશ્વરથી દૂર સ્થાન પામશે.] પુનર્જન્મનો સિદ્ધાંત ગુરુઓએ પૂરેપૂરો સ્વીકાર્યો લાગે છે, એની, સાથે સાથે, અહીં નોંધ લેવી ઘટે છે. અને જન્મમરણમાંથી બચવું એટલે મોક્ષ, એ લૌકિક વ્યાખ્યા પણ બરાબર સ્વીકારીને ગુરુઓએ પોતાનું શિક્ષણ લોકો માટે સમજવું સુકર પણ કર્યું છે. પાપમાંથી મુક્તિ, દુર્બુદ્ધિમાંથી ઉગારો, અંધારામાંથી તેજમાં, અજ્ઞાનમાંથી જ્ઞાનમાં, અસત્યમાંથી સત્યમાં, અભક્તિમાંથી ભક્તિમાં – આ જાતનું એમનું મોક્ષનું શિક્ષણ જોવામાં આવે છે.

તેરમી પછીની અષ્ટપદીઓમાં ભક્તિનો મહિમા ગાયો છે. પણ એમ તો અત્યાર સુધીની બધી અષ્ટપદી એ જ ગાતી હતી એમ કહેવામાં વાંધો નથી. હવે આવતી અષ્ટપદીઓમાં એક વસ્તુ સ્પષ્ટ કરવામાં આવે છે, એ એની વિશેષતા છે : પ્રભુભક્તિ કરવી જોઈએ એમ કહેવામાં આવે છે, પણ તે કરવી એટલે શું કરવું એ સ્પષ્ટ નથી સમજાતું; આ અષ્ટપદીઓમાં એ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરેલો છે. પ્રભુ એટલે શું એ જો સમજાય, તો આ ખ્યાલ કાંઈક સ્પષ્ટ થઈ શકે. આ ચૌદમી અષ્ટપદીમાં એ સમજાવવાથી શરૂઆત કરે છે--

૧૪ – ૧

मानुखकी टेक बृथी सभ जानु ।
देवन कउ एकै भगवानु ॥१॥
जिसक दीऐ रहै अघाइ ।
बहुरि न तृसना लागै आइ ॥२॥
मारै राखै एको आपि ।
मानुखक किछु नाही हाथि ॥३॥

तिसका हुकमि बूझि सुखु होइ ।
तिसका नामु रखु कंठि परोइ ॥४॥
सिमरि सिमरि सिमरि प्रभु सोइ ।
नानक बिघनु न लागै कोइ ॥५॥

શબ્દાર્થ

[टेक = ટેકો; સહારો (૨) મનમાં નક્કી કરેલી વાત – હઠ – જીદ – અડ. अघाइ = તૃપ્ત; ધરાયેલો. बहुरि = ફરી વાર.]

૧૪ – ૧

માણસની બધી ટેક મિથ્યા છે, (અર્થાત્ બીજા માણસોનો આશરો નકામો છે,) એમ જાણો; કારણ કે (બધું) આપનાર તો એકલા ભગવાન છે. (૧)

એમણે આપેલાથી સંતોષ મળી રહે છે, અને પછી આગળ વધુ તૃષ્ણા વળગતી નથી. (૨)

મારનારો કે રાખનારો. એક એ પોતે જ છે; – માણસના હાથમાં કશું નથી. (૩)

તેનો હુકમ સમજવાથી સુખ થાય છે; તેનું નામ કંઠે પરોવી રાખ. (૪)

નાનક કહે છે કે, તે પ્રભુનું જ સ્મરણ કર, સ્મરણ કર, સ્મરણ કર, – જેથી કશું વિઘ્ન ન લાગે. (૫)

દરેકનો અનુભવ છે કે, 'માનુખકી ટેક બૃથી સભ જાનુ' — જીવ પોતાના ધાર્યા પાસા નથી નાખી શકતા. આ સર્વસામાન્ય અનુભવ પર ગુરુ ઈશ્વરભાવની સ્થાપના કરે છે : 'માનુખકૈ કિછુ નાહી હાથિ' — મનુષ્યના હાથમાં કાંઈ નથી. છતાં બધું સ્વચ્છંદે ચાલે છે એમ ક્યાં છે ? કાંઈક વ્યવસ્થા દેખાય છે. ગુરુ એને 'તિસકા

હુકમ' કહે છે. તે કહે છે : 'ઈશ્વરના હુકમ અનુસાર બધું થાય છે.' આ 'હુકમ'ની કલ્પના એ જગતના એક (cosmic force) અદ્વિતીય નિયંતાના જેવી શ્રદ્ધા છે. ભક્તહૃદય એને જ 'ઈશ્વર' કહે છે, 'હરિ' કહે છે, 'પ્રભુ' કહે છે, અને એમ કરીને જીવન-સ્વાસ્થ્ય મેળવે છે.

આના ઉપરથી જ ભક્તિનું રૂપ સ્પષ્ટ કરે છે અને કહે છે 'तिसका નામુ રખુ કંઠિ પરોઈ.' ઉપનિષદકારના तत् અને सः ની પેઠે ગુરુ આ પદમાં 'तिस' શબ્દથી જ એ નિયામક તત્ત્વને સંબોધે છે. મર્યાદિત મનુષ્ય એ તત્ત્વને કાંઈક વાચક દ્વારા જ સાકાર કરી શકે. તેથી ગુરુઓએ નામને જ પ્રભુ સમાન ગણ્યું છે અને નામ-સ્મરણ એ પ્રભુભક્તિનું પ્રધાન અંગ છે એમ બતાવ્યું છે : બધી જ ઇંદ્રિયો દ્વારા એને અનુભવ, એમ હવે પછીના (૧૪ : ૨) પદમાં કહે છે; જીભ, કાન, આંખ, હાથ, પગ બધાં દ્વારા એને જ તું ઉપાસ, એમ બોધ કરે છે—

१४ – २

उसतति मन महि करि निरंकार ।
करि मन मेरे सति बिउहार ॥१॥
निरमल रसना अंमृतु पीउ ।
सदा सुहेला करि लेहि जीउ ॥२॥
नैनहु पेखु ठाकुरका रंगु ।
साध संगि बिनस सभ संगु ॥३॥
चरन चलउ मारगि गोबिंद ।
मिटहि पाप जपीऐ हरि बिंद ॥४॥
कर हरि करम स्रवनि हरि कथा ।
हरि दरगह नानक ऊजल मथा ॥५॥

શબ્દાર્થ

[बिउहार = વ્યવહાર; પ્રવૃત્તિ. सुहेला = સુખદ; સુખભર્યો. रंगु = લીલા. बिंद = ક્ષણભર; ઘડીભર.]

૧૪ – ૨

નિરંકાર પરમાત્માની સ્તુતિ મનમાં કર્યા કર. હે મન, એ જ સાચી પ્રવૃત્તિ તું આદર. (૧)

દોષરહિત[1] જીભ વડે (પ્રભુના નામના રટણ રૂપી) અમૃત પીધા કર; અને એમ તારા અંતરને સદા સુખવિભોર બનાવી લે. (૨)

આંખો વડે પ્રભુની લીલા નિહાળ્યા કર; અને સંતપુરુષના સંગથી બીજા બધા સંગોનો નાશ થવા દે. (૩)

પગ વડે ગોવિંદના માર્ગે જ ચાલ; એક ક્ષણ પણ હરિ જપવાથી (કરોડો) પાપ દૂર થાય છે. (૪)

હાથ વડે હરિનું જ કામ કર; અને કાન વડે હરિની કથા સાંભળ; નાનક કહે છે કે, એમ કરવાથી હરિના દરબારમાં તું ઊજળે મોંએ[2] હાજર થઈ શકશે. (૫)

હવે ત્રીજા પદમાં એમ હરિને ભજનારની સ્તુતિ કરે છે —

૧૪ – ૩

बडभागी ते जन जग माहि ।

सदा सदा हरिके गुन गाहि ॥१॥

राम नाम जो करहि बीचार ।

से धनवंत गनी संसार ॥२॥

---

૧ જીભ વડે નામ – અમૃત પીને તેને નિર્દોષ – નિર્મળ બનાવ, એવો અર્થ પણ થાય. —**સંપા૦**

૨. મૂળમ 'मथा' છે. — **સંપા૦**

मनि तनि मुखि बोलहि हरि मुखी ।
सदा सदा जानहु ते सुखी ॥३॥
एको एकु एकु पछानै ।
इत उतकी ओहु सोझी जानै ॥४॥
नाम संगि जिसका मनु मानिआ ।
नानक तिनहि निरंजनु जानिआ ॥५॥

શબ્દાર્થ

[बीचार = ચિંતન. गनी = વૈભવશાળી. मुखी = શ્રેષ્ઠ; સર્વોત્તમ (૨) આનંદ–ઉત્સાહથી. इत उतकी = આ લોકની અને પરલોકની. सोझी = સાન; સમજ.]

૧૪ – ૩

તે માણસ આ જગતમાં બડભાગી છે, જે સદા સદા હરિના ગુણ ગાય છે. (૧)

રામના નામનું જે ચિંતન કર્યા છે, તે માણસ સંસારમાં ધનવાન અને વૈભવશાળી છે. (૨)

મનથી, તનથી અને મુખેથી જે સર્વોત્તમ એવા હરિના ગુણ ગાય છે, તેને સદા સદા સુખી જાણવો. (૩)

એક પ્રભુને જ જે જાણે, તે આ લોક અને પરલોકનું રહસ્ય સમજે છે. (૪)

નાનક કહે છે કે, નામના સંગમાં જેનું મન માની ગયું, તેણે નિરંજન પ્રભુને ખરે જ જાણી લીધા. (૫)

હવે પછીના ચોથા પદમાં પ્રભુભક્તિનો વળી વધારે સ્પષ્ટ સ્થૂળ ખ્યાલ આપે છે કે, આ નામસ્મરણ કરવાનો માર્ગ ગુરુ-પ્રસાદ-પ્રાપ્તિ છે, સાધુ-સંગ છે. શીખધર્મમાં આદર્શ ગુરુ અથવા

સાધુને ઈશ્વર સમાન જ ગણાવ્યો છે, એ આપણે આગળ જોઈ આવ્યા છીએ. આમ પ્રભુ એટલે તેનું નામ, અને તેનું નામ એટલે ગુરુ-પ્રસાદ કે સત્સંગ, એમ સમજાવી ગુરુઓએ શીખનો માર્ગ સરળ કરી આપ્યો છે.

પરંતુ, નામજપન કે સાધુશરણ કે કોઈ પણ સાધના કેવળ બાહ્યાચાર થઈ શકે; એમ હરેક દેશના ધર્મનો ઇતિહાસ બતાવે છે. ગુરુ નાનકને જ આ દુઃખદ ભ્રષ્ટતા જોવી પડી હતી ને તેથી નવેસર ધર્મ-સંસ્થાપન કરવાનું તેમને સૂઝ્યું હતું. મનુષ્યહૃદયની આવી નિર્બળતા હોવાથી ગુરુ સ્પષ્ટ કહે છે કે, આ ભક્તિ એ વેવલાપણું નથી. એની સાચી કસોટી એ કહે છે (૧૪:૪) કે —

'पारब्रह्मकी जिसु मनि भूख'

१४ – ४

गुर प्रसादि आपन आपु सुझै ।
तिसकी जानहु तृसना बुझै ॥१॥

साधसंगि हरि हरि जसु कहत ।
सरब रोगते ओहु हरिजनु रहत ॥२॥

अनदिनु कीरतनु केवल बख्यान ।
गृहसत महि सोई निरबानु ॥३॥

एक ऊपरि जिसु मनकी आसा ।
तिसकी कटीऐ जमकी फासा ॥४॥

पारब्रह्मकी जिसु मनि भूख ।
नानक तिसहि न लागहि दूख ॥५॥

શબ્દાર્થ

[आपन आपु = આત્મા; સ્વ-સ્વરૂપ. गृहसत = ગૃહસ્થાશ્રમ. आसा = આધાર; આશા. फासा = ફાંસો – પાશ.]

૧૪ – ૪

ગુરુની કૃપાથી (જેને) સ્વ સ્વરૂપનું જ્ઞાન થાય, તેની તૃષ્ણા બૂઝી ગઈ જાણો. (૧)

સંતપુરુષની સોબતમાં હરિના જશ ગાયા કરે, તે હરિનો જન સર્વ (ભવ) રોગથી મુક્ત થાય. (૨)

રાતદિવસ કેવળ (ભગવાનનું) કીર્તન અને સ્તુતિ કર્યા કરવાં, એ જ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ નિર્વાણ પદ (પામવાનો માર્ગ) છે (૩)

એક પરમાત્મા ઉપર જ જે માણસ આધાર રાખે છે, તેનો યમ-પાશ કપાઈ જાય છે. (૪)

નાનક કહે છે કે, જેના મનમાં પરબ્રહ્મ–પરમાત્માની ભૂખ ઊભી થાય છે, તેને પછી (સંસારનું કશું) દુઃખ લાગતું નથી. (૫)

ભક્તના મનમાં તીવ્ર જિજ્ઞાસા હોય છે; તેથી તે શોધતો ને શોધતો જ હોય કે સાચું શું છે, પ્રભુ ક્યાં છે. અને એમ કરતાં કરતાં એ જોશે કે, તે તો સૂક્ષ્મમાં છે ને સ્થૂળમાં પણ છે. એ વાત હવે પછીના પદમાં કહે છે –

૧૪ – ૫

जिस कउ हरि प्रभु मनि चिति आवै ।
सो संतु सुहेला नही डुलावै ॥१॥
जिसु प्रभु अपुना किरपा करै ।
सो सेवकु कहु किसते डरै ॥२॥
जैसा सा तैसा दसटाइआ ।
अपुने कारज महि आपि समाइआ ॥३॥

सोधत सोधत सोधत सीझिआ ।
गुरप्रसादि ततु समु बूझिआ ॥४॥
जब देखउ तब समु किछु मूलु ।
नानक सो सूखमु सोई असथूलु ॥५॥

શબ્દાર્થ

[सुहेला = સ્વસ્થ; સુખપૂર્ણ. सीझिआ = પરિપક્વ થયો – સફળ થયો – સિદ્ધ થયો. मूलु = મૂળ, કારણ.]

૧૪ – ૫

જેના મનમાં અને ચિત્તમાં હરિ પ્રભુ આવીને વસે છે, તે સંત સુખિયો થાય છે; પછી (ભક્તિ અને ચિંતનમાંથી) તે ચળતો નથી. (૧)

જેના ઉપર પ્રભુ પોતાની કૃપા કરે, તે સેવક પછી ક્યાંય શાનાથી ડરે? (૨)

જેવા પ્રભુ છે તેવા તે જોઈ લે છે: પોતાની કૃતિ (પિંડ તેમ જ બ્રહ્માંડ)માં તે સમાઈ રહેલા છે. (૩)

(પ્રભુને) શોધતો શોધતો તે (ભક્ત) સિદ્ધ (સફળ) થાય છે; ગુરુની કૃપાથી સકળ તત્ત્વ તે સમજી લે છે. (૪)

જ્યાં દેખું છું ત્યાં બધાનું મૂળ (જે પરમાત્મા તે) જ દેખાય છે; નાનક કહે છે કે, તે પરમાત્મા જ સૂક્ષ્મ છે, અને તે જ સ્થૂલ પણ. (૫)

ભક્તની દૃષ્ટિએ જે સત્ય છે તે છે જ; ને જે અવરજવરનો વિકાર (એટલે કે, દૃશ્ય જગત) છે, તે એ સત્ય–પરમાત્માની આજ્ઞા પ્રમાણે છે; એ તે બધાનો નિયામક છે, એમ હવે પછીના પદમાં (૧૪ : ૬) કહે છે—

१४ – ६

नह किछु जनमै नह किछु मरै ।
आपन चलितु आप ही करै ॥१॥
आवनु जावनु द्रसटि अनद्रसटि ।
आगिआकारी धारी सभ स्रसटि ॥२॥
आपे आपि सगल महि आपि ।
अनिक जुगति रचि थापि उथापि ॥३॥
अबिनासी नाहि किछु खंड ।
धारण धारि रहिओ ब्रहमंड ॥४॥
अलख अभेव पुरख परताप ।
आपि जपाए त नानक जाप ॥५॥

શબ્દાર્થ

[चलितु = ચરિત્ર, લીલા. द्रसटि = દૃશ્ય. अनद्रसटि = અદૃશ્ય. धारण = ધારણા, મરજી, સંકલ્પ. अलख = અલક્ષ્ય – કોઈ જાણી ન શકાતા. अभेव = અભેદ્ય – ગહન.]

૧૪ – ૬

કશું જનમતું નથી કે કશું મરતું નથી; — (દેખાતો) એ બધો પોતાનો ખેલ (પ્રભુ) પોતે જ કરે છે. (૧)

આવતી અને જતી — દૃશ્ય અને અદૃશ્ય, એ બધી સૃષ્ટિ પોતાની આજ્ઞામાં તેમણે ધારણ કરી રાખી છે. (૨)

તે પોતે જ સકળ (સૃષ્ટિ)માં વ્યાપી રહ્યા છે; અનેક પ્રકારે તે બધું રચીને પાછું ઉથાપે પણ છે. (૩)

તે અવિનાશી છે; અખંડ છે; પોતાની મરજી મુજબ આખું બ્રહ્માંડ તેમણે ધારણ કરી રાખ્યું છે. (૪)

તે અલક્ષ્ય છે, ગહન છે, અને પ્રતાપી સત્તાધીશ છે; નાનક કહે છે કે, તે જેને જપાવડાવે તે જ (તેનું નામ) જપી શકે છે. (૫)

એમનો આશરો એ જ સાચો છે. એ જે કરે એ જ સાચું છે ને તેમાં સંતોષ રાખવો જોઈએ. અને એમ પોતાને દીન ગણીને, પ્રભુને એકમાત્ર સમર્થ ગણીને, રાત દિવસ તેમનું કીર્તન કરતા (૧૪ : ૪) જે પ્રપન્ન જીવન ગાળે છે, તે અંતે जिसते उपजे तिसु माहि समाए (૧૪ : ૮) છે. અંતનાં, ૭ અને ૮ પદમાં એ જ વસ્તુ કહે છે —

૧૪ – ૭

जिन प्रभु जाता सु सोभावंत ।
सगल संसारु उधरै तिन मंत ॥१॥

प्रभके सेवक सगल उधारन ।
प्रभके सेवक दूख बिसारन ॥२॥

आपे मेलि लए किरपाल ।
गुरका सबदु जपि भए निहाल ॥३॥

उनकी सेवा सोई लागै ।
जिसनो कृपा करहि बडभागै ॥४॥

नामु जपत पावहि बिस्रामु ।
नानक तिन पुरख कउ ऊतम करि मानु ॥५॥

શબ્દાર્થ

[जाता = જાણ્યો. मंत = મંત્ર – ઉપદેશ. बिसारन = ભુલાવી દે; દૂર કરે. आपे = પોતાની સાથે. बिस्रामु = વિશ્રામ; શાંતિ; કલ્યાણ.]

૧૪ – ૭

જેણે પ્રભુને જાણ્યા, તે જ (સાચો) શોભાવંત છે; આખો સંસાર તેના ઉપદેશથી ઉદ્ધરી જાય. (૧)

પ્રભુનો સેવક સૌનો ઉદ્ધાર કરે છે, તથા તેમનાં (સકળ) દુઃખો[1] દૂર કરે છે. (૨)

કૃપાળુ પ્રભુ તેને પોતામાં મેળવી લે છે; ગુરુએ બતાવેલ શબ્દ જપીને તે ન્યાલ થઈ જાય છે. (૩)

પ્રભુની સેવામાં એ જ લાગી શકે, કે જે બડભાગી ઉપર પરમાત્મા પોતે કૃપા કરે. (૪)

પ્રભુનું નામ જપી તે શાંતિ પામે છે; નાનક કહે છે કે, એવા પુરુષને (જ) ઉત્તમ માનવો. (૫)

१४ – ८

जो किछु करै सु प्रभकै रंगि ।
सदा सदा बसै हरि संगि ॥१॥
सहज सुभाइ होवै सो होइ ।
करणैहारु पछाणै सोइ ॥२॥
प्रभका किआ जन मीठ लगाना ।
जैसा सा तैसा दसटाना ॥३॥
जिसते उपजे तिसु माहि समाए ।
ओइ सुखनिधान उनहू बनि आए ॥४॥

---

૧. ભવસાગરમાં અટવાયા કરવા રૂપી. —સંપા૦

आपस कउ आपि दीनो मानु ।
नानक प्रभ जनु एको जानु ।।५।।

શબ્દાર્થ

[रंगि = પ્રીતિ અર્થે. सहज सुभाइ = સહજ ભાવે; સ્વાભાવિક રીતે. बनि आए = મન મળી ગયું. आपस कउ = પોતાની જાતને જ.]

૧૪ – ૮

તે (ઉત્તમ પુરુષ : ભક્ત) જે કંઈ કરે છે, તે પ્રભુની પ્રીતિ અર્થે કરે છે; કારણ કે, તે સદા હરિના સંગમાં જ રહેતો હોય છે. (૧)

સ્વાભાવિક રીતે જે બને તેને એ સ્વીકારી લે છે; કારણ કે, બધી ક્રિયાઓના કર્તા એવા પ્રભુને તેણે ઓળખ્યા છે. (૨)

પ્રભુ જે કરે તે ભક્ત-જનને મીઠું લાગે છે અને પ્રભુ પણ પોતાનું સત્ય સ્વરૂપ તેને દર્શાવે છે. (૩)

જ્યાંથી તે ઊપજ્યો છે, તેમાં તે સમાઈ ગયો છે; પ્રભુ પોતે સકળ સુખનો ભંડાર છે, અને તેમની સાથે તેનું મન મળી ગયું છે. (૪)

(પોતાના ભક્તને એ માન આપવામાં) પ્રભુ પોતે પોતાને જ માન આપે છે. હે નાનક, પ્રભુને અને તેના ભક્તને[1] એક જ જાણ. (૫)

---

૧. એટલે ઉપર કહ્યો તે નિજજન – ભક્ત. પ્રભુ અને તે એક જ જાણ: ભક્ત અને ભગવાનમાં ફરક નથી.

असटपदी १५

सलोकु

सरब कला भरपूर प्रभ
बिरथा जाननहार ।
जाकै सिमरनि उधरीऐ
नानक तिसु बलिहार ॥१५॥

શબ્દાર્થ

[कला = શક્તિ; આવડત. बिरथा = દુઃખ, પીડા. बलिहार = કુરબાન થવું; ઓવારી જવું.]

અષ્ટપદી ૧૫

શ્લોક

સર્વ શક્તિઓથી ભરપૂર એવા પ્રભુ (જીવોનું બધું) દુઃખ જાણે છે;

જેમના સ્મરણથી (સકળ દુઃખમાંથી) ઉદ્ધાર થાય છે, તેવા પ્રભુને નાનક ઓવારી જાય છે. [૧૫]

૧૫મી અષ્ટપદીમાં એ જ ગુણ વર્ણવે છે : સર્વ કલા ભરપૂર પ્રભુ છે; સર્વ જીવોનો પ્રતિપાળ છે.

१५ – १

टूटी गाढनहार गोपाल ।
सरब जीआ आपे प्रतिपाल ॥१॥

सगलकी चिंता जिसु मन माहि ।
तिसते बिरथा कोई नाहि ॥२॥
रे मन मेर सदा हरि जापि ।
अबिनासी प्रभु आपे आपि ॥३॥
आपन कीआ कछू न होइ ।
जे सउ प्रानी लोचै कोइ ॥४॥
तिसु बिनु नाही तेरै किछु काम ।
गति नानक जपि एक हरिनाम ॥५॥

શબ્દાર્થ

[गाढनहार =ગાંઠનાર, જોડનાર. प्रतिपाल = રક્ષણહાર. बिरथा = રહિત; વિનાનું; ખાલી. आपे आप = સર્વેસર્વા. जे सउ = જે બધાને. लोचै = ઇચ્છે. गति = મોક્ષ.]

૧૫ – ૧

તૂટેલું સાંધનાર ગોપાલ–પરમાત્મા સૌ જીવોનો આપોઆપ જ રક્ષણહાર છે. (૧)

બધા જીવોની ચિંતા તેના ખ્યાલમાં છે; ત્યાંથી ખાલી કોઈ આવતું નથી. (૨)

હે મન, તું સદા હરિનું જ સ્મરણ કર; તે અવિનાશી પ્રભુ સર્વેસર્વા છે. (૩)

પ્રાણી ઘણું બધુ ઇચ્છે, પણ પોતાનું કર્યું કંઈ થતું નથી. (૪)

પરમાત્મા સિવાય કશું તારે કામ આવવાનું નથી; નાનક કહે છે કે, એક હરિ-નામ જપવાથી જ મોક્ષ થાય છે. (૫)

રૂપવાનનું રૂપ, ધનવાનનું ધન, શૂરવીરનું શૌર્ય, બધું જ એનાથી છે. એટલે એમ સમજી,

"ગુરુપ્રસાદ જેનો જાય અહંરોગ,
નાનક, તે જન સદા નીરોગ."

—જે ગલિતાભિમાન ભક્ત થાય, તે સાચો નિર્મળ ભક્ત છે, એમ હવે કહે છે—

१५ – २

रूपवंतु होइ नाही मोहै ।
प्रभकी जोति सगल घट सोहै ॥१॥
धनवंता होइ किआ को गरबै ।
जा सभु किछु तिसका दीआ दरबै ॥२॥
अति सूरा जे कोऊ कहावै ।
प्रभकी कला बिना कह धावै ॥३॥
जे को होइ बहै दातारु ।
तिसु देनहारु जानै गावारु ॥४॥
जिसु गुरप्रसादि तूटै हउ-रोगु ।
नानक सो जनु सदा अरोगु ॥५॥

શબ્દાર્થ

[दरबै = દ્રવ્ય; ધન. कला = શક્તિ; તાકાત. होइ बहै = બની બેસે. देनहारु = દાતા. गावारु = ગમાર; બેવકૂફ. हउ-रोगु = અહં રૂપી રોગ.]

૧૫ – ૨

કોઈ રૂપવાન હોય તેથી તે (પોતાના) રૂપનો મોહ શાને કરે? કારણ કે, પ્રભુની જ્યોતિ જ બધાં શરીરોમાં શોભી રહી છે. (૧)

પોતે ધનવંત હોય તેથી વળી ગર્વ શી વાતનો? કારણ કે, જે કંઈ બધું દ્રવ્ય છે, તે તેણે જ આપેલું છે. (૨)

જે કોઈ (પોતાને) અતિ શૂર કહાવે છે, તે પણ પ્રભુની તાકાત વિના ધાઈ શકે શું?[૧] (૩)

કોઈ પોતાને મોટો દાનેશરી કહેવરાવે; પણ એનેય આપનારો પ્રભુ તો તેને ગમાર જ લેખે ને? (૪)

નાનક કહે છે કે, જેનો અહંરૂપી રોગ ગુરુની કૃપાથી તૂટે, તે માણસ જ સદા નીરોગી[૨] રહી શકે. (૫)

એ રોગ દૂર થવા માટે સદ્‌ગુરુનો શબ્દ સ્તંભ સમાન છે, એ હવે પછીના ત્રીજા પદમાં જણાવે છે. એ શબ્દ પથ્થરને પણ તારે એવો છે; અંધારામાં દીપ છે, ઘોર વનમાં ભોમિયો છે. માટે સાચો ભક્ત તો એ પદમાં કહેશે તેમ—

'તેવા સંતોની ચહું પગધૂળ,
નાનકની હરિ વાંછા પૂર.'

૧૫ – ૩

जिउ मंदर कउ थामै थंम्हनु ।
तिउ गुरका सबदु मनहि असथंमनु ॥१॥
जिउ पाखाणु नाव चड़ि तरै ।
प्राणी गुर-चरण लगतु निसतरै ॥२॥
जिउ अंधकार दीपक परगासु ।
गुर-दरसनु देखि मनि होइ बिगासु ॥३॥

---

૧. 'ફાવી શકે શું'—એવો ભાવાર્થ છે.—સંપા૦

૨. અહંરૂપી રોગ વિનાનો, અથવા તેનાથી નીપજતા સર્વ કલેશ વિનાનો. —સંપા૦

जिउ महा उदिआन महि मारगु पावै ।
तिउ साधू संगि मिलि जोति प्रगटावै ॥४॥
तिन संतनकी बाछउ धूरि ।
नानककी हरि लोचा पूरि ॥५॥

શબ્દાર્થ

[थामै = ટેકો આપે. थंम्हनु = થાંભલો. मनहि = મનને. पाखाणु = પાષાણ, પથ્થર. निसतरै = નિસ્તાર થાય; મોક્ષ પામે. उदिआन = ગાઢ જંગલ. लोचा = ઇચ્છા.]

૧૫ – ૩

જેમ મકાનને થાંભલા ટેકવીને સ્થિર કરે, તેમ ગુરુનો શબ્દ[1] મનને સ્થિર કરે છે. (૧)

જેમ પથ્થર નાવમાં ચડીને (પાણી ઉપર) તરે છે, તેમ (પાપના ભારવાળો) પ્રાણી પણ ગુરુના ચરણને પકડીને તરી જાય છે. (૨)

જેમ અંધારામાં દીવો પ્રકાશ કરે, તેમ ગુરુના દર્શનથી મન વિકસે છે. (૩)

જેમ મહા ભયંકર જંગલમાં (અટવાયેલો) રસ્તો પામે, તેમ સાધુ પુરુષની સોબતથી (અજ્ઞાનાંધકારમાં અટવાયેલો માણસ) પ્રકાશ[2] પામી શકે છે. (૪)

તેવા સંતની ચરણરજ હું ઇચ્છું છું; નાનક કહે છે કે, હે હરિ, તમે મારી એ ઇચ્છા પૂરી કરો! (૫)

ઈશ્વર પર વિશ્વાસ રાખીને ચાલવું, સંતોષને જીવનસૂત્ર બનાવવું અને એમ પ્રપન્ન થઈ રહેવું, એ પછીના ચોથા પદનો સાર છે —

1. ઉપદેશ અથવા ગુરુએ આપેલ પ્રભુ-નામ રૂપી મંત્ર. —સંપા૦
2. જેથી સાચો માર્ગ બરાબર દેખાય. —સંપા૦

१५ – ४

मन मूरख काहे बिललाईऐ ।
पुरब लिखेका लिखिआ पाईऐ ॥१॥
दूख सूख प्रभ देवनहारु ।
अवर तिआगि तू तिसहि चितारु ॥२॥
जो कछु करै सोई सुखु मानु ।
भूला काहे फिरहि अजान ॥३॥
कउन बसतु आई तेरै संग ।
लपटि रहिओ रसि लोभी पतंग ॥४॥
राम नाम जपि हिरदे माहि ।
नानक पति सेती घरि जाहि ॥५॥

શબ્દાર્થ

[बिललाईऐ = વલોપાત કરે. पुरब लिखेका लिखिआ = નસીબમાં લખેલું. चितारु = ચિત્તમાં લાવ; યાદ કર. पति सेती = આબરૂ સાથે – ઇજ્જત-ભેર. घरि = નિજ ધામમાં.]

૧૫ – ૪

હે મૂરખ મન, શા માટે વલોપાત કર્યા કરે છે? કારણ કે, નસીબમાં લખ્યું હોય તે જ મળે છે. (૧)

દુખ અને સુખનો પ્રભુ જ દાતા છે; માટે બીજું બધું છોડી, તું તેને જ ચિત્તમાં રાખ. (૨)

પ્રભુ જે કંઈ કરે તેને તું સુખ માની લે. હે અજ્ઞાની, તું કેમ ભૂલ્યો ભટકે છે? (૩)

તારી સાથે કઈ વસ્તુ આવવાની[1] છે,—જેથી તેમાં રસલોભી પતંગિયાની જેમ લપટાઈ રહ્યો છે? (૪)

નાનક કહે છે કે, તું હૃદયમાં રામનું નામ જ જપ્યા કર; તેથી ઇજ્જતભેર[2] તું પોતાના ધામમાં પાછો જઈ શકે. (૫)

'વખાર'–વેપારની ઉપમા આપીને એ જ વસ્તુ પાંચમા પદમાં સરળ કરે છે: અભિમાનરહિત મનને કિંમત તરીકે આપી રામનામ ખરીદ; તે ખેપ સાથે સંતો જોડે ચાલી સદાચારી જીવન ગાળ; તો તારી બલિહારી છે, તો તું સાચો ભક્ત છે —

૧૫ – ૫

जिसु वखर कउ लैनि तू आइआ ।
राम नामु संतन घरि पाइआ ॥१॥
तजि अभिमानु लेहु मन मोलि ।
राम नामु हिरदे महि तोलि ॥२॥
लादि खेप संतह संगि चालु ।
अवर तिआगि बिखिआ जंजाल ॥३॥
धंनि धंनि कहै सभु कोइ ।
मुख ऊजल हरि दरगह सोइ ॥४॥
इहु वापारु विरला वापारै ।
नानक ताकै सद बलिहारै ॥५॥

---

૧. મૂળ आईं । '–તારી સાથે કઈ વસ્તુ આવી છે, જે તારી સાથે કાયમ રહેશે.'–એવો ભાવ છે. —**સંપા૰**

૨. પત એટલે આબરૂ સાથે ઈશ્વરને ત્યાં — સ્વધામ જશે, એ અર્થ.

શબ્દાર્થ

[वखर = વેપારની ચીજ–વસ્તુ–માલ. मोलि = મૂલ્ય વડે; કિંમત તરીકે આપીને. खेप = ખરીદેલા માલની ખેપ. बिखिआ = વિષયભોગ. दरगह = દરબારમાં.]

૧૫ - ૫

જે માલ ખરીદવા તું આવ્યો છે, તે રામનામ સંતોને ઘેર જ મળે તેમ છે. (૧)

તો અભિમાન તજી, મનને કિંમત તરીકે આપી, હૃદય (રૂપી ત્રાજવા)માં રામનામ તોળી લે. (૨)

પછી એ ખેપ લાદીને, તથા બીજી વિષયોની જંજાળ છોડીને, સંતોની સાથે જ ચાલવા માંડ. (૩)

(એ ખેપ ભરી લાવનાર) તને સૌ કોઈ 'ધન્ય', 'ધન્ય' કહેશે; એટલું જ નહિ પણ, હરિના દરબારમાંય તારું મુખ ઊજળું રહેશે. (૪)

આવો વપાર તો કોઈ વિરલા જ ખેડે; નાનક તેવાઓને સદા ઓવારી જાય છે. (૫)

હવેના પદમાં સાધુશરણ પર ખાસ ભાર મૂકે છે. એ ભાર સાધુજીવન ઉપર જ છે, એમ સમજતાં આપણને મુશ્કેલી નથી આવતી.

૧૫ - ૬

चरण साधके धोइ धोइ पीउ ।
अरपि साध कउ अपना जीउ ॥१॥
साधकी धूरि करहु इसनानु ।
साध ऊपरि जाईऐ कुरबानु ॥२॥

साध सेवा वडभागी पाईऐ ।
साध संगि हरि कीरतनु गाईऐ ॥३॥
अनिक बिघनते साधू राखै ।
हरिगुन गाइ अंमृत रसु चाखै ॥४॥
ओट गही संतह दरि आइआ ।
सरब सूख नानक तिह पाइआ ॥५॥

શબ્દાર્થ

[ओट = ઓથ; શરણું. गही = ગ્રહી – સ્વીકારી. दरि = દરવાજે; ધામ.]

૧૫ – ૬

સત્પુરુષના ચરણ ધોઈ ધોઈને (તે ચરણામૃત) પી જા! અરે, સત્પુરુષને તારા પ્રાણ અર્પણ કરી દે! (૧)

સત્પુરુષની (ચરણ)રજમાં આળોટ! સત્પુરુષ ઉપર (જાત) કુરબાન કરી દે! (૨)

સત્પુરુષની સેવા બડભાગી હોઈએ તો જ મળે; સત્પુરુષના સંગમાં (જ) હરિનું કીર્તન ગાવા તરફ વળી શકીએ. (૩)

સત્પુરુષ અનેક વિઘ્નોમાંથી આપણું રક્ષણ કરે છે; (તેમના સંગમાં) હરિના ગુણ ગાઈ અમૃત-રસ ચાખી શકાય છે. (૪)

નાનક કહે છે કે, જે માણસ સત્પુરુષનું શરણ લઈ તેમને ઉમરે[1] આવી પડે છે, તે સર્વ સુખ પામે છે. (૫)

૧૫ – ૭

मिरतक कउ जीवालनहार ।
भूखे कउ देवत अधार ॥१॥

---

૧. મૂળ 'દરવાજે.' —સંપા૦

सरब निधान जाकी द्रसटी माहि ।
पुरब लिखेका लहणा पाहि ॥२॥
सभु किछु तिसका ओहु करनै जोगु ।
तिसु बिनु दूसर होआ न होगु ॥३॥
जपि जन सदा सदा दिनु रैणी ।
सभते ऊच निरमल इह करणी ॥४॥
करि किरपा जिस कउ नामु दीआ ।
नानक सो जनु निरमलु थीआ ॥५॥

શબ્દાર્થ

[मिरतक = મૃત; મરેલું. निधान = નિધિ; ભંડાર. जोगु = યોગ્ય; -નાર અર્થમાં (करने जोगु = કરનાર). होगु = થશે. रैणी = રાત. थीआ = થયો.]

૧૫ – ૭

મરેલાને (પ્રભુ) જિવાડે છે; (અને) ભૂખ્યાને આધાર આપે છે. (૧)

તેમની (કૃપા-)દૃષ્ટિમાં બધા ભંડારો રહેલા છે;[૧] (પરંતુ) પૂર્વજન્મના હિસાબમાં લહેણું નીકળતું હોય, તો (એ) મળે ![૨] (૨)

આ બધું જ તેમનું છે અને તે જ બધાનો કરનાર છે; તેના વિના (એ. બધાનો કર્તા) બીજો કોઈ થયો નથી કે થશે પણ નહિ. (૩)

---

૧. પૂર્ણ સુખ-મોક્ષરૂપી. —સંપા૦

૨. સર્વ સુખ આપનાર ઈશ્વરની કૃપાદૃષ્ટિ – આપણું ભાગ્ય પાધરું હોય – આપણે સંતજનની સેવા જેવાં સત્કર્મ કર્યાં હોય, તો જ તે મળે. — સંપા૦

માટે હે પ્રાણી, સદા સદા દિવસ-રાત તેમનું જ રટણ[1] કર; બધી કરણીમાં એ સૌથી ઉચ્ચ અને નિર્મળ કરણી છે. (૪)

નાનક કહે છે કે, કૃપા કરીને જેને (પ્રભુ પોતાનું) નામ બક્ષે છે, તે માણસ નિર્મળ[2] થઈ ગયો જાણો. (૫)

સાધુ – સત્યપરાયણ – જીવન હોય તો જ તે પ્રભુજીવન બની શકે, એ અંતના – આઠમા પદમાં કહે છે. અને ખરા ભકતનાં જે લક્ષણ અહીં બતાવ્યાં છે, તેમાંથી નીતરતી સાચી ભક્તિનું એના જેવું નિરૂપણ વિરલ છે.

૧૫ – ૮

जाकै मनि गुरकी परतीति ।
तिसु जन आवै हरि प्रभु चीति ॥ १ ॥

भगतु भगतु सुनीऐ तिहु लोइ ।
जाकै हिरदै एको होइ ॥२॥

सचु करणी सचु ताकी रहत ।
सचु हिरदै सति मुखि कहत ॥ ३ ॥

साची दसटि साचा आकारु ।
सचु वरतै साचा पासारु ॥ ४ ॥

पारब्रहमु जिनि सचु करि जाता ।
नानक सो जनु सचि समाता ॥ ५ ॥

---

૧. તેમને જ જપ – અર્થાત્ તેમનું નામ – સ્મરણ કર. —સંપા૦
૨. બધા દોષોથી રહિત એટલે કે મુક્ત. —સંપા૦

શબ્દાર્થ

[परतीति = શ્રદ્ધા; પ્રતીતિ. तिहु लोइ = ત્રણે લોકમાં. रहत = રહેણી. बरतै = વર્તન કરે. पासारु = પ્રચાર (૨) પથારો; વિસ્તાર.]

૧૫ – ૮

જેને મન ગુરુની પ્રતીતિ[૧] પડી જાય, તે માણસના ચિત્તમાં હરિ પ્રભુ વસે. (૧)

જેના હૃદયમાં એક પરમાત્મા વસે, તે માણસ પછી ત્રણે લોકમાં 'ભક્ત' તરીકે જાણીતો થાય. (૨)

તે માણસની કરણી સત્યયુક્ત બને; તેની રહેણી પણ સત્યયુક્ત જ હોય. તેના હૃદયમાં સત્ય હોય અને મુખમાં પણ.[૨] (૩)

તેની દૃષ્ટિ સાચી હોય છે, અને તેની આકૃતિ પણ. તેનું વર્તન સાચું હોય છે અને સત્યનો જ પ્રચાર તે કરે છે. (૪)

નાનક કહે છે કે, પરબ્રહ્મ–પરમાત્માને જેણે સાચા કરીને જાણ્યા છે, તે જન સત્યમાં જ સમાઈ જાય છે.[૩] (૫)

---

૧. શ્રદ્ધા, ઓળખ કે સમજ. અર્થાત્ જેણે ગુરુની સાચી વાત સમજી લીધી હોય.

૨. આ ચોથી કડી પરમાત્માને લગતી ગણી, તેનો, એવો અર્થ પણ કરાય છે કે, 'પરમાત્માની દૃષ્ટિ સાચી (સફળ) છે, અને (તેણે રચેલ) આ સૃષ્ટિ પણ સાચી છે; તેનો વ્યવહાર પણ સાચો છે, અને તેનો આ બધો પથારો પણ'. —**સંપા૦**

૩. છેલ્લી છયે કડીઓનો આવો અર્થ પણ લઈ શકાય—

'જેણે પરબ્રહ્મ–પરમાત્માને સાચા તરીકે પિછાન્યા છે, તેની કરણી પણ સાચી બને છે; તેના હૃદયમાં સત્ય હોય છે અને મુખથી પણ તે સત્ય જ બોલે છે. તેની આંખ સાચી હોય છે અને તેનું શરીર પણ; તેનું વર્તન સાચું હોય છે અને તેની માલમિલકત પણ. નાનક, એવો માણસ જ સત્ય–પરમાત્મામાં સમાઈ જાય.' —**સંપા૦**

असटपदी १६

सलोकु

रूप न रेख न रंगु किछु
त्रिहु गुणते प्रभ भिंन ।
तिसहि बुझाए नानका
जिसु होवै सुप्रसंन ॥१६॥

શબ્દાર્થ

[रेख = રેખા; ચિહ્ન. तिसहि = તેને જ. बुझाए = સમજ પડવા દે – જ્ઞાન મળવા દે.]

અષ્ટપદી ૧૬

શ્લોક

પ્રભુને રૂપ નથી, રેખા નથી, કશો રંગ પણ નથી; તે ત્રણે ગુણોથી ભિન્ન છે.

નાનક કહે છે કે, જેના ઉપર (પોતે) પ્રસન્ન થાય, તેને જ (પોતાના સ્વરૂપનું) જ્ઞાન તે થવા દે છે. [૧૬]

આ અષ્ટપદીથી ગુરુ પ્રભુનું રૂપરંગથી ભિન્ન એવું ત્રિગુણાતીત સ્વરૂપ વર્ણવે છે. વેદાન્તના પરબ્રહ્મને મળતું આ છે, એ વાચકને તરત જણાશે. ઈશ્વર સર્વાતિશાયી અને સર્વાનુશાયી છે, એમ આપણે સૃષ્ટિની સાપેક્ષ દૃષ્ટિએ કહીએ છીએ; પણ જ્યારે એ સાપેક્ષતા નજરમાં ન હોય, ત્યારે પણ પ્રભુ તો છે જ. ત્યારે પ્રભુનું સ્વરૂપ કેવું હોય એ કોણ કહી શકે? એ જ આખા તત્ત્વજ્ઞાનનો

૧૫

કોયડો ને ગૂઢવાદનું રહસ્ય કવિગુરુ હવે આ અષ્ટપદીથી ગાવાનું શરૂ કરે છે.

અવિનાશી પ્રભુથી પર બીજું કોઈ નથી. ગહીર ગંભીર પારબ્રહ્મ-પરમેશ્વર જીવો માટે ક્ષમાવાન, દયાળુ છે—

१६ – १

अबिनासी प्रभु मन महि राखु ।
मानुखकी तू प्रीति तिआगु ॥ १ ॥
तिसते परै नाही किछु कोइ ।
सरब निरंतरि एको सोइ ॥ २ ॥
आपे बीना आपे दाना ।
गहिर-गंभीरु गहीरु सुजाना ॥ ३ ॥
पारब्रह्म परमेसुर गोबिंद ।
कृपानिधान दइआल बखसंद ॥ ४ ॥
साध तेरेकी चरनी पाउ ।
नानककै मनि इहु अनराउ ॥५॥

શબ્દાર્થ

[बीना = જાણકાર. दाना = સમજદાર; જ્ઞાની. गहिर-गंभीरु = અગાધ. सुजाना = સર્વજ્ઞ. बखसंद = ક્ષમાવાન. अनराउ = ચાહના; પ્રેમ.]

૧૬ – ૧

અવિનાશી એવા પ્રભુને તું મનમાં રાખ, અને માણસની પ્રીતિ ત્યાગી દે. (૧)

તેનાથી પરે કોઈ જ નથી; સર્વત્ર કંઈ પણ અંતર વિના[1] તે જ વ્યાપેલો છે. (૨)

તે પોતે જ જાણકાર છે, તે પોતે જ બધું સમજે છે; તે અગાધ અજ્ઞેય અને સર્વજ્ઞ છે. (૩)

તે પરબ્રહ્મ છે, પરમેશ્વર છે, ગોવિંદ[2] છે, કૃપાનિધાન છે, દયાળુ છે, અને ક્ષમાવાન છે. (૪)

નાનકના મનમાં તો એક જ ચાહના છે કે, એવા તમો પરમાત્માના સંતના ચરણે જઈને પડું. (૫)

તે શરણ્ય છે, 'મનસા પૂરન' છે. તેનો ભેદ કોણ જાણી શકે? તે આનંદરૂપ છે, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. ભક્તોની ધ્યાનમૂર્તિ છે — એમ બીજા પદમાં હવે કહે છે:—

१६ – २

मनसा पूरन सरना जोग ।
जो करि पाइआ सोई होगु ॥ १ ॥
हरन भरन जाका नेत्र-फोर ।
तिसका मंत्रु न जानै होरु ॥ २ ॥
अनद रूप मंगल सद जाकै ।
सरब थोक सुनीअहि घरी ताकै ॥ ३ ॥
राज महि राजु जोग महि जोगी ।
तप महि तपीसरु गृहसत महि भोगी ॥ ४ ॥

---

૧. વચ્ચે કાંઈ અંતર વિના સર્વમાં વ્યાપ્ત એ જ એક છે. તેથી પર અન્ય કશું નથી.

૨. પૃથ્વીનો ધારક, ઇંદ્રિયોનો પ્રેરક ઇ૦ અર્થો થાય. —સંપા૦

धिआइ धिआइ भगतह सुखु पाइआ ।
नानक तिसु पुरखका किनै अंतु न पाइआ ॥ ५ ॥

શબ્દાર્થ

[मनसा = (મનની) ઊંડી ઇચ્છા. करि पाइआ = નક્કી કરી રાખ્યું હોય તે. नेत्र-फोर = આંખનો પલકારો. हरन भरन = ભરવું અને ખાલી કરવું તે. थोक = થોકલો, ઢગ; તમામ વસ્તુઓ. मंत्र = ગુપ્ત વાત, યોજના. घरि ताके = તેના મહેલમાં.]

૧૬ – ૨

ભગવાન આપણી બધી મંછાઓ પૂરી કરે છે; તે શરણું લેવા જોગ છે. (નસીબમાં) તેણે જે નક્કી કરી રાખ્યું હોય, તે જ થાય છે. (૧)

તે નેત્રના પલકારામાં ભરી કાઢે છે ને પાછું ઠાલવી કાઢે છે;[૧] તેની ગુપ્ત યોજના કોઈ બીજો જાણી ન શકે. (૨)

તે આનંદરૂપ છે; તેને સદા મંગળ જ વર્તે છે. (ગુરુ પાસેથી) જાણ્યું છે કે, બધા ભંડાર તેના મહેલમાં છે. (૩)

રાજાઓમાં તે (શ્રેષ્ઠ) રાજા છે; યોગીઓમાં તે યોગી છે; તપસ્વીઓમાં તપસ્વી છે, અને ગૃહસ્થોમાં (ઉત્તમ ભોગ ભોગવનાર) ભોગી છે. (૪)

તેનું ધ્યાન ધરી ધરીને ભક્તો (પરમ) સુખ પામ્યા છે. નાનક કહે છે કે, એ પરમ પુરુષનો કોઈ પાર પામી શકે નહિ. (૫)

તે પરમ પુરુષનું મૂળ રૂપ કેમ જાણી શકાય? 'પિતાકા જનમુ કિ જાનૈ પૂતુ?' અને એ સર્વ સૃષ્ટિનો પિતા નથી શું? તેને આખીને પરોવીને રહેલો સૂત્રરૂપ તે નથી શું?

---

૧. સરજે છે ને સંહારે છે, એવો પણ ભાવ છે. —સંપા૦

१६ - ३

जाकी लीलाकी मिति नाहि ।
सगल देव हारे अवगाहि ॥ १ ॥
पिताका जनमु कि जानै पूतु ।
सगल परोई अपुनै सूति ॥ २ ॥
सुमति गिआनु धिआनु जिन देइ ।
जन दास नामु धिआवहि सेइ ॥ ३ ॥
तिहु गुण महि जाकउ भरमाए ।
जनमि मरै फिरि आवै जाए ॥ ४ ॥
ऊच नीच तिसकै असथान ।
जैसा जनावै तैसा नानक जान ॥ ५ ॥

શબ્દાર્થ

[मिति = માપ; ૬૬. अवगाहि = ઊંડા ઊતરીને, શોધીને.]

૧૬ - ૩

તેની લીલાની કશી હદ કે કશું માપ નથી; બધા દેવો તે શોધીને હારી ગયા છે. (૧)

પિતાનો જન્મ પુત્ર શી રીતે જાણી શકે ? (પોતાનું રચેલું બધું) તેમણે પોતાના સૂત્રે જ પરોવી રાખ્યું છે. (૨)

જેને તે પોતે સન્મતિ, જ્ઞાન અને ધ્યાન આપે, તે ભક્ત અને દાસ જ તેમના નામનું ધ્યાન ધરી શકે. (૩)

(પરંતુ) ત્રણ ગુણોમાં તેમણે જેમને ભરમાવ્યા છે, તેઓ જન્મે છે અને મરે છે; – આ સંસારમાં તેઓ ફરી ફરીને આવે છે ને જાય છે. (૪)

ઊંચાં કે નીચાં સૌ સ્થાનો[1] તેનાં જ છે. હે નાનક, જીવ તો જેવું તે જણાવે છે તેવું જાણે છે.[2] (૫)

એની રીતિમિતિ તો એ જ જાણે. આપણે તો એટલું જાણીએ કે – 'सभ घट तिसके सभ तिसके ठाउ'। પ્રભુ સર્વવ્યાપક છે – તેના નામથી બધું ચાલે છે, એવું હવે ચોથા અને પાંચમા પદ સુધી કહેશે —

૧૬ – ૪

नाना रूप नाना जाके रंग ।
नाना भेख करहि इक रंग ॥१॥
नाना बिधि कीनो बिसथारु ।
प्रभु अबिनासी एकंकारु ॥ २ ॥
नाना चलित करे खिन माहि ।
पूरि रहिओ पूरनु सभ ठाइ ॥३॥
नाना बिधि करि बनत बनाई ।
अपनी कीमति आपे पाई ॥ ४ ॥
सभ घट तिसके सभ तिसके ठाउ ।
जपि जपि जीवै नानक हरि नाउ ॥ ५ ॥

---

૧. ત્રીજી કડીમાં જણાવેલા ભક્તો તથા ચોથીમાં જણાવેલા સાંસારિક જીવો – એ સૌ સ્થાનો પરમાત્માનાં જ છે; – સારું ખોટું સૌ તેનું જ છે, તેની ઇચ્છા પ્રમાણે જ તેવું થાય છે. —**સંપા૦**

૨. પ્રભુ જેમ જણાવે તેમ જ જીવને જાણ થાય છે. જુઓ ગીતા (૧૫ : ૧૫) मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च (મારા વડે સ્મૃતિ, જ્ઞાન અને તેનો અભાવ પણ થાય છે.)

શબ્દાર્થ

[एकंकारु = એકાકાર જ રહેનાર – અવ્યય. पूरनु = પૂર્ણ સ્વરૂપ એવો. पाई = જાણી; સમજી.]

૧૬ - ૪

(પ્રભુ–પરમાત્માનાં) વિવિધ રૂપ છે, અને વિવિધ તેમના રંગ છે. જાતે એક સ્વરૂપે[1] કાયમ રહીને અનેક વેશ તે ધારણ કરે છે. (૧)

એ અવિનાશી એકાકાર પ્રભુએ આ અનેક પ્રકારનો વિસ્તાર કર્યો છે. (૨)

સર્વ સ્થળે વ્યાપી રહેલા પૂર્ણસ્વરૂપ એ પરમાત્મા ક્ષણવારમાં વિવિધ ચરિત્ર – લીલાઓ કરી દે છે. (૩)

અનેક પ્રકારની રચના તેમણે રચી છે; પોતાની કિંમત[2] તે પોતે જ જાણે છે. (૪)

બધાં હૃદય તેમનાં છે, બધાં સ્થળ તેમનાં છે. નાનક તો એ હરિ પ્રભુનું નામ જપી જપીને જ જીવે છે. (૫)

૧૬ – ૫

नामके धारे सगले जंत ।
नामके धारे खंड ब्रहमंड ॥१॥

नामके धारे सिमृति बेद पुरान ।
नामके धारे सुनन गिआन धिआन ॥ २ ॥

---

૧. મૂળ: रंग।

૨. તેમની શક્તિ તથા તેમણે સરજેલી સૃષ્ટિનો વિસ્તાર આદિ બીજું કોઈ જાણી શકે નહિ. —સંપા૦

नामके धारे आग्मास पाताल ।
नामके धारे सगल आकार ॥३॥
नामके धारे पुरीआ सभ भवन ।
नामकै संगि उधरे सुनि स्रवन ॥ ४ ॥
करि किरपा जिसु आपनै नामि लाए ।
नानक चउथे पद महि सो जनु गति पाए ॥ ५ ॥

શબ્દાર્થ

[जंत = પ્રાણી. सुनन = શ્રવણ; ગુરુમુખે જે સાંભળવામાં આવે તે. पुरी = શહેર. भवन = મકાન.]

૧૬ – ૫

નામને[1] આધારે બધાં પ્રાણીઓ છે; ખંડ અને બ્રહ્માંડો પણ. (૧)

નામને આધારે જ સ્મૃતિઓ, વેદો અને પુરાણો છે; – શ્રવણ, જ્ઞાન, અને ધ્યાન પણ. (૨)

આકાશ અને પાતાળ, અરે સકલ સૃષ્ટિ પણ, નામને આધારે જ છે; (૩)

નામને આધારે જ બધાં શહેરો અને ભવનો છે. એવા એ નામને (ગુરુમુખે) કાનથી સાંભળીને સૌ ઉદ્ધરી જાય. (૪)

નાનક કહે છે કે, કૃપા કરીને પરમાત્મા જેને પોતાના નામનો આશરો લેવરાવે છે, તે ચોથા[2] પદ રૂપી પરમગતિ પામે છે. (૫)

---

૧. પરમાત્માના નામનો મહિમા પરમાત્મા જેટલો જ બતાવે છે. વસ્તુતાએ પણ નામ અને પરમાત્મા એક જ છે. મનુષ્ય નામથી જ પરમાત્માનું મનન-ચિંતન-સ્મરણ કરી શકે. —**સંપા૦**

૨. સ્વપ્ન, સુષુપ્તિ ને જાગ્રત – એ ત્રણથી પર તુરીય—ચોથી પરમજ્ઞાનની ગતિ; અર્થાત્ મોક્ષ.

એટલે, પરમાત્માનું નામ 'સત્ય સુખદાઈ' છે. અને તે શીખવનાર ગુરુ કે સત્પુરુષ પણ સત્ય છે, એમ હવે છઠ્ઠા પદમાં કહે છે –

૧૬ – ૬

रूपु सति जाका सति असथानु ।
पुरखु सति केवल परधानु ॥ १ ॥
करतूति सति सति जाकी बाणी ।
सति पुरख सभ माहि समाणी ॥ २ ॥
सति करमु जाकी रचना सति ।
मूलु सति सति उतपति ॥ ३ ॥
सति करणी निरमल निरमली ।
जिसहि बुझाए तिसहि सभ भली ॥ ४ ॥
सति नामु प्रभका सुखदाई ।
बिस्वासु सति नानक गुरते पाई ॥ ५ ॥

શબ્દાર્થ

[रूपु = સ્વરૂપ. परधानु = પ્રધાન - મુખ્ય. करतूति = કૃત્ય. करमु = ક્રિયા.]

૧૬ – ૬

જેનું સ્વરૂપ સત્ય છે, અને જેનું સ્થાન સત્ય છે, તેવો સત્ય પુરુષ એકલો જ (સૌમાં) મુખ્ય છે. (૧)

તેનાં કૃત્ય સત્ય છે; અને તેની વાણી[1] સત્ય છે. તે સત્ય પુરુષ સર્વમાં વ્યાપી રહ્યો છે. (૨)

---

૧. નિરંજન નિરાકાર પુરુષની વાણી એટલે 'શબ્દ' – અનાહત નાદ, એવો અર્થ પણ થાય. ભક્તને પરમાત્મામાં લીન થતાં જ તે સંભળાવા લાગે છે, અને તે તેને તેમના તરફ આગળ ખેંચી જાય છે. —સંપા૦

તેની ક્રિયા સત્ય છે, અને તેની રચના પણ સત્ય છે. મૂળ સત્ય હોઈ તેમાંથી નીપજતી વસ્તુ પણ સત્ય છે. (૩)

તેની કરણી સત્ય છે – નિર્મળમાં નિર્મળ[1] છે; જેને પ્રભુ એ સમજવા દે છે, તેને (એ જે કંઈ કરે) તે ભલું જ લાગે છે. (૪)

તે પ્રભુનું સત્ય નામ સુખદાયક છે; નાનકને એ સાચો વિશ્વાસ ગુરુ પાસેથી મળ્યો છે.[2] (૫)

તે કર્તાની મિતિ કોણ જાણી શકે ? એટલું જ કહેવું પડે કે, 'जो तिसु भावै सो वरतीआ'–

१६ – ७

सति बचन साधू उपदेस ।
सति ते जन जाकै रिदै प्रवेस ॥ १ ॥
सति निरति बूझै जे कोइ ।
नामु जपत ताकी गति होइ ॥२॥
आपि सति कीआ सभु सति ।
आपे जानै अपनी मिति गति ॥ ३ ॥
जिसकी सृसटि सु करणैहारु ।
अवर न बूझि करत बीचारु ॥ ४ ॥
करतेकी मिति न जानै कीआ ।
नानक जो तिसु भावै सो वरतीआ ॥ ५ ॥

---

૧. નિર્મળમાં નિર્મળ એટલે કે, તે કરણીથી તેમને પોતાને કશો લેપ લાગતો નથી. એવો અર્થ પણ લેવાય કે, તે બધું જીવના હિતમાં — તેને માટે કલ્યાણકર છે. —**સંપા૦**

૨. અથવા સતિ શબ્દ ગુરુને લગાડીએ તો એવો અર્થ થાય કે, "એ વિશ્વાસ નાનકને સદ્ગુરુ પાસેથી મળ્યો છે."

શબ્દાર્થ

[निरति = ભક્તિ; રતિ. मिति = પરિમાણ, સીમા, હદ. गति = અવસ્થા, દશા (૨) શક્તિની હદ; પહોંચ (૩) ઢંગ, રીત. कीआ = કરેલો – રચેલો – કાર્યરૂપ (જીવ). वरतीआ = પ્રવર્તે; થાય; બને.]

૧૬ – ૭

સંતપુરુષો સત્ય નામનો[1] ઉપદેશ આપે છે; જેના હૃદયમાં એ પ્રવેશે છે તે સત્ય (રૂપ) બની જાય છે. (૧)

જેને સત્ય (પરમાત્મા) પ્રત્યેની ભક્તિ સમજાય, તે (તેમનું) નામ જપીને મોક્ષપદ[2] પામે. (૨)

પ્રભુ પોતે સત્ય છે, અને તેમણે જે કંઈ રચ્યું છે તે પણ સત્ય છે. પોતાની શક્તિ અને પહોંચની હદ તે જ જાણે છે. (૩)

જેની આ બધી સૃષ્ટિ છે, તેના એ કર્તા સિવાય, બીજો ગમે તેટલી માથાકૂટ[3] કરે તો પણ ન જાણી શકે. (૪)

કાર્ય (એવો જીવ) પોતાના કર્તાની હદ–સીમા શી રીતે જાણી શકે ? નાનક તો એટલું જ જાણે કે, તેને જે ગમે છે, તે જ થાય છે. (૫)

જીવ તો 'आश्चर्यवत् पश्यति कश्चिदेनं...આપણે જીવ તેનાં કીર્તન કરી સફળ થઈ શકીએ, એ વાત છેલ્લા પદમાં કહી દે છે –

૧૬ – ૮

बिसमन बिसम भए बिसमाद ।
जिनि बूझिआ तिसु आइआ स्वाद ॥ १ ॥

---

૧. મૂળ बचन । સત્ય એવા પરમાત્માનું વચન – સંબોધન – નામ. —સંપા૦

૨. મૂળ 'ગતિ', પરમગતિ અર્થાત્ મોક્ષ. —સંપા૦

૩. મૂળ करत बीचारु । વિચાર કરે – તપાસ કરે. —સંપા૦

प्रभकै रंगि राचि जन रहे ।
गुरकै बचनि पदारथ लहे ॥२॥
ओइ दाते दुख काटनहार ।
जाक संगि तरै संसार ॥ ३ ॥
जनका सेवकु सो वडभागी ।
जनकै संगि एक लिवलागी ॥ ४ ॥
गुन गोबिदु कीरतनु जनु गावै ।
गुर प्रसादि नानक फलु पावै ॥ ५ ॥

શબ્દાર્થ

[बिसमन बिसम = આશ્ચર્યોમાં આશ્ચર્ય. बिसमाद= ચકિત. पदारथ = ચાર પુરુષાર્થ : ધર્મ – અર્થ - કામ – મોક્ષ. दाते = દયાળુ પુરુષો. जन = સંતજન – ભક્તજન.]

૧૬ – ૮

આશ્ચર્યોમાં આશ્ચર્ય (આ સૃષ્ટિ) જોઈને આભા થઈ જવાય છે. જે પ્રભુને જાણે તેને જ સ્વાદ આવે[૧]. (૧)

સત્પુરુષો પ્રભુના રંગમાં રાચી રહે છે; એમ ગુરુના ઉપદેશ પ્રમાણે ચાલીને તેઓ (પરમ) પુરુષાર્થના[૨] ભાગી બને છે. (૨)

---

૧. આ સૃષ્ટિ જોઈને વિસ્મય, ને તેમાંથી ઉકેલ ન જોઈ વિહ્વળતા થાય છે. તેમાં જે પ્રભુને જાણે, તે તેને ભાવથી ભજે છે; આમ અર્થ સમજવો.

(બીજો અર્થ એમ પણ થાય કે, પ્રભુને જાણનારો જ ગાભરો બન્યા વિના પ્રભુની લીલાનો પરમ સ્વાદ અનુભવી શકે. **—સંપા૦**)

૨. મૂળ पदारथ : ચાર પુરુષાર્થ (ધર્મ–અર્થ–કામ–મોક્ષ). અહીં મોક્ષ - પરમ પુરુષાર્થ. 'પરમ તત્ત્વ' એવો અર્થ પણ થાય. **—સંપા૦**

એ દયાવાન પુરુષો બીજાનાં (ભવ-) દુઃખ પણ કાપી આપે છે; અરે આખો સંસાર તેમની સોબતમાં તરી જાય. (૩)

એવા સંતજનનો જે સેવક થાય છે, તેને વડભાગી જાણવો; કારણ કે તેને પણ એમની સોબતમાં એક પરમાત્માની લગની લાગે છે. (૪)

નાનક કહે છે કે, જે માણસ ગુરુની કૃપાથી ગોવિંદનું ગુણકીર્તન કરે છે, તે (પરમ) ફળ[1] પામે છે. (૫)

૧. મુક્તિરૂપી અથવા પરમાત્માના સાક્ષાત્કારરૂપી. —સંપા૦

असटपदी १७

सलोकु

आदि सचु
जुगादि सचु ।
है भि सचु
नानक होसी भि सचु ॥१७॥

અષ્ટપદી ૧૭

શ્લોક

આદિથી[૧] તે સત્ય છે, યુગોના આદિથી[૨] તે સત્ય છે; અત્યારે પણ જે સત્ય છે, અને નાનક કહે છે કે, ભવિષ્યમાં પણ જે સત્ય રહેવાના છે (–એવા પ્રભુને નમસ્કાર)! [૧૭]

શ્રી 'જપજી' (પ્રથમ ગુરુ નાનક કૃત)ના આદિ શ્લોકની અંત્ય કડી અહીં શ્લોકરૂપે લીધી છે. બીજા શ્લોકોની પેઠે તે રાગબદ્ધ નથી.

ગુરુ નાનકના આદિ મંત્રથી આમ શ્લોકમાં શરૂઆત કરીને આ ૧૭ મી અષ્ટપદીમાં પ્રભુનું 'નિરંકાર' સ્વરૂપ વળી વર્ણવે છે અને એ સ્વરૂપને પામવું એ ભક્તિનું અંતિમ ફળ છે — મોક્ષની સાચી વ્યાખ્યા છે, એમ પહેલા અને બીજા પદમાં જણાવશે —

१७ – १

चरन सति सति परसनहार ।
पूजा सति सति सेवदार ॥ १ ॥

---

૧. સૃષ્ટિ ન હતી ત્યારે આદિમાં. —**સંપા૦**

૨. સૃષ્ટિ ઉત્પન્ન થઈ અને યુગો વગેરે કાળ શરૂ થયો ત્યારે પણ. —**સંપા૦**

दरसनु सति सति पेखनहार ।
नामु सति सति धिआवनहार ॥ २ ॥
आपि सति सति सभ धारी ।
आपे गुण आपे गुणकारी ॥ ३ ॥
सबदु सति सति प्रभु बकता ।
सुरति सति सति जसु सुनता ॥ ४ ॥
बुझनहार कउ सति सभ होइ ।
नानक सति सति प्रभु सोइ ॥ ५ ॥

શબ્દાર્થ

[पूजा = સેવા. सेवदार = સેવક; પૂજક. धारी = ધારણ કરેલું – રચેલું તે – સૃષ્ટિ. गुणकारी = બીજામાં ગુણ ઉત્પન્ન કરનાર – બીજાને ગુણ અર્પનાર. सबदु = નામ (પ્રભુનું). बकता = જપનારો. सुरति = શ્રુતિ – કાન. जसु = યશ; ગુણ.]

૧૭ – ૧

પ્રભુના ચરણ સત્ય છે; અને તેમને સ્પર્શનાર પૂજક પણ સત્ય છે. પ્રભુની સેવા સત્ય છે; અને (તે કરનાર) સેવક પણ સત્ય છે. (૧)

પ્રભુનું દર્શન સત્ય છે; અને તે પ્રાપ્ત કરનાર પણ સત્ય છે. પ્રભુનું સ્વરૂપ[૧] સત્ય છે, અને તેનું ધ્યાન ધરનાર પણ સત્ય છે. (૨)

પ્રભુ પોતે સત્ય છે, તેમ તેમણે રચેલી[૨] સૌ સૃષ્ટિ પણ સત્ય છે. તે પોતે ગુણભંડાર છે; અને બીજાને ગુણ આપનાર પણ તે જ છે.[૩] (૩)

---

૧. મૂળ नाम । —**સંપા૰**

૨. મૂળ 'धारी' । ધારણ કરેલી એટલે કે રચેલી. —**સંપા૰**

૩. શ્રી–વિભૂતિ વગેરે બીજાઓમાં માલૂમ પડતા ગુણોનું મૂળ પરમાત્મા જ છે —**સંપા૰**

(પ્રભુનું) નામ[1] સત્ય છે, અને હે પ્રભુ, તે જપનાર પણ સત્ય છે. તે કના[2] પણ સત્ય છે, જે પ્રભુના ગુણ સાંભળે છે. (૪)

સમજનારને તો બધું સત્ય જ દેખાય છે; નાનક કહે છે કે, એ પ્રભુ જ સત્ય છે, સત્ય છે. (૫)

૧૭ – ૨

सति सरूपु रिदै जिनि मानिआ ।
करन करावन तिनि मूलु पछानिआ ॥ १ ॥
जाकै रिदै बिस्वास प्रभ आइआ ।
ततु गिआनु तिसु मनि प्रगटाइआ ॥ २ ॥
भैते निरभउ होइ बसाना ।
जिसते उपजिआ तिसु माहि समाना ॥ ३ ॥
बसतु माहि ले बसत गडाई ।
ताकउ भिंन न कहना जाई ॥ ४ ॥
बूझै बूझनहारु बिबेक ।
नाराइन मिले नानक एक ॥ ५ ॥

---

૧. મૂળ 'શબ્દ'. એનો અનાહત નાદ, એવો અર્થ પણ થાય. અને ત્યારે 'એ અનાહત નાદ ગજવનાર પ્રભુ પણ સત્ય છે' એવો એ આખી લીંટીનો અર્થ થાય. —**સંપા૦**

૨. મૂળ सुरति । તેનો અર્થ સુરતા–લવલીનતા પણ થાય. અને ગુરુઓનાં ભજનોમાં નામ, હુકમ, નાદ, શબ્દ, જશ, વાણી, કીર્તન – એ બધા શબ્દો 'અનાહત નાદ' એવા અર્થમાં પણ લેવાય છે. તે અર્થ લઈએ તો આખી લીંટીનો આવો અર્થ થાય – અનાહત નાદમાં સુરતા સાચી છે, અને એ સુરતા લગાવનારો પણ સાચો છે. —**સંપા૦**

શબ્દાર્થ

[करन करावन = બધાંનું મૂળ કારણ. बसतु = (માટી, સોનું વગેરે) ઉપાદાન કારણ (જેમાંથી ઘડો, ઘરેણાં વગેરે જૂજવા ઘાટ ઘડાય છે). गडाई = મિલાવી, ભેળવી.]

૧૭ – ૨

જેણે સત્ય સ્વરૂપ (પ્રભુને) હૃદયમાં જાણ્યા, તેણે આખા જગતનું મૂળ તથા મૂળ કારણ પિછાન્યું જાણો. (૧)

જેના હૃદયમાં સત્ય પ્રભુનો નિશ્ચય થઈ ગયો, તેના મનમાં (પરમ) તત્ત્વનું જ્ઞાન પ્રગટી ચૂક્યું જાણો. (૨)

ભયના (સામ્રાજ્ય)માંથી નીકળી જઈ તે નિર્ભય થઈ ને વસે છે; કારણ કે, જેમાંથી તે ઊપજ્યો હતો તેમાં તે સમાઈ જાય છે.[1] (૩)

(સોનું કે માટી જેવી) મૂળ વસ્તુમાં તે જ જાતની વસ્તુ મિલાવીએ, તો તેને જુદી – નવી જ – વસ્તુ કેવી રીતે કહી શકાય ? (૪)

સમજદાર જ્ઞાની જ આ વિવેક સમજે છે; નાનક કહે છે કે, નારાયણમાં ભળી જતાં બધું એક જ થઈ રહે છે. (૫)

ત્રીજા અને ચોથા પદમાં હવે પ્રભુના સેવકનાં લક્ષણ કહે છે. 'ઠાકુરકે સેવકકી નિરમલ રીતિ' — તેનું ચારિત્ર્ય નિર્મળ હોય, એ ખાસ યાદ રાખવા જેવું છે.

---

૧. જ્યાં સુધી દેહનું ભાન છે, ત્યાં સુધી ભયનું સામ્રાજ્ય છે. એક વખત તત્ત્વ પિછાન્યું એટલે પછી ભય રહેતો નથી, એવો ભાવ છે. —સંપા૦

१७ – ३

ठाकुरका सेवकु आगिआकारी ।
ठाकुरका सेवकु सदा पूजारी ॥ १ ॥
ठाकुरके सेवककै मनि परतीति ।
ठाकुरके सेवककी निरमल रीति ॥ २ ॥
ठाकुर कउ सेवकु जानै संगि ।
प्रभका सेवकु नामकै रंगि ॥ ३ ॥
सेवक कउ प्रभ पालनहारा ।
सेवककी राखै निरंकारा ॥ ४ ॥
सो सेवकु जिसु दइआ प्रभु धारै ।
नानक सो सेवकु सासि सासि समारै ॥ ५ ॥

શબ્દાર્થ

[ठाकुर = સ્વામી; પરમાત્મા. परतीति = વિશ્વાસ; ખાતરી; શ્રદ્ધા. रंगि = લગનીમાં. समारै = યાદ કરે; સંભારે.]

૧૭ – ૩

પ્રભુનો સેવક સદા તેમની આજ્ઞામાં રહે છે; અને સદા તેમની પૂજામાં રત હોય છે. (૧)

પ્રભુના સેવકને મનમાં દૃઢ વિશ્વાસ હોય છે; અને (તેથી) તેનું વર્તન નિર્મળ હોય છે. (૨)

પ્રભુનો સેવક પ્રભુને નિરંતર પોતાની સાથે જ રહેલો જાણે છે; અને તેથી તેને નામ-સ્મરણની લગની રહે છે. (૩)

પ્રભુ (પણ) પોતાના સેવકનું હંમેશ (યોગક્ષેમ સંભાળી) પાલન કરે છે; નિરાકાર એવા પ્રભુ પોતાના સેવકની પત (હંમેશ) રાખે છે. (૪)

નાનક કહે છે કે, જેના ઉપર પ્રભુ દયા કરે, તે જ તેમનો સેવક થઈ શકે; એવો સેવક પછી પ્રભુને શ્વાસે શ્વાસે (નિરંતર) યાદ કરે. (૫)

१७ – ४

अपुने जनका परदा ढाकै ।
अपने सेवककी सरपर राखै ॥ १ ॥
अपने दास कउ देइ वडाई ।
अपने सेवक कउ नामु जपाई ॥ २ ॥
अपने सेवककी आपि पति राखै ।
ताकी गति मिति कोई न लाखै ॥ ३ ॥
प्रभके सेवक कउ को न पहूचै ।
प्रभके सेवक ऊचते ऊचे ॥ ४ ॥
जो प्रभि अपनी सेवा लाइआ ।
नानक सो सेवकु दह दिसि प्रगटाइआ ॥ ५ ॥

શબ્દાર્થ

[परदा ढाकै = પડદો પાડી દે છે. लाखै = જાણે. पहूचै = સમાન થાય; બરાબરી કરે.]

૧૭ – ૪

પ્રભુ પોતાના દાસની ઊણપો ઉપર પડદો પાડી દે છે; પોતાના સેવકની ઇજ્જત તે અવશ્ય જાળવે છે. (૧)

પ્રભુ પોતાના દાસને વડાઈ આપે છે: તેને પોતાનું નામ જપતો કરી મૂકે છે.[1] (૨)

૧. પ્રભુનું નામ જપવામાં રસ પડવો એથી વધુ કૃતાર્થતા બીજી કોઈ નથી. —સંપા૦

પોતાના સેવકની પત તે પોતે રાખે છે; પ્રભુની શક્તિ અને હદ કોઈ જાણી શકતું નથી. (૩)

પ્રભુના સેવકને કોઈ પહોંચે નહીં; તે ઊંચામાં ઊંચો (બિરાજે) છે. (૪)

નાનક કહે છે કે, જેને પ્રભુ પોતાની સેવામાં લાવે છે, તે સેવકનો પછી દશે દિશામાં જયજયકાર થાય છે. (૫)

ભક્તનાં યોગક્ષેમ સંભાળનાર પ્રભુ છે; તે વિશ્વંભર છે, સર્વનો રાખનાર છે. તો પછી પ્રાણી શું કામ તેને નિરાંતે ન ભજે. ને બીજી ચિંતા કરી તેને ભૂલે? – એમ હવે પછીના પદમાં જણાવે છે.

૧૭ – ૫

नीकी कीरी महि कल राखै ।
भसम करै लसकर कोटि लाखै ॥ १ ॥
जिसका सासु न काढत आपि ।
ता कउ राखत दे करि हाथ ॥ २ ॥
मानस जतन करत बहु भाति ।
तिसके करतब बिरथे जाति ॥ ३ ॥
मारै न राखै अवरु न कोइ ।
सरब जीआका राखा सोइ ॥ ४ ॥
काहे सोच करहि रे प्राणी ।
जपि नानक प्रभु अलख विडाणी ॥ ५ ॥

શબ્દાર્થ

[नीकी = ઉત્તમ (નાનામાં નાનું કે મોટામાં મોટું એવા અર્થમાં). कल = શક્તિ; પ્રભાવ. सासु = શ્વાસ; પ્રાણ. करतब =

કાર્ય; કરણી. बिरथे = વૃથા; ફોગટ; નિષ્ફળ. राखा = રક્ષણહાર. अलख = અગમ્ય; ગૂઢ. विडाणी = અદ્‌ભુત આશ્ચર્ય.]

૧૭ – ૫

(પ્રભુ) નાની સરખી કીડીમાં પણ તાકાત પૂરે, તો તે કીડી લાખો કરોડોનું લશ્કર જેર કરી નાખે. (૧)

જેનો પ્રાણ પ્રભુ પોતે કાઢવા ન ઇચ્છે, તેનું તે (પોતે) હાથ દઈ ને રક્ષણ કરે છે. (૨)

માણસ અનેક પ્રકારના પ્રયત્ન કરે, પણ તેની બધી પેરવી નકામી જાય છે. (૩)

(કારણ કે,) સર્વ જીવોને મારનાર જિવાડનાર બીજો કોઈ નથી. બધા જીવોનો તે રક્ષણહાર છે. (૪)

હે પ્રાણી, શા માટે ચિંતા કરે છે? નાનક કહે છે કે, તું તો અદ્‌ભુત અને ગૂઢ એવા પ્રભુ-પરમાત્માનું નામ જ જપ. (૫)

જેને આ પ્રતીતિ પડી ગઈ છે, તે તો પોતાનાં બધાં કાર્યો કરતો –

'ઊઠતાં બેસતાં સૂતાં નામ,
કહે નાનક, એ તેનું કામ.

– એને જ આરાધશે.

૧૭ – ૬

बारंबार बार प्रभु जपीऐ ।
पी अंमृतु इहु मनु तनु ध्रपीऐ ॥१॥
नाम रतनु जिनि गुरमुखि पाइआ ।
तिसु किछु अवरु नाही द्रिसटाइआ ॥२॥

नामु धनु नामो रूपु रंगु ।
नामो सुखु हरि नामका संगु ॥३॥
नाम रसि जो जन तृपताने ।
मन तन नामहि नामि समाने ॥४॥
ऊठत बैठत सोवत नाम ।
कहु नानक जनकै सद काम ॥५॥

શબ્દાર્થ

[ध्रपीऐ=ધરાઈએ; તૃપ્ત થઈએ. अवरु=બીજું; દ્વૈત. सद = સદા; નિરંતર.]

૧૭ – ૬

વારંવાર નિરંતર પ્રભુનું નામ જપો; એ અમૃત પીને મનમાં અને તનમાં તૃપ્ત થાઓ. (૧)

નામરૂપી રત્ન જેને ગુરુને મુખે મળ્યું છે, તેને પછી બીજું કશું (તથ્ય) નજરમાં આવતું નથી. (૨)

(તેને મન) હરિનું નામ જ ધન, રૂપ, રંગ, સુખ અને સોબતરૂપ બની જાય છે. (૩)

નામ-રસ વડે જે માણસ તૃપ્ત થાય, તે પછી તનમનથી નામમાં જ સમાઈ જાય. (૪)

નાનક કહે છે કે, ઊઠતાં બેસતાં સૂતાં સદા નામ (નો જપ) જ તે માણસનું કામ બની રહે છે. (૫)

તેવા માણસને આઠે પહોર ઈશ્વર હજૂર છે. તેથી તે તેની બીક રાખી ચાલે છે, અને એમ તે 'પૂરૈ જન' બને છે –

१७ – ७

बोलहु जसु जिहबा दिनु राति ।
प्रभि अपनै जन कीनी दाति ॥१॥

करहि भगति आतमकै चाइ ।
प्रभ अपने सिउ रहहि समाइ ॥२

जो होआ होवत सो जानै ।
प्रभ अपनेका हुकमु पछानै ॥३॥

तिसकी महिमा कउन बखानउ ।
तिसका गुनु कहि एक न जानउ ॥४॥

आठ पहर प्रभ बसहि हजूरे ।
कहु नानक सेई जन पूरे ॥५॥

શબ્દાર્થ

[जसु = યશ; ગુણ. दाति = ભેટ; બક્ષિસ. चाइ = ઇચ્છા; અભિલાષા; પ્રેમ; પ્રીતિ; અનુરાગ. सिउ = સાથે –માં. होआ = થયેલું (ભૂતકાળ). होवत = થતું (વર્તમાનકાળ).]

૧૭ – ૭

દિવસ અને રાત જીભે પ્રભુનું નામ[1] જપ્યા કરવું, એ બક્ષિસ પ્રભુએ પોતાના ભક્તને આપી હોય છે. (૧)

પોતાની આંતરિક પ્રીતિથી જે (પ્રભુની) ભક્તિ કરે છે તે પોતાના (પરમ પ્રિય) પ્રભુમાં સમાઈ જાય છે. (૨)

---

૧. મૂળ जसु = યશ, ગુણ પણ પ્રભુના ગુણ ગાવા એટલે પ્રભુનું નામ જપવું, એવો અર્થ ગુરુઓની વાણીમાં સદા અભિપ્રેત હોય છે. —સંપા૦

જે કંઈ થયું છે અને થાય છે, તે (પોતાના પ્રભુથી થતું) તે જાણે છે; અને તેમાં પોતાના પ્રભુનો હુકમ જ તે પિછાને છે. (૩)

તે પ્રભુનો કેવો મહિમા હું વર્ણવું ? (કારણ) હું તો તેમનો એકાદ ગુણ પણ જાણતો નથી. (૪)

નાનક કહે છે કે, જેને આઠે પહોર પ્રભુ સાન્નિધ્યમાં રહે છે, તે સંત પુરુષ જ પૂર્ણ કહેવાય. (૫)

અંતના પદમાં ગુરુ પોતાના મનને અનુરોધે છે, "હે મન, તે (સંતપુરુષ)ની ઓથ તું લે. તેને તું વેચાઈ જા. બીજું બધું શાણપણ છોડ ને તેની સેવામાં લાગ."

૧૭ – ૮

मन मेरे तिनकी ओट लेहि ।
मनु तनु अपना तिन जन देहि ॥१॥
जिनि जनि अपना प्रभू पछाता ।
सो जनु सरब थोकका दाता ॥२॥
तिसकी सरनि सरब सुख पावहि ।
तिसकै दरसि सभ पाप मिटावहि ॥३॥
अवर सिआनप सगली छाडु ।
तिसु जनकी तू सेवा लागु ॥४॥
आवनु जानु न होवी तेरा ।
नानक तिसु जनके पूजहु सद पैरा ॥५॥

શબ્દાર્થ

[ओट = ઓથ; શરણું. पछाता = પિછાન્યો. थोक = થોકલો; ઢગલો. पैर = પગ.]

૧૭ – ૮

હે મન, તું એવા સંત-જનનું શરણું લે; (હે ભાઈ,) તું તારું તન–મન તે સંતપુરુષને અર્પી દે —(૧)

—જેમણે પોતાના પ્રભુને પિછાન્યા છે. તેવા પુરુષ સર્વ (પ્રકારની) ઈચ્છિત વસ્તુઓનો ઢગ વાળી દે. (૨)

તેમના શરણમાં સર્વ પ્રકારનું સુખ મળે; તેમના દર્શ-નથી સર્વ પાપ ટળી જાય. (૩)

બીજું બધું શાણપણ છોડી દે; અને તે સંત-જનની સેવામાં લાગી જા. (૪)

તેનાથી તારું આ (ભવસાગરમાં) આવવું અને જવું ટળી જશે. નાનક કહે છે કે, એવા સંત-જનના ચરણ હંમેશ સેવવા જોઈએ. (૫)

આટલે આવ્યા પછી ગુરુને સદ્ગુરુ અને તેનું શરણ, આગળ જેમ થતું આવ્યું છે તેમ, અહીં સાંભરે જ. એટલે પછીની ૧૮મી અષ્ટપદી તે સદ્ગુરુ અને 'શીખ'નું વર્ણન કરવામાં રોકે છે —

असटपदी १८

सलोकु

सति पुरखु जिनि जानिआ
सतिगुरु तिसका नाउ ।
तिसकै संगि सिखु उधरै
नानक हरिगुन गाउ ॥१८॥

શબ્દાર્થ

[सति पुरखु = સત્ એવા પરમાત્મા. नाउ = નામ. सिखु = શિષ્ય; સેવક.]

સત્ એવા પરમાત્મા જેમણે જાણ્યા છે, તેમનું નામ સદ્ગુરુ છે

નાનક કહે છે કે, તેમની સોબતમાં શિષ્યનો ઉદ્ધાર થઈ જાય અને તે હરિના ગુણ ગાવા માંડે. [૧૮]

સદ્ગુરુ એટલે જેણે સત્યરૂપ એવા પરમાત્મા જાણ્યા છે તે. તેવાનો જ સંગ વિહિત છે, ને તે જ શિષ્યના સાચા નાયક છે.

તે તેનું પાપમાં પડતાં રક્ષણ કરે છે, તેની દુર્મતિ દૂર કરાવે છે, તેના વિકારો કઢાવે છે, તેને નામધન દે છે, અને એમ કરીને તેને બંધનમુક્ત કરે છે.

ગુરુ-શિષ્ય-પ્રેમ એ પિતા-પુત્ર-પ્રેમ જેવું અનુભવગમ્ય એક કાવ્ય છે. ‘હાલતાં ચાલતાં શીખને સદ્ગુરુની સંભાળ છે; તે શીખને જીવની જેમ સંભાળે છે’ – વગેરે તત્ત્વ પહેલા પદમાં કહે છે –

१८ – १

सतिगुरु सिखकी करै प्रतिपाल ।
सेवक कउ गुरु सदा दइआल ॥१॥
सिखकी गुरु दुरमति मलु हिरै ।
गुर बचनी हरि नामु उचरै ॥२॥
सतिगुरु सिखके बंधन काटै ।
गुरका सिखु बिकारते हाटै ॥३॥
सतिगुरु सिख कउ नाम धनु देइ ।
गुरका सिखु वडभागी हे ॥४॥
सतगुरु सिखका हलतु पलतु सवारै ।
नानक सतिगुरु सिख कउ जीअ नालि समारै ॥५॥

શબ્દાર્થ

[प्रतिपाल = લાલન પાલન. दइआल = દયાળુ. दुरमति मलु = દુર્મતિ રૂપી મળ – દોષ. हाटै = હટે. हलतु पलतु = આ લોક અને પરલોક. सवारै = સુધારે. नालि = –ની જેમ; –ની સાથે. समारै = સંભાળ રાખે.]

૧૮ – ૧

સદ્‌ગુરુ શિષ્યનું (બરાબર) લાલનપાલન કરે છે; (પોતાના) શિષ્ય ઉપર ગુરુ સદા દયા રાખે છે. (૧)

સદ્‌ગુરુ શિષ્યનો દુર્મતિરૂપી મળ દૂર કરે છે; (સાચો શિષ્ય પણ) ગુરુના કહ્યા પ્રમાણે હરિનું નામ ઉચરે છે. (૨)

સદ્ગુરુ શિષ્યનાં બધાં બંધન કાપી નાખે છે. તેવા ગુરુનો શિષ્ય (પછી) બધા વિકારોથી દૂર રહે છે.[1] (૩)

સદ્ગુરુ શિષ્યને નામ રૂપી ધન આપે છે; (તેવા) સદ્ગુરુના શિષ્યને બડભાગી જાણવો. (૪)

સદ્ગુરુ શિષ્યનો આ લોક અને પરલોક બંને સુધારે છે. નાનક કહે છે કે, સદ્ગુરુ તો શિષ્યનું જીવની જેમ જતન કરે છે. (૫)

આ ગુરુભાવ ગુરુને નામે ઓળખાતા સામાન્ય શરીરમાં કલ્પી કેટલાય સાધકો ઉન્માર્ગે જાય છે. એ સાધનાને લગતો રોગ છે, સાધનાનો ભાગ નથી, એ અહીં કહેવાની જરૂર નથી. શિષ્ય ગુરુસેવાથી શું મેળવે છે, તે હવે બીજા પદમાં કહે છે – આજ્ઞાકારી બની અહંભાવ ભૂલે ને હરિધ્યાન કરવા શક્તિ મેળવે. એમ કરતો તે નૈષ્કર્મ્ય દશાને પહોંચે, તો તેને પ્રભુપ્રાપ્તિ થાય —

१८ – २

गुरकै गृहि सेवकु जो रहै ।
गुरकी आगिआ मन महि सहै ॥ १ ॥
आपस कउ करि कछु न जनावै ।
हरि हरि नामु रिदै सद धिआवै ॥ २ ॥
मनु बेचै सतिगुरकै पासि ।
तिसु सेवकके कारज रासि ॥ ३ ॥

---

૧. ઊલટો કાર્ય-કારણભાવ કલ્પીને આ શ્લોકનો એવો અર્થ પણ કરાય છે કે, શિષ્ય બધા વિકારોથી દૂર રહે છે, તે કારણે પછીથી સદ્ગુરુ શિષ્યનાં બધાં બંધન કાપી નાખે છે. પણ શીખ-ભક્તિમાં પ્રભુની કૃપાની જેમ જ ગુરુની કૃપા પણ અહેતુક જ માની છે. —**સંપા૦**

सेवा करत होइ निहकामी ।
तिस कउ होत परापति सुआमी ॥ ४ ॥
अपनी कृपा जिसु आपि करेइ ।
नानक सो सेवकु गुरकी मति लेइ ॥ ५॥

શબ્દાર્થ

[रासि = સૂતરું; સફળ. निहकामी = કામના – ફળની ઇચ્છા – વિના નો.]

૧૮ – ૨

ગુરુને ઘેર જે શિષ્ય રહે, તે ગુરુની (તમામ પ્રકારની) આજ્ઞા (સાચા) મનથી ઉઠાવે[૧]; (૧)

(બધાં) કામકાજ કરતાં તે પોતાની જાતને જરા પણ આગળ ન કરે,[૨] અને હૃદયમાં હરિ હરિ એવું પરમાત્માનું નામ સ્મર્યા કરે; (૨)

(એમ) પોતાના મનને સદ્‌ગુરુ પાસે વેચી નાખે, તે સેવકનું કામ થઈ જાય. (૩)

(કારણ કે,) નિષ્કામભાવે સેવા કરતાં તેને સ્વામી-પરમાત્માની પ્રાપ્તિ થાય છે. (૪)

નાનક કહે છે કે, પ્રભુ આપમેળે પોતાની કૃપા જેના ઉપર કરે છે, તે સેવક જ ગુરુની સલાહ[૩] સ્વીકારે છે. (૫)

સાચા ગુરુના હૃદયમાં પ્રભુનામ હોય, આઠે પ્રહર પ્રભુરત તે હોય; એવા ગુરુ કોઈ મહાભાગ્યવાન જ પામે, એમ હવે પછીના પદમાં જણાવે છે —

---

૧. મૂળ मन महि सहे। તનથી મનથી બરાબર ઉઠાવે, એવો ભાવ છે. —સંપા૦

૨. જાતને શૂન્યવત્ કરી નાખે, એવો ભાવ છે. —સંપા૦

૩. ગુરુના ઉપદેશ પ્રમાણે ચાલીને બેડો પાર કરે છે. —સંપા૦

१८ – ३

बीस बिसवे गुरका मनु मानै ।
सो सेवकु परमेसुरकी गति जानै ॥ १ ॥
सो सतिगुरु जिसु रिदै हरि नाउ ।
अनिक बार गुर कउ बलि जाउ ॥ २ ॥
सरब निधान जीअका दाता ।
आठ पहर पारब्रह्म रंगि राता ॥ ३ ॥
ब्रह्म महि जनु जन महि पारब्रह्मु ।
एकहि आपि नही कछु भरमु ॥ ४ ॥
सहस सिआनप लइआ न जाईऐ ।
नानक ऐसा गुरु बडभागी पाईऐ ॥ ५ ॥

શબ્દાર્થ

[बीस बिसवे = વીસે વસા; પૂરેપૂરું. मनु मानै = ખુશ – સંતુષ્ટ – કરે. भरमु = જુદાપણું – દ્વૈતનો ભ્રમ.]

૧૮ – ૩

ગુરુને વીસે વસા[1] – પૂરેપૂરા સંતુષ્ટ કરે, તે સેવક પરમેશ્વરનો સાક્ષાત્કાર કરી શકે. (૧)

સદ્‌ગુરુ તે કહેવાય, જેના હૃદયમાં હરિનું નામ (જ) વસેલું હોય. એવા ગુરુને અનેક વાર વારી જાઉં છું. (૨)

આઠે પહોર પરબ્રહ્મના રંગમાં રત રહેનારા (તેવા સદ્‌ગુરુ) જીવને સર્વ ભંડાર બક્ષી શકે છે. (૩)

---

૧. વીઘાનો વીસમો ભાગ તે 'વસો' કહેવાય. વીસે વસા એટલે પૂરેપૂરું વીઘું. —સંપા૦

તેવા સંત બ્રહ્મમાં, અને પરબ્રહ્મ (પણ) એવા સંતમાં સમાઈ રહે છે. બંને એક રૂપ જ બની રહે છે – કશો ભેદ[1] રહેતો નથી. (૪)

હજારો ઉપાય કર્યે તેવા ગુરુ મળતા નથી; નાનક કહે છે કે, મોટું ભાગ્ય હોય તો તે મળે. (૫)

એવા ગુરુને મળવાથી જીવન પવિત્ર થઈ રામનામ ત્યાં વસી શકે છે ને અંતે પારબ્રહ્મને પામે છે, એમ ચોથા પદમાં કહે છે —

૧૮ – ૪

सफल दरसनु पेखत पुनीत ।
परसत चरन गति निरमल रीति ॥ १ ॥
भेटत संगि राम गुन रवे ।
पारब्रहमकी दरगह गवे ॥ २ ॥
सुनि करि बचन करन आघाने ।
मनि संतोखु आतम पतीआने ॥ ३ ॥
पूरा गुरु अख्यउ जाका मंत्र ।
अंमृत द्रसटि पेखै होइ संत ॥ ४ ॥
गुण बिअंत कीमति नही पाइ ।
नानक जिसु भावै तिसु लए मिलाइ ॥ ५ ॥

શબ્દાર્થ

[रवे = રટે. दरगह = દરબાર. गवे = ગમન થાય. करन = કાન. आघाने = તૃપ્ત થાય. आतम = અંતરમાં. पतीआने = વિશ્વાસ બેસે. अख्यउ = અક્ષય. बिअंत = બેઅંત; અપાર.]

---

૧. મૂળ भरमु - ભ્રમ. અહીં દ્વૈત-જુદાઈનો ભાવ અભિપ્રેત છે. —**સંપા૦**

૧૮ - ૪

સદ્‌ગુરુનાં દર્શન સફળ છે; (આપણા ઉપર) તે નજર કરે કે પુનિત થઈ જવાય. તેમના ચરણનો સ્પર્શ કરતાં આપણી ગતિ-રીતિ[1] નિર્મળ થઈ જાય. (૧)

તેમની સાથે ભેટો થતાં (જીવ) રામના ગુણ રટવા માંડે છે; અને (યમરાજાના પાશમાંથી મુક્ત થઈ) પરબ્રહ્મના દરબારમાં જઈ પહોંચે છે. (૨)

તેમનાં વચન સાંભળી કાન તૃપ્ત થાય છે, મન સંતુષ્ટ થાય છે. અને અંતરમાં (ઈશ્વરની) પ્રતીતિ થાય છે. (૩)

પૂરા ગુરુનો (આપેલો) મંત્ર અક્ષય હોય છે; તેમની અમૃતમય દૃષ્ટિથી તે જેના ઉપર નજર કરે, તે સંત બની જાય છે. (૪)

તેમના ગુણનો પાર નથી; તેમના મૂલ્યની આંકણી થઈ શકે નહિ. નાનક કહે છે કે, જેના ઉપર તેમનો ભાવ થાય, તેને પ્રભુ સાથે ને મેળવી આપે. (૫)

પારબ્રહ્મ પ્રભુની કોણ સ્તુતિ કરી શકે ? તે અગમ અગોચર તત્ત્વને કેમ પહોંચી શકાય ? સદ્‌ગુરુ-કૃપાએ તેની ભક્તિ કરી શકાય ને એમ જ એનો પાર પમાય તો પમાય, એમ પાંચમા પદમાં હવે કહે છે —

૧૮ - ૫

जिह्बा एक उसतति अनेक ।
सति पुरख पूरन बिबेक ॥ १ ॥
काहु बोल न पहुचत प्रानी ।
अगम अगोचर प्रभ निरबानी ॥ २ ॥

---

૧. ચારિત્ર અને વર્તન. —સંપા૦

निराहार निरवैर सुखदाई ।
ताकी कीमति किनै न पाई ॥ ३ ॥
अनिक भगत बंदन नित करहि ।
चरन कमल हिरदै सिमरहि ॥ ४ ॥
सद बलिहारी सतिगुर अपने ।
नानक जिसु प्रसादि ऐसा प्रभु जपने ॥ ५ ॥

શબ્દાર્થ

[बिबेक = જ્ઞાન. निरबानी = અક્ષય સુખવાળા.]

૧૮ - ૫

પૂર્ણ જ્ઞાનમય, સત્ય સ્વરૂપ પરમાત્માની સ્તુતિ અનેક છે, પણ (આપણને) જીભ તો એક છે! (૧)

અગમ્ય, અગોચર, અને અક્ષય સુખવાળા પ્રભુને પ્રાણી કોઈ પણ સ્તુતિ-બોલ વડે ન પહોંચી શકે. (૨)

બીજી કોઈ ભોગવસ્તુની અપેક્ષા વિનાના,[1] (અને તેથી) કોઈ પ્રત્યે વેરભાવ વિનાના તથા સૌને સુખદાયક એવા પરમાત્માની કિંમત કોણ પામી શકે? (૩)

અનેક ભક્તો હંમેશ તેમને વંદન કરે છે તથા તેમનાં ચરણકમળ હૃદયમાં સ્મરે છે. (૪)

નાનક કહે છે કે, મારા સદ્‌ગુરુ ઉપર હું સદા વારી જાઉં છું, જેમની કૃપાથી એવા પ્રભુનું રટણ હું કરી શકું છું. (૫)

---

૧. મૂળ निराहार । બહારના ભોગ કે ભોજનની અપેક્ષા વિનાના — પૂર્ણકામ, સ્વયંપૂર્ણ. —સંપા૦

એમ પાર પામેલ કોક જ હોય. તે અમર થયો છે. આઠે પહોર મોહ - માયા - રહિત થઈ તે હરિમાં રમે છે —

१८ — ६

इहु हरि रसु पावै जनु कोइ ।
अंमृतु पीवै अमरु सो होइ ॥ १ ॥
उसु पुरखका नाहि कदे बिनास ।
जाकै मनि प्रगटे गुन तास ॥ २ ॥
आठ पहर हरिका नामु लेइ ।
सचु उपदेसु सेवक कउ देइ ॥ ३ ॥
मोह माइआकै संगि न लेपु ।
मन महि राखै हरि हरि एकु ॥ ४ ॥
अंधकार दीपक परगासे ।
नानक भरम मोह दुःख तहते नासे ॥ ५ ॥

શબ્દાર્થ

[गुन तास = ગુણભંડાર – પરમાત્મા. तहते = તેની પાસેથી.]

१८ – ६

આ હરિરસ કોઈક જ માણસ પામે; તે અમૃત પીને એ અમર થઈ જાય. (૧)

જેના મનમાં ગુણના ભંડાર એવા પરમાત્મા પ્રગટે છે, એ પુરુષનો પછી કદી વિનાશ થાય નહીં. (૨)

આઠે પહોર તે હરિનું નામ જપે છે; અને (પ્રભુના બીજા) સેવકને[1] પણ સાચો ઉપદેશ આપે છે. (૩)

---

૧. પોતાના સેવકને એવો ગુરુ જ સાચો ઉપદેશ આપી શકે, સત્ય માર્ગે દોરી શકે, એવો અર્થ પણ લેવાય છે. —સંપા૦

મોહ-માયા સાથે તેને કશો સંગ કે લેપ હોતો નથી; તે પોતાના મનમાં એક હરિને જ રાખે છે. (૪)

(અજ્ઞાન) અંધકારમાં (પરમાત્મા રૂપી) દીવો (તેના અંતરમાં) પ્રકાશિત થાય છે; નાનક કહે છે કે, (પછી) ભ્રમ, મોહ અને દુઃખ તેનાથી દૂર નાસે છે. (૫)

તેવાનો સંગ એ તૃષ્ણા-તાપથી હેરાન થયેલા જીવને માટે ટાઢક સમાન છે. તેના સંગમાં જીવ કલ્યાણને પામી શકે –

१८ – ७

तपति मांहि ठाढि वरताई ।
अनदु भइआ दुःख नाठे भाई ॥१॥
जनम मरनके मिटे अंदेसे ।
साधूके पूरन उपदेसे ॥२॥
भउ चूका निरभउ होइ बसे ।
सगल बिआधि मनते खै नसे ॥३॥
जिसका सा तिनि किरपा धारी ।
साध संगि जपि नामु मुरारी ॥४॥
थिति पाई चूके भ्रम गवन ।
सुनि नानक हरि हरि जसु स्रवन ॥५॥

શબ્દાર્થ

[तपति = તાપ; સંતાપ. ठाढि = ઠંડક; શાંતિ. भइआ = થયો. अंदेसे = ભય, ડર. खै = ક્ષય. थिति = સ્થિતિ – સ્થિરતા – દઢતા. स्रवन = કાન.]

૧૮ – ૭

હે ભાઈ, (સંતોનો સંગ થતાં) તપત હતી ત્યાં ઠંડક થઈ ગઈ; આનંદ પ્રવર્ત્યો, અને દુઃખ ભાગી ગયાં. (૧)

પૂર્ણ સંતના ઉપદેશથી જન્મ-મરણનો અંદેશો ટળી ગયો — (૨)

ભય દૂર થયો અને નિર્ભય બની ગયા; મનમાંથી બધા વ્યાધિઓ ક્ષય પામી નષ્ટ થઈ ગયા. (૩)

જેના અમે હતા તેણે કૃપા કરી; એટલે સંતપુરુષની સોબતમાં મુરારી પ્રભુનું નામ અમે જપવા લાગી ગયા. (૪)

નાનક કહે છે કે, હરિના યશ કાને સાંભળતાં વેંત સ્થિરતા પ્રાપ્ત થઈ, અને ભ્રમનો આવરો જાવરો દૂર થઈ ગયો. (૫)

અંતે, પાછા પ્રભુના સ્વરૂપનાં ગુણગાન કરી અષ્ટપદી પૂરી કરે છે; પ્રભુ સગુણ – નિર્ગુણ બેઉ છે. તે જ એક સત્ય, નિરંતર વ્યાપેલું, સર્વમાં ઓતપ્રોત રહેલ તત્ત્વ છે. સાધુના સંગથી એ જીવને દેખાઈ શકે —

૧૮ – ૮

निरगुनु आपि सरगुनु भी ओही ।
कला धारि जिनि सगली मोही ॥१॥
अपने चरित प्रभि आपि बनाए ।
अपुनी कीमति आपे पाए ॥२॥
हरि बिनु दूजा नाही कोइ ।
सरब निरंतरि एको सोइ ॥३॥
ओतिपोति रविआ रूप रंग ।
भए प्रगास साधकै संग ॥४॥

रचि रचना अपनी कल धारी ।
अनिक बार नानक बलिहारी ॥५॥

શબ્દાર્થ

[सरगुनु = સગુણ. कला = શક્તિ. रविआ = રચીપચી રહ્યો છે, વ્યાપી રહ્યો છે. कल = કલા – માયાશક્તિ.]

૧૮ – ૮

નિર્ગુણ (નિરાકાર) પણ પોતે જ છે; અને સગુણ (સાકાર) પણ તે જ છે; તેણે એવી માયા-શક્તિ[1] ધારણ કરી છે કે, જેથી સકળ સૃષ્ટિ મોહિત થઈ ગઈ છે.[2] (૧)

પોતાની બધી લીલા[3] પોતે જ રચી છે; પોતાની શક્તિની હદ[4] તે પોતે જ જાણે. (૨)

તેમના વિના બીજું કાંઈ છે જ નહિ; બધામાં જરા પણ ખાલી જગા રાખ્યા વિના[5] તે જ વ્યાપી રહ્યા છે. (૩)

બધાં રૂપોમાં અને બધા રંગોમાં તે ઓતપ્રોત થઈ રહ્યા છે. (છતાં) સંતપુરુષની સોબતથી જ તે પ્રગટ થાય છે. (૪)

પોતાની માયા-શકિત ધારણ કરીને તેમણે આ બધી રચના (રમત માત્રમાં) ઊભી કરી છે. નાનક તેમને અનેક વાર વારી જાય છે. (૫)

---

૧. મૂળ कला । શક્તિ. —સંપા૦

૨. જેથી પોતાના મૂળ કારણને – મૂળ તત્ત્વને પિછાની શકતી નથી. —સંપા૦

૩. મૂળ चरित । સૃષ્ટિ-રચના રૂપી ખેલ. —સંપા૦

૪. મૂળ कीमति । કિંમત – મૂલ્ય. —સંપા૦

૫. મૂળ निरंतरि ।

असटपदी १९

सलोकु

साथि न चालै बिनु भजन
बिखिआ सगली छारु ।
हरि हरि नामु कमावना
नानक इहु धनु सारु ॥१९॥

શબ્દાર્થ

[बिखिआ = વિષયભોગ. छारु = રાખોડી. सार = બધાંમાં ઉત્તમ એવું.]

અષ્ટપદી ૧૯

શ્લોક

ભજન વિના સાથે[1] કશું આવવાનું નથી; તમામ વિષય-ભોગ તો રાખ થઈ જવાના છે;

નાનક કહે છે કે, 'હરિ'નું નામ જ કમાઈ લેવું જોઈએ; એ ધન જ મોટામાં મોટું[2] છે. [૧૯]

૧૯ મી અષ્ટપદીમાં ગુરુ પાછા પોતાના મનને અનુરોધ કરે છે : 'સૌ વિષયો છોડ, તે ક્ષણિક છે. સનાતન સાથી તો પ્રભુ છે. માટે, સાચી કમાણી તેનું નામ છે તે કરી લે.

---

૧. મૂળ साथि । પરલોકમાં – મૃત્યુ બાદ – સાથે. —સંપા૦

૨. મૂળ सारु । પરલોકમાં પણ સાથે આવનારું; અથવા મુક્તિ અપાવનારું. —સંપા૦

તે માટે સંતજનોને મળ, ને બીજા બધા ઉપાય વિસાર. પ્રભુનાં જ ચરણકમળ હૃદયમાં રાખીને ચાલ, તો તારો આરો છે, એમ પહેલા પદમાં જણાવે છે —

१९ – १

संत जना मिलि करहु बीचारु ।
एकु सिमरि नाम आधारु ॥१॥
अवरि उपाव सभि मीत बिसारहु ।
चरन कमल रिद महि उरि धारहु ॥२॥
करन कारन सो प्रभु समरथु ।
दृड़ु करि गहहु नामु हरि वथु ॥३॥
इहु धनु संचहु होवहु भगवंत ।
संत जनाका निरमल मंत ॥४॥
एक आस राखहु मन माहि ।
सरब रोग नानक मिटि जाहि ॥५॥

શબ્દાર્થ

[मीत = હે મિત્ર. रिद = હૃદય. उरि = ઉરમાં, અંતરમાં. वथु = વસ્તુ. संचहु = સંચય કર. भगवंत = ભાગ્યવંત – નસીબવંતો. मंत = મંત્ર – ઉપદેશ.]

૧૯ – ૧

સંત જનોને મળીને વિચાર કર; તથા એક પરમાત્માનું જ સ્મરણ કરીને તેના નામનો જ આધાર રાખ. (૧)

હે મિત્ર, બીજા ઉપાયો ભૂલી જા; પ્રભુના ચરણકમળને જ હૃદયમાં ધારણ કરી રાખ. (૨)

(સકળ સૃષ્ટિનો) કરતા-કારવતા[1] તે પ્રભુ સમર્થ છે. તેના નામરૂપી (ઉત્તમ) વસ્તુને[2] દૃઢ રીતે પકડી રાખ. (૩)

એ નામરૂપી ધનનો જ સંચય કરીને ભાગ્યવાન બન. સંતજનોનો એ જ નિર્મળ ઉપદેશ છે. (૪)

નાનક કહે છે કે, એક પ્રભુની જ આશા મનમાં રાખ, તો તારા સર્વ રોગ[3] ટળી જશે. (૫)

તું ખરેખર જે શોધે છે, તે તો હરિસેવાથી જ મળનાર છે, એ સમજ. બીજાં સાધનોના ભ્રમમાં પડીને ગોથાય છે શું કામ ? – એમ હવે બીજા પદમાં કહે છે —

१९ – २

जिसु धन कउ चारि कुंट उठि धावहि ।
सो धनु हरि सेवाते पावहि ॥१॥
जिसु सुख कउ नित बाछहि मीत ।
सो सुखु साधू संगि परीति ॥२॥
जिसु सोभा कउ करहि भली करनी ।
सा सोभा भजु हरिकी सरनी ॥३॥
अनिक उपावी रोगु न जाइ ।
रोगु मिटै हरि अवखधु लाइ ॥४॥

---

૧. મૂળ करन कारन। રચનાર (નિમિત્ત કારણ) અને મૂળ કારણ (ઉપાદાન કારણ) – એ બંને પ્રભુ જ છે. કુંભાર એ ઘડાનું નિમિત્ત કારણ છે; અને માટી એ ઘડાનું ઉપાદાન કારણ છે. તે બે કારણો જુદાં જ હોય. પણ પ્રભુની બાબતમાં તો તે સમર્થ હોઈ, બંને કારણ પોતે જ છે. —સંપા૦

૨. મૂળ वथु। વસ્તુ – શ્રેષ્ઠ વસ્તુ – સત્ય. —સંપા૦

૩. ભવ-સંસારમાં ભટકવા રૂપી રોગ સુધ્ધાં. —સંપા૦

सरब निधान महि हरिनामु निधानु ।
जपि नानक दरगहि परवानु ॥५॥

શબ્દાર્થ

[कउ = ને માટે. चारि कुंट = ચારે ખૂણે. बाछहि = વાંછે છે. परीति = પ્રીતિ. सोभा = યશ – કીર્તિ. अवखधु = ઔષધ. निधान = નિધિ; ભંડાર. दरगहि = દરબારમાં. परवानु = સ્વીકારાયેલું – માન્ય એવું.]

૧૯ – ૨

જે ધન માટે તું ચારે ખૂણે દોડી મરે છે, તે ધન હરિની સેવાથી જ મળે તેમ છે. (૧)

જે સુખ માટે તું નિરંતર વાંછા કર્યા કરે છે, તે સુખ સંતજનની પ્રીતિપૂર્વક સોબત કરવાથી જ પ્રાપ્ત થાય છે. (૨)

જે યશકીર્તિ માટે તું પુણ્યકર્મો[1] કર્યે જાય છે, તે માટેય હરિનું શરણ લઈ તેને ભજ. (૩)

બીજા બીજા અનેક ઉપાયો કરવાથી (સંસાર - દુઃખ રૂપી) રોગ જતો નથી; તે રોગ હરિરૂપી ઔષધ મેળવવાથી ટળી જાય છે. (૪)

બધા ભંડારોમાં હરિના નામરૂપી ભંડાર શ્રેષ્ઠ છે. નાનક કહે છે કે, તે નામ જપવાથી પ્રભુના દરબારમાં તારો સ્વીકાર થશે. (૫)

એટલે દશ દિશામાં રખડવાનું છોડી, તું પ્રભુનિષ્ઠા સેવ. કળિ-યુગમાં નામસ્મરણ એ તરણોપાય છે —

૧૯ – ૩

मनु परबोधहु हरिक नाइ ।
दह दिसि धावत आवै ठाइ ॥१॥

---

૧. મૂળ भली करनी । સત્કૃત્યો; પુણ્યનાં કાર્યો. —સંપા૦

ताकउ बिघनु न लागै कोइ ।
जाकै रिदै बसै हरि सोइ ॥२॥
कलि ताती ठाढा हरि नाउ ।
सिमरि सिमरि सदा सुख पाउ ॥३॥
भउ बिनसै पूरन होइ आस ।
भगति भाइ आतम परगास ॥४॥
तित घरि जाइ बसै अबिनासी ।
कहु नानक काटी जमफासी ॥५॥

શબ્દાર્થ

[परबोधहु = જગાડવું, પ્રબોધ પમાડવું. ठाइ = ઠેકાણે. ताती = તાતો – દઝાડતો. ठाढा = ઠંડું; શીતળ. भाइ = ભાવ; પ્રેમ.]

૧૯ – ૩

હરિના નામ વડે મનને જગાડ; જેથી દશે દિશામાં દોડતું તે ઠેકાણે આવે. (૧)

જેના હૃદયમાં હરિ વસે છે, તેને કોઈ વિઘ્ન નડતું નથી. (૨)

કળિયુગ (નો સમય) તાતો છે; તેમાં હરિનું નામ જ શીતળતા અર્પે છે. માટે તેનું સ્મરણ કરી કરીને સદા સુખી થા. (૩)

તેથી (સંસારનો) ભય ટળશે; (બધી) આશાઓ પૂર્ણ થશે; અને ભક્તિમાં ભાવ ઊભો થઈ આત્મપ્રકાશ લાધશે. (૪)

નાનક કહે છે કે, પછી અવિનાશી પ્રભુના ધામમાં જઈને તું વસશે; અને તારો યમપાશ કપાઈ જશે. (૫)

જો તું કાચો માણસ હોય તો જ આ નહિ સમજે. સાચા સમજુ લોક તો છેવટનું તત્ત્વ જ વિચારી ચાલનાર હોય. શાસ્ત્રોના

સારરૂપ આ વાત છે કે, હરિની ભક્તિમાં મન લગાડો, તો હૃદયની જે સાચી વાંછા - મુમુક્ષા - છે તે ભાગશે, એમ હવે પછીના પદમાં કહે છે —

१९ – ४

ततु बीचारु कहै जनु साचा ।
जनमि मरै सो काचो काचा ॥१॥
आवागवनु मिटै प्रभ सेव ।
आपु तिआगि सरनि गुरदेव ॥२॥
इउ रतन जनमका होइ उधारु ।
हरि हरि सिमरि प्रान आधारु ॥३॥
अनिक उपाव न छूटनहारे ।
सिंमृति सासत बेद बीचारे ॥४॥
हरिकी भगति करहु मनु लाइ ।
मनि बंछत नानक फल पाइ ॥५॥

શબ્દાર્થ

[ततु बीचारु = તત્ત્વવિચાર. आवागवनु = આવવું જવું; જન્મવું-મરવું. सेव = સેવા; પૂજા. बंछत = વાંછેલું – ઇચ્છેલું.]

૧૯ – ૪

સાચા સંત એવો તત્ત્વવિચાર ઉપદેશે છે કે, જન્મ-મરણના ફેરામાં અટવાયા કરે તેમને કાચા માણસો જાણવા. (૧)

પ્રભુની ભક્તિ કરવાથી (સંસારમાં) આવાગમન ફિટે છે; માટે અહંભાવ ત્યાગી, ગુરુદેવને શરણે જાઓ. (૨)

આ રત્ન જેવા મનુષ્ય-જન્મનો ઉદ્ધાર થાય તે માટે પ્રાણ-આધાર એવા હરિને જ સ્મરો. (૩)

સ્મૃતિઓ, શાસ્ત્રો અને વેદો ફંફોસી જુએ, પણ બીજા કોઈ ઉપાયથી છુટકારો થવાનો નથી. (૪)

નાનક કહે છે કે, મન લાવીને હરિની ભક્તિ કરે, તો મનવાંછિત ફળ જરૂર મળે. (૫)

માયાની જંજાળમાં શું કામ ફસાવું ! તે કંઈ મરણોત્તર સાથી બનનાર છે ? બધું દેનાર તે પ્રભુ એક સત્ય છે – એમ હવે પાંચમા પદમાં કહે છે—

૧૯ – ૫

संगि न चालसि तेरै धना ।
तूं किआ लपटावहि मूरख मना ॥१॥
सुत मीत कुटंब अरु बनिता ।
इनते कहहु तुम कवन सनाथा ॥२॥
राजरंग माइआ बिसथार ।
इनतै कहहु कवन छुटकार ॥३॥
असु हसती रथ असवारी ।
झूठा डंफु झूठु पासारी ॥४॥
जिनि दीए तिसु बुझै न बिगाना ।
नामु बिसारि नानक पछुताना ॥५॥

શબ્દાર્થ

[बनिता = સ્ત્રી; પત્ની. राजरंग = રાજસત્તા. माइआ बिसथार = માયિક – સાંસારિક પદાર્થોનો વિસ્તાર. असु = અશ્વ; ઘોડો. डंफु = દેખાડ. पासारी = આભાસનો પસારો. बिगाना = અણજાણ; બેસમજ.]

૧૯ – ૫

આ તારું ધન સાથે આવવાનું નથી; હે મૂરખ જીવ તું એમાં શું લપટાઈ રહ્યો છે? (૧)

પુત્ર, મિત્ર, કુટુંબ અને સ્ત્રી, એ બધાથી તું સનાથ –દૃઢ આધારવાળો – કેવી રીતે બની શકવાનો છે? (૨)

આ તારો રાજવૈભવ, તેમ જ માયિક પદાર્થોનો વિસ્તાર એ બધામાંથી કોણ તને મુક્તિ અપાવે તેમ છે? (૩)

ઘોડા, હાથી, રથની સવારી, એ બધો જૂઠો દેખાડ છે; જૂઠા આભાસનો પસારો છે. (૪)

જેણે એ બધા પદાર્થો આપ્યા છે, તેમને તો હે બેસમજ માણસ, તેં પિછાન્યા નહિ! નાનક કહે છે કે, (પરમાત્મા અને તેમનું) નામ વિસારીને તું ખરો પસ્તાવાનો છે. (૫)

આ સદ્‌ગુરુઓની સનાતન શીખ છે, તે તું સમજ ને તેમ ચાલ – એમ હવે છઠ્ઠા પદમાં ઉદ્‌બોધે છે —

१९ – ६

गुरकी मति तूं लेहि इआने ।
भगति बिना बहु डूबे सिआने ॥१॥
हरिकी भगति करहु मन मीत ।
निरमल होइ तुमारो चीत ॥२॥
चरनकमल राखहु मन माहि ।
जनम जनमके किलबिख जाहि ॥३॥
आपि जपहु अवरा नामु जपावहु ।
सुनत कहत रहत गति पावहु ॥४॥

सारभूत सति हरिको नाउ ।

सहजि सुभाइ नानक गुन गाउ ॥५॥

શબ્દાર્થ

[मति = બુદ્ધિ; સમજ (અહીં શીખ). इआने = નાદાન. सिआने = શાણા (પોતાને ડાહ્યા માનનારા). किलबिख = પાપ, દોષ. सहजि सुभाइ = સાહજિક – સ્વાભાવિક રીતે.]

૧૯ – ૬

હે નાદાન, તું ગુરુની શીખ સ્વીકાર; પોતાને ડાહ્યા માનનાર ઘણાઓ ભક્તિ વિના (સંસારસાગરમાં) ડૂબી ગયા. (૧)

હે મિત્ર, મનમાં હરિની ભક્તિ કર્યા કર; જેથી તારું ચિત્ત નિર્મળ થાય. (૨)

ભગવાનના ચરણકમળ[૧] મનમાં રાખ; જેથી જન્મો-જન્મનાં તારાં પાપ દૂર થાય. (૩)

પોતે પણ નામ જપ; અને બીજાઓને પણ જપાવરાવ. ભગવાનનું નામ સાંભળીને, જપીને અને જીવીને[૨] (મોક્ષ) ગતિ પામ. (૪)

હરિનું નામ જ (આ સંસારમાં) સારભૂત છે, અને સત્ય છે. નાનક કહે છે કે, સહજપણે અને સ્વાભાવિક રીતે[૩] ભગવાનના ગુણ ગા. (૫)

---

૧. મૂળ चरणकमल । અર્થાત્ ભગવાનને પોતાને. —**સંપા૦**

૨. 'જીવીને' અર્થાત્ સમગ્ર જીવનને પ્રભુમય કરીને. ભગવાનનું નામ જપવું એટલે જ સમગ્ર જીવન પ્રભુમય કરવું. —**સંપા૦**

૩. મૂળ सहजि सुभाइ । અર્થાત્ બીજાં કોઈ ડર કે લાલચથી પ્રેરાઈને નહિ; પણ હાર્દિક ભાવ – પ્રેમથી. —**સંપા૦**

બીજું બધું ડહાપણ છોડ ને સદ્દગુરુની શીખ માની પ્રતિ-શ્વાસ હરિને યાદ રાખ. તો ઇહ ને અમુત્ર સુખી થઈશ, એમ હવે કહે છે —

૧૯ – ૭

गुन गावत तेरी उतरसि मैलु ।
बिनसि जाइ हउमै बिखु फैलु ॥१॥
होहि अचिंतु बसै सुख नालि ।
सासि ग्रासि हरि नामु समालि ॥२॥
छाडि सिआनप सगली मना ।
साध संगि पावहि सचु धना ॥३॥
हरि पूंजी संचि करहु बिउहारु ।
ईहा सुखु दरगह जकारु ॥४॥
सरब निरंतरि एको देखु ।
कहु नानक जाकै मसतकि लेखु ॥५॥

શબ્દાર્થ

[हउमै = અહં; અહંકાર. बिखु = વિષ. फैलु = બધે ફેલાઈ જતું. नालि = સાથે. ग्रासि = (દરેક) કોળિયે. समालि = સંભાર. संचि = સંગ્રહીને. बिउहारु = વેપાર. ईहा = આ લોકમાં. दरगह = પરમાત્મા-ના ધામમાં. मसतकि = લલાટમાં, ભાગ્યમાં.]

૧૯ – ૭

હરિના ગુણ ગાતાં, તારો (અંતરનો) બધો મેલ ઊતરી જશે; અને (તને) વ્યાપી ગયેલું અહંરૂપી ઝેર દૂર થશે. (૧)

પછી નિશ્ચિંત થઈને તું સુખે વસી શકશે. માટે દરેક શ્વાસે અને દરેક કોળિયે હરિનું નામ સંભાર. (૨)

બધું શાણપણ તજીને, હે મન, સાધુની સંગતમાં (હરિ-રૂપી) સાચું ધન મેળવ. (૩)

હરિરૂપી મૂડી સંચય કરીને (સાચો) વેપાર માંડ, જેથી આ લોકમાં સુખ મળે અને (હરિના) ધામમાં પણ તારો જેજેકાર થાય. (૪)

નાનક કહે છે કે, જેના લલાટમાં લેખ લખ્યા હોય, તે જ સર્વમાં સર્વત્ર એક પરમાત્મા જોઈ શકે. (૫)

માટે અનંત વિસ્તારના કારણરૂપ એકને તું અંતરમાં રાખ ને એને જ જાણ — એમ છેલ્લા પદમાં કહે છે —

१९ – ८

एको जपि एको सालाहि ।
एकु सिमरि एको मन आहि ॥१॥
एकसके गुन गाउ अनंत ।
मनि तनि जापि एक भगवंत ॥२॥
एको एकु एकु हरि आपि ।
पूरन पूरि रहिओ प्रभु बिआपि ॥३॥
अनिक बिसथार एकते भए ।
एकु अराधि पराछत गए ॥४॥
मन तन अंतरि एकु प्रभु राता ।
गुर प्रसादि नानक इकु जाता ॥५॥

શબ્દાર્થ

[सालाहि = સ્તુતિ કર. मन आहि = મનમાં લાવ; ઇચ્છા કર. पराछत = પાપ. राता = રત થાય – લવલીન થાય. जाता = જાણે.]

૧૯ – ૮

હે મન, એક (પ્રભુ)ને જ જપ; એક (પ્રભુ)ની જ સ્તુતિ કર; એક (પ્રભુ)ને જ સ્મર અને એક(પ્રભુ)ની જ મનમાં ઇચ્છા રાખ. (૧)

એક જ એવા પ્રભુના અનંત ગુણ ગાયા કર; મનથી અને તનથી એક ભગવાનને જ જપ. (૨)

એક હરિ જ પોતે છે; તે પૂર્ણ પ્રભુ બધે સભર વ્યાપી રહ્યો છે. (૩)

એ એકમાંથી જ અનેક વિસ્તાર થયા છે; એ એકને આરાધતાં પાપ ટળી જાય છે. (૪)

હે નાનક, જેના તનમાં અને મનમાં એક પ્રભુ જ રમી રહે છે, તે ગુરુની કૃપાથી, એક પ્રભુને જાણી શકે છે. (૫)

હવે પછીની વીસમી અષ્ટપદીમાં ગુરુ આ અનુરોધથી ભાવ-ભીના થઈ સ્તુતિ કરવા લાગે છે : 'હે પ્રભુ, રખડી રખડીને છેવટે તારા શરણમાં પડું છું; તારી ભક્તિનું દાન દેજે.'

असटपदी २०

सलोकु

फिरत फिरत प्रभ आइआ
परिआ तउ सरनाइ ।
नानककी प्रभ बेनती
अपनी भगती लाइ ॥२०॥

શબ્દાર્થ

[परिआ = પડ્યો. सरनाइ = શરણે. बेनती = વિનંતી.]

અષ્ટપદી ૨૦

શ્લોક

ફરતો રખડતો[1] હે પ્રભુ, તમારે શરણે આવી પડ્યો છું. નાનકની વિનંતી છે કે, હે પ્રભુ, મને તમારી ભક્તિમાં લગાડો. [૨૦]

તારું નામ આપ; સાધુઓની ચરણ-રજ આપ; હંમેશ પ્રતિ-શ્વાસ તારું નામ રટું એમ કર; તારાં ચરણમાં મારા મનને પરોવ; તું મારી એકમાત્ર ઓથ છે, સાચો આધાર છે. હું તારા નામરૂપ સાચો સાર જ માગું છું — એવી યાચના પ્રથમ પદમાં ગુરુ કરે છે —

૨૦ – ૧

जाचक जनु जाचै प्रभ दानु ।
करि किरपा देवहु हरि नामु ॥१॥

---

૧. અનેક યોનિઓમાં રખડીને અથવા અનેક સ્થળોએ – અનેક જણ પાસે રખડીને, એવો ભાવ. —સંપા૦

साधजनाकी मागउ धूरि ।
पारब्रहम मेरी सरधा पूरि ॥२॥
सदा सदा प्रभके गुन गावउ ।
सासि सासि प्रभ तुमहि धिआवउ ॥३॥
चरनकमल सिउ लागै प्रीति ।
भगति करउ प्रभकी नित नीति ॥४॥
एक ओट एको आधारु ।
नानकु मागै नामु प्रभ सारु ॥५॥

શબ્દાર્થ

[जाचक = યાચક. जाचै = યાચે. धूरि = ચરણુરજ. सरधा = ઇચ્છા; પ્રાર્થના. सिउ = સાથે; સંગાથે. ओट = ઓથ. सारु = ઉત્તમ.]

૨૦ - ૧

હે પ્રભુ, હું યાચક જન તમારી પાસે એટલું દાન યાચું છું કે, કૃપા કરીને મને હરિનું નામ[1] બક્ષો. (૧)

(તે અર્થે) સંતજનોની ચરણુરજ[2] હું માગું છું; હે પરબ્રહ્મ પરમાત્મા, તમે મારી યાચના પૂરી કરો – (૨)

જેથી સદા સદા હું તમારા ગુણ ગાયા કરું; શ્વાસે શ્વાસે હે પ્રભુ, તમારું જ ધ્યાન ધરું – (૩)

તમારાં ચરણુકમળમાં મારી પ્રીતિ થાય; અને નિરંતર હું તમારી ભક્તિ કરું. (૪)

હે પ્રભુ, તમે એક જ મારી ઓથ છો, આધાર છો. સૌ પદાર્થમાં સારરૂપ એવું તમારું નામ (જ) નાનક માગે છે. (૫)

---

૧. હરિનું નામ ભજવાની લગની – શ્રદ્ધા – શક્તિ. —સંપા૰

૨. સંતજનોની સેવા – સોબત. —સંપા૰

આમ સ્તુતિ કરનારને અંતે પ્રભુ નિરાશ ન જ કરે તેવો બડભાગી અંતે નામરસ પામે જ –

२० – २

प्रभकी दसटि महा सुखु होइ ।
हरिरसु पावै बिरला कोइ ॥१॥
जिन चाखिआ से जन तृपताने ।
पूरन पुरख नहीं डोलाने ॥२॥
सुभर भरे प्रेमरस रंगि ।
उपजै चाउ साधकै संगि ॥३॥
परे सरनि आन सभ तिआगि ।
अंतरि प्रगास अनदिनु लिव लागि ॥४॥
बडभागी जपिआ प्रभु सोइ ।
नानक नामि रते सुखु होइ ॥५॥

શબ્દાર્થ

[दसटि = કૃપાદૃષ્ટિ. पूरन पुरख = પૂર્ણ પુરુષ; મુક્ત. सुभर भरे = સભર ભરેલા; છલોછલ. चाउ = ચાહ; પ્રીતિ; ભક્તિ. आन = અન્ય; બીજું. लिव = લગની.]

२० – २

પ્રભુની કૃપાદૃષ્ટિથી મહા સુખ પ્રાપ્ત થાય. એ હરિરસ કોઈ વિરલા જ પામે. (૧)

જે માણસે તે રસ ચાખ્યો, તે તૃપ્ત થયો જાણો. તે પૂર્ણ પુરુષ બની રહે, અને પછી (એ સ્થાનમાંથી) તે ચલિત થાય નહિ.[૧] (૨)

૧. તેનું મન વિકારોથી ડગતું નથી. —સંપા૦

પ્રભુ પ્રત્યે પ્રેમરસના રંગથી તે છલોછલ ઊભરાઈ જાય. સંત પુરુષના સંગમાં (પ્રભુને પામવાની એવી) ચાહના તેને પ્રાપ્ત થાય. (૩)

બીજું બધું છોડીને તે (પ્રભુને) શરણે જઈને પડે છે; તેનું અંતર પ્રકાશિત થાય છે અને તેને નિરંતર પ્રભુની જ લગની લાગે છે. (૪)

નાનક કહે છે કે, જેણે પ્રભુને જાણ્યા, તેને બડભાગી જાણવો; નામમાં રત થતાં તે પરમ સુખનો ભાગી થાય છે. (૫)

તેની વાંછા પૂરી થાય. પ્રભુ દયાળુ છે; તેને નિહાલ કર્યા વગર ન જ રહે. પ્રભુનો સેવક પ્રભુમાં અંતે મળી જ જવાનો, એમ હવે કહે છે —

२० – ३

सेवककी मनसा पूरी भई ।
सतिगुरते निरमल मति लई ॥१॥
जन कउ प्रभु होइओ दइआलु ।
सेवकु कीनो सदा निहालु ॥२॥
बंधन काटि मुकति जनु भइआ ।
जनम मरन दूखु भ्रमु गइआ ॥३॥
इछ पुंनी सरधा सभ पूरी ।
रवि रहिआ सद संगि हजूरी ॥४॥
जिसका सा तिनि लीआ मिलाइ ।
नानक भगती नामि समाइ ॥५॥

શબ્દાર્થ

[मति = બુદ્ધિ; સમજ; ઉપદેશ. मनसा = મંછા; ઇચ્છા. इछ = ઇચ્છા. पुंनी = પૂર્ણ થઈ. रवि रहिआ = વ્યાપી રહ્યો (૨) ગરજી રહ્યો.]

૨૦ – ૩

સદ્‌ગુરુ પાસેથી નિર્મળ ઉપદેશ પ્રાપ્ત થતાં સેવકના મનની ઇચ્છા પૂર્ણ થઈ ગઈ : (૧)

પ્રભુ દાસ ઉપર દયાવંત થયા, અને સેવકને હંમેશને માટે ન્યાલ કરી દીધો. (૨)

તેનાં બંધન કાપી નાખતાં તે મુક્ત થઈ ગયો ! તેનાં જન્મ-મરણનાં દુઃખ ટળ્યાં અને તેનો અજ્ઞાન-ભ્રમ દૂર થયો. (૩)

તેની બધી ઇચ્છાઓ અને યાચનાઓ પૂર્ણ થઈ : પ્રભુ તેના અંતરમાં[૧] હાજરાહજૂર નિરંતર ગાજ્યા જ[૨] કરે છે. (૪)

જેનો તે હતો તેણે તેને પોતાની સાથે મિલાવી લીધો; નાનક કહે છે કે, ભક્તિ વડે તે પરમાત્મામાં[૩] જ સમાઈ ગયો. (૫)

એવા પ્રભુને હે જીવ, તું કેમ વીસરે છે? – એમ હવે ચોથા પદમાં ઠપકો આપે છે –

---

૧. મૂળ संगि । સાથે; નિકટ. —સંપા૦

૨. અનાહત નાદ રૂપે ગાજ્યા કરે છે. સાધકને અંતરમાં તે શબ્દરૂપે પ્રભુની હાજરી વર્તાય છે. જોકે, रवि रहिआ શબ્દનો અર્થ 'વ્યાપી રહ્યા' એવો પણ થાય છે. —સંપા૦

૩. મૂળ नामि । નામ શબ્દ પરમાત્માવાચક છે. જોકે भगती नामि એ શબ્દોનો એવો અર્થ પણ લેવાય કે, 'ભક્તિથી અને નામથી તે (પરમાત્મામાં) સમાઈ ગયો.' અથવા 'નામ – ભક્તિ' વડે તે (પરમાત્મામાં) સમાઈ ગયો. —સંપા૦

२० – ४

सो किउ बिसरै जि घाल न भानै ।
सो किउ बिसरै जि कीआ जानै ॥१॥
सो किउ बिसरै जिनि सभु किछु दीआ ।
सो किउ बिसरै जि जीवन जीआ ॥२॥
सो किउ बिसरै जि अगनि महि राखै ।
गुर प्रसादि को बिरला लाखै ॥३॥
सो किउ बिसरै जि बिखुते काढै ।
जनम जनमका टूटा गाढै ॥४॥
गुरि पूरै ततु इहै बुझाइआ ।
प्रभु अपना नानक जन धिआइआ ॥५॥

શબ્દાર્થ

[किउ = કેમ ? શા માટે ? जि = જે. घाल = પ્રયત્ન; ઉદ્યમ. न भानै = નાશ થવા દેતો નથી; વ્યર્થ જવા દેતો નથી. जीवन जीआ = જીવનું જીવન. अगनि = ગર્ભવાસ વખતનો અગ્નિ. लाखै = સાક્ષાત્કાર કરે; જુએ. बिखु = વિષ, સંસાર રૂપી હળાહળ. गाढै = જોડી આપે.]

૨૦ – ૪

જે તારો ઉદ્યમ નિષ્ફળ જવા દેતો નથી, અને જે તારા કરેલાની કદર બૂઝે છે, તેવા પ્રભુને જ શા માટે વીસરે છે ? (૧)

જેણે તને બધું આપ્યું છે, અને જે જીવોનું જીવન છે, – તથા (૨)

—જેણે ગર્ભવાસના અગ્નિમાં તને સુરક્ષિત રાખ્યો હતો, તે પ્રભુને જ શા માટે વીસરી જાય છે? ગુરુની કૃપા હોય તો કોઈ વિરલા જ એનાં દર્શન કરી શકે. (૩)

જે પ્રભુ તને આ સંસાર-સાગરના હળાહળ વિષમાંથી કાઢનાર છે, તથા જન્મોજન્મથી વિખૂટા પડેલાને પાછો પોતાની સાથે જોડી દેનાર છે તેને જ તું વીસરી જાય છે! (૪)

નાનક કહે છે કે, પૂરા ગુરુ આ તત્ત્વ જેને સમજાવી દે, તે મનુષ્ય પછી પોતાના પ્રભુના ધ્યાનમાં જ લીન થઈ જાય છે. (૫)

નામસ્મરણ કરીએ એટલે પ્રભુ સર્વ દુઃખોનો નાશ કરી આપે છે, એ વાત હવે પાંચમા પદમાં કહે છે—

૨૦ – ૫

साजन संत करहु इहु कामु ।
आन तिआगि जपहु हरि नामु ॥१॥
सिमरि सिमरि सिमरि सुख पावहु ।
आपि जपहु अवरह नामु जपावहु ॥२॥
भगति भाइ तरीऐ संसारु ।
बिनु भगती तनु होसी छारु ॥३॥
सरब कलिआण सूखनिधि नामु ।
बूडत जात पाए बिस्रामु ॥४॥
सगल दूखका होवत नासु ।
नानक नामु जपहु गुन तासु ॥५॥

શબ્દાર્થ

[साजन = સુજન. अवरहु = બીજાને. साइ = પ્રેમ; ચાહના. छारु = રાખ. गुन तासु = ગુણભંડાર.]

૨૦ – ૫

સુજન સંતો ! (એક) આ કામ કરો — બીજું બધું તજીને હરિનું નામ જ જપો. (૧)

નામ-સ્મરણ કરી કરીને સુખ પામો – પોતે જપો અને બીજાઓને પણ જપાવરાવો ! (૨)

ભક્તિની પ્રીતિ વડે જ સંસાર તરી જશો; – એ વિના તો શરીર રાખોડી જ થવાનું છે ! (૩)

નામ (–સ્મરણ) સર્વ કલ્યાણો અને સર્વ સુખોનો ભંડાર છે. બૂડતો માણસ પણ (તેનો આધાર લઈ) વિશ્રાંતિ પામે ! (૪)

નાનક કહે છે કે, ગુણભંડાર પ્રભુનું નામ જપો, જેથી સકળ દુઃખોનો નાશ થાય. (૫)

૨૦ – ૬

उपजी प्रीति प्रेमरसु चाउ ।
मन तन अंतर इही सुआउ ॥१॥

नेत्रहु पेखि दरसु सुखु होइ ।
मनु बिगसै साध चरन धोइ ॥२॥

भगत जनाकै मनि तनि रंगु ।
बिरला कोऊ पावै संगु ॥३॥

एक बसतु दीजै करि मइआ ।
गुर प्रसादि नामु जपि लइआ ॥४॥

ताकी उपमा कही न जाइ ।

नानक रहिआ सरब समाइ ॥५॥

શબ્દાર્થ

[चाउ = ચાહના; પ્યાસ. सुआउ = લક્ષ્ય; હેતુ. मइआ = કૃપા. उपमा = સ્તુતિ; પ્રશંસા.

૨૦ – ૬

મારા તનનું–મનનું–અંતરનું એક જ ધ્યેય છે :

–કે (હરિ માટે) મારામાં પ્રીતિ, પ્રેમરસ અને ચાહના ઊપજે! (૧)

—નેત્ર વડે (તેમને) જોઈને દર્શન-સુખ પ્રાપ્ત થાય; અને સંત પુરુષના ચરણુ ધોઈને (મારું) મન વિકસે! (૨)

સંત-જનોનાં મન અને તન (હરિના) રંગમાં લીન હોય છે; કોઈ વિરલાઓ જ તેમનો સંગ પામી શકે. (૩)

હે પ્રભુ, દયા કરીને એક વસ્તુ આપજો : તેવા સંત-ગુરુની કૃપાથી હું તમારું નામ જપું. (૪)

નાનક કહે છે કે, જે પ્રભુ સર્વમાં વ્યાપી રહ્યો છે, તેની સ્તુતિ શી રીતે થઈ શકે ? (૫)

ગુરુ આર્તનાદ કરીને કહે છે—હે પ્રભુ, એક જ વાત માગું છું, તે કૃપા કરીને આપ : ગુરુપ્રસાદ ને તારું નામ. તું દીનદયાળ છે, ભક્તવત્સલ છે, અનાથનો નાથ છે — હું નિર્ગુણી અજાણ આદમી તારે શરણે આવ્યો છું :—

૨૦ – ૭

प्रभ बखसंद दीन दइआल ।

भगति बछल सदा किरपाल ॥१॥

अनाथ नाथ गोबिंद गुपाल ।
सरब घटा करत प्रतिपाल ॥२॥
आदि पुरख कारण करतार ।
भगत जनाके प्रान अधार ॥३॥
जो जो जपै सु होइ पुनीत ।
भगति भाइ लावै मन हीत ॥४॥
हम निरगुनीआर नीच अजान ।
नानक तुमरी सरन पुरख भगवान ॥५॥

શબ્દાર્થ

[बखसंद = ક્ષમાવંત. भगति बछल = ભક્તવત્સલ; ભક્તો ઉપર મમતા રાખનાર. घट = દેહ, શરીર (અહીં દેહધારી જીવ). हीत = હેત; પ્રીતિ. निरगुनीआर = ગુણરહિત.]

૨૦ – ૭

પ્રભુ ક્ષમાવંત છે, દીનદયાળુ છે, ભક્તો ઉપર વાત્સલ્ય રાખનારા સદા કૃપાળુ છે. (૧)

ગોવિંદ ગોપાળ (એવા એ) પ્રભુ અનાથના નાથ છે, અને સર્વ જીવોના પ્રતિપાલક છે. (૨)

તે કરતાર આદિ પુરુષ છે, કારણ છે, અને ભક્તજનોના પ્રાણાધાર છે. (૩)

જે જે તેમને જપે, તે પાવન થાય; ભાવભક્તિમાં તેના મનને પ્રીતિ થાય. (૪)

નાનક કહે છે કે, હે પરમ પુરુષ ભગવાન, નિર્ગુણ, નીચ અને અજ્ઞાની એવો હું, તમારે શરણે આવ્યો છું. (૫)

છેલ્લા પદમાં ગુરુ કહે છે કે, તારી ભક્તિ જ શ્રેષ્ઠ છે. હૃદયમાં એ ગુરુમંત્ર વસે એમ કર ને સાધુ સંગે નિવાસનું ભાગ્ય મને આપ —

૨૦ – ૮

सरब बैकुंठ मुकति मोख पाए ।
एक निमख हरिके गुन गाए ॥१॥
अनिक राज भोग बडिआई ।
हरिके नामकी कथा मनि भाई ॥२॥
बहु भोजन कापर संगीत ।
रसना जपती हरि हरि नीत ॥३॥
भली सुकरनी सोभा धनवंत ।
हिरदै बसे पूरन गुर मंत ॥४॥
साध संगि प्रभ देहु निवास ।
सरब सूख नानक परगास ॥५॥

શબ્દાર્થ

[निमख = નિમિષ; ક્ષણ. सुकरनी = શુભ કાર્ય; પુણ્યકાર્ય. मंत = મંત્ર; ઉપદેશ. परगास = પ્રકાશ.]

૨૦ – ૮

એક ક્ષણ પણ હરિના ગુણ ગાય, તો સર્વ વૈકુંઠ-સુખ અને મોક્ષ-મુક્તિ પામે. (૧)

હરિના નામનો જપ જો મનમાં ભાવે, તો રાજાના અનેક ભોગ અને વડાઈ પ્રાપ્ત થાય[૧]. (૨)

૧. રાજાના ભોગ અને વિભૂતિ કરતાંય વધુ સુખ – પૂર્ણ સુખ – નામજપ કરનારને મળે, એવો ભાવ છે. પછીની કડીઓમાં પણ એ જ ભાવ સમજવો. — સંપા૦

જીભ જો નિરંતર 'હરિ' 'હરિ' જપ્યા કરે, તો બહુ ભોજન, વસ્ત્ર, અને સંગીતનું સુખ પ્રાપ્ત થાય. (૩)

હૃદયમાં પૂર્ણ ગુરુનો ઉપદેશ ઠસી જાય (અને હરિના સ્મરણમાં લાગી જાય), એ જ સૌથી ઉત્તમ પુણ્યકાર્ય છે, શોભા છે અને ધનદોલત છે. (૪)

નાનક કહે છે, હે પ્રભુ, મને સંત પુરુષના સંગમાં રહેવાનું આપો, જેથી સર્વ સુખ અને આત્મપ્રકાશ પ્રાપ્ત થાય. (૫)

હવે પછીની છેલ્લી ચાર અષ્ટપદીઓ આખા ગ્રંથના ઉપસંહાર રૂપ છે. ૨૧ મી અષ્ટપદીમાં સૃષ્ટિરચના અને એક અદ્વિતીય જે બ્રહ્મતત્ત્વ તેનું નિરૂપણ કરવાથી શરૂઆત કરે છે. શાંકર વેદાંતના શુદ્ધ અદ્વૈતનું એમાં સમર્થન વાચક જોશે.

असटपदी २१

सलोकु

सरगुन निरगुन निरंकार
सुंन समाधी आपि ।
आपन कीआ नानका
आपे ही फिरि जापि ॥२१॥

શબ્દાર્થ

[सरगुन = સગુણ; આકારયુક્ત. निरगुन = નિર્ગુણ નિરાકાર. सुन्न समाधी = શૂન્ય–સમાધિની અવસ્થા.]

અષ્ટપદી ૨૧

શ્લોક

આપ જ સગુણ[1] છો, અને નિર્ગુણ નિરાકાર અર્થાત્ શૂન્ય સમાધિ[2] રૂપ પણ આપે જ છો.

નાનક કહે છે કે, આપે જ આ બધી સૃષ્ટિ રચી છે; અને આપ જ પાછા આપને જપો છો ![3] [૨૧]

---

૧. સૃષ્ટિરૂપે સાકાર થયેલા. —**સંપા૦**

૨. સ્વરૂપમાં સ્થિત હોય ત્યારે એક–અદ્વૈત તત્ત્વ રૂપે જ વિદ્યમાન હોવાથી, ધ્યાતા–ધ્યેયની જુદાઈ ન હોતાં નિર્વિકલ્પ-સમાધિ જેવી સ્થિતિમાં હોય છે. સૃષ્ટિકાળે પણ સૃષ્ટિને નિમિત્તે તેમને કશો લેપ લાગતો નથી – કશો વિક્ષેપ નડતો નથી. —**સંપા૦**

૩. વિવિધ જીવોની સૃષ્ટિ રચીને, તેમને પોતાનો જપ કરાવી પાછા તેમને પોતાના અદ્વૈત સ્વરૂપમાં લીન કરી દો છો. સૃષ્ટિની રચના પરમાત્માના તત્ત્વસ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે જ છે, એવો ભાવ. —**સંપા૦**

આ આદિશ્લોકમાં અદ્વૈતનું પરમજ્ઞાન ટૂંકમાં કહી દે છે : તે તત્ત્વ સગુણ તેમ જ નિર્ગુણ છે, છતાં શૂન્યસમાધિમાં જ રહે છે. સૃષ્ટિનો કર્તા એ જ છે ને તેનો પાલક પણ એ જ છે, (અને છતાં પોતે તો નિર્લેપપણે – અલિપ્તપણે – શૂન્ય સમાધિમાં જ સ્થિત છે.) ગૂઢવાદનો અથવા (વેદાંતનો) એક અદ્વિતીયનો કોયડો ગુરુ સાવ સાદા થોડાક પ્રશ્નો પૂછવા દ્વારા આપણને સરળ રીતે સમજાવે છે. "જ્યારે કશુંય નામ-રૂપ-રંગ નહિ હોય, ત્યારે આ દ્વંદ્વનો પસાર ક્યાં હશે ? ત્યારે પાપ–પુણ્ય, વેર–અવેર, હર્ષ–શોક, મોહ–ભ્રમ, બંધ-મોક્ષ, નરક–સ્વર્ગ કે શિવ ને શક્તિ એવો કશોય દ્વૈતભાવ હોઈ શકે ? ત્યારે આપ આપે હશો. ત્યાં કોણ કોનાથી બીએ બિવડાવે ?"

૨૧ – ૧

जब अकारु इहु कछु न दसटेता ।
पाप पुंन तब कहते होता ॥१॥
जब धारी आपन सुंन समाधि ।
तब बैर बिरोध किसु संगि कमाति ॥२॥
जब इसका बरनु चिहनु न जापत ।
तब हरख सोग कहु किसहि बिआपत ॥३॥
जब आपन आप आपि पारब्रहम ।
तब मोह कहा किसु होवत भरम ॥४॥
आपन खेलु आपि वरतीजा ।
नानक करनैहारु न दूजा ॥५॥

શબ્દાર્થ

[अकारु = સ્થૂલ સૃષ્ટિ. वरतीजा = વર્તાર્યો છે, ખેલ્યો છે. दूजा = બીજો, અન્ય.]

૨૧ – ૧

જ્યારે આ (સ્થૂલ) આકાર કશોય ન હોય,[1] ત્યારે પાપ અને પુણ્ય (પણ) કોના વડે થતાં હોય ? (૧)

જ્યારે (પ્રભુ) પોતે શૂન્ય–સમાધિ ધારી રહ્યા હોય, ત્યારે વેર અને વિરોધ કોની સાથે દાખવે ?[2] (૨)

જ્યારે આનો[3] વર્ણ કે ચિહ્ન કશું (જુદું) જણાતું ન હોય, ત્યારે હર્ષ અને શોક કોને વ્યાપે ? (૩)

જ્યારે એક પોતે પરબ્રહ્મસ્વરૂપે સ્થિર હોય, ત્યારે મોહ ક્યાંથી હોય અને ભ્રમ કોને થાય ? (૪)

પોતાનો ખેલ તે પોતે જ ખેલે છે; નાનક કહે છે કે, બીજો કોઈ કર્તા નથી. (૫)

આ સાદો સવાલ અનેક રીતે જુદા જુદા ભાવો વણી વણીને પછીનાં પદોમાં મૂકવામાં આવ્યો છે. આપણું આખું જ્ઞાન, વિજ્ઞાન શાસ્ત્ર વગેરે બધું જ દ્વૈતની કલ્પનાને મૂળમાં રાખીને જ ઉદ્ભવી શકે છે. જિજ્ઞાસામાત્રના મૂળમાં એ રહેલું છે. આમ છતાં મનુષ્ય-બુદ્ધિ ને હૃદયે એનીય પાર જઈને જોવાની પોતાની સનાતન ભૂખ કદી ખોઈ નથી. ભાષા કે વાચ્યાનાય મૂળની પાછળ જઈને કરવાની આ શોધ છે. તેથી કરીને બુદ્ધિવાદ એની અશકયતા પણ બતાવે છે, કે એવી જાતની શોધ મિથ્યા પ્રયત્ન છે, વહેમ છે. છતાં મનુષ્યે કદી એ કબૂલ્યું નથી : દ્વૈતભાવ તેને સાલે જ છે. તેથી કરીને, બુદ્ધિ-થીય પર રહેલી આ શોધને અનિર્વચનીય, તર્કથી અતીત, नायमात्मा प्रवचनेन लभ्यो, न मेधया, न बहुना श्रुतेन–કહીને પણ, તે શકય છે

૧. મૂળ – दसटेता । દૃષ્ટિગોચર થતો ન હોય. —સંપા૰

૨. મૂળ – कमाति । કમાય – પ્રાપ્ત કરે. —સંપા૰

૩ મૂળ – इसका । એ પરમતત્ત્વનો, કે જીવનો. —સંપા૰

એમ જ માનવ હૃદયે માન્યું છે.[1] આ અગમ્ય ગૂઢતાને ભક્તો 'પરમકૃપા' 'ગુરુકૃપા' વગેરે કહે છે. 'સુખમની'માં કવિગુરુ પણ એમ જ નથી કહેતા ? ઉપનિષત્કાર પણ આગળ એ જ કહે છે : "यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुँ स्वाम्"।

२१ – २

जब होवत प्रभ केवल धनी ।
तब बंध मुकति कहु किस कउ गनी ॥१॥
जब एकहि हरि अगम अपार ।
तब नरक सुरग कहु कउन अउतार ॥२॥
जब निरगुन प्रभ सहज सुभाइ ।
तब सिव सकति कहहु कितु ठाइ ॥३॥
जब आपहि आपि अपनी जोति धरै ।
तब कवन निडरु कवन कत डरै ॥४॥
आपन चलित आपि करनैहार ।
नानक ठाकुर अगम अपार ॥५॥

શબ્દાર્થ

[सुरग = સ્વર્ગ. सहज सुभाइ = સહજ સ્વભાવે – સ્વરૂપમાં સ્થિત. कितु ठाइ = કયે સ્થળે ? –ક્યાં ? चलित = ચરિત્ર; ખેલ.]

૨૧ – ૨

જ્યારે માલિક પ્રભુ એકલા જ વિરાજતા હોય, ત્યારે બંધ અને મોક્ષ કોને ગણીએ, કહો ! (૧)

---

૧. આને ગીતાકાર 'અતીંદ્રિય' કહીનેય 'બુદ્ધિગ્રાહ્ય' કહે છે, તે જુઓ અ૦ ૬–૨૧. તે બુદ્ધિ એટલે સૂક્ષ્મ અને અગ્ર એવી પ્રજ્ઞાશક્તિ માનવાની. —સંપા૦

જ્યારે અગમ્ય અને અપાર એવા એક હરિ હોય, ત્યારે નરકમાં અને સ્વર્ગમાં અવતરનાર કોણ હોય? (૨)

જ્યારે નિર્ગુણ (નિરાકાર) પ્રભુ સહજ સ્વભાવે વર્તતા હોય, ત્યારે શિવ અને શક્તિ[1] કયે ઠેકાણે હોય, કહો! (૩)

જ્યારે પોતે પોતાના પ્રકાશમાં સ્થિત હોય, ત્યારે કોણ નીડર અને કોણ કોનાથી ડરતો કહેવાય? (૪)

નાનક કહે છે કે, અગમ્ય અને અપાર એવા ઠાકુર આ બધો[2] ખેલ પોતે જ ખેલે છે. (૫)

२१ – ३

अबिनासी सुख आपन आसन ।
तह जन्म मरन कहु कहा बिनासन ॥१॥
जब पूरन करता प्रभु सोइ ।
तब जमकी त्रास कहहु किसु होइ ॥२॥
जब अबिगत अगोचर प्रभ एका ।
तब चित्रगुपत किसु पूछत लेखा ॥३॥
जब नाथ निरंजन अगोचर अगाधे ।
तब कउनु छुटे कउन बंधन बाधे ॥४॥
आपन आप आप ही अचरजा ।
नानक आपन रूप आपही उपरजा ॥५॥

---

૧. શિવ એટલે નિર્લેપ – નિષ્ક્રિય તત્ત્વ; અને શક્તિ એટલે તેમાં પ્રવૃત્તિનો સંચાર કરનાર સંકલ્પ કે તાકાત. ટૂંકમાં એ બેની ક્રિયા – પ્રક્રિયાથી સૃષ્ટિ રચાય છે. —સંપા૦

૨. મૂળ आपन । પોતાનો – પોતે ઊભો કરેલો – પોતે સંકલ્પેલો. —સંપા૦

શબ્દાર્થ

[बिनासन = વિનાશ; સંહાર; પ્રલય. अबिगत = અવ્યક્ત. लेखा = હિસાબ; ગણતરી. उपरजा = ઊપન્યો – ઊપજ્યો.]

૨૧ – ૩

જ્યારે પોતાના અવિનાશી સુખ-આસને તે બેઠા હોય, ત્યારે જન્મ-મરણ અને વિનાશ ક્યાંથી હોય ? (૧)

જ્યારે પૂર્ણ અને કર્તા એવા પ્રભુ પોતે જ[૧] હોય, ત્યારે યમનો ત્રાસ કહો કોને થાય ? (૨)

જ્યારે અવ્યક્ત અને અગોચર એવા એક પ્રભુ જ હોય, ત્યારે ચિત્રગુપ્ત[૨] કોને કર્મોનો હિસાબ પૂછે વારુ ? (૩)

જ્યારે અગોચર અને અગાધ એવા નિરંજન નાથ જ હોય, ત્યારે કોણ મુક્ત અને કોણ બંધનમાં બંધાયેલો ? (૪)

નાનક કહે છે કે, પ્રભુ પોતે અચરજ-સ્વરૂપ જ છે; પોતાનું તે રૂપ તેમણે પોતે જ ઉપજાવ્યું છે.[૩] (૫)

આવી માત્ર સ્વાનુભવગમ્ય સ્થિતિનું વર્ણન ગુરુ શી રીતે કરી શકનાર હતા ? છતાં તે આવા પ્રશ્નો પૂછીને સૂચવે છે – ઇશારોમાત્ર કરીને વિરમે છે (જુઓ પદ ૪ તથા ૬).

૨૧ – ૪

जह निरमल पुरखु पुरख पति होता ।
तह बिनु मैलु कहहु किआ धोता ॥१॥

---

૧. મૂળ सोइ । નિર્ગુણ – નિરાકાર એવા પોતે જ. —સંપા૰

૨. બધા જીવોનાં કર્મોનો હિસાબ રાખનાર દેવ. ધર્મરાજાના દરબારમાં તે જીવોનો હિસાબ વાંચી બતાવે છે. શીખો ચિત્ર અને ગુપ્ત એમ બે વ્યક્તિઓ માને છે. —સંપા૰

૩. અર્થાત્ તે સ્વયંભૂ છે; તેમનો કર્તા બીજો કોઈ નથી. —સંપા૰

जह निरंजन न्रिंकार निरबान ।
तह कउन कउ मान कउन अभिमान ॥२॥
जह सरूप केवल जगदीस ।
तह छल छिद्र लगत कहु कीस ॥३॥
जह जोति सरूपी जोति संगि समावै ।
तह किसहि भूख कवनु तृपतावै ॥४॥
करन करावन करनैहारु ।
नानक करतेका नाहि सुमारु ॥५॥

શબ્દાર્થ

[पुरखु = પુરુષ – પરમાત્મા. पुरख पति = મનુષ્યોનો સ્વામી (૨) પરમ પુરુષ. अभिमान = અપમાન. छल छिद्र = માયા મોહ. सुमारु = ગણતરી; સીમા.

૨૧ – ૪

જ્યારે પરમ પુરુષ એવા નિર્મળ પરમાત્મા પોતે જ હતા, ત્યારે પાપનો મેલ જ ન હોવાથી તે કહો શાને ધુએ ? (૧)

જ્યારે નિરંજન, નિરાકાર, નિર્વાણ સ્વરૂપ જ (વિદ્યમાન) હોય, ત્યારે કોને માન અને કોને અપમાન હોય ? (૨)

જ્યારે કેવળ જગદીશ સ્વરૂપ જ હોય, ત્યારે માયા–મોહ કોને લાગે[1] ? (૩)

જ્યારે જ્યોતિ સ્વરૂપ પોતે સ્વ-જ્યોતિમાં સમાઈ રહ્યા હોય, ત્યારે કોને ભૂખ હોય અને કોણ તૃપ્ત કહેવાય ? (૪)

1. મૂળ छल छिद्र । મોહ અને પાપ, એવો અર્થ પણ લેવાય.—સંપા૰

નાનક કહે છે કે, એ કર્તા જ કારણોનું કારણ[1] છે, તેમનો[2] કશો સુમાર નથી. (૫)

૨૧ – ૫

जब अपनी सोभा आपन संगि बनाई ।
तब कवन माइ बाप मित्र सुत भाई ॥१॥

जह सरब कला आपहि परबीन ।
तह बेद कतेब कहा कोऊ चीन्ह ॥२॥

जब आपन आपु आपि उरि धारै ।
तउ सगन अपसगन कहा बीचारै ॥३॥

जह आपन ऊच आपन आपि नेरा ।
तह कउन ठाकुरु कउनु कहीऐ चेरा ॥४॥

बिसमन बिसम रहे बिसमाद ।
नानक अपनी गति जानहु आपि ॥५॥

શબ્દાર્થ

[चीन्ह = ચીને; જાણે. उरि धारै = ચિંતવે. नेरा = નીચ. चेरा = દાસ. बिसमाद = વિસ્મિત – સ્તબ્ધ.]

૨૧ – ૫

જ્યારે (સૃષ્ટિરૂપી) પોતાની શોભા તેમની અંદર જ સમાઈ રહી હતી, ત્યારે બાપ–મા–મિત્ર–કે–ભાઈ કોણ હતો ? (૧)

---

૧. મૂળ करन करावन । જુઓ પા૦ ૨૬૪ ઉપર ફૂટનોટ ૧.

૨. મૂળ करतेका । તેમની કરણીનો કે તેમની શક્તિનો, એવો ભાવ છે. —સંપા૦

જ્યારે સર્વ કળામાં પ્રવીણ એવા પોતે (એકલા) જ હતા, ત્યારે વેદ, કિતાબ વગેરે બીજો કોણ જાણનારો કે કહેનારો હતો ? (૨)

જ્યારે એકલા પોતે જ પોતાને ચિંતવતા હોય, ત્યારે શુકન–અપશુકન વિચારનાર કોણ હોય ? (૩)

જ્યારે ઊંચ કહેવા કે નીચ કહેવા પોતે જ એકલા હોય, ત્યારે કોણ માલિક કે કોણ દાસ હોય ? (૪)

નાનક તો આ બધું પરમ આશ્ચર્ય જોઈને સ્તબ્ધ થઈ જાય છે; અને એટલું જ કહે છે કે, આપની ગતિ આપ (પરમાત્મા) પોતે જ જાણો ! (૫)

૨૧ – ૬

जह अछल अछेद अभेद समाइआ ।
ऊहा किसहि बिआपत माइआ ॥१॥
आपस कउ आपहि आदेसु ।
तिहु गुणका नाही परवेसु ॥२॥
जह एकहि एक एक भगवंता ।
तह कउनु अचिंतु किसु लागै चिंता ॥३॥
जह आपन आपु आपि पतीआरा ।
तह कउनु कथै कउनु सुननैहारा ॥४॥
बहु बेअंत ऊचते ऊचा ।
नानक आपस कउ आपहि पहूचा ॥५॥

શબ્દાર્થ

[अछल = મોહિત ન થયેલો; શુદ્ધ,–બુદ્ધ–મુક્ત. अछेद अभेद = ખંડિત ન થયેલું – અખંડ. आदेसु = નમસ્કાર–અભિનંદન–અભિવાદન; 'જયજય' કરવા તે. तिहु = ત્રણ.]

૨૧ – ૬

જ્યારે (પરમાત્મા) પોતાના શુદ્ધ-બુદ્ધ અને અખંડ સ્વરૂપે સમાઈ રહ્યા હોય, ત્યારે કોને માયા આવીને વ્યાપે ? (૧)

જ્યારે પોતે જ પોતાને અભિવાદન કરનાર (એકલા) હોય, ત્યારે (દ્વૈતભાવ ઊભો કરનાર) ત્રણ ગુણનો પ્રવેશ થાય નહીં. (૨)

જ્યારે એક જ એવા ભગવાન એકલા હોય, ત્યારે કોણ અચિંત હોય કે કોને ચિંતા લાગે ? (૩)

જ્યારે પોતે જ આત્મપ્રતીતિવાળા (સ્વનિષ્ઠ) હોય, ત્યારે ઉપદેશનાર કોણ અને સાંભળનાર વળી કોણ ? (૪)

નાનક કહે છે કે, પરમાત્મા અનંત અપાર તથા ઊંચાથી ઊંચા છે; પોતાને તે પોતે જ પહોંચી શકે, બીજો કોઈ નહિ ! (૫)

આમ એ પરમતત્ત્વ તો અનિર્વચનીય, અગમ્ય છે. ત્યારે આ સૃષ્ટિનું શું ? ૭ મા પદમાં ગુરુ એક જ શક્ય જવાબ આપી દે છે —

आपन खेलु आपि करि देखै, खेलु संकोचै तउ नानक एकै ॥

ભક્ત મહેતાએ પણ પોતાના જ્ઞાનની મસ્તીમાં આમ જ નથી ગાયું ? —

'જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા ભોગ ભાસે,
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

૨૧ – ૭

जह आपि रचिओ परपंचु अकारु ।
तिहु गुण महि कीनो बिसथारु ॥१॥

पापु पुंनु तह भई कहावत ।
कोऊ नरक कोऊ सुरग बंछावत ॥२॥

आल जाल माइआ जंजाल ।
हउमै मोह भरम भै भार ॥३॥

दूख सूख मान अपमान ।
अनिक प्रकार कीओ बख्यान ॥४॥

आपन खेलु आपि करि देखै ।
खेलु संकोचै तउ नानक एकै ॥५॥

શબ્દાર્થ

[परपंचु = પ્રપંચરૂપ – માયાજાળ રૂપ – દેખવામાત્ર. कहावत = કહેવાનું; કહેણી. आलजाल = ઇંદ્રિયોની મોહજાળ. बख्यान = (લાગણીઓની) અભિવ્યક્તિ – વિસ્તાર.]

૨૧ – ૭

જ્યારે પરમાત્માએ પોતે જ આ સૃષ્ટિ–પ્રપંચ રચ્યો, અને તેમાં ત્રણ ગુણોનો[1] વિસ્તાર કર્યો, (૧)

ત્યારે પાપ અને પુણ્ય એવી કહેણી શરૂ થઈ; તથા કોઈ સ્વર્ગ અને કોઈ નરક માટે વાંછા કરવા લાગ્યા.[2] (૨)

પછી ઇંદ્રિયોની મોહજાળ અને માયાની જંજાળ સાથે અહં–મમ, મોહ–ભ્રમ અને ભયનો ભાર — (૩)

તથા 'દુઃખ', 'સુખ', 'માન', 'અપમાન';– એવો અનેક

૧. જગત સત્ત્વ-રજ-તમ એ ત્રણ ગુણો – તત્ત્વોના વિસ્તારરૂપ છે, એવો સાંખ્યપ્રસિદ્ધ સિદ્ધાંત છે. —સંપા૦

૨. સ્વર્ગ કે નરક પ્રાપ્ત થાય તેવી કરણી કરવા લાગ્યા. —સંપા૦

પ્રકારનો વિસ્તાર[1] થયો. (૪)

પોતાનો એ બધો ખેલ પ્રભુ પોતે જ રચે છે અને નિહાળે છે; નાનક કહે છે કે, એ બધો ખેલ પાછો સંકોચી લે છે, ત્યારે પોતે એક જ બાકી રહે છે! (૫)

તો પછી આ બધો ખેલ – આ બધી સૃષ્ટિ શા માટે રચવામાં આવે છે કે આવી છે? – એ પ્રશ્નના જવાબમાં ગુરુ કહે છે –

२१ – ८

जह अबिगतु भगतु तह आपि ।
जह पसरै पासारु संत परतापि ॥१॥
दुहू पाखका आपहि धनी ।
उनकी सोभा उनहू बनी ॥२॥
आपहि कउतक करै अनद चोज ।
आपहि रस भोगन निरजोग ॥३॥
जिसु भावै तिसु आपन नाइ लावै ।
जिसु भावै तिसु खेल खिलावै ॥४॥
बेसुमार अथाह अगनत अतोलै ।
जिउ बुलावहु तिउ नानक दास बोलै ॥५॥

શબ્દાર્થ

[अबिगतु = અવ્યક્ત – મૂળ શુદ્ધ સ્વરૂપ. दुहू पाख = બંને પક્ષ : સૃષ્ટિ અને મૂળ સ્વરૂપ – એમ બંને સ્થિતિ. बनी = છાજે છે; ઘટે છે. कउतक = ચમત્કાર–અદ્ભુત ઘટના. निरजोग = નિર્લેપ.]

---

૧. મૂળ बख्यान । 'અને જુદા જુદા તત્ત્વસિદ્ધાંતોનું રૂપણ શરૂ થયું,' એવો અર્થ પણ લેવાય છે. —સંપા૦

૨૧ – ૮

જ્યાં શુદ્ધ ભક્ત હોય છે, ત્યાં તે પોતે શુદ્ધ સ્વરૂપે પ્રગટે છે; અને જયારે આ બધો પસારો કરે છે, ત્યારે પણ સંતનો પ્રતાપ સ્થાપવા માટે જ કરે છે.[1] (૧)

(સૃષ્ટિરૂપે) વ્યકત સ્વરૂપ તેમ જ મૂળ શુદ્ધ સ્વરૂપ – એ બંને સ્થિતિનો માલિક તે પોતે જ છે;[2] એની શોભા-પ્રશંસા એને જ છાજે છે. (૨)

પોતે જ આ બધો ચમત્કાર, આનંદ અને ખેલ કરે છે; પોતે જ એનો રસ ભોગવે છે અને છતાં પાછો નિર્લેપ જ રહે છે.[3] (૩)

પોતે ઇચ્છે તેને જ પોતાનું નામ જપવામાં ખેંચી લાવે છે; અને પોતે ઇચ્છે તેને સૃષ્ટિના ખેલમાં રમાડ્યા કરે છે.[4] (૪)

પરમાત્મા પોતે અનંત, અથાગ, અગણ્ય, અતોલ છે; દાસ નાનક તો પ્રભુ પ્રેરે છે તેમ (આ બધું) બોલે છે. (૫)

આમ નિરાકાર સ્વરૂપના અંતિમ એકત્વનો ઇશારો કર્યા પછી જગતની સાપેક્ષતાએ – જીવની દૃષ્ટિએ – એ રૂપ તે પરમેશ્વર છે – પરમાત્મા છે, એ કહેવા તરફ હવે ગુરુ જાય છે —

---

૧. ભક્તિ વડે પોતે પ્રાપ્ત થઈ શકે છે, એવો ભક્તનો પ્રતાપ સ્થાપિત કરવા. બીજા શબ્દોમાં કહીએ તો, ભક્તિ વડે જીવ પરમાત્માને પ્રાપ્ત કરી શકે, તે માટે આ બધો દ્વૈત-વિસ્તાર છે. —**સંપા૦**

૨. કોઈ બીજાના હુકમથી કે કશાની બળજબરીથી તે એમ કરતો નથી. —**સંપા૦**

૩. એમાં કશી આશા – આકાંક્ષા – કામના તેને નથી. —**સંપા૦**

૪. આ બધા ભાવ માટે જુઓ નરસિંહ મહેતાનું ભજન —

વિવિધ રચના કરી અનેક રસ લેવાને
શિવ થકી જીવ થયો એ જ આશે.
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે,
કનક – કુંડલ વિષે ભેદ ન હોયે.

असटपदी २२

सलोकु

जीअ जंतके ठाकुरा
आपे वरतणहार ।
नानक एको पसरिआ
दूजा कह द्रसटार ॥२२॥

શબ્દાર્થ

[ठाकुरा = નાથ, સ્વામી. वरतणहार = રહેલો - વસેલો. द्रसटार = જોવા મળે છે.]

અષ્ટપદી ૨૨

શ્લોક

સઘળા જીવ અને જંતુનો સ્વામી એ જ બધે (ઘટઘટમાં) વર્તે છે. નાનક કહે છે કે, એ એક જ બધે પ્રસર્યો છે; બીજો વળી ક્યાં નજરે જ પડે છે? [૨૨]

“એક પ્રસરીને રહેલો, જ્યાં બીજો દ્રષ્ટા જ નથી, એવો જીવ-જંતુનો સ્વામી ને તેમનો પાલક પ્રભુ છે,” એમ આ અષ્ટપદીનો શ્લોક કહીને, એ વસ્તુનો વિસ્તાર પછીનાં પદોમાં કરે છે. એ જ મનુષ્યના હૃદયમાં બિરાજેલો પ્રભુ, સર્વનો દ્રષ્ટા, અનુમંતા, કર્તા, ભર્તા તથા ભોક્તા છે, એ ભાવ હવે પછી વિસ્તારે છે —

२२ – १

आपि कथै आपि सुननैहारु ।
आपहि एकु आपि बिसथारु ॥१॥
जा तिसु भावै ता सृसटि उपाए ।
आपनै भाणै लए समाए ॥२॥
तुमते भिंन नही किछु होइ ।
आपन सूति सभु जगतु परोइ ॥३॥
जाकउ प्रभ जीउ आपि बुझाए ।
सचु नामु सोई जनु पाए ॥४॥
सो समदरसी ततका बेता ।
नानक सगल सृसटिका जेता ॥५॥

શબ્દાર્થ

[भाणै = ઇચ્છાથી, મરજીથી. सूति = સૂત્રે – તાંતણે. ततका = તત્ત્વનો. जेता = વિજેતા.]

૨૨ – ૧

પોતે જ કહેનાર છે, અને પોતે સાંભળનાર છે ! પોતે જ એક છે, અને પોતે જ (અનેક રૂપે) વિસ્તર્યા છે. (૧)

પોતાની મરજી થાય તો તે સૃષ્ટિ ઉપજાવે છે, અને પોતાની મરજી થાય તો તેને પાછી (પોતાનામાં) સમાવી લે છે. (૨)

(હે પ્રભુ !) તમારાથી ભિન્ન–જુદું એવું કાંઈ જ નથી; તમારા સૂત્રે જ સઘળું જગત પરોવાઈ રહ્યું છે. (૩)

જે જીવને પ્રભુ પોતે સમજણ પાડે છે, તે જણ જ પરમાત્માનું સાચું નામ પામે છે. (૪)

તે જાણુ પછી (બધે પરમાત્માને જોનારો) સમદર્શી એવો તત્ત્વવેત્તા બની રહે છે; નાનક કહે છે કે, તેને આખી સૃષ્ટિનો વિજેતા જાણવો. (૫)

અદ્વૈતના સિદ્ધાંતનું જ્યારે સ્થાપન કરવામાં આવે છે, ત્યારે ત્યાં આગળ એક પ્રશ્ન હંમેશ રજૂ કરવામાં આવે છે, અને તે જીવના ધર્માધર્મનો : 'જો બધું એક જ છે ને ઈશ્વરે બધો ખેલ રચ્યો છે, તો જીવની જવાબદારી કશી ન રહી' – આમ દલીલ કરવામાં આવે છે. ભક્તહૃદયને જેને આ અદ્વૈતની પ્રતીતિ છે, તેને આવો પ્રશ્ન નથી થતો,– એ દરેક ભક્તનું જીવન જોતાં તરત દેખાય છે. તેમને ઊલટું એના ઉપરથી જ દેખાય છે કે —

ત્યજી તેને બીજે કોણ જાય ?
સૌને શિર એ નિરંજન રાય.'

જેને મનથી હજી વિષયસેવનામાં કાંઈક્રિય તથ્ય દેખાય છે, એટલે કે લાલચ રહેલી છે, તેઓ જ કહે કે, 'તો પછી અમે કશાય આચાર-વિચારની શા સારુ જવાબદારી માનીએ !' જરી પણ વિચારતાં જણાશે કે, આની પાછળ 'વિષય સત્ય છે, જગત સત્ય છે અથવા દશ્ય સત્ય છે,' એવો જ કોઈ ભાવ રહેલો છે. ઓછામાં ઓછો એક અદ્વિતીય આત્મભાવ તો નથી જ.

૨૨ – ૨

जीअ जंत्र सभ ताकै हाथ ।
दीन दइआल अनाथको नाथु ॥१॥
जिसु राखै तिसु कोइ न मारै ।
सो मुआ जिसु मनहु बिसारै ॥२॥
तिसु तजि अवर कहाको जाइ ।
सभ सिरि एकु निरंजन राइ ॥३॥

जीअकी जुगति जाकै सभ हाथि ।
अंतरि बाहरि जानहु साथि ॥४॥
गुन निधान बेअंत अपार ।
नानक दास सदा बलिहार ॥५॥

શબ્દાર્થ

[जीअ जंत्र = (૧) જીવ-જંતુ (૨) જીવોની પ્રવૃત્તિનું સૂત્ર. सभ सिरि = સૌને માથે. जुगति = રહસ્ય; તાકાતનું મૂળ.]

૨૨ – ૨

જીવ-જંતુ (નું સૂત્ર) બધું તેને હાથ છે; એ દીનદયાળ અનાથનો નાથ છે. (૧)

એ જેને રાખે તેને કોઈ ન મારી શકે; પણ જે તેને વિસારી મૂકે, તેને મુઓ જાણવો. (૨)

તેને તજીને બીજા કોને (શરણે) જઈએ?[1] કારણ એ એક નિરંજન રાય જ સૌને માથે છે. (૩)

જીવોનું બધું રહસ્ય – તેમની સૌ તાકાતનું મૂળ – જેના હાથમાં છે, તેને અંદર અને બહાર તારી સાથે રહેલો જ જાણ. (૪)

સર્વ ગુણોના ભંડાર, અનંત, અપાર એવા પરમાત્માને દાસ નાનક સદા વારી જાય છે. (૫)

---

૧. મીરાંબાઈએ ગાયું છે તેમ, हर रूठे कहँ जाना, – એ ભાવ. સરખાવો નરસિંહ મહેતાનું પદ પણ —

"પિંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહીં,
ફોગટ ભમે તે દૂર ભાળે;
જો નિરાકારમાં જેહનું મન ગળે,
ભિન્ન સંસારની ભ્રાંતિ ભાગે."

२२ – ३

पूरन पूरि रहे दइआल ।
सभ ऊपरि होवत किरपाल ॥१॥
अपने करतब जानै आपि ।
अंतरजामी रहिओ बिआपि ॥२॥
प्रतिपालै जीअन बहु भाति ।
जो जो रचिओ सु तिसहि धिआति ॥३॥
जिसु भावै तिसु लए मिलाइ ।
भगति करहि हरिके गुण गाइ ॥४॥
मन अंतरि बिस्वासु करि मानिआ ।
करनहारु नानक इकु जानिआ ॥५॥

શબ્દાર્થ

[करतब = કર્તવ્ય–કર્મ. प्रतिपालै = પ્રતિપાલન કરે – પાળે. बहु भाति = બહુ પ્રકારે. धिआति = ધ્યાન ધરે – ચિંતવે; યાદ રાખે.]

૨૨ – ૩

દયાળુ પ્રભુ સર્વ જગાએ સભર ભરેલા છે; તથા સૌ ઉપર કૃપા દાખવે છે. (૧)

પોતાને જ્યારે જે કરવાનું છે તે પોતાની મેળે એ જાણી લે છે; કારણ કે, એ અંતર્યામી (સર્વત્ર) વ્યાપી રહ્યો છે. (૨)

અનેક પ્રકારે તે જીવોનું પ્રતિપાલન કરે છે; જે જે (જીવ) તેણે રચ્યો છે, તે તેના ધ્યાનમાં જ છે. (૩)

જેના ઉપર મરજી થાય તેનો તે પોતાની સાથે મેળાપ કરાવે છે; તે જીવ પછી ભક્તિ કરતો હરિના ગુણ ગાય છે. (૪)

નાનક કહે છે કે, મન-અંતરમાં વિશ્વાસ લાવી તેના ઉપર શ્રદ્ધા રાખનારો તે જીવ પછી આ બધાના કરતા-કારવતા એક એવા એ પરમાત્માને જાણી લે છે. (૫)

જેણે આત્માની અનન્યતા જોઈ હોય, તેને તો સહેજે સ્ફુરે કે, 'મારે માટે સેવા સિવાય કશું રહે છે જ ક્યાં? જીવનનું બીજું સાર્થક્ય જ શું છે કે જેને માટે હું વિચાર કરું?' જેને મન 'નિરંકાર' પ્રભુ વસ્યા, એને માટે બીજો વિચાર જ નથી રહેતો —

२२ – ४

जनु लागा हरि एकै नाइ ।
तिसकी आस न बिरथी जाइ ॥१॥
सेवक कउ सेवा बनि आई ।
हुकमु बूझि परम पदु पाई ॥२॥
तिसते ऊपरि नही बीचारु ।
जाकै मनि बसिआ निरंकारु ॥३॥
बंधन तोरि भए निरवैर ।
अनदिनु पूजहि गुरके पैर ॥४॥
इह लोक सुखीए परलोक सुहेले ।
नानक हरि प्रभि आपहि मेले ॥५॥

શબ્દાર્થ

[निरंकार = નિરાકાર. सुहेले = સુખી. मेले = મેળવે છે – મિલન કરાવે છે.]

૨૨ – ૪

એવો એ ભક્ત હરિના નામને જ વળગે છે; તેની કોઈ આશા ફોગટ જતી નથી. (૧)

એવા સેવકને સેવા જ પરમધર્મ બની રહે છે. (પરમાત્માનો) હુકમ સમજી લઈ, તે પરમપદ પામે છે. (૨)

જેને મન નિરાકાર હરિ વસ્યા છે, તેને (એમની સેવાથી બહાર) બીજો વિચાર જ રહેતો નથી. (૩)

બધાં બંધન તોડી, તે નિર્વૈર[1] બની રહે છે, અને નિરંતર ગુરુ (પરમાત્મા)-ના ચરણ પૂજ્યા કરે છે. (૪)

આ લોકમાં તે સુખિયો થાય છે, અને પરલોકમાં પણ તેને સુખ જ રહે છે; નાનક કહે છે કે, હરિ પ્રભુ પોતે પોતાની સાથે તેને મેળવી લે છે. (૫)

એવા લોક સહજ ભાવે સેવક બને છે; प्रकृतिसिद्धमिदं हि महात्मनाम्' એ એમની સ્થિતિ છે. આઠે પહોર તે પ્રભુને સમક્ષ જુએ છે અને તેનો અજ્ઞાનાંધકાર દૂર થઈ જાય છે —

૨૨ – ૫

साधि संगि मिलि करहु अनंद ।
गुन गावहु प्रभ परमानंद ॥१॥
रामनाम ततु करहु बीचारु ।
द्रुलभ देहका करहु उधारु ॥२॥
अंमृतबचन हरिके गुन गाउ ।
प्रान तरनका इहै सुआउ ॥३॥
आठ पहर प्रभ पेखहु नेरा ।
मिटै अगिआनु बिनसै अंधेरा ॥४॥

૧. એક પરમાત્માને અને તેમના હુકમને જ સર્વત્ર જોનારો એ કોના ઉપર વેર કરે? —**સંપા૦**

सुनि उपदेसु हिरदै बसावहु ।
मन इछे नानक फल पावहु ॥५॥

શબ્દાર્થ

[ततु = તત્ત્વ – સાર – રહસ્ય. तरनका = અવતરવાનો. सुआउ = ધ્યેય; હેતુ.]

૨૨ – ૫

સત્પુરુષની સંગત મેળવીને આનંદ કરો, અને પરમાનંદ-પ્રભુના ગુણ ગાઓ ! (૧)

રામ-નામરૂપી તત્ત્વનો વિચાર કરો અને આ દુર્લભ મનુષ્ય-દેહનો ઉદ્ધાર કરો ! (૨)

જીવને જન્મવાનો એ જ હેતુ છે કે, હરિના ગુણરૂપી અમૃતવાણી રટવી. (૩)

આઠે પહોર પ્રભુને હાજરાહજૂર જુઓ, જેથી અજ્ઞાન મટે અને મોહાંધકાર દૂર થાય. (૪)

નાનક કહે છે કે, (ગુરુના) આ ઉપદેશને હૃદયમાં વસાવો અને મન-ઇચ્છ્યાં ફળ પામો ! (૫)

એટલે નૈતિક જવાબદારીનો જે પ્રશ્ન ઉઠાવવામાં આવે છે, એ સાચું જોતાં, તાર્કિક માત્ર છે. ભક્તને તો આમ જ સૂઝે —

‘સત્ય વેપાર કરો વેપારી,
પ્રભુઘર પહોંચે ખેપ તમારી.
એક ટેક રાખો મન માંય,
નાનક, ફરીફરી આવે ન જાય.’

ગુરુ છઠ્ઠા પદમાં એ જ વાત કહે છે —

२२ – ६

हलतु पलतु दुइ लेहु सवारि ।
राम-नामु अंतरि उरि धारि ॥१॥
पूरे गुरकी पूरी दीखिआ ।
जिसु मनि बसै तिसु साचु परीखिआ ॥२॥
मनि तनि नामु जपहु लिव लाइ ।
दूखु दरदु मनते भउ जाइ ॥३॥
सचु वापारु करहु वापारी ।
दरगह निबहै खेप तुमारी ॥४॥
एका टेक रखहु मन माहि ।
नानक बहुरि न आवहि जाहि ॥५॥

શબ્દાર્થ

[हलतु पलतु = આ લોક અને પરલોક. सवारि लेहु = સુધારી લો – સાર્થક કરો. दीखिआ = દીક્ષા–મંત્ર–ઉપદેશ. निबहै = નભે – પહોંચે.]

૨૨ – ૬

રામ-નામને અંતરમાં ઊંડે ધારણ કરીને, આ લોક તેમ જ પરલોક સુધારી લો ! (૧)

પૂરા ગુરુનો (આ) પૂરો – સાચો દીક્ષામંત્ર છે. જેના મનમાં એ દીક્ષા-મંત્ર સ્થિર થાય, તે સત્યનો સાક્ષાત્કાર કરી શકે છે.[૧] (૨)

---

૧. તેણે ખરી પરખ – સાચું જ્ઞાન મેળવ્યું, એમ કહેવાય; – એવો અર્થ પણ લઈ શકાય. —**સંપા૦**

એકાગ્ર થઈ મનથી અને તનથી નામનો જપ કરો, જેથી મનમાંથી (સર્વ) દુઃખ, દરદ અને ભય નાશ પામે. (૩)

આવો સાચો સોદો જ, હે વેપારી, તમે કરો; જેથી તમારી ખેપ પ્રભુના ધામ સુધી પહોંચે. (૪)

મનમાં એ એક જ ટેક રાખો,[1] જેથી હે નાનક, ફરી ફરીને (જન્મ-મરણની ઘટમાળમાં) આવવું-જવું ન પડે. (૫)

આવી સમજવાળા ભક્તોની છેલ્લાં બે પદમાં પ્રશંસા હવે કરે છે —

૨૨ – ૭

तिसते दूरि कहाको जाइ ।
उबरै राखनहारु धिआइ ॥१॥
निरभउ जपै सगल भउ मिटै ।
प्रभ किरपाते प्राणी छुटै ॥२॥
जिसु प्रभु राखै तिसु नाही दूख ।
नामु जपत मनि होवत सूख ॥३॥
चिंता जाइ मिटै अहंकारु ।
तिसु जन कउ कोइ न पहुचनहारु ॥४॥
सिर ऊपरि ठाढा गुरु सूरा ।
नानक ताकै कारज पूरा ॥५॥

---

૧. સાચો વેપાર કરવાની જ એક ટેક રાખો. ટેકનો અર્થ 'ટેકો' લઈએ, તો આવો અર્થ થાય – 'એક પ્રભુ જ ટેકો કે આધાર છે' એમ મનમાં નિશ્ચય કરો.

શબ્દાર્થ

[राखनहारु = રક્ષણહાર. पहुचनहारु = પહોંચી શકે; સરસાઈ કરી શકે. ठाढा = ઊભા.]

૨૨ – ૭

(જીવ) તેનાથી દૂર બીજે ક્યાં જવાનો હતો? (સૌના) એ રક્ષણહારનું ધ્યાન ધરવાથી જ તે ઊગરી શકે. (૧)

એ નિર્ભય પરમાત્માને જપવાથી બધા (સંસાર-) ભય દૂર થાય: પ્રભુની કૃપા હોય તો જ પ્રાણી છૂટી શકે. (૨)

જેને પ્રભુ રાખે તેને દુઃખ શાનું રહે? તેનું નામ જપવાથી મનમાં સુખ થઈ રહે છે. (૩)

તેની બધી ચિંતા દૂર થઈ જાય અને (પરમાત્માથી અલગ રાખનાર તેનો) અહંકાર ટળે. તેવા (મુક્ત) પુરુષને પછી કોઈ પહોંચી શકતું નથી.[૧] (૪)

નાનક કહે છે કે, જેને માથે શૂરા ગુરુ ઊભા છે, તેનાં બધાં કાર્યો પૂરાં થયાં જાણવાં.[૨] (૫)

૨૨ – ૮

मति पूरी अंमृतु जाकी दसटि ।
दरसनु पेखत उधरत सृसटि ॥१॥
चरन कमल जाके अनूप ।
सफल दरसनु सुंदर हरि रूप ॥२॥

---

૧. તેની કોઈ બરાબરી કરી શકતું નથી, એવો અર્થ પણ લેવાય. તેને કોઈ ભય-દુ:ખ-મોહ પહોંચી શકે નહિ, એવો અર્થ પણ લેવાય. —સંપા૦

૨. તે કૃતાર્થ – મુક્ત – થયો જાણવો. —સંપા૦

धंनु सेवा सेवकु परवानु ।
अंतरजामी पुरखु प्रधानु ॥३॥
जिसु मनि बसै सु होत निहालु ।
ताकै निकटि न आवत कालु ॥४॥
अमर भए अमरापदु पाइआ ।
साध संगि नानक हरि धिआइआ ॥५॥

શબ્દાર્થ

[मति = ઉપદેશ. अनूप = અનુપમ. परवानु = માન્ય (પ્રભુએ સ્વીકારેલું). निहाल = ન્યાલ; ધન્ય; કૃતાર્થ. अमरापद = જન્મ-મરણની ઘટમાળથી મુક્ત સ્થિતિ – મોક્ષ.]

૨૨ – ૮

એમનો[૧] ઉપદેશ પૂર્ણ છે; એમની દૃષ્ટિમાંથી અમૃત વરસે છે. એમનાં દર્શન કરીને આખી સૃષ્ટિનો ઉદ્ધાર થઈ જાય ! (૧)

એમનાં ચરણ-કમળ અનુપમ (સામર્થ્યવાળાં) છે; એમના સુંદર હરિરૂપનું[૨] દર્શન સફળ નીવડે છે. (૨)

એમની સેવા ધન્ય છે; એમનો સેવક પરમાણુ છે.[૩]
— અંતર્યામી એવા પ્રધાન પુરુષ પરમાત્મા,– (૩)

જેના મનમાં વસે, તે ન્યાલ થઈ જાય. તેની નજીક કાળ (પણ) આવી શકે નહિ. (૪)

---

૧. પરમાત્માનો તથા પરમાત્મારૂપ બનેલા સંતનો – એમ બંને અર્થ લઈ શકાય. —સંપા૦

૨. हरिरूप એટલે મનોહર રૂપ; તેમ જ હરિ એટલે કે પ્રભુ, –તેમનું રૂપ. —સંપા૦

૩. પ્રભુએ માન્ય રાખેલો – સ્વીકારેલો – સાચો. —સંપા૦

નાનક કહે છે કે, સંત પુરુષની સોબતમાં જેણે હરિનું ધ્યાન ધર્યું, એ જન અમર થઈ ગયો અને તેણે અમરાપદ (મોક્ષ–પદ) પ્રાપ્ત કર્યું જાણવું. (૫)

શીખ ભક્તિ કે સદાચારના મૂળમાં રહેલી ત્રિપુટી : પ્રભુ, તેનું નામ, અને તે શીખવનાર સદ્‌ગુરુ કે સત્સંગ. આ ત્રણમાંથી પ્રભુ અથવા તેનું નામ એટલું આપણે (મુખ્યત્વે) જોઈ આવ્યા. હવે ગુરુ વિષે ૨૩ મી અષ્ટપદીમાં (વિશેષે) કહે છે —

असटपदी २३

सलोकु

[illegible] जनु गुरि दीआ
अगिआन अंधेर बिनासु ।
हरि किरपाते संत भेटिआ
नानक मनि परगासु ॥२३॥

શબ્દાર્થ

[गिआन अंजनु = જ્ઞાન રૂપી આંજણુ. अगिआन अंधेर = અજ્ઞાન-રૂપી અંધાપો.]

અષ્ટપદી ૨૩

શ્લોક

જ્ઞાનરૂપી આંજણ ગુરુએ આપ્યું, તેથી (મારો) અજ્ઞાન-રૂપી અંધાપો દૂર થઈ ગયો !

હરિની કૃપાથી મને સંત મળ્યા; (એટલે) નાનક કહે છે કે, મારા મનમાં પ્રકાશ થઈ ગયો ! [૨૩]

ગુરુની ઓળખાણ જ આમ આપે છે : જ્ઞાનઅંજન દેનાર તે ગુરુ; તેની પ્રાપ્તિ ઈશ્વરકૃપાએ થાય. અને સંતસંગ હોય તો અંતરમાં પ્રભુ દેખાય, અને પ્રભુનું નામ મીઠું લાગે. આવો અન્યોન્યાશ્રયભાવ પ્રભુ, તેનું નામ, અને ગુરુમાં રહેલો છે. અને આમ એ ત્રિપુટી છે છતાં એક છે. અને આપણે જોયું કે, સુખમનીમાં આ ત્રણને ગુરુએ એક-

શ્વાસે સાથે જ ગાયાં છે. કેમકે શીખભક્તિનો એ સાર છે. આ અષ્ટપદીમાં પણ એમ જ વાચક જોશે. પ્રભુ પર ને તેના નામ પર પ્રેમ કરાવનાર ગુરુની ઓળખ આપવાથી શરૂ કરીને પછીનાં પદોમાં તે પ્રેમપાત્ર પ્રભુને જ પાછો ગાય છે. ‘તેના વિણ હોમ નહિ કો ઠામ’ (૨૩–૨), ‘સૌ જ્યોતિમાં તે મૂળ જ્યોત’ (૨૩–૩), ‘અંતર બહાર પ્રભુ એક સોહે’ (૨૩–૪), વગેરે અનુપમ શબ્દો વારંવાર રટતાં ભક્ત-હૃદય થાકતું જ નથી. અને બધાંમાં ધ્રુવભાવ તો પાછો એ જ છે કે, ‘ગુરુ પ્રસાદ એમ, નાનક, જાણ’ (૨૩–૭); કારણકે, ગુરુ તો ‘પોતે મુક્ત કરે મુક્ત સંસાર’ એવા છે (૨૩–૮).

२३ – १

संत संगि अंतरि प्रभु डीठा ।
नाम प्रभूका लागा मीठा ॥१॥
सगल समिग्री एकसु घट माहि ।
अनिक रंग नाना दसटाहि ॥२॥
नउ निधि अंमृतु प्रभका नामु ।
देही महि इसका बिस्रामु ॥३॥
सुंन समाधि अनहत तह नाद ।
कहनु न जाई अचरज बिसमाद ॥४॥
तिनि देखिआ जिसु आपि दिखाए ।
नानक तिसु जन सोझी पाए ॥५॥

શબ્દાર્થ

[नउ निधि = કુબેરના નવ ભંડાર; સર્વ પ્રકારની સમૃદ્ધિ. बिस्रामु = સ્થાન; નિવાસ. सुंन = શૂન્ય – નિર્વિકલ્પ. अनहत नाद = અનાહત-નાદ. सोझी = સૂઝ – જ્ઞાન – સાક્ષાત્કાર.]

૨૩ – ૧

સંતની સોબતમાં પ્રભુને અંતરમાં દીઠા; અને પ્રભુનું નામ મીઠું લાગવા માંડ્યું. (૧)

બધી સામગ્રી એક આ દેહમાં જ છે; અને (નામ-સ્મરણમાં આગળ વધતાં) વિવિધ પ્રકારના અનેક રંગ દેખવા મળે છે.[૧] (૨)

પ્રભુનું નામ અમૃતરૂપ તથા નવે નિધિરૂપ છે; દેહમાં જ તેનું સ્થાન છે.[૨] (૩)

શૂન્ય સમાધિ અને અનાહત નાદ પણ ત્યાં જ છે; એ બધાં અદ્‌ભુત આશ્ચર્યોનું વર્ણન થઈ શકે તેમ નથી. (૪)

એ બધાં આશ્ચર્યો તે માણસ જ જોઈ શકે, જેને પ્રભુ પોતે એ બધું દેખાડે. નાનક કહે છે કે, તે માણસને પછી પરમ જ્ઞાન પ્રાપ્ત થાય છે. (૫)

૨૩ – ૨

सो अंतरि सो बाहरि अनंत ।

घटि घटि बिआपि रहिआ भगवंत ॥१॥

धरनि माहि आकास पइआल ।

सरब लोक पूरन प्रतिपाल ॥२॥

---

૧. એક પિંડમાં આખું બ્રહ્માંડ છે; અને સાધનામાં આગળ વધતાં અનેક પ્રકારના ચમત્કારિક રંગઢંગ જોવા મળે છે, એવો ભાવ છે.

'એક પ્રભુમાં બધું છે, અને તેમાંથી આ બધી વિવિધતા પ્રગટ થાય –એવો અર્થ પણ લેવાય છે. —સંપા૦

૨. દેહમાં જ તે પ્રાપ્ત થાય છે, એવો ભાવ.—સંપા૦

बनि तिनि परबति है पारब्रहमु ।
जैसी आगिआ तैसा करमु ॥३॥
पउण पाणी बैसंतर माहि ।
चारि कुंट दह दिसे समाहि ॥४॥
तिसते भिंन नही को ठाउ ।
गुर प्रसादि नानक सुखु पाउ ॥५॥

શબ્દાર્થ

[पइआल = પાતાળ. पउण = પવન. बैसंतर = અગ્નિ. चारि कुंट = ચારે ખૂણામાં. ठाउ = સ્થાન.]

૨૩ – ૨

અનંત એવા ભગવંત અંદર અને બહાર, તેમ જ સર્વે ઘટમાં વ્યાપી રહ્યા છે. (૧)

ધરણીમાં, આકાશમાં, પાતાળમાં, સર્વ લોકમાં એ પ્રતિપાલક પ્રભુ પૂર્ણ – સભર – ભરેલા છે. (૨)

વનમાં તેમ જ પર્વતમાં એ પરબ્રહ્મ જ છે. તે જેવી આજ્ઞા કરે છે, તેવાં જ કર્મ સૌ કરે છે. (૩)

પવનમાં, પાણીમાં, અગ્નિમાં, ચારે ખૂણામાં અને દશે દિશામાં એ સમાયેલા છે. (૪)

એમના સિવાયનું કોઈ સ્થાન નથી. નાનક કહે છે કે, ગુરુની કૃપાથી (એમને ભજીને કાયમનું) સુખ પામ ! (૫)

२३ – ३

बेद पुरान सिंमृति महि देखु ।
ससीअर सूर नख्यत्र महि एकु ॥१॥

बाणी प्रभकी सभुको बोलै ।
आपि अडोलु न कबहू डोलै ॥२॥
सरब कला करि खेलै खेल ।
मोलि न पाईऐ गुणह अमोल ॥३॥
सरब जोति महि जाकी जोति ।
धारि रहिओ सुआमी ओति पोति ॥४॥
गुर परसादि भरमका नासु ।
नानक तिन महि एहु बिसासु ॥५॥

શબ્દાર્થ

[ससीअर = શશી, ચંદ્ર. ओति पोति = ઓતપ્રોત.]

૨૩ - ૩

વેદ, પુરાણ કે સ્મૃતિમાં જો; તો ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર બધાંમાં તે એક જ છે (એવું વર્ણન કરેલું જણાશે). (૧)

સૌ (શાસ્ત્રો) પ્રભુની વાત જ કહે છે.[1] એ અડોલ પરમાત્મા કદી ડગતા નથી – સર્વદા સત્ય જ રહે છે.[2] (૨)

આ બધી (સૃષ્ટિરૂપી) કળા વિસ્તારીને[3] તે ખેલ ખેલી રહ્યા છે. તેમના અમૂલ્ય ગુણોનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. (૩)

---

૧. "સૌ જીવો પ્રભુએ આપેલી વાણી જ વદે છે," – એવો અર્થ પણ થાય. —**સંપા૦**

૨. આ બધી સૃષ્ટિનો પસારો કરવા છતાં તે ક્ષીણ થતા નથી – ઘસાતા નથી – એવો અર્થ પણ થાય. —**સંપા૦**

૩. 'કલા' એટલે શક્તિ – સાધન, એવો અર્થ લઈએ તો 'પોતાની સર્વ સાધનસામગ્રી કે અદ્‌ભુત શક્તિ કામે લગાડીને તે આ સૃષ્ટિ રૂપી ખેલ ખેલી રહ્યા છે', એવો અર્થ થાય. —**સંપા૦**

સર્વ (જીવોરૂપી) જ્યોતિઓમાં એમની જ્યોતિ જ પ્રકાશી રહી છે. એ સ્વામી ઓતપ્રોત રહી બધાંને ધારણ કરી રહ્યા છે. (૪)

નાનક કહે છે કે, ગુરુની કૃપાથી જેના ભ્રમનો નાશ થાય, તેને જ એ વિશ્વાસ બેસે. (૫)

२३ – ४

संत जनाका पेखनु सभु ब्रहम ।
संत जनाकै हिरदै सभि धरमु ॥१॥
संत जना सुनहि सुभ बचन ।
सरब बिआपी राम संगि रचन ॥२॥
जिनि जाता तिसकी इह रहत ।
सतिबचन साधू सभि कहत ॥३॥
जो जो होइ सोई सुखु मानै ।
करनकरावनहारु प्रभु जानै ॥४॥
अंतरि बसे बाहरि भी ओही ।
नानक दरसनु देखि सभ मोही ॥५॥

૨૩ – ૪

સંતજનો બધે બ્રહ્મ જ જુએ છે. બધા ધર્મ તેમના હૃદયમાં સ્થિર થાય છે. (૧)

સંતજનો (હંમેશ પ્રભુના ગુણકીર્તનરૂપ) શુભ વચન જ સાંભળે છે; સર્વવ્યાપી એવા રામમાં જ તેઓ રચ્યાપચ્યા રહે છે. (૨)

જેણે પ્રભુને જાણ્યા તેની એ જ રીત હોય છે; બધા સંતો એ સત્ય વાત જ કહે છે. (૩)

જે જે કંઈ ગુજરે તેને તેઓ સુખરૂપ જ માને છે; કારણ કે, બધાનો કરતા-કારવતા પ્રભુ છે, એમ તેઓ જાણે છે. (૪)

અંતરમાં તેમ જ બહાર પણ એ જ વસેલો છે; નાનક કહે છે કે, એના દર્શનથી સૌ કોઈ મોહ પામી જાય. (૫)

२३ – ५

आपि सति कीआ सभु सति ।
तिसु प्रभते सगली उतपति ॥१॥
तिसु भावै ता करे बिसथारु ।
तिसु भावै ता एकंकारु ॥२॥
अनिक कला लखी नह जाइ ।
जिसु भावै तिसु लए मिलाइ ॥३॥
कवन निकटि कवन कहीऐ दूरि ।
आपे आपि आप भरपूरि ॥४॥
अंतरगति जिसु आपि जनाए ।
नानक तिसु जन आपि बुझाए ॥५॥

શબ્દાર્થ

[एकंकार = એકાકાર – એકમાં જ સમાવી દીધું હોય તેમ. लखी = જાણી – સમજી. अंतरगति = અંતરમાં.]

૨૩ - ૫

પ્રભુ પોતે સત્ય છે; અને એમની બધી કૃતિ પણ સત્ય છે; (સત્ય એવા) પ્રભુમાંથી બધી (સત્ય) ઉત્પત્તિ થઈ છે. (૧)

તેને ગમે તો બધો વિસ્તાર કરે છે; અને તેને ગમે તો (બધું પોતાની અંદર સમાવી લઈ) એકાકાર કરી લે છે.[1] (૨)

તેની અનેક કળાઓ જાણી શકાય તેવી નથી; જે તેને ગમે તેને તે પોતાની સાથે મિલાવી દે છે. (૩)

તે પોતે જ્યાં સર્વત્ર સભર ભરેલા છે, ત્યાં કોને નિકટ કહીએ અને કોને દૂર કહીએ ? (૪)

નાનક કહે છે કે, તે પ્રભુ પોતે જેને અંતરમાં જ્ઞાન કરાવે છે, તે જ તેને જાણી શકે છે.[2] (૫)

२३ – ६

सरब भूत आपि वरतारा ।
सरब नैन आपि पेखनहारा ॥१॥
सगल समग्री जाका तना ।
आपन जसु आप ही सुना ॥२॥
आवन जानु इकु खेलु बनाइआ ।
आगिआकारी कीनी माइआ ॥३॥
सभकै मधि अलिपतो रहै ।
जो किछु कहणा सु आपे कहै ॥४॥
आगिआ आवै आगिआ जाइ ।
नानक जा भावै ता लए समाइ ॥५॥

---

૧. 'એકરૂપ એવા પોતે એકલા જ બાકી રહે છે'–એવો અર્થ પણ થાય. —સંપા૦

૨. 'જેને તે અંતરમાં વસેલા છે, એવું પોતે સમજાવે છે, તે માણસ જ તેને જાણી શકે છે.'—એવો અર્થ પણ થાય. —સંપા૦

શબ્દાર્થ

[भूत = ભૂત–પ્રાણીઓ. वरतारा = વસેલો – રહેનારો.]

૨૩ – ૬

સર્વ ભૂતોમાં તે જ રહેલો છે; બધી આંખો વડે તે જ જુએ છે. (૧)

આ બધી સામગ્રી[1] તેના શરીર રૂપ જ છે. પોતાની સ્તુતિ તે પોતે જ સાંભળે છે. (૨)

પોતાની આજ્ઞાધારક માયાએ કરીને (જીવોનું) આવવું-જવું (જન્મ-મરણ) રૂપી એક ખેલ તેણે બનાવ્યો છે. (૩)

બધાની મધ્યે રહેવા છતાં તે સૌથી અલિપ્ત રહે છે. જે કંઈ હુકમ કરવાનો હોય છે, તે એ પોતે જ કરે છે. (૪)

(બધા જીવો) તેના હુકમથી આવે છે અને તેના હુકમથી જાય છે; નાનક કહે છે કે, પોતાને ગમે તેને તે પોતામાં (પાછો) સમાવી લે છે. (૫)

૨૩ – ૭

इसते होइ सु नाहि बुरा ।
ओरै कहहु किनै कछु करा ॥१॥
आपि भला करतूति अति नीकी ।
आपे जानै अपने जीकी ॥२॥
आपि साचु धारी सभ साचु ।
ओतिपोति आपन संगि राचु ॥३॥
ताकी गति मिति कही न जाइ ।
दूसर होइ त सोझी पाइ ॥४॥

---

૧. અર્થાત્ સકળ સૃષ્ટિ.

तिसका कीआ समु परवानु ।
गुर प्रसादि नानक इहु जानु ॥५॥

शब्दार्थ

[नीकी = નેક – ભલું. जीकी = અંતરમાં હોય તે. सोझी पाइ = જાણે – સમજે. परवानु = પરમાણ; પ્રમાણ.]

૨૩ – ૭

એનાથી જે કંઈ થાય, તે કદી બૂરું ન હોય; એના સિવાય બીજાએ કાંઈ કર્યું હોય, તો બતાવો! (૧)

પોતે ભલા છે, તેમ તેમની કરણી પણ ભલી છે. (બાકી) પોતાના અંતરની વાત તે પોતે જ જાણે.[૧] (૨)

પોતે સાચા છે, તેમ જ જે કંઈ તેમણે ધારણ કર્યું છે – સર્જ્યું છે, તે પણ સાચું છે. બધું તેમણે પોતામાં ઓતપ્રોત — પોતાની અંદર રચ્યું-પચ્યું રાખ્યું છે. (૩)

તેમની ગતિ-મિતિ કોઈ કહી ન શકે; (તેમના સમાન) બીજો કોઈ હોય તો તે જાણી શકે. (૪)

તેમણે જે કંઈ કર્યું છે તે પરમાણ છે[૨]; ગુરુની કૃપાથી નાનક એમ જાણે છે. (૫)

૨૩ – ૮

जो जानै तिसु सदा सुखु होइ ।
आपि मिलाइ लए प्रभु सोइ ॥१॥

૧. તેમના અંતરનો ઇરાદો કોણ જાણી શકે? જીવ તો એટલું જ કહી શકે કે, તે કલ્યાણમય છે અને સૌનું કલ્યાણ જ કરે છે. —સંપા૦

૨. परवानु એટલે માન્ય – સ્વીકાર્ય – એવો અર્થ પણ થાય. અર્થાત્ ઈશ્વરે કરેલું બધું માન્ય – સ્વીકાર્ય જ છે. —સંપા૦

ओहु धनवंतु कुलवंतु पतिवंतु ।
जीवनमुकति जिसु रिद भगवंतु ॥२॥
धंनु धंनु धंनु जनु आइआ ।
जिसु प्रसादि सभु जगतु तराइआ ॥३॥
जन आवनका इहै सुआउ ।
जनक संगि चिति आवै नाउ ॥४॥
आपि मुकतु मुकतु करै संसारु ।
नानक तिसु जन कउ सदा नमसकारु ॥५॥

શબ્દાર્થ

[पतिवंतु = પત – આબરૂવાળો. सुआउ = હેતુ. जनकै संगि = સંતની સોબતમાં.]

૨૩ – ૮

પ્રભુને જે જાણે તેને સદા સુખ થાય છે. પ્રભુ પોતે જ તેને પોતાનામાં મિલાવી લે છે. (૧)

જેના હૃદયમાં ભગવાન હાજરાહજૂર છે, તેને ધનવંત જાણવો, કુલવંત જાણવો અને આબરૂદાર જાણવો. (૨)

એવો સંત જગતમાં આવ્યો તેને ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે! કારણ, એની કૃપાથી આખું જગત તેણે તરાવી દીધું. (૩)

માણસને જન્મવાનો[1] એક જ હેતુ છે કે, સંતજનની સોબતમાં તેના ચિત્તમાં નામ વસે.[2] (૪)

નાનક કહે છે કે, જે પોતે મુક્ત થઈ સંસારને મુક્ત કરે છે, તેવા જનને સદા નમસ્કાર હજો! (૫)

---

૧. મૂળ आवनका । –આ સંસારમાં આવવાનો.

૨. સંતજન જગતમાં અવતર્યાનો એક જ હેતુ છે કે, તેની શીખથી લોકોના ચિત્તમાં નામ વસે – એવો અર્થ પણ થાય. —સંપા૦

असटपदी २४

सलोकु

पूरा प्रभु आराधिआ
पूरा जाका नाउ ।
नानक पूरा पाइआ
पूरेके गुन गाउ ॥२४॥

શબ્દાર્થ

[पूरा = પૂર્ણ; પૂર્ણ ગુણ–શક્તિવાળા. आराधिआ = આરાધ્યા–સેવ્યા–પૂજ્યા. नाउ = નામ. पाइआ = પામ્યા.]

અષ્ટપદી ૨૪

શ્લોક

જેમનું નામ પૂર્ણ છે, તેવા પૂર્ણ પ્રભુને મેં આરાધ્યા; નાનક કહે છે કે, (એમ કરીને) હું પૂર્ણ પ્રભુને પામ્યો છું, અને તેમના ગુણ ગાઉં છું. [૨૪]

અંત્ય અષ્ટપદી આનંદના લલકારથી ભરેલી, કૃતકૃત્યતાના ધન્યવાદથી ગાજતી, અને ભક્તની પ્રસન્નતાથી પરિમલતી છે; અને એ પ્રસન્નતાને શીખ–ત્રિપુટીના નામ સાથે જોડી દીધી છે —

પૂરણ પ્રભુ આરાધિયો,
પૂરું જેનું નામ;
પૂરણના ગુણ ગાઈયા,
નાનક પૂરણ પામ.

અને પ્રથમ પદના પ્રારંભમાં જ એની પાદપૂર્તિ ઉમેરે છે.

'પૂરા, ગુરુનો સુણી ઉપદેશ,
પારબ્રહ્મ તારી નિકટ હિ પેખ.

આમ પ્રભુ, તેનું નામ અને ગુરુ — એ પૂર્ણ-ત્રિપુટી ગણાવે છે; અને તેની પ્રતીતિ પામેલ હૃદય પછી એમ જ ગાય કે —

શ્વાસ શ્વાસ સમરો ગોવિંદ, (૨૪-૧)

સમર સમર નામ વારંવાર,
નાનક, જીવનો એ જ આધાર. (૨૪-૨)

જય જય શબ્દ અનાહત વાગે,
સુણી સુણી આનંદે, પ્રભુ જાપે. (૨૪-૩)

२४ – १

पूरे गुरका सुनि उपदेसु ।
पारब्रहमु निकटि करि पेखु ॥१॥
सासि सासि सिमरहु गोबिंद ।
मन अंतरकी उतरै चिंद ॥२॥
आस अनित तिआगहु तरंग ।
संत जनाकी धूरि मन मंग ॥३॥
आपु छोडि बेनती करहु ।
साध संगि अगनि सागरु तरहु ॥४॥
हरि धनके भरि लेहु भंडार ।
नानक गुर पूरे नमसकार ॥५॥

શબ્દાર્થ

[चिंद = ચિંતા. आप छोडि = અહંતાનું અભિમાન તજીને.]

૨૪ – ૧

હે મન, પૂરા ગુરુનો ઉપદેશ સાંભળીને, પરબ્રહ્મને તારી નિકટ (અંતરમાં જ) જો. (૧)

શ્વાસે શ્વાસે ગોવિંદનું સ્મરણ કર; જેથી તારા મન-અંતરની ચિંતાઓ દૂર થાય. (૨)

અનિત્ય આશાઓના તરંગો તજી દે, અને સંતજનોની ચરણરજ માગ. (૩)

અહંકાર છોડીને પ્રભુને પ્રાર્થના કર, જેથી સાધુની સંગતમાં તું આ (ભવ-સંસાર રૂપી) અગ્નિ-સાગરને તરી જાય. (૪)

હરિ-ધનનો ભંડાર તું ભરી લે ! (જેમની કૃપાથી એમ થઈ શકે છે તે) પૂરા ગુરુને નાનક નમસ્કાર કરે છે. (૫)

૨૪ – ૨

खेम कुसल सहज आनंद ।
साध संगि भजु परमानंद ॥१॥
नरक निवारि उधारहु जीउ ।
गुन गोबिंद अंमृत रसु पीउ ॥२॥
चिति चितवहु नाराइण एक ।
एक रूप जाके रंग अनेक ॥३॥
गोपाल दामोदर दीन दइआल ।
दुःख भंजन पूरन किरपाल ॥४॥

सिमरि सिमरि नामु बारंबार ।
नानक जीअका इहै अधार ॥५॥

શબ્દાર્થ

[खेम कुसल = ક્ષેમ અને કુશાળતા. चितवहु = ચિંતવ; ધ્યાન ધર.]

૨૪ – ૨

સાધુના સંગમાં પરમાનંદ એવા પરમાત્માને ભજ; જેથી બધા પ્રકારનું ક્ષેમ-કુશળ અને સહજ[1] આનંદ પ્રાપ્ત થાય. (૧)

ગોવિંદના ગુણ ગાવારૂપી અમૃત-રસ તું પી; અને એમ નરક નિવારીને જીવનો ઉદ્ધાર કર. (૨)

એકરૂપ હોઈ, જેણે અનેક રંગ સરજ્યા છે, તેવા એકલા નારાયણને ચિત્તમાં ચિંતવ. (૩)

એ ગોપાલ–દામોદર, દીનદયાળ છે, સકળ-દુઃખ-ભંજન છે; અને પૂર્ણ કૃપાળુ છે. (૪)

હે નાનક, તું એમનું નામ વારંવાર સ્મર્યા કર; જીવનો એ જ એક આધાર છે. (૫)

૨૪ – ३

उतम सलोक साधके बचन ।
अमुलीक लाल एहि रतन ॥१॥
सुनत कमावत होत उधार ।
आपि तरै लोकह निसतार ॥२॥

---

1. ઇંદ્રિયોથી થતો અનિત્ય નહિ, પણ આત્માથી આત્મામાં પ્રાપ્ત થતો. —સંપા०

सफल जीवनु सफलु ताका: संगु ।
जाकै मनि लागा हरि रंगु ॥३॥
जै जै सबदु अनाहदु वाजै ।
सुनि सुनि अनद करे प्रभु गाजै ॥४॥
प्रगटे गुपाल महांतके माथे ।
नानक उधरे तिनकै साथे ॥५॥

શબ્દાર્થ

[सलोक = વેદમંત્ર. लाल = માણેક. निसतार = મોક્ષ; ઉદ્ધાર. जै जै = જય જય ! महांत = મહાત્મા.]

૨૪ – ૩

સાધુનાં ઉપદેશ-વચન ઉત્તમ વેદ-મંત્ર જેવાં જાણવાં; ખરેખર, તે અમૂલ્ય એવાં હીરા-માણેક જ છે! (૧)

એમને સાંભળીને અને એ અનુસાર કમાણી કરીને (જીવનો) ઉદ્ધાર થાય છે;—પોતે તરે છે અને બીજા લોકોને પણ તારે છે. (૨)

જેના મનમાં હરિનો રંગ લાગ્યો, તેનું જીવન સફળ થયું જાણવું; તેનો સંગ પણ સફળ જાણવો.[1] (૩)

(તેના અંતરમાં) જયજયકારનો અનાહત નાદ બજ્યા કરે છે. તે સાંભળી સાંભળીને તે આનંદ પામે છે; કારણ કે, એ અનાહત નાદ રૂપે પ્રભુ જ (હાજરાહજૂર) ગાજતા હોય છે. (૪

એ મહાત્માના માથા ઉપર[2] ગોપાળ પોતે પ્રગટ થાય છે. નાનક જેવો પણ તેવા સદ્ગુરુની સાથે ઊધરી જાય![3] (૫)

---

૧. તેનું ને તેનો સંગ કરનાર બધાનું જીવન સફળ થાય છે.

૨. મસ્તકની ટોચે આવેલા દશમા દ્વાર આગળ.

૩. 'હે નાનક, તેની સાથે કેટલાય જણ ઊધરી જાય' – એવો અ પણ લેવાય. —સંપા૦

૨૪ – ૪

सरनि जोगु सुनि सरनी आए ।
करि किरपा प्रभ आपि मिलाए ॥१॥

मिटि गए बैर भए सभ रेन ।
अंमृत नामु साध संगि लैन ॥२॥

सुप्रसंन भए गुरदेव ।
पूरन होई सेवककी सेव ॥३॥

आल जंजाल बिकारते रहते ।
रामनाम सुनि रसना कहते ॥४॥

करि प्रसादु दइआ प्रभि धारी ।
नानक निबही खेप हमारी ॥५॥

શબ્દાર્થ

[सरनि जोगु = શરણ લેવા જોગ. बैर=ઈર્ષ્યા. रेन = બધાના પગની ધૂળ; – તેવો નમ્ર. आल जंजाल = બંધનમાં બાંધતી ઇંદ્રિયો. रसना = જીભ. खेप निबही = (વેપારીની) વણજારનો ફેરો ફળ્યો.]

૨૪ – ૪

શરણું લેવા જોગ સાંભળીને (સદ્ગુરુને) શરણે આવ્યો; તમો પ્રભુએ પોતે જ કૃપા કરીને તેમની સાથે મિલાપ કરાવ્યો.[1] (૧)

સાધુની સંગતમાં તમારું અમૃત-નામ જપતાં જ બધાં વેર-વિરોધ અને ઈર્ષ્યા-અદેખાઈ ટળી ગયાં, તથા હું સૌની ચરણ-રજ જેવો (નમ્ર) બની રહ્યો. (૨)

---

૧. પહેલી કડી પ્રભુને જ લાગુ પાડીને આવો અર્થ પણ લેવાય — 'હે પ્રભુ, તમને શરણું લેવા જોગ જાણીને તમારે શરણે આવ્યો; કૃપા કરીને તમે તમારી સાથે મને મેળવી લીધો.' —**સંપા૦**

ગુરુદેવ સુપ્રસન્ન થતાં, દાસની સેવા પૂર્ણ – સફળ થઈ! (૩)

રામનામ (ગુરુને મુખે) સાંભળીને જીભે રટ્યા કરતાં જ, ઇંદ્રિયોની બધી આળ–જાળ તેમ જ વિકારો દૂર થઈ ગયાં. (૪)

પ્રભુએ કૃપા કરીને મારા પ્રત્યે દયા ધારણ કરી; નાનક કહે છે કે મારો બેડો પાર પડી ગયો! (૫)

અને આમ સદ્‌ગુરુને શરણે આવેલાને શી બીક, શી ફિકર ? –

'મટ્યું વેર, થયો ચરણની ધૂળ,
સાધુસંગ ગાયા અમૃત–ગુણ.'

જે બધાની ચરણરજ જેવો નમ્ર બન્યો, તેનો વેરી કોણ ? પછી સાધુસંગ સેવી અમૃતનામ લેવા માંડ્યું. હવે નિર્ભય થઈને તે ગાય છે –

'પ્રસન્ન થયા મુજ પર ગુરુદેવ,
પૂરણ થઈ સેવકની સેવ.'

૨૪ – ૫

प्रभकी उसतति करहु संत मीत ।
सावधान एकागर चीत ॥१॥
'सुखमनी' सहज गोबिंद गुन नाम ।
जिसु मनि बसै सु होत निधान ॥२॥
सरब इछा ताकी पूरन होइ ।
प्रधान पुरखु प्रगटु सभ लोइ ॥३॥
सभते ऊच पाए असथानु ।
बहुरि न होवै आवन जानु ॥४॥
हरि धनु खाटि चलै जनु सोइ ।
नानक जिसहि परापति होइ ॥५॥

શબ્દાર્થ

[उसतति = સ્તુતિ. एकागर = એકાગ્ર. बहुरि = ફરી વાર. आवन जानु = આવાગમન; જન્મ-મરણના ફેરા. खाटि चलै = કમાઈ જાય.]

૨૪ – ૫

હે સંત-મિત્રો, પ્રભુની સ્તુતિ સાવધાન થઈને, એકાગ્ર ચિત્તે કરો. (૧)

આ 'સુખમની' સહજ સુખરૂપ એવા ગોવિંદના ગુણ અને નામરૂપ છે;[૧] એ જેના મનમાં વસે, તે (ગુણ તથા સુખનો) ભંડાર બની રહે. (૨)

તેની બધી ઇચ્છાઓ પૂરી થાય, અને સકલ લોકમાં તે મુખિયો થઈને જાણીતો થાય; (૩)

સૌથી ઊંચું એવું સ્થાન તે પામે; અને ફરી પાછું તેને (જન્મ-મરણના ફેરામાં) આવવા-જવાનું ન રહે. (૪)

નાનક કહે છે કે, એ 'સુખમની' જેને પ્રાપ્ત થાય, તે માણસ હરિધન કમાઈને જ વિદાય થાય. (૫)

આ બધું ગાન ગુરુએ એ જ ગોવિંદનાં ગુણગાન કરવાને માટે ગાયું છે : સુખમનીનો એ જ ઉદ્દેશ છે —

'સુખમની સહજ ગોવિંદ ગુણ નામ.'

૨૪ – ૬

खेम सांति रिधि नव निधि ।

बुधि गिआनु सरब तह सिधि ॥१॥

---

૧. 'સુખમની' શબ્દના જુદા જુદા અર્થ લઈને આ કડીના આવા અર્થ પણ થઈ શકે —

'ગોવિંદના ગુણ અને નામ મનને સહજ સુખ આપનાર છે.'

અથવા, 'ગોવિંદના ગુણ અને નામ સહેજે સુખના મણિરૂપ છે.' (પારસમણિની જેમ સુખ-મણિ.) —**સંપા૦**

बिदिआ तपु जोगु प्रभ धिआनु ।
गिआनु स्रेसट ऊतम इसनानु ॥२॥
चारि पदारथ कमल प्रगास ।
सभकै मधि सगलते उदास ॥३॥
सुंदरु चतुरु ततका बेता ।
समदरसी एक द्रसटेता ॥४॥
इह फल तिसु जनकै मुखि भने ।
गुर नानक नाम बचन मनि सुने ॥५॥

શબ્દાર્થ

[स्रेसट = શ્રેષ્ઠ. इसनानु = સ્નાન. चारि पदारथ = ચાર પુરુષાર્થ (ધર્મ-અર્થ-કામ-મોક્ષ). उदास = નિર્લેપ. तत = તત્ત્વ. बेता = વેત્તા – જાણકાર. मुखि भने = મુખે પાઠ કરે.]

૨૪ – ૬

ક્ષેમકુશળ, શાંતિ, રિદ્ધિ–સમૃદ્ધિ, નવે ભંડાર, બુદ્ધિ, જ્ઞાન, સર્વ પ્રકારની સિદ્ધિઓ,— (૧)

વિદ્યા, તપ, યોગ, પ્રભુ–ધ્યાન, શ્રેષ્ઠ પ્રભુ-જ્ઞાન, ઉત્તમ તીર્થ-સ્નાન, — (૨)

ચારે પુરુષાર્થ, કમળનું ખીલવું,[1] બધાની વચ્ચે રહેવા છતાં નિર્લેપતા,— (૩)

સૌંદર્ય, ચતુરતા, તત્ત્વનું જ્ઞાન, સમદર્શીપણું, બધામાં એક પરમાત્માને જ જોવાપણું,— (૪)

---

૧. યોગવિદ્યામાં એમ માન્યું છે કે, સંસારી – બદ્ધ અવસ્થામાં હૃદય-કમળ સંકોચાઈ નીચું નમી ગયું હોય છે; સાક્ષાત્કારની અવસ્થાએ તે કમળ ખીલેલું તથા ઊંચા મોંવાળું થયું હોય છે. —સંપા૦

નાનક કહે છે કે, 'સુખમની'નો મોંએ પાઠ કરનાર અને તેમાં ગુરુએ કહેલાં વચન અને પ્રભુ-નામ દિલથી સાંભળનારને એ ફળ પ્રાપ્ત થાય.[1] (૫)

૨૪ – ૭

इहु निधानु जपै मनि कोइ ।
सभ जुग महि ताकी गति होइ ॥१॥
गुण गोबिंद नाम धुनि बाणी ।
सिमृति सासत्र बेद बखाणी ॥२॥
सगल मतांत केवल हरि नाम ।
गोबिंद भगतकै मनि बिस्राम ॥३॥
कोटि अप्राध साध संगि मिटै ।
संत कृपाते जमते छुटै ॥४॥
जाकै मसतकि करम प्रभि पाए ।
साध सरणि नानक ते आए ॥५॥

શબ્દાર્થ

[निधानु = ભંડાર (પ્રભુની સ્તુતિનો). मतांत = મત-વાદોનો છેડો – રહસ્ય. मसतकि = લલાટે.]

૨૪ – ૭

'સુખમની'-રૂપ આ ભક્તિ-ભંડાર મનથી જે જપે,

૧. પાંચમા શ્લોકમાં 'સુખમની'નો સીધો ઉલ્લેખ નથી. પણ આજુબાજુના સંદર્ભમાં એનો જ ઉલ્લેખ સમજવો ઉચિત છે. બાકી તો, 'મનથી જે નામ ને ગુરુનાં વચન સાંભળે ને મુખે જપે, તે આ ફળ પામે,' –એવો સીધો અર્થ પણ લઈ શકાય. —સંપા૦

આખા (આ કલિ-)યુગમાં[1] તેનો ઉદ્ધાર (જરૂર) થવાનો. (૧)

સ્મૃતિઓ, શાસ્ત્રો અને વેદોએ વખાણેલી અને પ્રમાણેલી એવી ગોવિંદના ગુણ અને નામ-ધૂન રૂપી વાણી જ આ ગ્રંથમાં છે. (૨)

બધા મત-મતાંતરનો છેડો કેવળ હરિ-નામ છે. ગોવિંદ પ્રભુનું નામ ભક્ત-જનોના મનમાં વસેલું છે.[2] (૩)

સાધુની સંગતમાં કોટી અપરાધ ધોવાઈ જાય; સંતની કૃપાથી જમના હાથમાંથી પણ છૂટે. (૪)

જેના લલાટે પ્રભુએ એવું નસીબ લખ્યું હોય, તે માણસ જ સાધુ પુરુષને શરણે આવે. (૫)

આ બધું ગાન ગુરુએ એ જ ગોવિંદનાં ગુણગાન કરવાને માટે ગાયું છે: આ સુખમનીનો એ જ ઉદ્દેશ છે. હવે અંતે ગુરુ એની ફલશ્રુતિ કહેવા લાગ્યા છે —

'તેનો જપ કરનારનો આખા કલિયુગમાં પણ જરૂર ઉદ્ધાર થાય. (૨૪-૭) ૪૦.

અને છેલ્લા આઠમા પદમાં તો કહી જ દે છે —

" સૌમાં ઊંચ તેની શોભા બની,
નાનક, એ ગુણ નામ સુખમની. "

---

૧. દિવસે દિવસે કલિયુગ પણ વધુ જામતો જવાનો: તે સ્થિતિમાં પણ – એવો ભાવ છે.

અથવા સીધો શબ્દાર્થ લઈએ કે, બધા યુગોમાં તેનો ઉદ્ધાર થાય, તો પછી 'સુખમની' ગ્રંથનો અધ્યાહાર ન લેતાં પ્રભુના નામને માટે જ આ ઉલ્લેખ સમજવો.

૨. અથવા 'ગોવિંદ પ્રભુ ભક્તજનોના મનનો વિશ્રામ છે' – એવો અર્થ પણ થાય. —**સંપા૦**

— અને એમાં અતિશયોક્તિ છે? ખરેખર, જેના મનમાં શીખ ધર્મનો આ પ્રપત્તિમંત્ર ઠરે, તે નિહાલ જ થાય.

૨૪ – ૮

जिसु मनि बसै सुनै लाइ प्रीति ।
तिसु जन आवै हरि प्रभु चीति ॥१॥
जनम मरन ताका दूखु निवारै ।
दुलभ देह ततकाल उधारै ॥२॥
निरमल सोभा अंमृत ताकी बानी ।
एकु नामु मन माही समानी ॥३॥
दूख रोग बिनसै भै भरम ।
साध नाम निरमल ताके करम ॥४॥
सभते ऊच ताकी सोभा बनी ।
नानक इह गुणि नामु सुखमनी ॥५॥

શબ્દાર્થ

[भै = ભય. भरम = ભ્રમ. करम = કર્મ – કૃત્ય.]

૨૪ – ૮

(આ 'સુખમની'ને) જે પ્રીતિપૂર્વક સાંભળે, અને જેના મનમાં તે વસે – સ્થિર થાય, — (૧)

તેનાં જન્મ-મરણનાં દુઃખનું નિવારણ થઈ જાય; અને તેના આ દુર્લભ મનુષ્ય-દેહનો તત્કાળ ઉદ્ધાર થાય. (૨)

તેની શોભા – કીર્તિ નિર્મળ બની રહે, અને તેની વાણી અમૃતમય બની જાય; (કારણ) તેના મનમાં એક પ્રભુના નામની ધૂન જ સમાઈ રહે. (૩)

તેનાં દુઃખ, રોગ, ભય, ભ્રમ બધું વિનાશ પામે; 'સાધુ-સંત' તરીકે તેનું નામ થાય; અને તેનાં કર્મ પણ (તેને અનુ-રૂપ) નિર્મળ જ બને. (૪)

તેનાં યશ–પ્રતિષ્ઠા સૌથી ઉચ્ચ બની રહે. નાનક કહે છે કે, આ ગુણ હોવાથી જ આ ભક્તિ-પદોનું નામ 'સુખમની' છે.[1] (૫)

---

૧. 'સુખમની'·નામની રચનાના આ ગુણ છે. –એવો અર્થ પણ થાય. —સંપા૦

પરિશિષ્ટ – ૧

શીખ ઉદ્બોધનની વિશિષ્ટતા

આપણે જોયું કે, શીખભક્તિમાં ત્યાગ પર નહિ પણ પ્રપન્ન જીવન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આથી શીખધર્મ સંન્યાસને, અથવા જોઈએ તો કોઈ પણ આચારપ્રધાન ધર્મવસ્તુને, હિંદના મૂળધર્મમાં જે સ્થાન અપાયું છે તે નથી આપતો. એ રીતે જ એ હિંદુધર્મમાં નવો સુધારો છે, જેમ બૌદ્ધ કે જૈન ધર્મ હતા. છતાં મૂળમાં એ હિંદુધર્મની જ એક આવૃત્તિ છે એમ આ 'સુખમની' વાંચીને પણ વાચક જોઈ શકશે. આપણે જાણીએ છીએ કે, ગુરુ નાનકની આગળ ઇસ્લામી અને હિંદુ એ બે સંસ્કૃતિઓનો સમન્વય કરવાનું કામ હતું. તેમણે જોયું કે સાચો મુસલમાન કે સાચો હિંદુ કોઈ જ દેખાતો નથી — બધા બાહ્ય આચારમાં સાચા ધર્મને ગૂંગળાવી રહ્યા છે. એટલે એમણે બેઉને ઉદ્દેશીને પોતાનો ઉપદેશ આપવા માંડ્યો. એક ઈશ્વર છે, એ જ સમર્થ, સર્વનો દાતા, કર્તાહર્તા છે; અને એની આગળ,

'नानक उतमु नीचु न कोइ' (जपजी : ३३)

નાતજાતની ઊંચનીચતા, બ્રાહ્મણોનું અભિમાન, ચોકાધર્મ — આ બધું સ્વાભાવિક રીતે જ વખોડી કઢાયું. એટલે સુધી કે, ગુરુ નાનકના જીવનમાં માંસાહાર વિષે એક પ્રસંગ છે, જેની દલીલ આપણને જરા વિચિત્ર લાગે એવી છે, છતાં પ્રસ્તુત બાબતમાં જોવા જેવી છે. એક વાર એમને બ્રાહ્મણો પૂછે છે, "તમે માંસ ખાઓ છો !" ગુરુ નાનક એનો ઉત્તર દે છે,* "માંસમાંથી ઊપજ્યા છીએ, ને માંસમાં

---

* સરખાવો સ્વામી વિવેકાનંદનો વિલાયતથી કેટલાક મિત્રોને જવાબ — પોતાના ત્યાંના માંસાહાર વિષે.

રહીએ છીએ એ નથી જોતા ? ભક્ષ્યાભક્ષ્યનો ઝઘડો કરે પણ ઈશ્વરને ન જાણે તે મૂર્ખ છે. અને તમારાં (યજ્ઞનાં) બલિદાન તો જુઓ ! પુરાણ તથા કુરાનમાં માંસ વિહિત છે. ચારે જુગમાં તે ખવાતું !" તે વખતની ચોકાધર્મની જડતા તથા ઇસ્લામની માંસાહારની છૂટ જોતાં જ આપણને આ બચાવ ક્ષમ્ય લાગશે.

શીખધર્મના આ બધા ફેરફારો ઇસ્લામ-માન્ય થાય એવા હતા: એકેશ્વરવાદ, સૌની સમાનતા, આભડછેટનો ત્યાગ. બે જ વસ્તુ શીખગુરુઓની નવી હતી જે ઇસ્લામને ન માન્ય થાય: (૧) બધા જ ધર્મગ્રંથોની જેમ કુરાન પણ મનુષ્યકૃતિ છે; (૨) પેગંબરની અદ્વિતીયતા નથી. અને ગુરુ અર્જુને નવો ગ્રંથ ઊભો કર્યો એ વિરોધની નવી વસ્તુ થઈ. પણ હિંદુઓના આચારધર્મનો તો તેમાં જ્યાં ત્યાં વિરોધ હતો. જો કે, શીખ ધર્મસિદ્ધાંતો તેમની માન્યતાને આઘાતક નહોતા, કેમકે તે બધાને હિંદુધર્મમાં સ્થાન હતું ને છે. આમ છતાં, એ એક વિચારવા જેવી વસ્તુ છે કે, શીખધર્મને ઇસ્લામધર્મીઓનો જ ખૂબ વિરોધ સહવો પડ્યો અને ઇસ્લામીઓએ એને તોડી પાડવા બનતું કર્યું.

પણ એ ઐતિહાસિક વાત આપણે અહીં છોડવી જોઈએ. અને સંન્યાસ તથા ત્યાગનું શીખવિધાન તપાસવા તરફ વળવું જોઈએ. ઊંચનીચનો ભાવ તજવાની સાથે માણસ માણસ વચ્ચે સમાનદૃષ્ટિ આવી. સાથે જ ગુરુઓએ સ્ત્રીનું પણ ગૌરવ કર્યું. કોઈએ ગુરુ નાનક આગળ સ્ત્રીનિંદા કરી. તેને બોધ આપતાં ગુરુ કહે છે:—

"सो किउ मंदा आखीए
 जिउ जन्महि राजानु ?
भंडहु ही भंडु उपजे,
 भंडै वाझु न कोई."

"જેને પેટે રાજાઓ જન્મે તેને કેમ મંદ કહીએ ? દેહમાંથી દેહ ઊપજે છે; દેહ વિના ઊપજેલું કોઈ છે ?" આ બોધમાંથી જ આગળ ત્રીજા ગુરુ અમરદાસે (૧૪૭૯–૧૫૭૪) સતીનો કુચાલ બંધ કરાવ્યો. તેમણે કહ્યું —

सतीआ एहि न आखीअनि
    जो मरिआ लगि जलंनि ।
नानक सतीआ जाणिअनि,
    जि बिरहे चोट मरंनि ॥
भी सो सतीआ जाणिअनि,
    शील संतोखी रहंनि ।
सेवनि सांई आपणा
    नीत उठी संमालंनि ॥
कंता नालि महेलीआ
    सेती अगि जलाहि,
जे जाणहि पिरु आपणा
    ता तनि दुख सहाहि;
नानक कंत न जाणनि,
    से किउ अगि जलाहि.

(પતિ સાથે બળી મરે તે સતી નથી. વિરહદુઃખની ચોટથી જ મરી જાય તે સતી. અથવા પતિ ગયા પછી જે શીલસંતોષથી તેને સ્મરતી પ્રભુસ્મરણમાં દિવસ કાઢે તે પણ સતી. સ્ત્રીને મૃત પતિ સાથે બાળવામાં આવે છે એ કેવી અબુદ્ધિની વાત છે! જે સ્ત્રીને મન એમ છે કે મારો પતિ ગયો છે, તે તો જનમ આખો તેનું દુઃખ કરશે જ. જેને મન એમ નથી તેને બાળવાથી શું વધારે છે ?)

આ જ ગુરુ પડદાની પ્રથાના પણ વિરોધી હતા અને એની સામે ઉપદેશ આપતા.

સ્ત્રીની સાથે કુટુંબજીવનનું પણ ગૌરવ વધે એ સ્વાભાવિક છે. બધા ગુરુઓ કુટુંબી હતા. ગુરુ નાનક ફકીરવેશે ફરતા, છતાં રૂઢિ અનુસાર એમણે ક્યારે પણ સંન્યાસ લીધો નથી. પોતાના ભ્રમણમાં એક વખત ગુરુ નાનકને કોઈ સંન્યાસીએ પૂછ્યું : 'ઉદાસ એટલે શું ?' ગુરુએ જવાબ આપ્યો, "પોતાની માલિકીની નહિ પણ ઈશ્વરી સમજી દુનિયાની બધી વસ્તુનો ઉપયોગ કરવો અને ઈશ્વરને મેળવવાની સતત આકાંક્ષા રાખવી એટલે ઉદાસ." પ્રો. તેજાસિંગ કહે છે, "પોતાના વિચારોનો પદાર્થપાઠ આપવા માટે, ગુરુ નાનકે પોતાના જીવનનો જ દાખલો બેસાડવા, પોતે દુનિયામાં રહી પવિત્ર જીવન ગાળ્યું. જુવાનીમાં એ સરકારી સ્ટોર–કીપર હતા, અને એ કામ એમણે પૂરી પ્રામાણિકતાથી કર્યું. સાથે જ એ પૂરા ગૃહસ્થ હતા... છેવટે, મુસાફરીમાં કેટલાંય વર્ષો ગાળ્યા પછી કરતારપુરમાં તે એક ખેડૂત બનીને રહ્યા."

સાદું, સંયમી ને સદાચરણી, મહેનતુ જીવન એ શીખ આદર્શ છે. ગુરુને ચરણે ભેટ ધરવી એ તેમને વિહિત દાનયજ્ઞ છે. ગુરુઓ આ ભેટનો ઉપયોગ 'ગુરુકા લંગરખાના'—એક મોટું અન્નક્ષેત્ર—ચલાવવામાં કરતા, જેમાં નાતજાત કે ધર્મના બાધ વિના બધા જ લોકને રાંધેલું અન્ન મળી શકે.

આમ છતાં, શીખધર્મ સંન્યાસ વિના નથી રહી શક્યો. કદાચ હિંદની ભૂમિ પર જન્મેલા ધર્મને માટે એ અશક્ય હોય. ગુરુ નાનકના પુત્ર શ્રીચંદે ગુરુપદ ન સ્વીકારતાં સંન્યાસ લીધો અને આજ આપણે જેને ઉદાસી પંથ તરીકે ઓળખીએ છીએ તેની સ્થાપના કરી. આ પંથીઓ પણ ગુરુ ગ્રંથને પૂજ્ય માને છે ને પ્રેમથી તેનો પાઠ કરે છે, અને શીખધર્મની એક શાખા તરીકે એ લેખાય છે.

પરિશિષ્ટ – ૨

સુખમનીની શ્રેષ્ઠતા

[અધ્યાપક ટી. એલ. વાસવાણી[૧]]

સુખમનીમાં ગુરુ અર્જુને પોતાનો અંતરાત્મા ઠાલવ્યો છે. ગુરુ અર્જુનને મેં ચાર રૂપે ચિંતવ્યા છે: વ્યવસ્થાપક તરીકે, કવિ તરીકે, એક સમન્વયના દ્રષ્ટા તરીકે તથા ધર્મના શહીદ તરીકે. અને એમના એ રૂપની ભવ્ય મહત્તા જોઈ હું મંત્રમુગ્ધ થયો છું. તે ૧૬ મા સૈકામાં થઈ ગયા. વીસમી સદીના આપણે 'વિજ્ઞાન' અને 'સંસ્કૃતિ'નું ઉચ્ચાભિમાન ગમે તેટલું કરીએ; પણ ગુરુ અર્જુનની આગળ આપણે વામનમાત્ર દેખાઈએ છીએ. તેમણે શીખોને એક જાતિ તરીકે સંગઠિત કર્યા; અમૃતસરનાં (બાકી રહેલાં) સરોવરો પૂરાં કર્યાં; રામદાસપુર શહેરને વિસ્તીર્ણ કર્યું; હરમંદિરની આયોજના કરી અને તરણતારણ શહેર સ્થાપ્યું;– બીજું એક શહેર સ્થાપવા માટે પણ તેમણે જમીન ખરીદી, જેનું નામ કરતારપુર પાડેલું. અને આવી આવી યોજનાઓ અમલમાં મૂકનારો આ પુરુષ કવિ–દ્રષ્ટા પણ હતો. તેમને એ સત્યનું દર્શન થયું કે, કુદરતની વિવિધ શક્તિઓમાં વાસ્તવિક રીતે જેમ એક જ શક્તિ રહેલી છે, (જેને હિંદુ ધર્મશાસ્ત્ર યોગ્ય નામ 'શક્તિ' જ આપે છે,) તેમ જગતના વિવિધ ધર્મોમાં પણ એક જ ધર્મ રહેલો છે. એક ઉચ્ચ ભૂમિકાએથી ગુરુ અર્જુનને હિંદુ ભક્તિ અને મુસ્લિમ સાધનાનો સુમેળ પ્રતીત થયો; અને તેથી, તે દિવસમાં વિરલ એવી હિંમત દાખવી, તેમણે હિંદુ સંતો અને મુસલમાન ફકીરોની

૧. In the Sikh Sanctuary — એ પુસ્તકમાંથી.

વાણી 'ગ્રંથસાહેબ'માં એકત્રિત કરી. તેને માટે તેમને ઘણું સહન કરવું પડ્યું : તે વખતની રાજસત્તાએ તેમને રિબાવીને મારી નાખ્યા. પરંતુ એમની દર્શનશ્રદ્ધા એક ક્ષણ પણ વિચલિત થઈ નહિ. તેમણે બાદશાહને સંભળાવી દીધું કે તેઓ ગ્રંથસાહેબમાં જરાસરખો પણ ફેરફાર ન કરી શકે. જો કરે, તો પછી તે સમન્વયનો — મનુષ્યમાત્રના બંધુત્વનો — જેને 'વિપ્રો વિવિધ રીતે વર્ણવે છે' એવા એક પરમાત્માનો ગ્રંથ ન રહે. પોતાના અંતરાત્માને બેવફા નીવડવા કરતાં તેમણે મોત પસંદ કર્યું. હિંમતભેર તેમણે બાદશાહને સંભળાવી દીધું : 'સત્યને અનુસરતાં આ ક્ષણભંગુર શરીરનો નાશ થાય, તો તેને હું મોટું અહોભાગ્ય માની ખુશી થઈશ.'

આ સંતપુરુષમાં કવિનો આત્મા હતો. તેમનાં પદો પરમ વિશ્વાત્માને—માનવસૃષ્ટિના પરમ ઐક્યને — કવિહૃદયે અર્પેલી અંજલીરૂપ છે.

સત્યને તારી ઉપાસના બનાવ,
શ્રદ્ધાને તારું આસન બનાવ.
તારું શરીર એ દેવસ્થાન છે,
તારો આત્મા એ પૂજારી છે,
અને પરમપુરુષોત્તમ એ તારો પંથ છે.
દરેકના હૃદયમાં તે રહેલો છે,
દરેક વસ્તુ તેનો 'પસારો' છે.

ગુરુનાં પદોમાં સુમધુર કાવ્યમય અને તાત્ત્વિક રહસ્યપૂર્ણ આવી ઘણી લીટીઓ આપણને ઠેર ઠેર મળી આવે છે. ગુરુ કહે છે કે, 'સુખમની' સંતોના હૃદયમાં રહેલું છે. અને ગુરુના હૃદયમાં 'સુખમની' હતું. તેમનું હૃદય પરમાત્માના સાન્નિધ્યથી નીપજતી શાંતિથી પરિપૂર્ણ હતું. સુખમની શબ્દનો અર્થ 'મનની શાંતિ અથવા પ્રસન્નતા' થાય છે. તેથી તેને હું 'શાંતિ — પ્રસન્નતાની ગાથા' કહું છું. ગુરુના

હૃદયની આ પ્રસન્નતા આ જગત પરના એમના અંતિમ થોડા દિવસોની વેદનાથી ડહોળાવાને બદલે ઊંડી બની હતી. રાજસત્તાએ તેમના શરીર ઉપર અવર્ણનીય અત્યાચારો કર્યા, ત્યારે ગુરુ જે ભાવનાથી તેની સામે ટકી રહ્યા, તે ભાવનાથી સહન કરનારાઓ જગતના ઇતિહાસમાં બહુ ઓછા છે. તેમને મતે એ ભાવના 'ગ્રંથસાહેબ'ના સારરૂપ હતી; અને તે તેમણે ત્રણ સુંદર શબ્દોમાં વ્યક્ત કરી છે: સત્ય, સંતોષ અને વિચાર. ગુરુ સત્યને વફાદાર રહ્યા; દુઃખો વખતે સંતોષ રાખી રહ્યા; અને શરીર ઉપરના નિર્ઘૃણ અત્યાચારોનો વિચારશસ્ત્રથી તેમણે સામનો કર્યો. એમ કહેવાય છે કે, રક્તકણો (Corpuscles) જે પ્રવાહીમાં તર્યા કરે છે, તેમાં લોહ હોય છે. એટલે કે આપણા લોહીમાં લોહ રહેલું છે. તેને લોહ વિના ન ચાલે — જીવન જ ન ટકી રહે. આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ એ વાત સાચી છે: ગુરુ અર્જુનના આત્મામાં લોહ હતું, તેથી તેમની જીવનજ્યોત જરાય ફરકી નહિ. ઈશ્વરની એવી મરજી દેખાય છે કે, હિંદુસ્તાનનું ભાવિ પાર પડે તે માટે તેના આત્મામાં આધ્યાત્મિક લોહ દાખલ થવું જોઈએ.

હવે હું 'સુખમની'ની કેટલીક વિશેષતાઓ ઉપર આવું. પ્રથમ તો તેમાં મૂઢાગ્રહ કે દાર્શનિક ચર્ચાઓ નથી. જીવનના પ્રશ્નો પરત્વે સુખમનીનું દૃષ્ટિબિંદુ તદ્દન વ્યવહારુ છે. દુનિયા ક્યારે ઘડવામાં આવી, સોયની અણી ઉપર કેટલા જીવાત્માઓ નાચી શકે? – આવી જાતના પ્રશ્નો વિજ્ઞાનયુગ પૂર્વેના ખ્રિસ્તી યુરોપના પંડિતોનું ધ્યાન ખેંચી રહ્યા હતા. ગુરુ આવા પ્રશ્નોને ધાર્મિક જીવન સાથે કશા સંબંધ વિનાના ગણીને તેમના તરફ દુર્લક્ષ્ય કરે છે. હું કહું કે, ધર્મની પ્રાણરૂપ બાબતો ઉપરના લક્ષને જેટલે અંશે આવા પ્રશ્નો વિચલિત કરે છે, તેટલે અંશે તેઓ આધ્યાત્મિક જીવનના વિકાસને હાનિકર્તા છે. 'સુખમની' તો જીવનકળાનું શાસ્ત્ર છે.

મારા પર અસર કરતી બીજી બાબત તે 'સુખમની'માંથી નીકળતો પરમાત્મા પ્રત્યેની ભક્તિનો સૂર છે; અને ત્રીજી બાબત તે ગુરુના સાન્નિધ્યનું વાતાવરણ. દરેક પદ 'નાનક કહે છે' એ વાક્યથી જ પૂરું થાય છે. ગુરુ અર્જુન પોતાની જાતને પ્રથમ ગુરુ નાનકમાં સમાવી દે છે. અને તેથી જેમ જેમ હું 'સુખમની'નાં પદો વાંચતો જાઉં છું, તેમ તેમ મને વધુ ને વધુ લાગતું જાય છે કે 'સુખમની' એ ઊંડા આધ્યાત્મિક અર્થમાં ગુરુ નાનકની જ વાણી છે. ગુરુ નાનકનું એક ચિત્ર છે;– હું માનું છું કે તે કોઈ ભક્તહૃદય શીખનું ચીતરેલું છે. તેમાં એમ છે કે, ગુરુ નાનક એક વિશાળ વૃક્ષ નીચે બેઠેલા છે; એક બાજુ મરદાના છે અને બીજી બાજુ બાલો છે; ગુરુ પોતે ઊંડા ચિંતનમાં મગ્ન છે. આવા જ વૃક્ષ નીચે બેસીને ગુરુ અર્જુને 'સુખમની' લખાવી હતી. અને 'સુખમની'નાં પદો વાંચતાં વાંચતાં મને કેટલીય વાર લાગ્યું છે કે, જાણે અનંત જીવનાદર્શ પ્રભુ, નાનકના શિષ્યોની પેઠે, જીવાત્માને જીવનવૃક્ષ નીચે બેસવા બોલાવી રહ્યા છે.

ઉપર જણાવ્યું તેમ 'સુખમની'નો સંદેશો વ્યવહારુ છે. તે શાં અને શાંતિમાર્ગનું ગાન ગાય છે. તેનો માર્ગ સંન્યાસી ઉદાસીનતાનો નિષેધાત્મક નથી. આ જીવન મારફતે જ આપણે શાંતિ મેળવવાની છે. એક સુંદર પદમાં ગુરુએ 'સુખમની'માં કહ્યું છે : "આપણે અહીં 'વખર' એકઠી કરવા આવ્યા છીએ." વખર એટલે માલ, વેપારી માલ; અને એનો સૂચિતાર્થ જીવનનું રહસ્ય એવો છે. જીવનને ઘણી વાર મુસાફરી કે ભવસાગરમાં પર્યટન કહેવામાં આવે છે. પરંતુ ઉપરની કલ્પના મને તેના કરતાંય વધુ ભાવાવહ લાગે છે. આપણે આ જીવનમાં વેપાર કરવા, વખર ભેગી કરવા આવેલા સોદાગર છીએ; તેમાંથી ભાગી જવા કે ઉપરતિપૂર્વક તેને તુચ્છકારવા નહિ, પણ દેશકાળની માયામાંથી આપણને પોતા તરફ બોલાવતા અનંત વિભુ સાથે અમુક સોદા કરી લેવા આવ્યા છીએ. આપણે

સોદાગર છીએ. આપણો ધંધો સમૃદ્ધ બનવાનો છે. જીવન એટલે પુષ્ટિ, તુષ્ટિ – સમૃદ્ધિ. વિશ્વહૃદયમાંથી આપણે આ પાર્થિવ ક્ષેત્રમાં અનુભવ એકઠો કરવા – આપણી જાતને સમૃદ્ધ કરવા આવ્યા છીએ.

વર્ષો અગાઉ જ્યારે હું મેટ્રિકની પરીક્ષામાં પાસ થયો, ત્યારે મેં કૉલેજમાં જોડાવાનો વિચાર કર્યો. તે વખતે મારા જન્મસ્થળમાં કૉલેજ ન હતી. એટલે મારે મારી માતાથી છૂટા પડી બીજે ઠેકાણે જવાનું હતું. મારી માતાની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. થોડો વખત તો તેણે મને જવા જ ન દીધો. પછી ધીરજ એકઠી કરીને મને કહ્યું : 'જા, અને જ્ઞાનભંડારથી સમૃદ્ધ થઈને મારી પાસે પાછો આવજે.' જે વિશ્વમાતૃહૃદયમાંથી આપણે આવ્યા છીએ, તેણે પણ આપણને એમ જ અનુભવ એકઠો કરી, સમૃદ્ધ થઈ, તેની પાસે પાછા જવા મોકલ્યા છે. જીવન એ કમાણી છે : આપણે અહીં વખર એકઠી કરવા આવ્યા છીએ.

આ વખર સાધના વિના નથી મળતી. જીવાત્મા જ્યારે જીવનનાં કર્તવ્યો અદા કરે છે, ત્યારે જ સમૃદ્ધ થાય છે. અહીં શ્રીકૃષ્ણનો મહાન ઉપદેશ યાદ કરવા જેવો છે : 'કર્તવ્યકર્મ કર.' ઉપનિષદના ઋષિઓની જેમ ગુરુઓ માનતા કે આ જગતનો કાંઈક હેતુ છે. 'ગ્રંથસાહેબ'માં આપણે વારંવાર વાંચીએ છીએ કે, 'તેનું નામ સત્ છે,' 'તે છૂપો છતાં પ્રગટ છે ને પોતાનું ખેતર સાચવે છે.' સાચે જ, તે પોતાનાં બાળકો ઉપર ખેતરમાં નજર રાખી રહ્યો છે. કોઈ પોતાની નિયત જગા ન છોડે એમ તે ઇચ્છે છે. બીજી જગાએ 'ગ્રંથસાહેબ'માં કહ્યું છે : 'જેણે આ જગત સર્જ્યું છે, તેણે જ માણસનું આવવું-જવું પણ સર્જ્યું છે;' — જેથી માણસો જીવનની શાળામાં કેળવાય અને દુઃખોથી તવાઈને તેના દરબારમાં ઝળહળે.

જીવનની શાળામાં આપણને ત્રણ પાઠ શીખવા મળે છે. પહેલો પાઠ આત્મનિગ્રહનો મળે છે. છોકરાએ નિશાળમાં જઈ જ્ઞાન મેળવવું

હોય, તો તેણે આત્મનિગ્રહ શીખવો જ રહ્યો. એકાગ્રતા એ એક પ્રકારનો આત્મનિગ્રહ જ છે. પછી છોકરો મોટો થઈ માણસ બને છે. હવે તેણે તેની પત્નીનો વિચાર કરવો રહ્યો. ધીમે ધીમે તે શીખે છે કે લગ્ન એ મોજ માટે નથી, પણ તે તો સાધના છે. ત્યારે જે સ્વાર્થી વાસનાઓ જાગે છે તે બધી માણવાની નહિ પણ દબાવતા જવાની હોય છે. મોટામાં મોટો પાઠ તો એ શિખાય છે કે જીવન એટલે સેવા છે. પતિ હવે કુટુંબનો પિતા થાય છે. બાળ માંદું પડે છે; માતાપિતાએ રાત ઉપર રાત જાગીને તેની શુશ્રૂષા કરવી જોઈએ— પોતાના પ્રિય બાળકને કારણે તપવું જોઈએ. બાળકે પણ મોટા થયા બાદ, પોતાનાં વૃદ્ધ માતાપિતા માટે ઘણી વસ્તુઓ તજવી ઘટે છે. આમ જીવનનો એક મોટામાં મોટો પાઠ તો એ શિખાય છે કે, જીવનની બક્ષિસોમાં બીજાનો પણ ભાગ છે : આદર્શની વેદિ ઉપર તેમની આહુતિ અર્પવાની છે....

આમ સાધના એ મનુષ્યની કેળવણી અને વિકાસની પ્રથમ રીત છે. 'સુખમની'માં બીજી એક રીત પણ બતાવવામાં આવી છે: સાધુસંગ–સત્સંગ. સાધુ કોને કહેવો એ પ્રશ્નનો જવાબ સુખમનીએ કેટલાંક સુંદર પદોમાં આપ્યો છે......

આજના નવજુવાનો દલીલ કરે છે, બુદ્ધિ અને ધર્મનો મેળ ખાતો નથી. તેમને ગુરુ કહે છે: વિચાર તો કરો જ; પણ તે સાધુ પુરુષની સોબતમાં. ધર્મ બુદ્ધિવિરોધી નથી; અને 'સુખમની'માં તો ધાર્મિક જીવનમાં વિચાર-મનનના મહત્ત્વ વિષે અપ્રતિમ સૌંદર્યથી ભરેલાં અનેક પદો છે. ચિંતન-મનન વિનાનો ધર્મ વહેમ થઈ જાય. માટે વિચાર તો કરવો જ જોઈએ. પરંતુ ગુરુ કહે છે તેમ, તે આપમેળે નહિ પણ પરમતત્ત્વ સાથે એકતાર બનેલા સાધુઓ – મહાપુરુષોની સોબતમાં. સત્યની શોધમાં મહાપુરુષોની પ્રેરણાની જરૂર છે. વાતાવરણની અસર વિચારને વિકસિત થવામાં બહુ મદદ કરે છે. સાધુપુરુષોની સોબતના વાતાવરણમાં ચિંતનક્રિયાને મદદ મળે છે.

તેનાથી ચિત્તની વધુ મહત્ત્વની, પણ જાગ્રત ભૂમિકાથી પર રહેતી એવી ઉચ્ચ ભૂમિકા ઉત્તેજિત થાય છે અને આપણે વધુ સારી રીતે વિચાર કરી શકીએ છીએ. 'સુખમની'માં કહ્યા પ્રમાણે સાધુની સંગતમાં માણસના હૃદયમાં જ્ઞાન પ્રગટે છે.

'સુખમની'માં કેળવણીની એક ત્રીજી પદ્ધતિનો પણ ઉલ્લેખ છે. તેને હું 'અંતરંગ સાધન' એવું નામ આપું. 'સુખમની' ધ્યાન-મહિમા વારંવાર ગાય છે. પરમાત્મા દૂર નથી, પણ અંદર છે,–હૃદયગૃહમાં તેની કળા વિલસી રહી છે. આપણે તેને જોઈ શકતા નથી તે એ કારણે કે, 'પ્રિયતમ જાગે છે ત્યારે આપણે ઊંઘીએ છીએ.' અને થોડાઘણા જાગીએ છીએ ત્યારે પણ આપણે હંમેશ ઘરમાં રહેલી નિત્ય વસ્તુને શોધવા – આર્થર રાજાના પેલા વીરોની જેમ – બહાર ફાંફાં મારીએ છીએ. બાકી પ્રીતમ તો ક્યારનો આપણા હૃદયમંદિરમાં વિના આમંત્રણે આવીને બેઠો છે, અને આપણને તેની ઉપાસના કરવાનું શીખવવા માટે તેણે ત્યાં અવાવરુ પડેલા જીવનદીપને ક્યારનો પ્રગટાવી રાખ્યો છે. પણ આપણે તો તેને શોધવા બહાર જ હવાતિયાં માર્યા કરીએ છીએ.

ધ્યાનમાર્ગની આ બાબતમાં 'સુખમની'એ બે વસ્તુઓ ઉપર ભાર મૂક્યો છે : પહેલી તે ઈશ્વરનું નામસ્મરણ. નામનું સ્મરણ કરવું એટલે તેના વાચ્યાર્થના ભાવનું ઉત્થાન કરી તેની સાથે જીવનૈક્યનો મેળ સાધવો. નામસ્મરણ ભાવપૂર્વક થવું જોઈએ. હૃદયમાં જો ભાવ ન હોય તો માત્ર નામોચ્ચાર આપણને જીવનાધારની નજીક નહિ લઈ જઈ શકે. ભાવ વગરનું સ્મરણ વૃથા છે. વધુ ઊંડા ઊતરીને જોઈએ તો ભાવ વિનાનું સ્મરણ એ આધ્યાત્મિક અશક્યતા જ છે. એવો કોણ છે જે તેનું 'નામધન' હૃદયમાં પ્રાપ્ત કરે છતાં પ્રેમથી દ્રવિત ન થાય ? – ઈશ્વરનાં ચરણકમળનાં દર્શન કરે અને છતાં ભક્તિપૂર્વક તેમને નમન ન કરે ?

ગ્રંથ સાહેબનાં કેટલાંય પદોમાં પરમાત્મા પ્રત્યેના પ્રેમનું હૃદયદ્રાવક ગાન છે :

‘જોડેલે હાથે નાનક તારા દરબારમાં આવ્યો છે; હે પ્રીતમ ! તેને મુક્તિ આપ. પાણીવિહોણું માછલું તારા વિના કેમ જીવશે ? હરણ પારધીનું ગાન સાંભળવામાં બાણુની પણ પરવા નથી કરતું અને પ્રાણ પાથરી દે છે.

‘મારી આંખો બંધ જ નથી થતી; પ્રીતમના પ્રેમમાં વિહ્વળ હું રાતદિન એનાં જ દર્શન ઝંખું છું. હે રાત્રી ! તું પ્રિયતમના મારા પ્રેમ જેટલી લાંબી થા ! અને હે નિદ્રા ! તું ટૂંકી થા, જેથી હું સતત તેના ચરણને સ્પર્શી શકું.

‘મારાં તન મન પ્રીતમને ઝંખી રહ્યાં છે; તેને જોયા વિના મને કેમ કરીને કળ વળશે ? તેના વિના એક ક્ષણ પણ હું નથી રહી શકતી. ચાતકની જેમ હું તેને માટે તલસું છું.

‘હું તે મનમોહનની શોધમાં રખડું છું. મારી આંખો તેના રંગે રંગાઈ ગઈ છે,—એ જ તેમાં વસ્યો છે; પછી એક ક્ષણ પણ તે ક્યાંથી જંપે ? તેના વિના એક ક્ષણ દિવસ જેટલી લાંબી લાગે છે; અને રુદન કરતાં હું હાથ ઘસ્યા કરું છું.’

પ્રીતમ માટે આવો ઉત્કટ પ્રેમ ગુરુઓમાં હતો. ‘સુખમની’માં પદે પદે આવા પ્રેમનું ગાન ભરેલું છે. મારું હૃદય એ ગ્રંથમણિ સાથે બંધાયાને વર્ષો વીતી ગયાં છે. ઘૂંટણીએ ગબડતો બાળક હતો, ત્યારે મેં તેનું સાદું સંગીત સાંભળ્યું છે; જરા મોટો થતાં, પૂરું ન સમજવા છતાં, તેના ગાનથી હું વિચિત્ર રીતે હલમલ્યો છું : અને પુખ્ત વયે પહોંચ્યા પછી, અનેક વાર મને લાગ્યું છે કે, ભગવદ્ગીતા અને ‘સુખમની’ એ બે એવાં પુસ્તકો છે કે જેમને દરેક હિંદી નવયુવાને અવશ્ય ભણવાં જોઈએ. વ્યાપક રાષ્ટ્રભાવનાં પાઠ્યપુસ્તકો તરીકે એ બહુ સારું વાચન નીવડે. થોડાં વર્ષો અગાઉ સિંધના

કૉલેજ-વિદ્યાર્થીઓ માટે ધર્મવિષયક પાઠ્યપુસ્તક સૂચવવાનું મને કહેવામાં આવેલું, ત્યારે વસ્તુતઃ મેં હિંદી યુવાન માટેના મહા-ગ્રંથોમાંના એક તરીકે 'સુખમની'નો ઉલ્લેખ કર્યો પણ હતો. આ ગ્રંથનો સંદેશ સર્વ પ્રજાઓ માટે છે એમ હું માનું છું. સામ્રાજ્ય-વાદ અને સંકુચિત રાષ્ટ્રવાદને આધુનિક જગતે ઉચ્ચ સ્થાને ચડાવી માર્યા છે. દ્વેષ અને કલહની શ્રેયસ્કારિતાની શીખ વધવા લાગી છે. અને યુરોપમાં તો હિંસાને રાષ્ટ્રીય જીવનના કાયદા તરીકે ખુલ્લી રીતે જાહેર કરવામાં આવે છે; પરાર્થવૃત્તિ તો નબળા લોકોએ ફેલા-વેલી લાગણી છે, એમ બેશરમ કહેવાય છે. પ્રેમ, સ્વાર્પણ અને નમ્રતાને 'ચાંડાળ (ગુલામ) વૃત્તિ' તરીકે નિંદવામાં આવે છે. આજના પોતાને સુધરેલું માનાર જગતને આધ્યાત્મિક સંદેશાની અત્યંત જરૂર છે. એ સંદેશો 'સુખમની'માં છે. તેનો સંદેશો શાંતિનો છે, ગમે તેમ પણ કાર્યસિદ્ધિ અને ખુનામરકીનો નથી; આધ્યાત્મિક આદર્શવાદનો છે, ઉદ્દામ સામ્રાજ્યવાદનો નથી; સ્વાર્પણની ભાવનાનો છે, સ્વૈશ્વર્યનો નથી; બીજા માટે ઘસાનાર પ્રેમનો છે, બીજાનું પચાવી પાડનાર અને તેને ગુલામ બનાવવા તાકતી સત્તાનો નથી. આજ ભારતમાતાની વેદના અસીમ છે. તેવે વખતે હું હિંદુસ્તાનના યુવાનોને વીનવું છું કે, તેઓ તેની મુક્તિને માટે એવું આચરણ કરે અને સહન કરે કે જેથી 'અવિશ્વાસી' પાશ્ચાત્યોને ખાતરી થાય કે, ભારતવર્ષ હજુ મરી નથી ગયો — તેનાં બાળકોની શિરાઓમાં હજુ ઋષિઓનું જ્ઞાન અને ગુરુઓનું ગાન વહેતું છે.

પૂર્તિ

[**નોંધ** : પુસ્તક છપાતું હતું તે દરમિયાન અર્થ અને વિવરણમાં જે ઉમેરા તથા ફેરફારો કરવા જરૂરી લાગ્યા, તે અહીં અષ્ટપદીના ક્રમવાર નોંધ્યા છે.]

અષ્ટપદી – ૧

પદ ૧ : શ્લોક ૩ : '(માણસોએ) વેદ, પુરાણ, સ્મૃતિ – સૌ શોધીને (તપાસીને) પરમાત્મા (રામ)ના નામમય, અમૃતરૂપી અક્ષરવાળો એકાક્ષર મંત્ર ॐ તારવ્યો છે.'

અથવા : 'શુદ્ધ કે અમૃતમય અક્ષરવાળાં વેદ, પુરાણ અને સ્મૃતિ એ શાસ્ત્રો પરમાત્માના એક નામમાંથી જ પેદા થયેલાં છે,' એવો અર્થ પણ થઈ શકે.

શ્લોક ૪ : 'એ નામનો એક કણ પણ જે જીવ (હૃદયમાં) વસાવે, તેનો મહિમા ગણ્યો ગણાય નહિ (તેવો બની રહે),' એવો અર્થ પણ થઈ શકે.

પદ ૨ : રહાઉ : 'આ 'સુખમની'માં સુખદાયી અમૃત એવું પ્રભુનું નામ છે; સંતોના હૃદયને તે વિશ્રાંતિ રૂપ છે,'– એવો અર્થ પણ થઈ શકે.

પદ ૫ : શ્લોક ૨ : **परवान** નો અર્થ માન્ય, સ્વીકાર્ય એવો પણ થાય છે. એટલે આનો બીજો અર્થ આ પ્રમાણે પણ થાય – 'પ્રભુને સ્મરે તે માણસ પ્રભુના દરબારમાં માન્ય સ્વીકાર્ય બને છે; ....'

પદ ૮ : શ્લોક ૧ : 'હરિના સ્મરણ વડે જ જગતમાં ભક્તો પ્રગટ્યા છે (भगत प्रगटाए). – એવો અર્થ પણ થાય.

અષ્ટપદી – ૨

પદ ૧ : શ્લોક ૪ : पुनहचरन નો પ્રાયશ્ચિત્ત–પુરશ્ચરણ એવો અર્થ લઈ, આખાનો બીજો અર્થ આ પ્રમાણે કરાય – "અનેક પ્રાયશ્ચિત્ત કે પુરશ્ચરણ કરવાથી પણ ન તરી શકાય એવાં કરોડો પાપ હરિનું નામ ધોઈ કાઢે છે."

પદ ૨ : શ્લોક ૨ : 'લાખો અને કરોડો બંધન પડયાં હોય, તો પણ હરિનું નામ જપતાં જ નિસ્તાર પમાય.' – એવો અર્થ પણ થઈ શકે.

અથવા : 'લાખો અને કરોડો વડે પણ મન બંધાતું નથી – વિરમતું નથી (बंधु न परै)' –એવો અર્થ પણ લઈ શકાય.

પદ ૩ : શ્લોક ૪ : हउ શબ્દનો સામાન્ય અર્થ अहं–ભાવ એવો થાય છે. એટલે, '(જીવ) અહંભાવથી મેલો બનેલો છે, એ મેલ કદી ધોવાતો નથી; પરંતુ હરિનું નામ કરોડો પાપ ધોઈ આપે,'–એવો અર્થ આ કડીનો થાય. અનુવાદમાં हउ એટલે જીવ–અંતર–હૃદય એવો અર્થ લીધો છે.

અષ્ટપદી – ૪

પદ ૧ : શ્લોક ૩ : सुख सूध એમાં सूधને સુખનું વિશેષણ ગણી – શુદ્ધ–નિર્ભેળ સુખ એવો અર્થ કર્યો છે; પરંતુ सूध એટલે 'સાન–સમજ' એવો અર્થ લઈ શકાય. પછી આખા શ્લોકના આવા અર્થ વિકલ્પે થઈ શકે –

'બાલ્ય અવસ્થામાં તને ભાવતું દૂધ પૂરું પાડયું છે અને યુવાસ્થામાં ભોજન, (મનગમતાં) સુખ અને જ્ઞાન-સમજ પૂરાં પાડયાં છે.' અથવા : 'બાલ્ય અવસ્થામાં તને ભાવતું દૂધ તેમ જ (ક્રમાનુસાર) જુવાની અને (તેમાં ગમતાં) ભોજન તથા (દુઃખના) મિશ્રણ વિનાનાં સુખ પૂરાં પાડયાં છે.'

શ્લોક ૪ : अपिआउ શબ્દનો અર્થ ભોજન થાય છે. એ શ્લોકનો અર્થ આ પ્રમાણે વાંચવો —

'જ્યારે વૃદ્ધ થયો ત્યારે (તારી દેખરેખ રાખનારાં) સગાંસંબંધી (તને મળ્યાં છે), જેઓ બેઠાબેઠ ભોજન તને મોંમાં મૂકી આપે છે !'

પદ ૪ : શ્લોક ૨ : 'છોડી જનારાં' તે વિષયભોગો અથવા ભૌતિક પદાર્થો, શરીર વગેરે; 'અવશ્ય થનારું' તે જેમ કે મૃત્યુ. તેને दूर परानै = દૂર સમજે છે.

પદ ૫ : શ્લોક ૧ : लोकपचारा – સંસ્કૃત लोकोपचार। દેખાડ ખાતર બાહ્ય રીતે આચરાતો શિષ્ટાચાર અર્થાત્ છેતરામણી.

પદ ૮ : શ્લોક ૨ : रासि નો અર્થ મિલકત–મૂડી એવો થાય છે. એટલે 'અમારા જીવ અને પિંડ તમારી જ મિલકત છે'– એવો અર્થ સમજવો.

શ્લોક ૪ : तुमते होइ सु आगिआकारी – એ ચરણનો એવો અર્થ પણ લેવાય કે, 'તમારી જે આજ્ઞા થાય, તે માથે ચડાવે છે.'

મેકોલીફ એવું નોંધે છે કે, આ આઠમું પદ, શીખો જ્યારે ગ્રંથસાહેબને પ્રકાશ કરે (ખોલે), ત્યારે હંમેશ બોલી જાય છે.

અષ્ટપદી – ૫

પદ ૩ : શ્લોક ૧ : सरपर એટલે અવશ્ય; ખચિત. અનેક પ્રકારનાં માયાનાં હેત જે થાય છે, તેમને અવશ્ય અનિત્ય જાણ– એવો અર્થ સમજવો.

પદ ૪ : આ તથા પછીના પદમાં मिथिआ શબ્દનો 'વૃથા–ફોગટ–નિષ્ફળ' એવો અર્થ લેવો ઠીક છે. પાંચમા પદમાં પાંચમા શ્લોકમાં એ બધાં मिथिआની સરખામણીમાં 'सफल' તરીકે

હરિનું નામ મૂક્યું છે; અને ૬ ઠ્ઠા પદમાં મિથિઆને બદલે બિરથી–બૃથા એ શબ્દ જ વાપર્યો છે.

પદ ૮ : શ્લોક ૧ : બીજી લીટીનો અર્થ આવો પણ થાય : 'પોતાનાં સરજેલાં પ્રાણીઓનું માન પોતે રાખે છે.' અર્થાત્ તેમની પ્રાર્થના સ્વીકારે છે.

શ્લોક ૪ : બીજી લીટીનો અર્થ આવો થાય – 'પોતાના કપડાને છેડે (लड़ = લટ – છેડો) બાંધી લે છે.' છેડે બાંધી લેવું એટલે તદ્દન નજીક જોડી દેવું – સાથે રાખવું, એવો ભાવ છે.

અષ્ટપદી – ૬

પદ ૧ : મૅકોલીફ એવું નોંધે છે કે, શીખો ભોજન બાદ આ પદ બોલી જાય છે.

અષ્ટપદી – ૭

પદ ૫ : શ્લોક ૩ : સુરદેવા એટલે સુરોનો દેવ – અધિપતિ – ઇંદ્ર, એવો અર્થ પણ લઈ શકાય. 'ઇન્દ્રદેવ પણ તેની સ્તુતિ ગાય.'

પદ ૮ : શ્લોક ૪ : મૂચ = મહાન; મોટું.

શ્લોક ૫ : 'સત્પુરુષની શોભા સત્પુરુષમાં જ જોવા મળે,'– અથવા 'સત્પુરુષની પ્રશંસા સત્પુરુષ જ કરી શકે,' – એવા અર્થ પણ પહેલી કડીના લેવાય છે.

અષ્ટપદી – ૮

પદ ૧ : શ્લોક ૨ : 'સૂર્ય જેમ (ગંદી તેમ જ સાફ) સૌ વસ્તુઓ ઉપર તાપ નાખે છે, છતાં જાતે પવિત્ર રહે છે, તેમ બ્રહ્મજ્ઞાની સૌની સાથે સમાન ભાવે ભળવા છતાં જાતે નિર્દોષ રહે છે.' – એવો અર્થ પણ લઈ શકાય.

શ્લોક ૫ : બ્રહ્મજ્ઞાનીનો એ મુખ્ય ગુણ જ છે કે, તેનો સહજ સ્વભાવ અગ્નિ જેવો છે (અર્થાત્ સૌને પવિત્ર

કરવાનો). અગ્નિ જેમ બધી ગંદકીને બાળી નાખીને પવિત્ર કરી નાખે, તેમ બ્રહ્મજ્ઞાની બધાના દોષ બાળી નાખીને તેમને પવિત્ર કરી દે છે.

પદ ૪ : શ્લોક ૪ : બ્રહ્મજ્ઞાની વડે જે કાંઈ (કાર્ય) થાય તે સારું (હિતકર) જ હોય, એવો પહેલી કડીનો થઈ અર્થ શકે.

શ્લોક ૫ : (બીજી કડી) સકળ સંસાર બ્રહ્મજ્ઞાનીને સ્તવે છે, – એવો ભાવ સમજવો. કંઈ પાઠફેર લઈ એવો અર્થ પણ કરાય કે, – "આખો સંસાર બ્રહ્મજ્ઞાનીને આધારે જીવે છે."

પદ ૮ : શ્લોક ૨ : બ્રહ્મજ્ઞાની જીવોને મુક્તિની યુક્તિ (માર્ગ) બતાવે છે, એવો પહેલી કડીનો સીધો અર્થ પદ્યાનુવાદમાં લીધેલો છે.

શ્લોક ૫ : બ્રહ્મજ્ઞાનીની શોભા બ્રહ્મજ્ઞાનીની જ હોય. (તેને બીજા બીજા કોઈની શોભા સાથે સરખાવી શકાય તેમ નથી.)

અથવા : બ્રહ્મજ્ઞાનીને ઉપમા બ્રહ્મજ્ઞાનીની જ આપી શકાય, – એવો ભાવ સમજવો.

અષ્ટપદી – ૯

શ્લોક : 'અપરસ' એટલે પહેલા પદના પાંચમા શ્લોકમાં જણાવ્યું છે તેમ – ઇંદ્રિયોના પાંચ વિષયોથી અથવા કામ–ક્રોધ–લોભ–મદ–મોહ, – એ પાંચ દોષોથી અસ્પૃષ્ટ રહેનાર – સંયમી. સામાન્ય રીતે, કોઈને પણ ન અડનાર અથવા ધાતુનો કદી સ્પર્શ કરનાર એવો સાધુ 'અપરસ' તરીકે ઓળખાય છે. ગુરુનાનક સાચો 'અપરસ' કોણ કહેવાય તે બતાવે છે.

પદ ૪ : શ્લોક ૧ : મનને જાગૃત કરી, રામનું નામ અંતરમાં શોધે – એટલે કે, અંતરમાં રામનું નામ કેમ સ્થિર થાય એની કુશળતા દાખવે, તે પંડિત,– એવો ભાવ છે.

અથવા બધાં શાસ્ત્રોનો સાર એવું જે રામનામ, તેને અંતરમાં શોધે, એવો અર્થ સમજવો.

પદ ૫ : શ્લોક ૫ : (પરમાત્માના નામ રૂપી) ધર્મ–માર્ગ કોઈ પણ યુક્તિ કર્યે ન મળે; જેના નસીબમાં (પરમાત્માએ) લખ્યું હોય, તેને જ તે મળે. – એવો અર્થ પણ થાય.

પદ ૬ : શ્લોક ૩ : परवानु એટલે માન્ય, સ્વીકાર્ય. – જેને અંદર પેસવાનો પરવાનો મળ્યો છે તે.

પદ ૭ : શ્લોક ૨ : બીજી કડીનો અર્થ એવો પણ થાય –'તેને સદા આનંદ જ રહે, કદી આનંદનો વિયોગ – એટલે કે દુઃખ-શોક તેને હોતાં નથી.' પરમાત્મા સાથે તેને કદી વિયોગ હોતો નથી – એવો અર્થ પણ કરાય છે.

શ્લોક ૫ : ઈશ્વર જે પ્રવર્તાવે – જે કંઈ ગુજારે, તેમાં જ પોતાનો સાધનામાર્ગ કે જીવનમાર્ગ જોઈ કાઢે; – એવો અર્થ સમજવો.

પદ ૮ : શ્લોક : સદા દયાળુ એવા પ્રભુને સ્મરીને નાનક ન્યાલ થઈ ગયો, – એવો અર્થ છે.

અષ્ટપદી – ૧૦

પદ ૧ : શ્લોક ૫ : કેટલા કરોડો પ્રભુને નિત્ય-નૂતન નામો વડે ચિંતવે છે;– પ્રભુને ભક્તો દ્વારા નવાં નવાં નામ અપાયે જ જાય છે. પ્રભુના અનંત ગુણો છે; તેમાંથી જે ગુણ ભક્તને આકર્ષે તે અનુસાર ભક્ત તેને તેવા નવા નામે સંબોધે છે.

પદ ૨ : શ્લોક ૫ : છેલ્લી કડીનો એવો અર્થ પણ લેવાય કે, 'પોતાની સૃષ્ટિનું હાર્દ તેનો સર્જનાર (પ્રભુ) જ જાણે.'

પદ ૩ : શ્લોક ૩ : બીજી કડીનો અર્થ આવો પણ લે છે – 'કેટલા કરોડ દેશો, પૃથ્વીઓ અને (ગ્રહ-) મંડળો છે.'

પદ ૭ : શ્લોક ૫ : બીજી કડીનો આવો અર્થ પણ લેવાય – 'હે નાનક, પ્રભુ પોતે જ સર્વસર્વા હોઈ, બધું જાણે.'

અષ્ટપદી – ૧૧

પદ ૧ : શ્લોક ૩ : પહેલી કડીનો આવો અર્થ પણ થાય – 'હુકમથી સર્જે છે અને અધ્ધર ધારણ કરી રાખે છે.'

શ્લોક ૪ : 'હુકમથી જ માણસ પાસે તે સારાંનરસાં કાર્યો કરાવે છે.'

અથવા : 'હુકમથી (સારાં કર્મો કરનારા) સારા અને (ખરાબ કર્મો કરનારા) ખરાબ એવો (વ્યવહાર-) ભેદ અસ્તિત્વમાં આવે છે.'

પદ ૨ : શ્લોક ૩ : બીજી કડીનો આવો અર્થ પણ થાય – 'પોતાના વિચાર મુજબ તે બધું પોતે જ કરે છે.'

પદ ૩ : શ્લોક ૨ : 'માણસના હાથમાં હોય તો બધું જ લઈ લે; પણ તે તો જે પ્રભુને ગમે તે જ કરી શકે છે.' – એવો અર્થ સમજવો.

પદ ૫ : શ્લોક ૪ : પહેલી કડીનો આવો અર્થ પણ લે છે — 'કોઈવાર નિંદામાં પ્રવૃત્ત થાય છે, તો કોઈ વાર પ્રશંસા કરવા લાગે છે;...'

પદ ૮ : શ્લોક ૧–૨ : આખાનો અર્થ આવો પણ થાય — 'કદીક (ભાગ્યયોગે) તેને સંતપુરુષની સોબત ગમતી થાય – તો પછી એ (ભૂમિકા)માંથી તેને ફરી પાછા પડવાપણું

નથી. (કારણ કે,) તેના અંતરમાં જ્ઞાન-પ્રકાશ થઈ જાય છે, અને એ સ્થિતિ કદી નાશ પામતી નથી.'

અષ્ટપદી – ૧૨

પદ ૧ : શ્લોક ૧ : બીજી કડીનો અર્થ આવો પણ થઈ શકે – 'તે (અભિમાની) કૂતરો નરકમાં પડે છે.'

પદ ૫ : શ્લોક **૧ :** બીજી કડીનો શબ્દાર્થ આમ સમજવો – 'માયા (ધનદોલત)ની પાછળ પડ્યે તૃપ્તિ કદી ન થાય.'

पाछै पावै = પાછળ પડ્યે; પાછળ ઘૂમ્યે.

પદ ૬ : શ્લોક **૧ :** વિચાર કરવાનું એટલે કે સાધના-માર્ગ શોધવાનું,– એવો અર્થ પણ લેવાય છે.

પદ ૭ : શ્લોક ૩ : 'એના વિના કશું થઈ શકે? કહો !' – એવો અર્થ પણ લેવાય.

અથવા : 'તે કરે તે સિવાય બીજું કશું થઈ ન શકે.'– એવો અર્થ પણ લઈ શકાય.

શ્લોક ૫ : બધાં અથવા બધાંનાં મનમાં તે વસ્યો છે' – એવો ભાવ.

પદ ૮ : શ્લોક ૪ : बाणीનો અનાહત નાદ અર્થ લઈએ, તો બીજી કડીનો અર્થ આમ લેવો પડે – 'તે નાદ ઘટ ઘટમાં દરેક કાને સંભળાય છે, તથા રટાય છે.'

શ્લોક ૫ : શ્લોક ૩ અને ૪ માં ભગવાનનાં રૂપ અને નામની પ્રશંસા કરી છે; એટલે છેલ્લા (૫ મા) શ્લોકનો અર્થ આમ કરવો ઠીક લાગે છે —

"હે નાનક, એ પરમાત્માનું (નિર્મળ) નામ મનમાં પ્રીત લાવીને જપનારો પણ પવિત્ર થાય છે, પવિત્ર થાય થાય છે, પવિત્ર થાય છે; ખરે જ પુનિત થાય છે."

અષ્ટપદી – ૧૩

પદ ૫ : શ્લોક ૧ : બીજી કડીનો શબ્દાર્થ આવો થાય – 'તેનું કોઈ કામ પૂરું ન થાય.'

પદ ૬ : શ્લોક ૫ : किरतु = કર્મ; નસીબ. पइआ = પામેલો છે; પામ્યો છે.

પદ ૭ : શ્લોક ૪ : બીજી કડી સ્વતંત્ર ગણી તેનો આવો અર્થ લેવો ઠીક છે — "ભગવાનને ગમે તેવો જ દરેક જણ થાય છે."

શ્લોક ૫ : पइआ किरतु । આ અષ્ટપદીના પદ ૬ માં પાંચમા શ્લોકમાં એ શબ્દો આવે છે ત્યાં કરેલો અર્થ જ સ્વીકારીએ તો 'જે નસીબ (किरतु) પહેલેથી તે પામ્યો છે તે पइआ). એટલે આ શ્લોકનો અર્થ પછી આમ થાય –

"નસીબમાં લખાયેલું કોઈ ભૂંસી શકતો નથી; સાચા પ્રભુ જ (નસીબમાં શું લખાયેલું છે) તે જાણે."

પદ ૮ : શ્લોક ૩ : 'માણસને પ્રભુ જેવો કરે તેવો તે થાય છે'– એવો અર્થ પણ (को નો અર્થ સૌ કોઈ– દરેક જણ – એવો કરીએ તો) બીજી કડીનો થાય.

શ્લોક ૪ : 'બીજો કોણ તેને અંગે ટીકા કરી શકે,'– એવો ભાવ બીજી કડીનો છે,

અષ્ટપદી – ૧૪

શ્લોક : सुरजनहु એટલે साजन 'ભલા મિત્રો' – 'ભલા ભાઈ' એવો અર્થ પણ લઈ શકાય.

પદ ૨ : શ્લોક ૨ : 'જેના નેત્રનો પલકારો સંહાર કરે છે અને સર્જન પણ કરે છે' – એવો અર્થ નીકળે એવી મૂળની શબ્દરચના છે.

અષ્ટપદી – ૧૭

પદ ૧ : શ્લોક ૨ : અહીં 'નામ' શબ્દનો અર્થ 'પ્રભુ' પોતે જ લેવો જોઈએ. કારણ કે, તેનું ધ્યાન કરવાની વાત છે. ગુરુની વાણીમાં 'નામ' અને પરમાત્મા બંને શબ્દો સમાનાર્થે જ વપરાય છે.

શ્લોક ૪ : અહીં सबदु શબ્દ છે. તેનો અર્થ 'નામ' કરી લીધો છે. કારણ કે, તેનો **बकता** એટલે રટનાર, જપનારની વાત પછી આવે છે.

અષ્ટપદી – ૧૮

પદ ૭ : શ્લોક ૫ : 'ભ્રમને કારણે જન્મ-મરણમાં આવવા-જવાનું ટળી ગયું'– એવો અર્થ પણ **चूके भ्रम गवन** નો થઈ શકે.

પદ ૮ : શ્લોક ૫ : 'આ બધી સૃષ્ટિરચના કરીને તેમાં જેણે શક્તિ પૂરી છે, તેવા પ્રભુને નાનક અનેક વાર વારી જાય છે' – એવો અર્થ પણ થઈ શકે.

અષ્ટપદી – ૧૯

પદ ૪ : શ્લોક ૧ : 'જે તત્ત્વવિચાર કહે (અને કરે) તે જ સાચો માણસ છે; જે જન્મ્યા કરે છે અને મર્યા કરે છે, તેને કાચો જાણવો'– એવો અર્થ પણ થાય.

પદ ૫ : શ્લોક ૨ : 'પુત્ર, મિત્ર, કુટુંબ અને સ્ત્રી, એ બધામાં ખરેખર તારું માલિકપણું શું છે ?' (એ બધાં તારાં નથી) એવો અર્થ પણ કરાય છે.

અથવા : 'સનાથ'નો ચાલુ અર્થ પણ લેવાય : "'નાથ' તો તે કહેવાય કે જે કદી છૂટા – અસહાય ન છોડે. પણ આ બધાં તો મૃત્યુ બાદ તેને અસહાય – છૂટો છોડી દેવાનાં છે. એટલે તેમના વડે તું તારી જાતને 'સનાથ' કેવી રીતે માની શકે ?

અષ્ટપદી – ૨૧

પદ ૮ : શ્લોક ૧ : अबिगतु भगतु એટલે કે અવ્યક્ત અથવા મૂળ સ્વરૂપનો ભક્ત જ્યાં હોય છે, ત્યાં પ્રભુ પોતાને સ્વરૂપે પ્રગટ થાય છે, એવો અર્થ પણ લેવાય છે. પરંતુ અહીં સામાન્યપણે ભક્તની જ ચર્ચા હોઈ, પરમાત્માનો ભક્ત – એવો સીધો અર્થ જ લેવો ઠીક છે.

અષ્ટપદી – ૨૨

પદ ૩ : શ્લોક ૩ : બીજી કડીનો આવો અર્થ પણ લેવાય છે —

'જે જે (જીવ) તેણે રચ્યો છે, તે તેનું જ ધ્યાન ધરે છે.'

પદ ૪ : શ્લોક ૨–૪ : આવો અર્થ પણ કરાય —

'સેવકનો સેવા એ જ પરમ ધર્મ છે. પરમાત્માના હુકમને બૂઝનારો તે પદ પામે છે. એ સિવાય બીજું કશું *વધુ ઊંચું કલ્પી શકાતું નથી.*

*'જેને મન નિરાકાર હરિ વસે છે, અને જે નિરં-*તર ગુરુના ચરણ પૂજ્યા કરે છે, તે બધાં બંધન તોડી નિર્વૈર બની રહે છે.'

પદ ૫ : શ્લોક ૩ : આવો અર્થ સામાન્ય રીતે કરાય છે —

'જીવને આ ભવ-સાગર તરવાનો એક જ ઉપાય છે કે, હરિના ગુણરૂપી અમૃતવાણી રટવી.'

અષ્ટપદી – ૨૩

પદ ૩ : શ્લોક ૩ : બીજી કડીનો એવો અર્થ પણ થાય — 'કિંમત આપીને તે ખરીદી શકાય નહીં; તેમના ગુણો અમૂલ્ય છે.'

શુદ્ધિ

[લીંટીઓની સંખ્યામાં મથાળાની લીંટી પણ ગણેલી છે.]

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪૭	૫	प्रभक	प्रभकै
૬૦	૩	गा	गति
૬૧	૪	परा ी	पराही
૬૧	૫	जड	जह
૬૨	૬	ह[ि]का	हरिका
૬૬	૧૬	मुक्ति	मुकति
૭૨	૨૦	नमसरि	समसरि
૭૯	૧૨	અંતર્યામી છે; તથા	અંતર્યામી તથા
૮૨	૧૭	साक सैन	(અર્થ ૨૬ ગણુવો)
૮૨	૧૮	अपिआउ = આત્મીય–સંબંધી	= ભોજન
૮૩	૭–૮	(ચોથા શ્લોકના અનુવાદ માટે જુઓ પૂર્તિમાં.)	
૮૭	૧૧	(लोकपचारा શબ્દના અર્થ માટે જુઓ પૂર્તિમાં)	
૯૦	૧૩	तेर	तेरे
૯૦	૨૩	(૨) બક્ષિસ; ભેટ	(૨) મિલકત; મૂડી
૯૧	૨૪	બક્ષિસ છે –	મિલકત છે –
૯૫	૭	तिान	तिनि
૯૭	૩	દોલત; બક્ષિસ.	દોલત.
૯૮	૫	(ઉમેરો શબ્દાર્થમાં – सरपर = અવશ્ય; ખચિત.)	
૯૮	૯	તેમને અનિત્ય જાણ	તેમને અવશ્ય અનિત્ય જાણ.

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૦૪	૧૯	(ઉમેરો શબ્દાર્થમાં)	लड़ = લટ, છેડો (કપડાનો)
૧૨૯	૪	पेख	पेखै
૧૩૨	૧૪	ब्रहमगिआनी कीनिरमल	ब्रहमगिआनीकी निरमल
૧૪૪	૧૮	बूझ	बूझै
૧૬૩	૩	નાનક પ્રભુ	નાનક, પ્રભુ
૧૬૫	૫	बलिहारण	बलिहारणै
૧૬૮	૩	क	करै
૧૭૦	૭	रच	रचै
૧૭૧	૨૦	ब्रहम	ब्रहम
૧૭૩	૧૬	પાતાલમા	પાતાલમાં
૧૭૪	૧૯	નાચ્ય-ઉધમાત : કરે	નાચ્ય-ઉધમાત કરે
૧૭૬	૧૪	पारब्रहमक	पारब्रहमकै
૧૭૮	૧૮	जिसक	जिसकै
૧૭૯	૯	आग	आगै
૧૮૦	૧૪	मिट	मिटै
૧૮૪	૧૪-૫	(પહેલા શ્લોકના સુધારેલા અર્થ માટે જુઓ પૂર્તિ પા. ૩૫૬.)	
૧૮૬	૪	વિવેક કર	વિવેક કરે
૧૮૬	૧૧	सभक	सभकै
૧૮૮	૭	वख्याणी	बख्याणी
૧૮૮	૧૬-૧૮	(ચોથા શ્લોકના સુધારેલા અર્થ માટે જુઓ પૂર્તિ પા. ૩૫૬.)	
૧૯૦	૧૧	रख	रखै
૧૯૧	૧૬	लव	लवै

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૯૧	૧૯	संतनक	संतनकै
૧૯૬	૧૯	किरतु = કર્મ	= કર્મ, નસીબ.
૧૯૮	૧૭--૧૮	(પાંચમા શ્લોકના અર્થ માટે જુઓ પૂર્તિ પા. ૩૫૭.)	
૧૯૯	૪	वरत	वरतै
૨૦૦	૧૨	હે પંડિત તારું	હે પંડિત, તારું
૨૦૧	૨૬	मानुखक	मानुखकै
૨૦૩	૨૧	बिनस	बिनसै
૨૧૪	૪	मेर	मेरे
૨૧૭	૩	प्रगटाव	प्रगटावै
૨૨૪	૧૨	પણ.[૨]	પણ.
૨૨૪	૧૫	કરે છે.	કરે છે.[૨]
૨૨૪	૨૦	ચોથી કડી	ચોથો શ્લોક
૨૨૪	૨૦	લગતી	લગતો
૨૨૪	૨૪	છેલ્લી છયે કડીઓનો	છેલ્લા ત્રણે શ્લોકોનો
૨૨૭	૧૯	घरी	घरि
૨૨૮	૮	ताके	ताकै
૨૩૬	૫	जाक	जाकै
૨૪૩	૨૧	જાણવે	જાળવે
૨૬૫	૨૫	हरिक	हरिकै
૨૭૧	૧૩	जकार	जैकार
૩૦૬	૨	हिरद	हिरदै
૩૨૨	૩	रिद	रिदै

શ્રીજપજી

[ગુરુ નાનકદેવ કૃત]

"શીખ ધર્મના ગુરુ-ગ્રંથમાં 'જપજી'નું સ્થાન અદ્વિતીય ગણાય...ગ્રંથસાહેબમાં તે આદિમાં છે એટલું જ નહિ, તેનું મૂળ ને સત્તાવાર રહસ્ય બતાવવામાં પણ 'જપજી'નું સ્થાન સર્વોત્તમ ને સર્વ-પ્રથમ ગણાય છે. ગ્રંથ-સાહેબના સમર્થ સંપાદક શ્રીઅર્જુનદેવે ગ્રંથની કરેલી અનુક્રમણિકામાં આ આદિ-વાણીને 'જપુ નિસાનુ' કહી છે. એટલે કે, 'જપજી' કે જે આ ગ્રંથનું અથવા ગુરુ નાનકના ઘરનું નિશાન છે: તે આખા ગ્રંથની ધજારૂપ છે. શીખધર્મનાં મૂળતત્ત્વો આમાં આવી જાય એમ શ્રદ્ધાળુ શીખો સમજે છે. તેથી, એને તેઓ 'ગુરુમંત્ર' પણ કહે છે; અને દરેક શીખ રોજ સવારે એનો વિધિ-પૂર્વક પાઠ કરે છે...

"...ગુરુ નાનકના દર્શનનો સાર જો 'જપજી' છે, અને એ વિષે શંકા કરવાને કારણ નથી, કોઈ કરતું પણ નથી, તો...એમાં ઉપદેશેલો ધર્મ કોઈ ખાસ કોમ કે યુગ માટે જ નથી; એમાં બોધાયેલું સત્ય આજ પણ હિંદુ મુસલમાન –મનુષ્યમાત્ર સ્વીકારે તો તેમાં વાંધો નથી.."

—શ્રી મગનભાઈ દેસાઈ



શ્રીમગનભાઈ દેસાઈ સન્માન ટ્રસ્ટ ગ્રંથમાળા

૧.	કળા એટલે શું ? (ટૉલ્સ્ટૉય કૃત આર્ષ નિબંધ)	૬.૫૦
૨.	કળા વિષે ટૉલ્સ્ટૉય અને ગાંધીજી	૧.૦૦
૩.	કૃષ્ણાર્જુનસંવાદ અથવા બુદ્ધિયોગ–૧ (ગીતાવિવરણ અ. ૧–૨, મૂળપાઠ સાથે)	૫.૦૦
૪.	માર્ટિન લ્યૂથર કિંગ (જીવનચરિત્ર અને વિચારો)	૧.૦૦
૫.	શ્રીકૃષ્ણાર્જુનસંવાદ અથવા બુદ્ધિયોગ – ૨ (ગીતાવિવરણ અ. ૩–૪–૫, મૂળપાઠ સાથે)	૫.૦૦
૬.	મહાત્મા ગાંધી (પ્રફુલ્લચંદ્ર ઘોષના બંગાળી ઉપરથી)	(પ્રેસમાં)
૭.	હૃદયપલટો (ટૉલ્સ્ટૉય કૃત મહાનવલ 'રિઝરેક્શન')	(પ્રેસમાં)
૮.	શ્રીજપજી (ગુરુ નાનકદેવ)	૪.૦૦
૯.	શ્રીકૃષ્ણાર્જુનસંવાદ અથવા બુદ્ધિયોગ – ૩ (ગીતાવિવરણ અ. ૬)	(પ્રેસમાં)
૧૦.	જ્ઞાની ભક્તની પ્રતિભા (શ્રીમદ્ રાજચંદ્ર ચરિત)	(પ્રેસમાં)
૧૧.	શ્રીકૃષ્ણાર્જુનસંવાદ અથવા બુદ્ધિયોગ ૪-૫-૬ (ગીતાવિવરણ અ. ૭ થી ૧૩...)	(પ્રેસમાં)
૧૨.	શ્રીસુખમની (પંચમ શીખગુરુ શ્રીઅર્જુનદેવ)	૫.૦૦

પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ૦
અમદાવાદ-૬

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ–૧